૧૪. યુનિવર્સિટી ગ્રંથાલયમાં ડિસ્પેચ રાઈડર તરીકે ફરજ બજાવતા શ્રી. કે. એસ. રાણાની રૂલે. ૧૮૮(૨) પ્રમાણેની રૂ. ૮૦,૦૦૦ (અંકે રૂપિયા એંશી હજાર)ની સી. પી. એફ. માંની મકાન ખરીદીની બિલ્ડિંગ લોન મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. રાણા સી.પી.એફ. યોજના હેઠળ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. એસ. રાણાની રૂ. ૮૦,૦૦૦ની લોન સ્ટે. ૧૮૮(૨) અન્વયે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી મંજૂર કરવી.

૧૫. બોર્ડ ઑફ સ્પોર્ટ્સની રચના અંગેના ઑર્ડિનન્સની કલમ—૫ અન્વયે ત્રણ વર્ષ માટે નિયુક્ત થયેલ ચાર નિષ્ણાત સભ્યો પૈકી પદ્મશ્રી જશુભાઈ પટેલનું અવસાન થયેલ હોઈ તેમની જગ્યાએ અન્ય એક વ્યક્તિને હવે બાકી રહેલ મુદ્દત માટે (બે વર્ષ માટે) સભ્ય તરીકે નિયુક્ત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતે ઘટતો નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૧૬. આ યુનિવર્સિટીના સેકશન ૩૫ (એ) અનુસાર યુનિવર્સિટીની સ્વીકૃત (Approved) સંસ્થા તરીકે માન્યતા આપેલ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, અમદાવાદના નિયામકશ્રી (ડિરેકટરશ્રી) તરફથી તા. ૩૧-૧૨-૧૯૯૨ના પત્રથી જણાવ્યા અનુસાર સંસ્થા અમુક વહીવટી કારણોસર આ યુનિવર્સિટી સાથે સંકળાયેલ રહેવા માગતી ન હોવાથી સંસ્થાની માન્યતા તા. ૩૧-૧૨-૧૯૯૨થી રદ થયેલ ગણવાની માગણી મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સંસ્થાની માન્યતા રદ થતાં સંસ્થાના માન્ય પીએચ.ડી. ગાઈડની માન્યતા પણ આપોઆપ રદ થશે, પરંતુ તા. ૩૧—૧૨—૧૯૯૨ પહેલાં આ સંસ્થાના માર્ગદર્શક શિક્ષકો હેઠળ નોંધાયેલા વિદ્યાર્થીઓને તેઓ માર્ગદર્શન આપવાનું ચાલુ રાખી શકશે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, અમદાવાદની તા. ૩૧--૧૨--૧૯૯૨થી યુનિવર્સિટી ધારાની કલમ ૩૫(એ) હેઠળની સ્વીકૃત (Approved) સંસ્થા તરીકેની માન્યતા રદ કરવી.

૧૭. ફાઈનાન્સ સમિતિની તા. ૧-૬-૧૯૯૩ના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૧—૬—૧૯૯૩ના રોજ મળેલ ફાઈનાન્સ સમિતિની ભલામણોનો સ્વીકાર કરવો.

(ફાઈનાન્સ સમિતિની ભલામણો **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૧૮. શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફથી તા. ૭-૪-૧૯૯૩ના પત્ર ક્રમાંક ગઉશ-૧૦૯૩—સી.એમ. ૩૬/૪ખ દ્વારા નવી ગ્રામ્ય વિદ્યાપીઠોને પરવાનગી આપવા ઉપર નિયંત્રણ મૂકવા બાબત આવેલ પત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણ વિભાગના તા. ૭—૪—૧૯૯૩ના ઉપરોકત ઠરાવની નોંધ લેવામાં આવી.

(શિક્ષણ વિભાગના ઠરાવની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૧૯. યુનિવર્સિટી રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરમાં લેકચરર તરીકે ફરજ બજાવતા શ્રી એસ. એમ. જૈનનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૧૫—૭—૧૯૯૩ના રોજથી પૂરો થતો હોવાથી તેઓને તા. ૧૬-૭-૧૯૯૩થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરમાં લેકચરર તરીકે ફરજ બજાવતા શ્રી. એસ. એમ. જૈનનો ખાનગી હેવાલ જોઈ-તપાસીને યોગ્ય તે નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૨૮. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના સ્ટેટિસ્ટિકસ વિભાગમાં રીડર-ઇન-સ્ટેટિસ્ટિકસ તરીકે ફરજ બજાવતા શ્રીમતી રાજશ્રી ભટ્ટનો બે વર્ષનો અજમાયશી સમય તારીખ ૧૪-૮-૧૯૯૩ના રોજથી પૂરો થતો હોવાથી તેઓને તા. ૧૫-૮-૧૯૯૩થી કાયમ કરવા અંગેની વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં સ્ટેટિસ્ટિકસ વિભાગના રીડર-ઇન-સ્ટેટિસ્ટિકસ તરીકે ફરજ બજાવતાં શ્રીમતી રાજશ્રી ભટ્ટનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે સંતોષકારક હોઈ તેઓને રીડરની જગ્યા ઉપર તા. ૧૫–૮–૧૯૯૩થી રીડરના પગારધોરણમાં કાયમ કરવાં.

૨૯. યુનિવર્સિટીના વિજ્ઞાન ભવનના કેમિસ્ટ્રી વિભાગમાં લેકચરર-ઇન-કેમિસ્ટ્રી તરીકે ફરજ બજાતા ડૉ. વિનોદકુમાર જૈનનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૩૧-૮-૧૯૯૩ના રોજથી પૂરો થતો હોવાથી તેઓને તા. ૧-૯-૧૯૯૩થી કાયમ કરવા અંગેની વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના કેમિસ્ટ્રી વિભાગમાં લેકચરર-ઇન-કેમિસ્ટ્રી તરીકે ફરજ બજાવતા ડૉ. વિનોદકુમાર જૈનનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે સંતોષકારક હોઈ તેઓને લેકચરરના પગારધોરણમાં તા. ૧–૯–૧૯૯૩થી કાયમ કરવા.

૨૨. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના અર્થશાસ્ત્ર વિભાગમાં લેકચરર ઇન ઇકોનોમિકસ તરીકે ફરજ બજાવતાં શ્રીમતી ડૉ. હિના સિધ્ધુનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૧-૫-૧૯૯૩ના રોજથી પૂરો થતો હોવાથી તેઓને તા. ૨-૫-૧૯૯૩થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનના અર્થશાસ્ત્ર વિભાગમાં લેકચરર-ઇન-ઇકોનોમિકસ તરીકે ફરજ બજાવતાં શ્રીમતી ડૉ. હિના સિધ્ધુનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે સંતોષકારક હોઈ તેઓને લેકચરરના પગારધોરણમાં તા. ૨–૫–૧૯૯૩થી કાયમી કરવાં.

૨૩. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના ઇતિહાસ વિભાગમાં લેકચરર ઇન હિસ્ટરી તરીકે ફરજ બજાવતા કુ. શ્રદ્ધા ઝાનો બે વર્ષનો અજમાયશી સમય તારીખ ૨૧-૯-૧૯૯૩ના રોજથી પૂરો થતો હોવાથી તેઓને તા. ૨૨-૯-૧૯૯૩થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સમાજ વિદ્યાભવનના ઇતિહાસ વિભાગમાં લેકચરર-ઇન-હિસ્ટરી તરીકે ફરજ બજાવતાં કુ. શ્રદ્ધા ઝાનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે સંતોષકારક હોઈ તેઓને લેકચરરના પગારધોરણમાં તા. ૨૨–૯–૧૯૯૩થી કાયમ કરવાં.

૨૪. યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનના એજ્યુકેશન વિભાગમાં રીડર ઇન એજ્યુકેશન તરીકે ફરજ બજાવતા શ્રી ડૉ. એસ. ટી. કાપડિયાનો બે વર્ષનો અજમાયશી સમય

તા. ૧૬-૬-૧૯૯૩ના રોજથી પૂરો થતો હોવાથી તેઓને તા. ૧૫-૬-૧૯૯૩થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મનોવિજ્ઞાન ભવનના એજ્યુકેશન વિભાગમાં રીડર-ઈન-એજ્યુકેશન તરીકે ફરજ બજાવતાં ડૉ. અસ. ટી. કાપડિયાનો ખાનગી હોવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે સંતોષકારક હોઈ તેઓને રીડરના પગારધોરણમાં તા. ૧૫—૬—૧૯૯૩થી કાયમ કરવા.

૨૫. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૧૨-૪-૧૯૯૩ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૧૨—૪—૧૯૯૩ના રોજ મળેલ બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચ (બીયુટીઆર)ની સભાની ભલામણો મંજૂર કરવી.

(તા. ૧૨-૪-૯૩ની સભાની ભલામણો **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૨૬. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૨૬ (૧). જૂન, ૧૯૯૨થી સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદની બી.એ. (ગૌણ)માં તત્ત્વજ્ઞાન વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટેની કાયમી જોડાણ મેળવવા માટેની જોડાણ અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩માં નિયત કરેલ સમયમર્યાદા બાદ આવી છે. પરંતુ વિષયના વૈવિધ્ય અને શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૨૬ (૨). જૂન, ૧૯૯૩થી કૉ. સહજાનંદ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદની બી.એ. (ગૌણ)માં તત્ત્વજ્ઞાન વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટેની વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩માં નિયત કરેલ સમયમર્યાદા બાદ આવી છે. પરંતુ વિષયના વૈવિધ્ય અને શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૨૬ (૩). જૂન, ૧૯૯૩થી પી. ડી. પંડ્યા મહિલા કૉમર્સ કૉલેજ, અમદાવાદની ફર્સ્ટ બી.કૉમ. ચાલુ અને સેકન્ડ બી.કૉમ. વધારાના વિષય ઑડ.એકા. ઍન્ડ ઑડિટિંગ (મુખ્ય)માં અને એસ.પી. (ગૌણ) વિષયોનો અભ્યાસક્રમ શીખવવા માટેની જોડાણ અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩માં નિયત કરેલ સમયમર્યાદા બાદ આવી છે. પરંતુ વિષયના વૈવિધ્ય અને શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૨૬ (૪). જૂન, ૧૯૯૩થી આર. એચ. પટેલ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદની બી.એ. (મુખ્ય)માં ગુજરાતી, હિંદી, સંસ્કૃત, અંગ્રેજી, ઇતિહાસ અને અર્થશાસ્ત્ર તથા બી.એ.(ગૌણ)માં આંકડાશાસ્ત્ર બી.કૉમ. (મુખ્ય) માં ઑડ. એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્ર વિષયોનો અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩માં નિયત કરેલ સમયમર્યાદા બાદ આવી છે. પરંતુ વિષયના વૈવિધ્ય અને શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૨૬ (૫). જૂન, ૧૯૯૩થી એમ. એન્ડ વી. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, હાલોલની બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટે ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી યુનિવર્સિટી ધારાની કલમ ૩૩માં નિયત કરેલ સમયમર્યાદા બાદ આવી છે પરંતુ વિષયના વૈવિધ્ય અને શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૨૬ (૬). જૂન, ૧૯૯૩થી એમ. એમ. ગાંધી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, કાલોલની બી.એ. (મુખ્ય)માં ગુજરાતી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર; બી.એ. (ગૌણ)માં હિંદી અને મનોવિજ્ઞાન, બી.કૉમ. (મુખ્ય)માં એડ.એકા. એન્ડ ઑડિટિંગ, બી.કૉમ. (ગૌણ)માં એસ.પી. અને આંકડા-શાસ્ત્રના વિષયોનો અભ્યાસક્રમ શીખવવા માટે ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩માં નિયત કરેલ સમયમર્યાદા બાદ આવી છે. પરંતુ વિષયના વૈવિધ્ય અને શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૨૬ (૭). જૂન, ૧૯૯૩થી લુણાવાડા આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજ, લુણાવાડાની બી.એસસી. (સ્પે.)માં ભૌતિકશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્રના વિષયોનો અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩માં નિયત કરેલ સમયમર્યાદા બાદ આવી છે. પરંતુ વિષયના વૈવિધ્ય અને શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૨૬ (૮). જૂન ૧૯૯૩થી કાંકણપુર આર્ટ્સ કૉલેજ, કાંકણપુરની ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ. (ચાલુ), બી.એ. (મુખ્ય)માં ગુજરાતી, સંસ્કૃત અને સમાજશાસ્ત્ર, બી.એ. (ગૌણ)માં માનસશાસ્ત્ર, હિંદી, અંગ્રેજી અને ઇતિહાસ વિષયોનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩માં નિયત કરેલ સમયમર્યાદા બાદ આવી છે. પરંતુ વિષયના વૈવિધ્ય અને શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૨૬ (૯). જૂન ૧૯૯૩થી શ્રીમતી ચંદ્રિકાબહેન રશ્મિકાંત ગાંધી આર્ટ્સ કૉલેજ, મુનપુરની ફર્સ્ટ બી.એ. (ચાલુ)માં સેકન્ડ બી.એ. વધારાના (મુખ્ય)માં ગુજરાતી, હિંદી, સંસ્કૃત અને સમાજશાસ્ત્ર, (ગૌણ)માં ભૂગોળ વિષયોનો અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ—વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ—અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩માં નિયત કરેલ સમયમર્યાદા બાદ આવી છે. પરંતુ વિષયના વૈવિધ્ય અને શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૨૬(૧૦). જૂન, ૧૯૯૨થી એમ. જી. સાયન્સ કૉલેજ, અમદાવાદની બી.એસસી. (સ્પેશિયલ)માં ઇલેક્ટ્રોનિક્સ વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટેની કાયમી જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી પરત્વે મૂકવામાં આવેલી જોડાણ-શરતોનું કૉલેજે પરિપાલન કર્યું હોઈ તે અંગેનું તા. ૧૫--૬--૧૯૯૨થી કાયમી જોડાણ અંગેનું પશ્ચાદ્‌વર્તી જાહેરનામું બહાર પાડવાનું;

૨૬(૧૧). જૂન, ૧૯૯૨થી કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદને બેઝિક બી.એસસી. નર્સિંગમાં સ્નાતક ક્ષાના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજી પરત્વે મૂકવામાં આવેલી જોડાણ-શરતોનું કૉલેજે પરિપાલન કર્યું હોઈ તે અંગેનું તારીખ ૧૧-૬-૧૯૯૨થી તા. ૧૪-૬-૧૯૯૪ સુધીનું જોડાણ અંગેનું પશ્ચાદ્‌વર્તી જાહેરનામું બહાર પાડવાનું.

૨૬(૧૨). રાજ્ય સરકારશ્રીના નાણા ખાતાના ઠરાવ ક્રમાંક વલભ-૧૧૯૩-૧૩૨-૬૮, તા. ૧૬ જૂન, ૧૯૯૩થી રાજ્ય સરકારશ્રીએ રાજ્ય સરકારના કર્મચારીઓને તા. ૧-૧-૧૯૯૩થી મળવાપાત્ર મોંઘવારી દરમાં વધારો કર્યો તેનો લાભ યુનિવર્સિટીના શિક્ષકવર્ગ તથા બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને આપવાનું, તથા આ ઠરાવનો લાભ અન્ય સંસ્થાઓ અને સંલગ્ન કૉલેજોના કર્મચારીઓને પણ આપવાનું.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત ક્રમાંક ૨૬(૧)થી ૨૬(૧૨) સુધીનાં કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્યોની નોંધ લેવામાં આવી.

૨૭. ભાષા-સાહિત્ય ભવનના રીડર ડૉ. કુમારપાળ બી. દેસાઈને નોર્થ અમેરિકામાં જૈનોના દ્વિવાર્ષિક કન્વેન્શનમાં-કી-નોટ સ્પીકર તરીકે જવા મંજૂરી આપવા તથા આ અંગે તેઓને તા. ૨-૭-૧૯૯૩થી તા. ૧૪-૭-૧૯૯૩ સુધી ૧૩ (તેર) દિવસની હક રજા મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

(નોંધ.-તેઓને ખાતે જરૂરી હક રજા જમા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. કુમારપાળ બી. દેસાઈને તા. ૨--૭--૧૯૯૩થી તા. ૧૪--૭--૧૯૯૩ સુધીની ૧૩ (તેર) દિવસની હક્ક રજા મંજૂર કરવી.

૨૮. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ ગેરવાજબી ઇલાજો અજમાવ્યા અંગેના કેસો ઉપર તેમજ પ્રાશ્નિકો, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૧૭/૧૮/૧૯/૨૦ અને ૨૨-૩-૧૯૯૩ તા. ૨/૪ અને તા. ૨૩-૪-૧૯૯૩ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિ સમિતિની સભાઓની ભલામણ પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૧૭, ૧૮, ૧૯, ૨૦ અને ૨૨-૩-૧૯૯૩ના રોજ તથા તા. ૨-૪ અને તા. ૨૩-૪-૧૯૯૩ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિ સમિતિની ભલામણ મંજૂર કરવી.

૨૯. ગુજરાત યુનિવર્સિટી કોર્ટ પરના નીચેના મતદાર વિભાગોની સામાન્ય ચૂંટણીઓ બેલેટ દ્વારા ચૂંટણી કેન્દ્રો પર મતદાનથી કરાવ છે તેના માટે આ સાથેની યાદી મુજબનાં મતદાન કેન્દ્રો રાખવા વિચારણા કરવા બાબત :

૧. નોંધાયેલા સ્નાતકોના મતદાર વિભાગ—૬ વિદ્યાશાખા

૨. શિક્ષક મતદાર વિભાગ (જે તે વિદ્યાશાખાના અધ્યક્ષો અને સંલગ્ન કૉલેજોના આચાર્યો સિવાય)

૩. યુનિવર્સિટી સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ

૪. સંલગ્ન કૉલેજોના આચાર્યો

૫. સંલગ્ન કૉલેજોના સંચાલકો

[**નોંધ.**—(અ) નોંધાયેલા સ્નાતકોના મતદાર વિભાગમાં મતદારોની સંખ્યા જોતાં આ વિભાગ માટે ફક્ત અમદાવાદમાં જ કેન્દ્ર રાખવું કે કેમ તે અંગે વિચારવાનું રહે.

(બ) નીચે જણાવેલ કૉલેજો ચાલુ વર્ષે શરૂ કરેલ છે તો આ સ્થળે કેન્દ્ર રાખવું કે કેમ તે અંગે વિચારવાનું રહે :

૧. ગોધરા

૨. વસો.]

આથી ઠરાવવામાં આવે છે કે પ્રસ્તુત બાબતે ઘટતો નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા સોંપવામાં આવી.

૩૦. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૩૦ (૧). એમ.વિભ.ના વિદ્યાર્થીશ્રી નીતિન બી. પંડ્યાની હાજરી ખૂટવાને કારણે ૧૯૯૩ની પરીક્ષાનો પ્રવેશ રદ કરેલ છે. તે અંગે ગુજરાત હાઈકોર્ટમાં પીટિશન નં. ૫૬૩૮/૧૯૯૩ કરેલ છે. તે અંગે યુનિવર્સિટી તરફથી ઍડવોકેટ રોકવાના તથા તે અંગે થનાર ખર્ચ મંજૂર કર્યાના;

૩૦ (૨). જૂન, ૧૯૯૩થી સી. યુ. શાહ આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં બી.ઓ. (ફ્રિન્સિ.)માં અંગ્રેજી વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટેની "વધારાનું" જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી યુનિવર્સિટી ધારાની કલમ ૩૩માં નિયત કરેલ સમયમર્યાદા બાદ આવી છે, પરંતુ વિષયના વૈવિધ્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે બાબતે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૩૦ (૩). જૂન, ૧૯૯૩થી સી. યુ. શાહ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને બી.ઓ. (મુખ્ય)માં અંગ્રેજી વિષય શીખવવા માટેની વધારાનું જોડાણ માટેની અરજી બાબતેની ઍકેડેમિક કાઉન્સિલની

નીચેની ભલામણ સ્વીકારવાનું :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ફરમાવવામાં આવે છે કે સી.યુ. શાહ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૬–૧૯૯૩ સુધીમાં કરે તો તેને બી.એ. (મુખ્ય)માં અંગ્રેજી વિષયના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧–૬–૧૯૯૩થી તા. ૧૪–૬–૧૯૯૫ સુધીનું ચાલુ-વધારાનું-કાયમી જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. જો. ૧૨૦ અનુસાર જરૂરી અધ્યાપકોની નિમણૂક કરવામાં આવે.

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચના આંકડા મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે.

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂપિયા ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૪. અંગ્રેજી વિષયનાં પુસ્તકો માટે રૂ. ૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે.

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, પગાર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે.

૬. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થીપ્રવેશ, શિક્ષક-બિનશિક્ષક-વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ અને અક્ષીપંચ દ્વારા આવશ્યક લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની બાબત જરૂર જણાયે જરૂરી ફેરફાર સાથે યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે/આવશે.”

૩૭ (૪). જૂન, ૧૯૯૩થી સી. યુ. શાહ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને બી.એ. (મુખ્ય)માં અંગ્રેજી વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટેની વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી પરત્વે મૂકવામાં આવેલી જોડાણ-શરતોનું કૉલેજે પરિપાલન કર્યું હોઈ તે અંગેનું તારીખ ૧૫–૬–૧૯૯૩થી તા. ૧૪–૬–૧૯૯૫ સુધીનું વધારાના જોડાણ અંગેનું જાહેરનામું બહાર પાડવાનું;

૩૮ (૧૫). ૧. જૂન ૧૯૯૨થી શ્રી. કાપડિયા એન. એમ. એમ. સાર્વજનિક આર્ટ્સ કૉલેજ અને શ્રી સંખેડા નાગરિક સહકારી બૅંક સાર્વજનિક કૉમર્સ કૉલેજ, સંખેડાની બી.એ. (ગીતા)માં તત્ત્વજ્ઞાન વિષયના અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩માં નિયત કરેલ સમયમર્યાદા બાદ આવી છે, પરંતુ વિષયના વૈવિધ્ય અને શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૨. જૂન, ૧૯૯૨થી શ્રી. કાપડિયા એન. એમ. એમ. સાર્વજનિક આર્ટ્સ કૉલેજ અને શ્રી સંખેડા નાગરિક સહકારી બૅંક સાર્વજનિક કૉમર્સ કૉલેજ, સંખેડાને બી.એ. (ગીતા)માં તત્ત્વજ્ઞાન વિષયના અભ્યાસક્રમ શીખવવા માટેનાં ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી પરત્વે મૂકવામાં આવેલી જોડાણ-શરતોનું કૉલેજે પરિપાલન કર્યું હોઈ તે અંગેનું તા. ૧૧—૬—૧૯૯૨થી તા. ૧૪—૬—૧૯૯૩ સુધીનું ચાલુ જોડાણ અંગેનું ગયા વર્ષની જાહેરનામું બહાર પાડ્યાનું;

૩૮ (૬). કુલપતિશ્રીએ મંજૂર કરેલું નીચેનું કાર્ય (જાણ સારુ) :

જૂન, ૧૯૯૨થી શ્રી. કાપડિયા એન. એમ. એમ. સાર્વજનિક આર્ટ્સ કૉલેજ અને શ્રી. સંખેડા નાગરિક સહકારી બૅંક સાર્વ. કૉમર્સ કૉલેજ, સંખેડાની બી.એ. (ગીતા)માં તત્ત્વજ્ઞાન વિષયના અભ્યાસક્રમ શીખવવા માટેનાં ચાલુ જોડાણ માટેની અરજી પરત્વેની એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ સ્વીકાર્યાનું :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કાપડિયા એન. એમ. એમ. સાર્વ. આર્ટ્સ કૉલેજ અને શ્રી. સંખેડા નાગરિક સહકારી બૅંક સાર્વજનિક કૉમર્સ કૉલેજ, સંખેડા નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકેડેમિક કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૦ ૬ ૧૯૯૩ સુધીમાં કરે તો તેને બી.એ. (ગીતા) તત્ત્વજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧ ૬—૧૯૯૨થી તા. ૧૪ ૬—૧૯૯૩ સુધીનું ચાલુ-વર્ષારનું—કાયમી જોડાણ આપવા માટે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ધો. ૧૨૮ અનુસાર જરૂરી શિક્ષકોની નિમણૂક કરવામાં આવે.

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજ પોતાના અંદાજમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકો ખરીદ કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે.

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૪. "તત્ત્વજ્ઞાન" વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો બિનવાર્ષિક ખર્ચ કરવામાં આવે.

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વતનદર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મંદક્રમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના જરૂરિયાત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મંદક્રમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે.

૬. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.ને વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને મહીધર દ્વારા આચરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની બાબત જરૂર જણાયે યુનિવર્સિટીઓ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવ છે/આવશે."

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત ક્રમાંક ૬૮(૧)થી ૬૮(૬) સુધીનાં કુલપતિશ્રીઓ મંજૂર કરેલ કાર્યોની નોંધ લેવામાં આવી.

૬૧. તબીબી વિદ્યાશાખામાં એમ.એસસી. (મેડિકલ)ના બાયોકેમિસ્ટ્રી વિષય ચાલુ કરવા માટે કુલપતિશ્રીએ નિયુક્ત કરેલ પેટાસમિતિએ તૈયાર કરેલ એમ.એસસી. (મેડિકલ) બાયોકેમિસ્ટ્રીના અભ્યાસક્રમ અંગે તા. ૨૪-૬-૧૯૯૩ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૨૪-૬-૧૯૯૩ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર એમ.એસસી. (મેડિકલ)માં બાયોકેમિસ્ટ્રીનો અભ્યાસક્રમ જૂન, ૧૯૯૩થી શરૂ કરવા માટે મંજૂરી આપવી.

૬૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલું નીચેનું કાર્ય (જાણ સારુ) :

ગુણવત્તાસુધારણા અંગેના ઑર્ડિ. ૧૪૯ સુધારાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીઓએ મંજૂર કરેલ ઉપરોક્ત કાર્યની નોંધ લેવામાં આવી.

૬૩. યુનિવર્સિટીના લૉ ભવનમાં રીડર તરીકે ફરજ બજાવતા શ્રી એચ. એસ. પાઠકની સ્ટેચ્યૂટ ૧૯૮(૨) સી.પી.એફ. અન્વયેની રૂ. ૧,૨૦,૦૦૦ની લોન મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

(નોંધ.–તેમનો સી.પી.એફ. ખાતે રૂ. ૧,૪૫,૬૮૮ (રૂ. એક લાખ પિસ્તાલીસ હજાર નવસો અઠ્ઠાશી જમા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એચ. એસ. પાઠકની રૂ. ૧,૨૦,૦૦૦ની લોન સ્ટે. ૧૯૮(૨) અન્વયે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી મંજૂર કરવી.

૩૬. જુલાઈ માસમાં ઇસ્તંબુલ (તુર્કી) ખાતે યોજનાર ઇન્ટરનેશનલ મેથેમેટિકલ ઑલાંમ્પિકમાં જનાર ભારતીય ટીમના નેતા તરીકે ગણિત વિભાગના વડા શ્રી. એ. એમ. વૈદ્યની નિમણૂક થઈ છે તેમ મિનિસ્ટ્રી ઑફ હ્યુમન રિસર્ચ ડેવલપમેન્ટ, ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન, ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયાના તા. ૯ ૬ ૧૯૯૩ના પત્રથી જણાવ્યું છે તેના સંદર્ભમાં પ્રો. વૈદ્યને તા. ૬-૭-૧૯૯૩થી તા. ૨૮-૭-૧૯૯૩ સુધીની ફરજ–રજાઓ મંજૂર કરવા પ્રો. વૈદ્યે કરેલ વિનંતી અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ. –આ ગાળા દરમિયાનના તેમના શૈક્ષણિક કાર્યની વૈકલ્પિક ગોઠવણ કરી લીધેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. એ. એમ. વૈદ્યની તા. ૬- ૭ -૧૯૯૩થી તા. ૨૮–૭–૧૯૯૩ સુધીની ફરજ રજાઓ મંજૂર કરવી.

૩૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનું કાર્ય (જાણ સારુ) :

ગુજરાત કૉલેજમા સાંજની વિનયન કૉલેજ જૂન ૧૯૯૩થી શરૂ કરવા આવેલ અરજી પરત્વે યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે જરૂરિયાત નક્કી કરવા માટે કુલપતિશ્રી-નિયુક્ત સમિતની ભલામણ સ્વીકાર્યાનું.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોકત કાર્યની નોંધ લેવામાં આવી.

૩૬. યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગમાં આસિસ્ટંટ તરીકે ફરજ બજાવતા શ્રી જે. એસ. દવેની સ્ટે. ૧૮૮(૨) મુજબ બિલ્ડિંગ લોન રૂા. ૬૪,૦૦૦ (ચોરાણું હજાર) મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ. - શ્રી. દવેના સી.પી.એફ.ના ખાતામાં રૂ. ૯૪,૦૯૭ જમા છે અને તેઓની કોઈ રકમ લેણી રહેતી નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જે. એસ. દવેની રૂ. ૯૪,૦૦૦ની લોન સ્ટે. ૧૮૮(૨) અન્વયે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી મંજૂર કરવી.

૩૭. યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગમાં ચોકીદાર તરીકે ફરજ બજાવતા શ્રી રાજારામ રામનાથ જાદવની સ્ટે. ૧૮૮ (૨) મુજબ બિલ્ડિંગ લોન રૂા. ૫૮,૮૦૦ (રૂપિયા અઠ્ઠાવન હજાર આઠ સો) મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ. - શ્રી. જાદવના સી.પી.એફ.ના ખાતામાં રૂ. ૧૮,૮૧૨-૦૦ જમા છે. તેઓની પ્રો.. ફંડની લોન રૂ. ૧૧,૪૦૦-૦૦ તથા બિલ્ડિંગ લોન રૂ. ૭૦૧-૦૦ તથા તે ઉપરનું વ્યાજ લગભગ રૂ. ૧૦,૦૦૦-૦૦ જેટલું થાય છે જે પરત લેવાનું થશે, જે જાણ સારુ.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રાજારામ રામનાથ જાદવની રૂ. ૧૮,૮૦૦ની લોન સ્ટે. ૧૮૮(૨) અન્વયે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી મંજૂર કરવી.

૩૮. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીસના બોટની વિભાગમાં લેક્ચરરની બે જગ્યાઓ ભરવા માટે તા. ૧૯-૪-૧૯૯૩ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણો અન્વયે તા. ૨૫-૬-૧૯૯૩ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરોકત ભલામણોનો સ્વીકાર કરવો, તદ્અનુસાર શ્રીમતી અર્ચના માંકડને લેક્ચરર ઇન બોટનીની જગ્યા ઉપર બે વર્ષના અજમાયશી સમય માટે નિમણૂક કરવી. તથા અનુસૂચિત જાતિની જગ્યા માટે પુનઃ જાહેરખબર આપવી.

(વરણીસમિતિની ભલામણો પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે).

૩૯. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીઝના કેમિસ્ટ્રી વિભાગમાં લેક્ચરરની ચાર (૪) જગ્યાઓ ભરવા માટેની તા. ૨૮-૪-૧૯૯૩ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ અન્વયે તા. ૨૫-૬-૧૯૯૩ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરોકત ભલામણોનો સ્વીકાર કરવો તથા તદ્-અનુસાર લેક્ચરર ઇન કેમિસ્ટ્રીની ચાર જગ્યા પૈકી બે જગ્યા ઉપર શ્રી. પ્રાણવ એસ. શ્રીવાસ્તવ તથા શૈલેશ આર. શાહની લેક્ચરરના પગારધોરણમાં નિયમાનુસાર બે વર્ષના અજમાયશી સમય માટે નિમણૂક કરવી તેમ જ લેક્ચરર ઇન કેમિસ્ટ્રીની અનુસૂચિત જનજાતિની અનામત જગ્યા માટે કોઈ અરજી ન હોવાથી તે તેમ જ લેક્ચરર ઇન કેમિસ્ટ્રી (કેરોઝન)ની જગ્યાની પુનઃ જાહેરખબર આપવી.

(વરણીસમિતિની ભલામણ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે).

૪૦. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીઝના મેથેમેટિકસ વિભાગની લેક્ચરરની એક જગ્યા ભરવા માટે તા. ૧૬-૪-'૯૩ની વરણીસમિતિની ભલામણ અન્વયે તા. ૨૫-૬-'૯૩ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરોકત ભલામણોનો સ્વીકાર કરવો તથા તદ્-અનુસાર લેક્ચરર ઇન મેથેમેટિકસની જગ્યા માટે પુનઃ જાહેરખબર આપવી.

(વરણીસમિતિની ભલામણ **પારશિષ્ટ "ટ"** તરીકે સામેલ છે).

૪૧. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીસમાં હિસ્ટ્રી વિભાગમાં રીડર ઇન હિસ્ટ્રીની એક જગ્યા ભરવા માટે તા. ૨૮-૪-૧૯૯૩ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણ અંગે તા. ૨૫-૬-૧૯૯૩ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરોકત ભલામણોનો સ્વીકાર કરવો તથા તદનુસાર રીડર ઇન હિસ્ટ્રીની જગ્યા માટે પુનઃ જાહેરખબર આપવી.

(વરણીસમિતિની ભલામણ **પરિશિષ્ટ "ઠ"** તરીકે સામેલ છે).

૪૨. યુનિવર્સિટી સ્કૂલ ઑફ ફિઝિયોથેરાપી, ઑક્યુપેશનલ થેરાપી અને સાયકૉલૉજી ભવનમાં રીડર-ઇન-ઑક્યુપેશનની એક જગ્યા ભરવા માટે તા. ૨૬-૬-૧૯૯૩ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ અન્વયે તા. ૨૫-૬-૧૯૯૩ના રોજ મળેલ એકૅડેમિક કાઉન્સિલની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણોનો સ્વીકાર કરવો તથા તદનુસાર રીડર ઇન ઑક્યુપેશનની એક જગ્યા ઉપર શ્રી. દિનેશકુમાર ડી. ભાંખી તેમ જ શ્રી. મૂળશંકર ઓલ. જોશીની ક્રમાનુસાર રીડરના પગારધોરણમાં નિયમાનુસાર બે વર્ષના અજમાયશી સમય માટે નિમણૂક કરવી.

(વરણીસમિતિની ભલામણ પરિશિષ્ટ "ઙ" તરીકે સામેલ છે).

૪૩. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીસમાં ઝૂલૉજી વિભાગની લેક્ચરર-ઇન-ઝૂલૉજીની બે જગ્યાઓ ભરવા માટે તા. ૬૮-૬-૧૯૯૩ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ અંગે તા. ૨૫-૬-૧૯૯૩ની એકૅડેમિક કાઉન્સિલની સભાના ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણોનો સ્વીકાર કરવો તથા તદનુસાર લેક્ચરર ઇન ઝૂલૉજીની બે જગ્યા ઉપર શ્રી. રાકુલ કુંદુ તથા શ્રી. રોશાદ પરવેઝની લેક્ચરરના પગારધોરણમાં નિયમાનુસાર બે વર્ષના અજમાયશી સમય માટે નિમણૂક કરવી.

(વરણીસમિતિની ભલામણ પરિશિષ્ટ "ણ" તરીકે સામેલ છે).

૪૪. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીસમાં ઝૂલૉજી વિભાગની રીડર-ઇન-ઝૂલૉજીની બે જગ્યાઓ ભરવા માટે તા. ૩૦-૬-૧૯૯૩ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણ અન્વયે તા. ૨૫-૬-૧૯૯૩ની એકૅડેમિક કાઉન્સિલની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણોનો સ્વીકાર કરવો તથા તદનુસાર રીડર ઇન ઝૂલૉજીની બે જગ્યા પૈકી ડૉ.ઓ.એ. યોજના હેઠળની જગ્યા ઉપર શ્રી. આર. જે. વર્માની રીડરના પગારધોરણમાં નિયમાનુસાર બે વર્ષના અજમાયશી સમય માટે નિમણૂક કરવી તેમ જ બીજી જગ્યા માટે પુનઃ જાહેરખબર આપવી.

(વરણીસમિતિની ભલામણ પરિશિષ્ટ "ત" તરીકે સામેલ છે).

૪૫. તત્ત્વજ્ઞાન, શિક્ષણ અને મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં પઢાવાળા તરીકે ફરજ બજાવતા શ્રી. બી. એલ. બાગડેને રૂ. ૭૩૫-૧,૦૨૫ના પગારધોરણમાં રૂ. ૯૫૫/- પછીનો કાર્યક્ષમતા-અંતરાય ઓળંગવા માટે પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન અને શિક્ષણ વિદ્યાભવનમાં પઢાવાળા તરીકે ફરજ બજાવતા શ્રી. બી. એલ. બાગડેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે સંતોષકારક હોઈ તેઓને રૂ. ૭૩૫-૧,૦૨૫ના પગારધોરણમાં રૂ. ૯૫૫ પછીનો કાર્યક્ષમતા અંતરાય ઓળંગવાની મંજૂરી આપવી.

૪૬. તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન અને શિક્ષણ વિદ્યાભવનમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા શ્રી કે. બી. રાઠોડને રૂ. ૭૭૫ ૧,૦૨૫ના પગારધોરણમાં રૂ. ૯૫૫ પછીનો કાર્યક્ષમતા-અંતરાય ઓળંગવા માટે પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન અને શિક્ષણ વિદ્યાભવનમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા શ્રી. કે. બી. રાઠોડનો ખાનગી લેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો તે સંતોષકારક લાઈ તેઓને રૂ. ૭૭૫–૧,૦૨૫ના પગારધોરણમાં રૂ. ૯૫૫ પછીનો કાર્યક્ષમતા અંતરાય ઓળંગવાની મંજૂરી આપવી.

૪૭. યુનિવર્સિટીના એચ. કે. પ્રોફેશનલ ટ્રેનિંગ સેન્ટરમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા શ્રી. આર. આર. યાદવને રૂ. ૭૭૫–૧,૦૨૫ના પગારધોરણમાં, રૂ. ૯૫૫ પછીનો કાર્યક્ષમતા-અંતરાય ઓળંગવાની પરવાનગી આપવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એચ. કે. પ્રોફેશનલ ટ્રેનિંગ સેન્ટરમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા શ્રી. આર. આર. યાદવનો ખાનગી લેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો તે સંતોષકારક લાઈ તેઓને રૂ. ૭૭૫–૧,૦૨૫ના પગારધોરણમાં રૂ. ૯૫૫ પછીનો કાર્યક્ષમતા અંતરાય ઓળંગવાની મંજૂરી આપવી.

૪૮. યુનિવર્સિટીના એચ. કે. પ્રોફેશનલ ટ્રેનિંગ સેન્ટરમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા શ્રી. વી. બી. કડિયાને રૂ. ૭૭૫–૧,૦૨૫ના પગારધોરણમાં રૂ. ૯૫૫ પછીનો કાર્યક્ષમતા-અંતરાય ઓળંગવાની પરવાનગી આપવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેશનલ ટ્રેનિંગ સેન્ટરમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા શ્રી. વી. બી. કડિયાનો ખાનગી લેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો તે સંતોષકારક લાઈ તેઓને રૂ. ૭૭૫–૧,૦૨૫ના પગારધોરણમાં રૂ. ૯૫૫ પછીનો કાર્યક્ષમતા અંતરાય ઓળંગવાની મંજૂરી આપવી.

૪૯. યુનિવર્સિટી કાર્યાલયમાં એસ્ટેટ વિભાગના સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા શ્રી. પોપટલાલ એમ. પરમારનો રૂ. ૭૭૫–૧,૦૨૫ના પગારધોરણમાં રૂ. ૯૫૫ પછીનો કાર્યક્ષમતા-અંતરાય ઓળંગવા માટે પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એસ્ટેટ વિભાગમાં સફાઈકામદાર તરીકે ફરજ બજાવતા શ્રી. પોપટલાલ એમ. પરમારનો ખાનગી લેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો તે સંતોષકારક લાઈ તેઓને રૂ. ૭૭૫–૧,૦૨૫ના પગારધોરણમાં રૂ. ૯૫૫ પછીનો કાર્યક્ષમતા અંતરાય ઓળંગવાની મંજૂરી આપવી.

૫૮. સ્કૂલ ઓફ લૉમાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા શ્રી. આર. સી. પરમારને રૂ. ૭૭૫–૧,૦૨૫ના પગારધોરણમાં રૂ. ૯૫૫ પછીનો કાર્યક્ષમતા-અંતરાય ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્કૂલ ઓફ લૉમાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા શ્રી. આર. સી. પરમારનો કાર્યક્ષમતા અંતરાય વધુ ૬(છ) માસ માટે લંબાવવો તથા ત્યારબાદ તેમનો ખાનગી લેવાલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સમક્ષ રજૂ કરવો.

૫૨. યુનિવર્સિટી કાર્યાલયના એસ્ટેટ વિભાગમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા શ્રી. વી. આઈ મહાલેને રૂ. ૭૬૫ ૧,૦૨૫ના પગારધોરણમાં ૬ વર્ષ પછીનો કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એસ્ટેટ વિભાગમાં પટાવાળા તરીકે [illegible] શ્રી. વી. આઈ. મહાલેના બાનગી દેવાલ રજાગૃદ સમક્ષ રજૂ કરવામાં આવેલ સંતોષકારક [illegible] રૂ. ૭૭૫-૧,૦૨૫ના પગારધોરણમાં રૂ. ૬ વર્ષ પછીના કાર્યક્ષમતા અંતરાય ઓળંગવાની મંજૂરી [illegible]

૫૩. યુનિવર્સિટી સ્કૂલ ઓફ ડ્રામામાં પટાવાળા તરીકે ફરજ બજાવતા શ્રી ઠાકોર એમ. એલ.ને રૂ. ૭૭૫-૧,૦૨૫ના પગારધોરણમાં રૂ. ૬ વર્ષ પછીનો કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટેની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સ્કૂલ ઓફ ડ્રામામાં પટાવાળા તરીકે ફરજ બજાવતા શ્રી. ઠાકોર એમ. એલ.નો બાનગી દેવાલ રિસાગૃદ સમક્ષ રજૂ કરવામાં આવેલ તે સંતોષકારક હોઈ તેઓને રૂ. ૭૭૫-૧,૦૨૫ના પગારધોરણમાં રૂ. ૬ વર્ષ પછીના કાર્યક્ષમતા અંતરાય ઓળંગવાની મંજૂરી આપવી.

૫૪. યુનિવર્સિટી ભાષા સાહિત્ય-ભવનમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા શ્રી હરીશ જે. રાવળને તેઓના અમદાવાદ ખાતેના નિવાસસ્થાનના રિપેરિંગ માટે રૂ. ૬૩,૦૦૦ (રૂપિયા ત્રેસઠ હજાર)ની બિલ્ડિંગ લોન સ્ટેચ્યૂટ ૧૮૮(૨) મુજબ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ: તેઓના ખાતે રૂ. ૮,૯૦૧ પી.ઓ.ફ. લોન તથા તે પરનું વ્યાજ વગેરે મળી રૂ. ૧૩,૦૦૦ની બિલ્ડિંગ લોન આમ તેનું વ્યાજ બાદ કરીને રૂ. ૬૩,૦૦૦ની લોન મંજૂર કરવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. હરીશ જે. રાવળની રૂ. ૬૩,૦૦૦ની બિલ્ડિંગ લોન સ્ટે. ૧૮૮(૨) અન્વયે યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર તેમના પ્રો. ફંડ ખાતામાંથી મંજૂર કરવી.

૫૪. જે સંસ્થાઓ તરફથી જૂન, ૧૯૯૩થી નવી કોલેજો શરૂ કરવા અરજીઓ આવી હતી તે પૈકી આ સાથે જોડયા પ્રમાણેની ૧૪ અરજીઓની જરૂરિયાત નહીં સ્વીકારવા કરેલી ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૫-૬-૧૯૯૩ની સભામાં આ. ક્ર. ૧૪થી સ્વીકારી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૫ ૬ ૧૯૯૩ની સભાની ભલામણ સ્વીકારવી તથા સદરહુ કોલેજોને એકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર [illegible] જાણવા.

૫૫. ગુજરાત કોલેજમાં સાંજની વિનયન કોલેજ જૂન, ૧૯૯૩થી શરૂ કરવા અંગે જરૂરિયાત સ્વીકારવા કુલપતિશ્રી નિયુક્ત સ્થાનિક સમિતિના હેવાલને અનુલક્ષીને એકેડેમિક કાઉન્સિલે કરેલી ભલામણ પરત્વે વિચારણા કરવા [illegible] બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતે એકેડેમિક કાઉન્સિલની [illegible] તથા સ્થાનિક તપાસ-સમિતિના હેવાલ સ્વીકારવો તથા તદનુસાર ગુજરાત કોલેજમાં સાંજની વિનયન કોલેજ જૂન, ૧૯૯૩થી શરૂ કરવા માટે મંજૂરી આપવી.

૫૬. સમાજ વિજ્ઞાનના ઇતિહાસ વિભાગનાં વ્યાખ્યાતા ડૉ. શ્રદ્ધા ઝાની યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકામાં રિસર્ચ વર્ક માટે પસંદગી થઈ હોઈ તે માટે તેમને અમેરિકા જવાનું હોવાથી તેમણે તા. ૨૮-૬-૧૯૯૩થી ૧૮ (અઢાર) માસ માટે બિનપગારી રજા માગી છે તે અંગે વિચારણા કરવા બાબત :

(નોંધ.—ડૉ. શ્રદ્ધા ઝા તા. ૨૪મી ઑગસ્ટ, ૧૯૯૧માં યુનિવર્સિટીમાં બે વર્ષના અજમાયશી ધોરણે જોડાયાં છે. તેમનો પ્રોબેશન પીરિયડ ઑગસ્ટ, ૧૯૯૩માં પૂર્ણ થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. શ્રદ્ધા ઝાની ૧૮ (અઢાર) માસ માટેની બિનપગારી રજા આપવાની માંગણી સ્વીકારવી નહિ.

૫૭ યુનિવર્સિટી સંલગ્ન કેટલીક કૉલેજોએ ડોનેશન ફી તરીકે રૂ. ૫૦ (પચાસ પૂરા) વિદ્યાર્થીઓ પાસેથી લીધા છે તેવી ફરિયાદ એકઝિક્યુટિવ કાઉન્સિલની સભામાં સભ્યોએ કરતાં તે પર લંબાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચાના અંતે બહુમતીથી નીચે પ્રમાણેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો :

યુનિવર્સિટીના કોઈ પણ અભ્યાસક્રમ વિષયક વિવિધ પ્રકારની ફી સિવાયની કોઈપણ પ્રકારની ફી કે કોઈપણ અન્ય પ્રકારનો રકમ વિદ્યાર્થીઓ પાસેથી લઈ શકાશે નહિ અને આવી કોઈ ફી કે રકમ લેવામાં આવી હોય તો તે તાત્કાલિક પરત કરવા ઠરાવવામાં આવે છે.

૫૮. યુનિવર્સિટીની પરીક્ષાનાં પરિણામોમાં અનધિકૃત ફેરફાર કરી ગેરરીતિ આચર્યાનું જણાતાં યુનિવર્સિટીના ત્રણ કર્મચારીઓને ફરજ-મોકૂફી પર ઉતારવામાં આવ્યા હતા અને તે અંગે રાજ્યની વડી અદાલતના નિવૃત્ત ન્યાયમૂર્તિ શ્રી. જે. પી. દેસાઈનું એકલું એક સભ્યનું તપાસપંચ નીમવામાં આવ્યું હતું. તેમના તપાસ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

નિવૃત્ત ન્યાયમૂર્તિ શ્રી. જે. પી. દેસાઈનો હેવાલ તથા તે અંગે યુનિવર્સિટીના એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતનો પત્ર સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તેની ઉપર લંબાણપૂર્વકની ચર્ચા અંતે કરવામાં આવ્યું કે આ અંગે આગળની જરૂરી કાર્યવાહી કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકિઝ. કાઉન્સિલ/૧૧૨૮૪/૧૯૯૩ **એમ. એસ. શાહ**

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય, કાર્યકારી કુલસચિવ

નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

તા. ૧૧-૧૦-૧૯૯૩.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૭

બિનસરકારી કાયદાની કૉલેજોના શિક્ષકોને મેહરોત્રા પગારધોરણ આપવા બાબત

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ.
સુધારા ક્રમાંક : એનજીસી-૧૧૯૩-૪૧૭-ખ
સચિવાલય, ગાંધીનગર
તા. ૩-૩-૧૯૯૩

વંચાણે લીધા : શિક્ષણ વિભાગનો સરકારી ઠરાવ ક્રમાંક/પરચ-૧૮૯-૩૦૮૧ (૧૯૩/૮૯)—ખ, તા. ૯-૩-૧૯૯૧

સુધારો :

આ મુખમાં દર્શાવેલ વિભાગના તા. ૯-૩-૧૯૯૧ના ઠરાવથી બિનસરકારી કાયદાની કૉલેજોના શિક્ષકોને મેહરોત્રા પગારધોરણ આપવાના હુકમો કરવામાં આવેલ છે. ઉક્ત ઠરાવમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે :

"૯-૩-૧૯૯૧ના ઠરાવથી બિનસરકારી કાયદાની કૉલેજોના શિક્ષકો માટે સરકારી કાયદાની કૉલેજના શિક્ષકોનાં લાયકાત-ભરતી નિયમો લાગુ પાડેલ છે. તેમાં વયમર્યાદા અંગે બિનસરકારી કાયદાની કૉલેજના શિક્ષકોને મુક્તિ આપવામાં આવે છે."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિનેશ વ્યાસ
સેક્શન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પરિશિષ્ટ "બ"
કામકાજ ક્રમાંક ૮

આજરોજ તા. ૨૩-૪-૧૯૯૩ના રોજ ફાઈનાન્સ સમિતિની એક સભા બપોરે ૩-૩૦ કલાકે મળી હતી, જેમાં નીચે પ્રમાણે હાજરી હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૩-૪-૧૯૯૩
૧.	ડૉ. એમ. એન. દેસાઈ (કુલપતિશ્રી)	હાજર
૨.	પ્રો. એન. વી. વસાણી (ઉપકુલપતિશ્રી)	ગેરહાજર
૩.	પ્રો. કે. એસ. શાસ્ત્રી (સભ્ય)	હાજર
૪.	પ્રો. ડી. એમ. શીખ (સભ્ય)	હાજર
૫.	શ્રી નરહરિભાઈ અમીન (સભ્ય)	ગેરહાજર

સભાનું પ્રમુખસ્થાન ડૉ. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું.

૧. ગુજરાત યુનિવર્સિટીની જૂની ઉત્તરવહીઓના નિકાલ માટે મંગાવેલા ભાવો ઉપર વિચારણા કરવા અંગે આવેલા ભાવો ઉપર પૂરતી વિચારણા કર્યા બાદ કે વર્તમાનપત્રમાં જાહેર-ખબરના સંદર્ભમાં જે ભાવ આવ્યા છે તે ગયા વર્ષની સરખામણીમાં ઓછા જણાયા છે. આ ભાવો અંગે નવરંગપુરા પ્રેસવાળા શ્રી જિતેન્દ્રભાઈ દેસાઈનો અભિપ્રાય લેતાં તેઓએ જણાવ્યું હતું કે ભાવો રૂ. ૬-૨૫ થી રૂ. ૬-૭૦ પ્રતિ કિલો સુધીના હોઈ શકે.

જૂની ઉત્તરવહીઓની પલ્પિંગની કામગીરી કરવા માટે ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝયુમર્સ કો-ઓપરેટિવ સ્ટોર્સ લિમિટેડ તરફથી પત્ર આવ્યો હતો જેમાં તેઓએ આ ઉત્તરવહીઓ ૧ કિલોના રૂ. ૬-૪૫ના ભાવે લઈ જવા માગણી કરી હતી તે સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

આવેલ ભાવો ઉપર પૂરતી ચર્ચાવિચારણાને અંતે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે જૂની ઉત્તરવહીઓના પલ્પિંગની કામગીરી યુનિવર્સિટીના કન્ઝયુમર્સ કો-ઓ. સ્ટોર્સ લિમિટેડને આપવી. આ કામગીરી માટેની અન્ય શરતો યથાવત રહેશે તેમ પણ સ્પષ્ટતા કરવી.

૨. રાજકોટ કોમ્પ્યુટર સેન્ટર માટે ખરીદવામાં આવનાર એરફ્લો પેકેજ પ્લાન્ટ માટે જે પેમેન્ટ ટર્મ્સ નક્કી કરવામાં આવી છે તેમાં ફેરવિચારણા કરવા અંગે તા. ૧૪-૩-૧૯૯૩ની ફાઇનાન્સ સમિતિમાં ઠરાવ્યા પ્રમાણે બાટલીબોય એન્ડ કુ.ને પેમેન્ટ ૨૫% ઓર્ડર ૪૦% માલની સંપૂર્ણ ડિલિવરી સામે બાકી ૩૫% પ્લાન્ટનું ટેસ્ટિંગ કર્યા બાદ કરવાનું હતું, પરંતુ સદરહુ કંપનીએ તેના. ૨૩-૩-૧૯૯૩ના પત્રથી જણાવેલ છે કે ઉપર જણાવેલ શરતને બદલે ૨૫% ઓર્ડર સાથે, ૬૫% માલની ડિલિવરી પર તથા ૧૦% પ્લાન્ટ ચાલુ કર્યા બાદ ચૂકવવાનું રાખવું. વધુમાં તેઓએ શૈક્ષિણક સંસ્થા હોવાથી ભાવમાં રૂ. ૧૫,૦૦૦ (રૂપિયા પંદર હજાર પૂરા)નો ઘટાડો કર્યાની પણ પત્રમાં જણ કરી છે.

આ પત્ર ઉપર લંબાણપૂર્વકની ચર્ચાવિચારણાને અંતે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે પેમેન્ટની શરત બાટલીબોય એન્ડ કુ. એ તેમના તા. ૨૩-૩-૧૯૯૩ના પત્રમાં જણાવ્યા પ્રમાણે રાખવી, પ્લાન્ટ માટેની અન્ય શરતો યથાવત રાખવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું.

એમ. એસ. શાહ
કાર્યકારી કુલસચિવ

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૧૩

UNIVERSITY GRANTS COMMISSION

35, Feroze Shah Road, New Delhi-110 001

No. F. 9-24/33 (SCT)

New Delhi-1

Dated 28-4-93

The Registrar,
Gujarat University,
Ahmedabad-380009.

Sub.-Special cell : Set up for the welfare of Scheduled Castes/Scheduled Tribes : Extension in the period of Commission's financial assistance upto 31-3-1995 as regarding.

Sir,

With reference to your letter No. SCT/IA/41666/93, dated 30-3-93 on the above subject, I am directed to say that in view of the assurance given by Govt. of Gujarat for taking over the liability of maintaining the posts of SC/ST cell on permanent basis w.e.f. 1-4-95, the Commission's financial assistance will continue to be provided upto 31-3-1995 under the above scheme on the same terms and conditions as communicated to the University earlier.

Yours faithfully,
K. B. L. Sharma
Under-Secretary

પરિશિષ્ટ "ધ"

કામકાજ ક્રમાંક ૧૭

ફાઇનાન્સ સમિતની એક સભા તા. ૧-૬-૧૯૯૩ ને મંગળવારના રોજ ૩-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું. તેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	ડૉ. એમ એન. દેસાઇ (કુલપતિશ્રી)	હાજર
૨.	પ્રો. એન. વી. વસાણી (ઉપકુલપતિશ્રી)	હાજર
૩.	પ્રો. કે એસ શાસ્ત્રી	હાજર
૪	પ્રો. ડી. એમ. શીખ	ગેરહાજર
૫.	શ્રી નરહરિભાઈ એચ. અમીન	ગેરહાજર.

૧. ફાઈનાન્સ સમિતિની તા. ૨૭-૧-૧૯૯૩, ૧-૨-૧૯૯૩, ૧૨-૨-૧૯૯૩, ૧૨-૩-૧૯૯૩ તથા તા. ૨૩-૪-૧૯૯૩ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઈનાન્સ સમિતિની તા. ૨૭-૧-૧૯૯૩, ૧-૨-૧૯૯૩, ૧૨-૨-૧૯૯૩, ૧૨-૩-૧૯૯૩ તથા તા. ૨૩-૪ ૧૯૯૩ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. ગુજરાત યુનિવર્સિટીમાં ચાલતા વિભાગીય રંગકામના નિભાવ માટે કલર ખરીદવા માટે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત. (આ અંગે અંદાજે રૂ. ૯,૦૦૦/- જેટલો ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીમાં ચાલતા વિભાગીય રંગકામના નિભાવ માટે કલર ખરીદવા માટે રંગના સૌથી ઓછા ભાવ ભરનાર વેપારી મે. ઋષભ કોર્પોરેશન પાસેથી રૂ. ૮,૪૫૦-૦૦ના ખર્ચે ખરીદવા.

૩. ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય, ભવનો, હૉસ્ટેલ્સ, લાઇબ્રેરી વગેરે વિભાગો માટે ઇલેક્ટ્રિકના નિભાવ માટે માલસામાન ખરીદવા માટે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત. (આ અંગે અંદાજે રૂ. ૬,૦૦૦ જેટલો ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય, ભવનો, હૉસ્ટેલ્સ, લાઇબ્રેરી વગેરે વિભાગો માટે ઇલેક્ટ્રિકના નિભાવ માટે માલસામાન સાથેના પરિશિષ્ટ-૧ (છાપેલ નથી) મુજબ મે. દિવ્યા ડિસ્ટ્રિબ્યુટર્સ કે જેમનું ટેન્ડર સમયસર આવ્યું છે તેમની પાસેથી ખરીદવો. આ ખરીદી લેવાઈ આવેલાં ટેન્ડરોમાંથી જે પાર્ટીના ભાવ ઓછા છે તે ભાવે એટલે કે રૂ. ૪,૯૫૬/—ના ખર્ચે ખરીદવા.

૪. યુનિવર્સિટી કાર્યાલયની આજુબાજુ તથા પી. આર. એલ વાળા મેઈન રોડ પર ફેન્સિંગની અંદરની બાજુએ રસ્તા-બત્તીના થાંભલા ઊભા કરવા માટે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત. (આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૧,૫૩,૦૦૦/- જેટલો થશે.)

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયની આજુબાજુ તથા પી. આર. એલ.વાળા મેઈન રોડ પર ફેન્સિંગની અંદરની બાજુએ રસ્તા-બત્તીના થાંભલા ઊભા કરવા માટે આવેલાં ટેન્ડરો પર લંબાણપૂર્વક ચર્ચા-વિચારણા કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે આ અંગે કોઈ નિષ્ણાતનો અભિપ્રાય લેવાનો રાખવો.

૫. ગુજરાત યુનિવર્સિટીના "ડી" ટાઈપ સ્ટાફ ક્વાર્ટર્સ તથા "ડી" ટાઈપ ફ્લેટના ૨ બ્લોક-૨૪ ફ્લેટોને સંપૂર્ણ વ્હાઈટ વૉશ તથા સિમેન્ટનું ટચિંગ કરાવવા માટે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત. (આ અંગે રૂ. ૧૪,૦૦૦/- જેટલો ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના "ડી" ટાઈપ સ્ટાફ ક્વાર્ટર્સમાં તથા "ડી" ટાઈપ ફ્લેટના ૨ બ્લોક એમ કુલ ૨૪ ફ્લેટને સંપૂર્ણ વ્હાઈટ વૉશ તથા સિમેન્ટનું ટચિંગ કરાવવાની કામગીરી સૌથી ઓછા ભાવ ભરનાર દિવ્યા સાગર મજૂર કામદાર સહકારી મંડળી લિ.ને અંદાજી ખર્ચ રૂ. ૧૪,૦૦૦ના ખર્ચે સોંપવા.

૬. ગુજરાત યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રના ઑપરેશન થિયેટરમાં ફેરફારો કરવા માટે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત. (આ અંગે કુલ રૂ. ૧૦,૦૦૦/- જેટલો ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રના ઑપરેશન થિયેટરમાં ફેરફારની કામગીરી મે. મીનેષ કે. દેસાઈને રૂ. ૯૯૦ના ખર્ચે સોંપવી તથા આ કામ માટેની જરૂરી ઈ.એમ.ડી. ભરાવવી.

૭. ગુજરાત યુનિવર્સિટી બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ માટે ઈલેકટ્રોનિકસ સ્ટેન્સિલ કટર મશીન ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત. (આ અંગે રૂ. ૩૧,૮૨૬/- જેટલો ખર્ચ થશે.)

(આ માટે આઠમી યોજનામાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી શૈક્ષણિક સાધનો ખરીદવા માટે રૂપિયા નવ લાખની ગ્રાન્ટ મંજૂર થયેલ છે, તેમાંથી પ્રથમ હપ્તો રૂ. ત્રણ લાખનો મળેલ છે.)

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ માટે ઇલેકટ્રોનિકસ સ્ટેન્સિલ કટર મશીન મે. ગેસ્ટેટનર ઈન્ડિયા લિ. કે જેઓ એકમાત્ર આ પ્રકારનાં મશીન બનાવતા હોવાથી રૂ. ૩૧,૮૨૬-૦૦ના ખર્ચે ખરીદવું.

૮. ગુજરાત યુનિવર્સિટીના મુખ્ય મકાન સામેનો રસ્તો, લાયબ્રેરીને જોડતો રસ્તો તથા ફિઝિકસથી ઝૂલોજી સુધીનો રસ્તો રી-સરફેઈસ કરાવવા બાબત. (આ અંગે રૂ. ૨,૦૪,૩૦૧/- જેટલો ખર્ચ થશે).

આથી ઍક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના મુખ્ય મકાન સામેનો રસ્તો, લાઇબ્રેરીને જોડતો રસ્તો તથા ફિઝિકસથી ઝૂલોજી સુધીનો રસ્તો રી-સરફેઈસ કરાવવાની કામગીરી કાર્યપાલક ઇજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરી માર્ગ વિભાગ, અમદાવાદને રૂ. ૨,૦૪,૩૦૧ના ખર્ચે સોંપવી.

૯. ગુજરાત યુનિવર્સિટી હોસ્ટેલ પાસેના કંપાઉન્ડ વોલના બાંધકામનાં નાણાં જમા કરાવવા બાબત તથા માનવ મંદિર પાસેના યુનિવર્સિટીના પ્લોટનો કંપાઉન્ડવોલ બનાવવા વિચારણા કરવા બાબત. [આ અંગે કુલ ખર્ચ રૂ. ૧૦,૦૦,૦૦૦ (રૂપિયા પાંચ લાખ થશે). રૂ. ૬૦,૦૦૦ સાઈડ ડ્રેઈન જમા છે, તેથી રૂ. ૪,૪૦,૦૦૦ (રૂપિયા ચાર લાખ ચાલીસ હજારનો ચેક કાર્યપાલક ઈજનેર, નવરંગપુરા, માર્ગમકાન વિભાગ નામનો આપવાનો થાય.]

આથી ઍક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે દાદાસાહેબનાં પગલાં પાસેથી કંપાઉન્ડ વોલનું બાકી રહેલ કામકાજ તેમ જ માનવ મંદિર પાસેથી યુનિવર્સિટીના પ્લોટની કંપાઉન્ડ વોલ બનાવવાની કામગીરી કાર્યપાલક ઈજનેર, નવરંગપુરા, માર્ગ અને મકાન વિભાગ, અમદાવાદને અંદાજી ખર્ચ રૂ. પાંચ લાખના ખર્ચે સોંપવી.

૧૦. ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં રંગકામ અંગે દરેક માળે છતમાં (સીલિંગમાં) રંગકામના બે હાથ (બે કોટ) લગાવવાના હતા, પરંતુ બાબામાં ઘણાં પોપડાં હોવાથી બે કોટની જગ્યાએ ત્રણ કોટ લગાવવા માટે વધારાનો ખર્ચ રૂ. ૨,૫૦૦/- થાય તેમ છે, જે બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઍક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં દરેક માળે છતમાં (સીલિંગ)માં રંગકામના બે હાથ (બે કોટ) લગાવવાના અગાઉ મંજૂર કરવામાં આવ્યા હતા, પરંતુ જરૂરિયાત જોતાં બે કોટની જગ્યાએ ત્રણ કોટ લગાવવા તેમ જ વધારાનો ખર્ચ રૂ. ૨,૫૦૦/– મંજૂર કરવો.

૧૧. એન્વ્યુકેશન મીડિયા રિસર્ચ સેન્ટર (ગુરુ નાનક ભવન)માં વોલ્ટાસ બનાવટના છ નંગ વિન્ડો એરકન્ડિશનર્સનો વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટ તા. ૧–૯–૧૯૯૨થી તા. ૩૧–૮–૧૯૯૩ સુધી રિન્યુ કરવા બાબત.

(આ અંગે રૂ. ૧૧,૮૪૦-૦૦નો ખર્ચ થનાર છે, ગત વર્ષે આ અંગે રૂ. ૯,૫૦૦-૦૦નો ખર્ચ થયેલો હતો.)

આથી કરાવવામાં આવે છે કે એન્વ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટરના વોલ્ટાસ બનાવટના છ નંગ વિન્ડો એરકન્ડિશનર્સનો વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટ તા. ૧-૯-૧૯૯૨થી તા. ૩૧-૮-૧૯૯૩ના સમયગાળા દરમિયાન મે. વોલ્ટાસ લિ. સાથે ગયા વર્ષનો ખર્ચ રૂ. ૯,૫૦૦ના ખર્ચે કરાવવાનું રાખવું.

૧૨. એજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટરને જી.યુ.ડી. ૧૩૭૮ નંબરની મેટાડોરને રિપેર કરાવવા અંગે વિચારણા કરવા બાબત.

(આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૬,૫૦૦/– જેટલો થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૧૩. એજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટરને પેસ્ટ રેપેલર ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.
(આ અંગે રૂ. ૧,૬૦૦/– જેટલો ખર્ચ થશે, એક જ પાર્ટીના ભાવ મંજૂર છે.)
આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૧૪. એજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટરને ઈલેક્ટ્રોનિક ટાઈપરાઈટર માટેની પચાસ નંગ (૫૦) ટાઇપિંગ રિબન રિફિલ્સ ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

(આ અંગે રૂ. ૩,૧૦૦/– જેટલો ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે એજ્યુકેશન મીડિયા રિસર્ચ સેન્ટરના ઇલેક્ટ્રોનિક ટાઈપરાઈટર માટેની ૫૦ (પચાસ) નંગ ટાઈપિંગ રિબન રિફિલ્સ મે. નેટવર્કના ઓથોરાઈઝડ ડીલર્સ મે. સુપર સર્વિસીઝ પાસેથી અંદાજી ખર્ચ રૂ. ૩૪૧૭-૫૦ના ખર્ચે ખરીદવી.

૧૫. એજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટરને રિપેર પાર્ટ્સ ખરીદવા માટે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

(આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૯,૯૪,૦૦૦/– જેટલો થશે.)
આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૧૬. વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગને આર. આઈ. એ. ફીટ્સ ખરીદવા બાબત ઉપર વિચારણા કરવા બાબત.
(આ અંગે રૂ. ૧૦,૦૦૦/- જેટલો અંદાજી ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઝૂલોજી વિભાગને આર.આઈ.એ. ફીટ્સ ખરીદવાની મંજૂરી આપવી અને તે માટે અંદાજી ખર્ચ રૂ. ૧૦,૦૦૦/— (રૂ. દશ હજાર પૂરા) સુધીનો મંજૂર કરવો.

૧૭. વિજ્ઞાન વિદ્યાભવનના ફિઝિકસ વિભાગને પોસ્ટ-એટોમોસ્ફેરિક કોર્સ અંગે મિટિયોલોજી ઇન્સ્ટ્રુમેન્ટ ખરીદવા માટે આવેલ ભાવો ઉપર વિચારણા કરવા બાબત.

(આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૩,૮૧,૧૯૦/— થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૧૮. વિજ્ઞાન વિદ્યાભવનનાં રસાયણો તથા ગ્લાસવેર ખરીદવા માટે વર્ષ ૧૯૯૩-૯૪નો રેટ કોન્ટ્રાકટ તા. ૧-૪-૧૯૯૩થી તા. ૩૧-૩-૧૯૯૪ સુધી કરવા બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકઝીકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવન માટે રસાયણો, ગ્લાસવેર, ગ્લાસ સ્લાઈડ વિગેરે વસ્તુઓ સને ૧૯૯૩–૯૪ દરમ્યાન ખરીદવા માટેનો વાર્ષિક સર્વિસ કોન્ટ્રાકટ આ સાથેના પરિશિષ્ટ–૨ (છપેલ નથી)માં જણાવ્યા પ્રમાણે વેપારી સાથે તેમનાં નામ સામે જણાવેલ આઈટમો માટે કરવો.

૧૯. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગને ઈન્સ્ટ્રુમેન્ટ્સ ખરીદવા માટે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

(આ અંગે રૂ ૧૦,૦૦૦ જેટલો અંદાજી ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગ માટે ઇન્સ્ટ્રુમેન્ટ્સ મે. એનલીટીકે ઇન્સ્ટ્રુમેન્ટ પ્રા. લિ. પાસેથી તેઓ એકમાત્ર મેન્યુફેક્ચરર હોવાથી ખરીદવાં અને આ અંગે રૂ. ૧૦,૦૦૦ સુધીનો અંદાજી ખર્ચ મંજૂર કરવો.

૨૦. ગુજરાત યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓ માટે વર્ષ ૧૯૯૩-૯૪ માટે બે જોડી ગણવેશ આપવા બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓ માટે વર્ષ ૧૯૯૩-૯૪ના વર્ષ દરમ્યાન આપવા-પાત્ર બે જોડી ગણવેશ દરવર્ષની માફક એન.ટી.સી.ની મિલોના કાપડનો આપવો અને તે અંગે જરૂરી ભાવ વર્તમાનપત્રોમાં જાહેરખબર આપી મેળવવાનું રાખવું.

૨૧. ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયને યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગના વડાઓ પાસેથી ૬૦૦ જેટલાં સામયિકોના કન્ટેન્ટ પેઈજ મંગાવવા બાબત ઉપર વિચારણા કરવા બાબત.

(આ અંગે રૂ. ૨૨,૧૦૦ જેટલો ખર્ચ થશે.)

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલયના ઉપયોગ સારુ ઈન્સડોક સર્વિસ, ન્યૂ દિલ્હી પાસેથી ૬૦૦ સામયિકોના કન્ટેન્ટ પેઈજની diskette કોપી મંગાવવા માટે રૂ. ૨૨,૧૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવો."

૨૨. ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં આવેલ જુદાં જુદાં મકાનોના કડિયાકામના નિભાવ માટે સિમેન્ટ ખરીદવા માટે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

(આ અંગે રૂ. ૧૯,૧૦૦ જેટલો ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૨૩. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટ માટે શૈક્ષણિક સાધનો ખરીદવા માટે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

(આઠમી યોજનામાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી નવ લાખનાં શૈક્ષણિક સાધનો ખરીદવા માટેની મંજૂરી મળેલ છે જે પૈકીના પ્રથમ હપ્તાની રૂ. ૩,૦૦,૦૦૦ની ગ્રાન્ટ આવી ગયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૨૪. રાલવાલા કોમ્પ્યુટર સેન્ટરને એમ.સી.એ. પરીક્ષાના મકેનતાણાના દરો સુધારવા બાબત. આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૨૫. રાજકોટવાલા કૉમ્પ્યુટર સેન્ટરમાં ડેટા એન્ટ્રી, વેરિફિકેશન અને પીસ રેઇટ કામકાજના દરો સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે રાજકોટવાલા કૉમ્પ્યુટર સેન્ટરમાં ડેટા એન્ટ્રી, વેરિફિકેશન અને પીસ રેઇટના કામકાજના દરો નીચે પ્રમાણે સુધારવા :

Type of Work	*Existing rates* (*Per Rs.* 1000)	*Proposed revised Rates* (*Per Rs.* 1000)
1. Data entry / punching 55 to 80 columns	32	40
2. Data entry / punching for first field upto 3 columns.	5	06
3. Data entry / punching for each additionals field of upto 3 columns	2	2.50
4. Verification of 55 to 80 columns	40	48
5. Verification of first field upto 3 columns	6	7
6. Verification for each additional field of upto 3 columns.	2	2·50

૨૬. ભૂગોળ ભવનને ડી.એસ.ટી. પ્રોજેક્ટ હેઠળ પ્લેનિક્ષ-૭ (Planix-7) ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.
(આ અંગે રૂ. ૩૫,૨૦૦/- જેટલો અંદાજી ખર્ચ થશે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ભૂગોળ વિભાગ માટે ડી.એસ.ટી. પ્રોજેક્ટ હેઠળ મળેલી ગ્રાન્ટમાંથી પ્લેનિક્ષ-૭ (Planix-7) મશીન મેસર્સ તોલાની ટેક ઈન્ટરનેશનલ પાસેથી આ અંગેના નિષ્ણાત શ્રી મુકુંદરાયના અભિપ્રાય પ્રમાણે ખરીદવું અને આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૩૫,૦૦૦/- સુધીનો મંજૂર કરવો.

૨૭. ગુજરાત યુનિવર્સિટી પ્રેસને ૧૯૯૩-૯૪ના વર્ષ માટે કાગળો ખરીદવા માટે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

[આ અંગે અંદાજે રૂ. ૮,૦૦,૦૦૦ (રૂપિયા આઠ લાખ પૂરા)નો ખર્ચ થશે.]
આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૨૮. વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગને વીપ્રો (Wipro) પીસી (PC), એક્સટી (XT) કૉમ્પ્યુટરનો વાર્ષિક મેઈન્ટેનન્સ કૉન્ટ્રાક્ટ રિન્યુ કરવા અંગે વિચારણા કરવા બાબત. (અ: અંગે રૂ. ૫,૧૦૦નો ખર્ચ થશે).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૨૯. ગુજરાત યુનિવર્સિટીના અંધાલયના ઝેરોપિયર મશીન કેનન-૧૧૦ માટે પેપર કેસેટ (પેપર ટ્રે) યુ. ૧ (એક) નંગ ખરીદવા માટે વિચારણા કરવા બાબત. (આ અંગે રૂ. ૩,૧૦૦નો ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૩૦. ગુજરાત યુનિવર્સિટીના જુદા જુદા વિભાગના ફ્રીઝ એર બનાવટનાં કુલ ૧૬ વિન્ડો એર-કંડિશનર મશીનોને તા. ૧-૪-૧૯૯૩થી તા. ૩૧-૩-૧૯૯૪ સુધી એક વર્ષ માટે સર્વિસ કૉન્ટ્રાક્ટ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(આ અંગે રૂ. ૪૪,૨૦૦નો ખર્ચ થશે. ગયા વર્ષે રૂ. ૪૧,૦૦૦નો ખર્ચ થયો છે.)

આથી એકિઝકયુટિવ કાઉન્સલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના જુદા જુદા વિભાગોનાં ફ્રીઝ એર બનાવટના ૧૬ નંગ વિન્ડો એરકન્ડિશનર મશીનોનો વાર્ષિક કૉન્ટ્રાક્ટ તા. ૧-૪-૧૯૯૩થી તા. ૩૧-૩-૧૯૯૪ સુધી (એક વર્ષ માટે) મે. ચેઈઝ પ્રોડક્ટ્સ સાથે અગાઉના વર્ષના ખર્ચ રૂ. ૪૧,૦૦૦થી કરાવવો.

૩૧. વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગના Backman Model 5500 Gamma Counter સર્વિસ કૉન્ટ્રાક્ટ માટે વિચારણા કરવા બાબત.

(આ અંગે રૂ. ૬,૬૦૦નો ખર્ચ થશે. ગઈ સાલ પણ રૂ. ૬,૬૦૦નો ખર્ચ થયેલ હતો.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં ઝૂલોજી વિભાગના Backman Model 5500 Gamma Counter મશીનમાં સર્વિસ કૉન્ટ્રાક્ટ એક વર્ષ માટે કરવો અને આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૬,૬૦૦નો મંજૂર કરવો.

૩૨. ગુજરાત યુનિવર્સિટીના પ્રકાશન વિભાગ માટે વર્કબુકો છપાવવા અંગે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

(આ અંગે રૂ. ૬,૪૧,૬૪૦ જેટલો ખર્ચ થશે.)

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે વર્કબુકો છપાવવાની કામગીરી સૌથી ઓછા ભાવ ભરનાર વેપારીને મે. સાધના ઑફસેટ વર્કસને સોંપવી અને આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૪,૦૫,૦૬૦ (રૂપિયા ચાર લાખ પાંચ હજાર સાઈઠ)નો મંજૂર કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓને વર્કબુકો સમયસર મળે તે માટે સૌથી ઓછા ભાવ ભરનાર વેપારીને આપેલા ભાવે કામ કરવા ટેન્ડર ભરેલ અન્ય પાર્ટીઓ તૈયાર હોય તો તેઓને યુનિવર્સિટીની અનુકૂળતા મુજબ સોંપવી અને આ અંગેનો નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને સોંપવી.

૩૩. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૧. એસ્ટેટ વિભાગને ભૂગોળ ભવન માટે ૧.૫ ટનનું "ફ્રેડર્સ લેાઈડ" બનાવટનું વિન્ડો એરકન્ડિશનર ખરીદવા માટે થયેલ રૂ. ૫,૨૫૮-૦૦નેા ભાવનેા ઘટાડેા મંજૂર કર્યાના;

(અગાઉ તા. ૨૭-૧૧-૧૯૯૨ની ફાઈનાન્સ સમિતિ એ રૂ. ૩૨,૦૦૦-૦૦નું ખર્ચ મંજૂર કરેલ હતું.)

૨. એસ્ટેટ વિભાગને ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયના ૩જ નં. ૨૩ માટે એક ૧.૫ ટનની કાર્યક્ષમતાવાળું વિન્ડો એરકન્ડિશનર મશીન ખરીદવા માટે થયેલ રૂ. ૪,૪૩૨-૦૦ નેા ભાવનેા ઘટાડેા મંજૂર કર્યાના;

(અગાઉ તા. ૨૬ ૧૧ ૧૯૯૨ની ફાઈનાન્સ સમિતિએ રૂ. ૪૦,૬૮૭-૦૦નું ખર્ચ મંજૂર કરેલ હતું.)

૩. એસ્ટેટ વિભાગને રેાલવાલા કેામ્પ્યુટર સેન્ટર માટે બે નંગ વિન્ડો એરકન્ડિશનર ખરીદવા રૂ. ૧૯,૨૮૧-૧૪ પૈસાનેા ખર્ચ મંજૂર કર્યાના;

૪. એસ્ટેટ વિભાગને કાર્યાલયના ફર્નન બનાવટના કેાપિયર મશીન માટે ટેાનરનું ત્રાર બેાક્ષ ખરીદવા રૂ. ૯,૦૦૦નેા ખર્ચ મંજૂર કર્યાના;

૫. એસ્ટેટ વિભાગને યુનિવર્સિટી પ્રેસ માટે એક નવું વેાટરકૂલર ખરીદવા રૂ. ૨૦,૧૫૭નેા ખર્ચ મંજૂર કર્યાના;

૬. એસ્ટેટ વિભાગને યુનિવર્સિટી કાર્યાલયના ત્રણ નંગ ઓટેામેટિક ટેલિફેાન એક્ષચેન્જના તા. ૧-૪-૧૯૯૩ થી તા. ૩૧-૩-૧૯૯૪ સુધી એક વર્ષ માટે વાર્ષિક સર્વિસ કેાન્ટ્રાક્ટ માટે રૂ. ૬,૯૦૦નેા ખર્ચ મંજૂર કર્યાના;

૭. એસ્ટેટ વિભાગને યુનિવર્સિટી કાર્યાલયના જનરલ તથા એકેડેમિક વિભાગ માટે એક નવું વેાટરકૂલર ખરીદવા રૂ ૨૦,૧૧૬નેા ખર્ચ મંજૂર કર્યાના;

૮. એસ્ટેટ વિભાગને યુનિવર્સિટી કાર્યાલયના ત્રણ નંગ વેાલ્ટાસ બનાવટના વિન્ડો એરકન્ડિશનરને રિપેરિંગ કરાવવા માટે રૂ. ૧૩,૦૧૫-૦૦નેા ખર્ચ મંજૂર કર્યાના;

૯. એસ્ટેટ વિભાગને યુનિવર્સિટી કાર્યાલયની લિફ્ટનેા વાર્ષિક સર્વિસ કેાન્ટ્રાક્ટ તા. ૧-૪-૧૯૯૩થી તા. ૩૧-૩-૧૯૯૪ સુધી કરવા માટે રૂ. ૪,૦૦૦/-નેા ખર્ચ મંજૂર કર્યાના;

૧૦. એસ્ટેટ વિભાગને રેાલવાલા કેામ્પ્યુટર સેન્ટર એરકૂલ્ડ પેકેજ પ્લાન્ટનેા વાર્ષિક સર્વિસ કેાન્ટ્રાક્ટ તા. ૧-૫-૧૯૯૩થી તા. ૩૦-૪-૧૯૯૪ સુધી મે. વેાલ્ટાસ લિ. સાથે કરવા માટે રૂ. ૮,૪૦૦/-નેા ખર્ચ મંજૂર કર્યાના.

A meeting of the Selection Committee for recommending names for appointment to the two posts of Reader in Zoology (One post is under D.S.A. Scheme of U.G.C.) in the University School of Sciences, Gujarat University, Ahmedabad-380 009 was held on Friday, the 30th April, 1993 at 1—00 p.m. Dr. M. N. Desai, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee members was as under :

(1) Dr. M. N. Desai, Vice-Chancellor	Present
(2) Prof. N. V. Vasani, Pro-Vice-Chancellor	Absent
(3) Dr. P. K. Hiradhar	Present
(4) Dr. N. D. Chhaya	Present
(5) Dr. Bonny Pillo	Present
(6) Dr. N. J. Chinoy (Invitee)	Present

The following candidates were called for interview :

(1) Shri V. K. Saxena	Absent
(2) Shri Krishnan Keval	Absent
(3) Shri R. J. Verma	Present
(4) Shri Maheep Bhatnagar	Absent
(5) Shri P. C. Mankodi	Present
(6) Shri S. G. Adhvaryu	Absent

After interviewing the candidates who remained present for interview and considering their relative merits, the recommends as under :

Shri R. J. Verma is recommended for the post of a Reader under D. S. A. Scheme of U.G.C.

The other post of a Reader be readvertised.

Dr. M. N. Desai
(Vice-Chancellor)
Dr. P. K. Hiradhar
Dr. N. D. Chhaya
Dr. Bonny Pillo

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૩૮૦ ૦૦૯

આનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા મંગળવાર, તા. ૧૨-૧૦-૧૯૯૩ના રોજ સવારે ૯-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૨-૧૦-૧૯૯૩
૧.	ડૉ. મહેન્દ્રભાઈ નાનુભાઈ દેસાઈ, કુલપતિશ્રી	હાજર
૨.	પ્રો. એન. વી. વસાણી, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	ઉચ્ચતર શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૪.	શ્રી. એન. આર. દવે, તાંત્રિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૫.	નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૬.	ડૉ. કેતન દેસાઈ	હાજર
૭.	શ્રી. નરહરિભાઈ હીરાલાલ અમીન	હાજર
૮.	ડૉ. એમ. બી. દેસાઈ	હાજર
૯.	શ્રી. હરેનભાઈ વી. પંડ્યા	હાજર
૧૦.	પ્રો. ધવલ મહેતા	હાજર
૧૧.	ડૉ. એ. બી. વોરા	હાજર
૧૨.	આચાર્ય હર્ષદભાઈ મોતીભાઈ દેસાઈ	હાજર
૧૩.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૪.	આચાર્ય દર્શનસિંગ મસ્તાકસિંગ સીંગ	હાજર
૧૫.	ડૉ. મંગુભાઈ આર. પટેલ	હાજર
૧૬.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૭.	ડૉ. આર. કે. પટેલ	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૨–૧૦–૧૯૯૩
૧૮.	શ્રી. દેવેન્દ્રસિંહ બી. સોલંકી	હાજર
૧૯.	આચાર્ય આર. એચ. વ્યાસ	હાજર
૨૦.	શ્રી. વી. પી. ક્રમદાર	હાજર
૨૧.	શ્રી. બદરુદીન શેખ	હાજર
૨૨.	શ્રી. રાજકુમાર ગુપ્તા	ગેરહાજર
૨૩.	શ્રી. નરહરિભાઈ એમ. પરીખ	હાજર
૨૪.	શ્રી. બાલુભાઈ પટેલ	હાજર
૨૫.	શ્રી. પંકજ શાહ	ગેરહાજર
૨૬.	શ્રી. સુધીરભાઈ ઈન્દ્રવદન નાણાવટી	ગેરહાજર.

૧. તા. ૨૬-૬-૧૯૯૩ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત :

તા. ૨૬–૬–૧૯૯૩ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવામાં આવી તથા તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્ય (જાણ સારુ) :

૨(૧). ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ, અમદાવાદ તરફથી તેઓના પત્રાંક સીડ-આરસીએલ-૪૧૧, તા. ૧૮-૪-૧૯૯૩થી ત્રણ વર્ષ માટે રૂ. ૧,૫૩,૦૦૦ની ગ્રાન્ટની મર્યાદામાં રિસર્ચ પ્રોજેક્ટ "Development of Photospate Solubilizing Culture" ડૉ. એસ. જી. દેસાઈને મંજૂર કરેલો છે તે સ્વીકાર્યાનું;

૨(૨). રાજ્ય સરકારના નાણા વિભાગના તા. ૨૩-૪-૧૯૯૩ના ઠરાવ નં. ટીએસઆર-૧૦૯૩-૯૦-ઝેડમાં જણાવ્યા પ્રમાણે ગ્રાન્ટ-ઇન-એઇડ ઇન્સ્ટ્રક્ચૂરાનનો પગાર તથા કન્ટિન્જન્સી એસ્ટાબ્લિશમેન્ટનો પગાર, મહિનો પૂરો થયા બાદ આપવાનું રહેશે. યુનિવર્સિટીએ આ ઠરાવનો સ્વીકાર કર્યાનું;

૨(૩). ગુજરાત સરકારના નાણા વિભાગના જાહેરનામા (GN-14)-PFR 1090–1042–CH...માં જણાવ્યા અનુસાર બૉમ્બે જનરલ પ્રોવિડંટ ફંડના નિયમમાં સુધારો કરેલ છે જેનો અમલ તા. ૧–૧–૧૯૯૦થી કરવા જણાવેલ છે તે સુધારો યુનિવર્સિટીએ સ્વીકાર્યાના તેમજ યુનિવર્સિટીના શિક્ષક વર્ગ તથા બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને તેનો લાભ આપ્યાનું;

૨(૪). રાજ્ય સરકારશ્રીએ તેઓના પેન્શનરોને વધારાનું મોંઘવારી ભથ્થું વધારીને તા. ૧–૬–૧૯૯૩થી અમલી બને તે રીતે આપવા માટે નાણા ખાતાના ઠરાવ ક્રમાંક એનજીવી ૫૪૯૨–૧૯૪૮–પી–૨, તા. ૧૫–૬–૧૯૯૩થી સ્વીકાર્યાના તથા તે યુનિવર્સિટીના પેન્શનરોને લાગુ પાડ્યાનું;

૨(૫). એપ્રિલ ૧૯૯૩માં લેવાયેલ નીચે જણાવેલ જુદી જુદી પરીક્ષાઓનું મૂલ્યાંકન કેન્દ્રીય પદ્ધતિ દ્વારા કરવા માટે નીચે પ્રમાણે કો-ઓર્ડિનેટર્સની નિમણૂક કર્યાનું :

પરીક્ષા	કો-ઓર્ડિનેટર
૧. ફર્સ્ટ બી.એ.	શ્રી ડી. એન. ત્રિવેદી
૨. સેકન્ડ બી.એ.	શ્રી ભીખુભાઈ સી. પટેલ
૩. થર્ડ બી.એ.	શ્રી એ. આર. શાહ
૪. એમ.એ.	શ્રી એ. આર. શાહ
૫. ફર્સ્ટ બી.કોમ.	શ્રી ભાનુભાઈ આઈ. પટેલ
૬. સેકન્ડ બી.કોમ.	શ્રી એ. એસ. શાહ
૭. થર્ડ બી.કોમ.	શ્રી એ. એમ. પટેલ
૮. એમ.કોમ.	શ્રી એચ. કે. ત્રિવેદી
૯. ફર્સ્ટ બી.એસસી., સેકન્ડ બી.એસસી., થર્ડ બી.એસસી., એમ.એસસી.	શ્રી કે. પી. સિંઘલ
૧૦. ફાર્મસી પરીક્ષાઓ	શ્રી કે. પી. સિંઘલ
૧૧. બી.એડ.	શ્રી એન. વી. રાવલ જોઈન્ટ કો-ઓર્ડિનેટર શ્રી વી. બી. દવે
૧૨. એમ.એડ.	શ્રી એ આર. શાહ
૧૩. સમાજવિદ્યા ભવનમાં લેવાતી અન્ય પરીક્ષાઓ	શ્રી એ. આર. શાહ
૧૪. લૉ પરીક્ષાઓ	ઑફિસ

૨(૬). યુનિવર્સિટી વિજ્ઞાન ભવનના કેમિસ્ટ્રી વિભાગના ડૉ. એ. એ. શેખે તેઓના રાજીનામા બાબતે ગુજરાત ટ્રિબ્યુનલમાં મૂકેલ કેસ નં. ૮૧/૯૩ માટે યુનિવર્સિટીએ ઍડવોકેટ રોકવાનું તથા તેનો આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨(૭). એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં શૈક્ષણિક વર્ષ ૧૯૯૩થી એમ. એ. પદવી અંગ્રેજી (એન્ટાયર) વિષયનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૯૩થી શરૂ કરવાની પરવાનગી આપ્યાનું;

૨(૮). પ્રવેશ માન્યતા નક્કી કરવા બાબતમાં વિદ્યાશાખાઓના અધ્યક્ષોની બનેલી સમિતિ કુલપતિશ્રીએ નિયુક્ત કરી હતી તે સમિતિની તા. ૧૨–૨–૧૯૯૨ની સભાની નોંધ સ્વીકાર્યાનું;

૨(૯). ગુજરાત યુનિવર્સિટી પ્રેસમાં હેલ્પર તરીકે ફરજ બજાવતા નીચેના કર્મચારીઓનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૨૮-૯-૧૯૯૩ના રોજ પૂરો થયેલ હોઈ તેઓને તા. ૨૯-૯-૧૯૯૩થી રૂ. ૭૫૦-૧૨-૮૭૦-ઈબી-૧૪-૯૪૦ના પગારધોરણમાં કાયમ કર્યાનું :

૧. શ્રી એસ. પી. પટેલ
૨. શ્રી એમ. એસ. પટેલ
૩. શ્રી સી. જે. પરમાર

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત ક્રમાંક ૨(૧)થી ૨(૯) સુધીનાં કુલપતિશ્રીએ મંજૂર કરેલાં કાર્યોની નોંધ લેવામાં આવી.

૩. મનોવિજ્ઞાન, શિક્ષણ તથા તત્ત્વજ્ઞાન વિભાગના અધ્યક્ષશ્રી ડૉ. જે. એ. વાઝિફ તા. ૧૪-૬-૧૯૯૩ના રોજ કાર્યાલયના સમય બાદ નિવૃત્ત થયેલા હોઈ તેઓની જગ્યાએ અધ્યક્ષ નીમવા અંગે વિચારણા કરવા બાબત :

(નોંધ.—ભવનના સૌથી સિનિયર (મોસ્ટ સિનિયર) પ્રોફેસર ડૉ. પ્રતીક્ષાબહેન રાવળ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મનોવિજ્ઞાન, શિક્ષણ તથા તત્ત્વજ્ઞાન વિભાગના અધ્યક્ષશ્રીની નિમણૂક કરવા અંગે નીચે જણાવેલ ચાર સભ્યોની નિમણૂક કરવી અને તેમનો હેવાલ આવ્યેથી યોગ્ય નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવી :

(૧) પ્રો. કે. એસ. શાસ્ત્રી

(૨) ડૉ. કેતનભાઈ દેસાઈ

(૩) શ્રી. હરિશંકરભાઈ પંડ્યા

(૪) પ્રિ. ડી. એમ. શીખ.

૪. એસોસિયેશન ઑફ કૉમનવેલ્થ યુનિવર્સિટી તરફથી તા. ૧-૮-૧૯૯૩ થી તા. ૩૧-૭-૧૯૯૪ સુધીના ગાળા માટે વાર્ષિક લવાજમ ભરવા અંગે આવેલા તેઓશ્રીના તા. ૧-૭-૧૯૯૩ના પત્ર પર વિચારણા કરવા સારુ.

[નોંધ.—એક વર્ષનું વાર્ષિક લવાજમ ૯૯૦ પાઉન્ડ સ્ટર્લિંગ છે, જેની અંદાજી રકમ રૂ. ૪૭,૦૨૫/- (અંકે રૂપિયા સુડતાલીસ હજાર પચ્ચીસ) થાય છે.

અગાઉના વર્ષ ૧૯૯૨-૯૩ના વર્ષ માટે ૧૦૪૬ પાઉન્ડ સ્ટર્લિંગ એટલે કે રૂપિયા ૬૩,૨૪૬/- લવાજમ પેટે ભર્યા હતા તે જાણ માટે.]

આથી ઠરાવવામાં આવે છે કે એસોસિયેશન ઑફ કૉમનવેલ્થ યુનિવર્સિટીની તા. ૧-૮-૧૯૯૩થી તા. ૩૧-૭-૧૯૯૪ સુધીના ગાળા માટેનું વાર્ષિક લવાજમ રૂ. ૪૭,૦૨૫ (અંકે રૂપિયા સુડતાલીસ હજાર પચ્ચીસ પૂરા) ભરવું.

૫. "સ્વ. એડવોકેટ શ્યામ હરિલાલ ભટ્ટ ચંદ્રક" માટે શ્રી. હરિલાલ આઈ. ભટ્ટ તરફથી તેમના પુત્રની સ્મૃતિમાં રૂ. ૨૫,૦૦૦ (પચ્ચીસ હજાર) પૂરાનું પ્રદાન મળેલ છે, જેની રસીદ ઈ.એન.ડી–૧૫૦૭, તા. ૨૩-૭-૯૩ની બનાવવામાં આવી છે, તેને થર્ડ એલએલ.બી.ની પદવી પરીક્ષામાં નીચેની શરતોને આધીન સ્વીકારવા બાબત :

દાતાનું નામ તથા સરનામું : શ્રી હરિલાલ આઈ. ભટ્ટ,
૧૦૨—અનિકા ફ્લેટ્સ, ફ્લોટ નં. ૯, અમર સોસાયટી,
નીલિમા પાર્ક સોસાયટીની પાછળ, નવરંગપુરા, અમદાવાદ—૯.

પ્રદાનની રકમ : રૂ. ૨૫,૦૦૦/–

દાનનો પ્રકાર : થર્ડ એલ એલ.બી.ની પદવી પરીક્ષામાં ચંદ્રક.

(૧) 'સ્વ. એડવોકેટ શ્યામ હરિલાલ ભટ્ટ ચંદ્રક' એ નામનો એક ચંદ્રક દર વર્ષે માર્ચ-એપ્રિલમાં (ઑક્ટોબર/નવેમ્બરની પરીક્ષા ગણવાની નથી) લેવાતી તૃતીય વર્ષ એલ.એલ.બી.ની પદવી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીને આપવો. જો એક કરતાં વધુ સરખા ગુણવાળા વિદ્યાર્થી આવે તો સરખા ભાગે ચંદ્રક આપવાનો રહેશે.

(૨) સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં ગુજરાત યુનિવર્સિટીની એકિઝક્યુટિવ કાઉન્સિલને વખતોવખતે કોઈ શરત ઉમેરવાનું કે તેમાં ફેરફાર કરવાનું આવશ્યક જણાશે તો તેમ કરવાનો તેનો અધિકાર રહેશે.

(૩) ચંદ્રક વિજેતાનું નામ જે તે પરીક્ષાના પરિણામ વખતે શક્ય હશે ત્યાં સુધી જાહેર કરવામાં આવશે, અને શક્ય હશે ત્યાં સુધી પદવીદાન સમારંભ વખતે એનાયત કરવામાં આવશે, તેમજ પ્રતિવર્ષે દાતાને તેની જાણ કરવામાં આવશે.

(૪) આ સંખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

(૫) આ સંખાવતની વાર્ષિક આવકની બચત રહે તે મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

આથી ઠરાવવામાં આવે છે કે થર્ડ એલએલ.બી.ની પદવી પરીક્ષા માટે "સ્વ. એડવોકેટ શ્યામ હરિલાલ ભટ્ટ ચંદ્રક" આપવા માટે તેમના પિતા શ્રી હરિલાલ આઈ. ભટ્ટ તરફથી મળેલ રૂ. ૨૫,૦૦૦ના પ્રદાનનો ઉપરોક્ત નિયમોને આધીન સાભાર સ્વીકાર કરવો.

૬. યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં જુનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતા શ્રી એન. કે. પરમારને સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે બા પુસ્તકુંજ કો—ઓ. હાઉસિંગ સોસાયટીમાં તેમના મકાન માટે ₹ ૬૭,૨૫૭ માંથી રૂ. ૬૫,૦૦૦ (રૂપિયા પાંસઠ હજાર)ની બિલ્ડિંગ લોન મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓના પી.એફ. ખાતે રૂ ૬૭,૨૫૭/— જમા છે, જેમાંથી તેમની પી.એફ. લોન રૂ. ૩,૫૦૦/— તથા તેની વ્યાજગણતરી કરતાં થાય તે રકમ બાકી નીકળતી લેણી રકમ તરીકે કાપી લેવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એન. કે. પરમારની રૂ. ૬૫,૦૦૦ની લોન સ્ટે. ૧૮૮(૨) અન્વયે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી મંજૂર કરવી.

૭. ગુજરાત યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ કારણોસર મકાન બાંધવા—મરામત કરાવવા માટે સ્ટે. ૧૮૮ (૩) પ્રમાણે પ્રોવિડંટ ફંડ ખાતામાંથી લોન આપવા અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	કર્મચારીનું નામ	લોનની રકમ રૂ.	સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે અગાઉ લોન લીધી છે?	કયાં કારણોસર લોનની માગણી કરેલ છે.
૧.	શ્રી વી. એમ. પરમાર	૬૯,૦૬૫	ના	નવા મકાન માટે
૨.	શ્રી કરસન ભૂતા ગરિયલ	૬૩,૯૦૦	ના	તેમના વતનમાં મકાન—બાંધકામ માટે

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલ સભ્યોની લોન સ્ટે. ૧૮૮(૨) અન્વયે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી મંજૂર કરવી.

૮. યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે મકાન મરામત-ખરીદવા અંગેની તેઓનાં નામ સામે બતાવેલ રકમની લોન મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમ	નામ તથા હોદ્દો	લોનની રકમ રૂ.	અગાઉ લોન લીધી છે કે કેમ	કારણ
૧.	શ્રી ભગવતીપ્રસાદ અગ્રવાલ (રીડર–ફિઝિકસ)	૮૫,૦૦૦	ના, જી.	મકાન ખરીદી અંગે
૨.	શ્રી કે. સી. રાવલ (પટાવાળા, સમાજ ભવન)	૩૫,૦૦૦	હા, જી.	મકાન રીપેરિંગ માટે
૩.	શ્રી કે. એસ. લેઉઆ (જુ. કલાર્ક, લો ભવન)	૭૫,૦૦૦	હા, જી.	મકાન ખરીદી માટે
૪.	શ્રી પી. સી. ચૌહાણ (ડિસ્પેચ રાઈડર)	૭૮,૦૦૦	હા, જી.	મકાન ખરીદી માટે
૫.	શ્રી એસ. જે. રાણા	૬૮,૦૦૦	હા, જી.	મકાન રીપેરિંગ માટે

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલ સભ્યોની લોન સ્ટે. ૧૮૮(૨) અન્વયે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી મંજૂર કરવી.

૯. ગુજરાત યુનિવર્સિટી પ્રેસમાં હેલ્પર તરીકે ફરજ બજાવતા શ્રી. આર. એલ. પન્નાને રૂ. ૭૫૦-૧૨-૮૬૦-ઈબી-૧૪-૯૪૦ના પગારધોરણમાં રૂ. ૮૭૦ પછીનો કાર્યક્ષમ-અંતરાય તા. ૧૫-૫-૧૯૯૩ થી ઓળંગવા અંગે પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસમાં હેલ્પર તરીકે ફરજ બજાવતા શ્રી આર. એલ. પન્નાની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સંતોષકારક હોઈ તેઓને રૂ. ૬૫૦-૧૨-૮૭૦-ઈબી-૧૪-૯૪૦-ના પગારધોરણમાં રૂ. ૮૭૦/- પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૧૫-૩-૧૯૯૩થી ઓળંગવાની પરવાનગી આપવી.

૧૦. ગુજરાત યુનિવર્સિટી પ્રેસમાં 'મશીનમેન સી' તરીકે ફરજ બજાવતા નીચેના ત્રણ કર્મચારીઓનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૯-૧૦-૧૯૯૩ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૧૦-૧૦-૧૯૯૩ થી રૂ. ૯૫૦-૨૦-૧૧૫૦-ઈબી-૨૫-૧૪૦૦ના પગારધોરણમાં કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) શ્રી બી. એ. પંગુળકર
(૨) શ્રી એ. એ. ચૌહાણ
(૩) શ્રી એન. સી. દીક્ષિત

યુનિવર્સિટી પ્રેસમાં મશીનમેન તરીકે ફરજ બજાવતા નીચેના ત્રણ કર્મચારીઓનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, જે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે નીચેના ત્રણેયને તા. ૧૦–૧૦–૧૯૯૩થી રૂ. ૯૫૦-૨૦–૧૧૫૦–ઈબી–૨૫–૧૪૦૦ના પગારધોરણમાં કાયમ કરવા :

(૧) બી. એ. પંગુળકર
(૨) શ્રી એ. એ. ચૌહાણ
(૩) શ્રી એન. સી. દીક્ષિત

૧૧. ડૉ. આર. કે. શાહના હાથ નીચે કેમિસ્ટ્રી વિષયમાં પીએચ.ડી. કરતા વિદ્યાર્થી આર. પી. સથવારાનો થિસિસ પરદેશના રેફરી પ્રો. જે. એસ. ફીટસની સ્વીકૃતિ આવતાં થિસિસ તેમને મોકલ્યો હતો, પરંતુ થિસિસ પરનો અહેવાલ તે જ ઈન્સ્ટટ્યૂટના એક અન્ય પ્રોફેસર Robert Harton તરફથી આવેલ છે, જે ધ્યાન રાખવો કે કેમ તે અંગે વિચારણા કરવા સારુ.

(નોંધ.— ૧. અ. સ.ના અધ્યક્ષશ્રીએ જે પેનલ આપેલ તેમાંથી કુલપતિશ્રીએ Prof. J. S. Fritz ની નિમણૂક કરેલ છે.

૨. પેનલમાં Prof. Robert Hartonનું નામ નથી.

૩. Prof. Fritz તથા Prof. Harton બંને Gowa સ્ટેટ યુનિવર્સિટીના જ પ્રોફેસર છે.

૪. Prof. J. S. Fritz નો રિપોર્ટ પીએચ.ડી. પદવી આપવા ભલામણ કરતો છે.

૫. ભારતનો રેફરી રિપોર્ટ આવી ગયો છે, અને તે પણ પીએચ.ડી. પદવી આપવા ભલામણ કરે છે)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. આર. કે. શાહના હાથ નીચે કેમિસ્ટ્રી વિષયમાં પીએચ.ડી. કરતા વિદ્યાર્થી આર. પી. સથવારાની થિસિસ પરદેશના રેફરી પ્રો. જે. એસ ફીટસને બદલે તે જ યુનિવર્સિટીના પ્રો. રોબર્ટ હાર્ટન દ્વારા તપાસીને અહેવાલ યુનિવર્સિટીને મોકલવામાં આવ્યો હતો. શ્રી રોબર્ટ હાર્ટનનું નામ આપણી પેનલમાં ન હોવા છતાં તેમનો હેવાલ માન્ય રાખવો.

૧૨. યુનિવર્સિટી સાથે સંલગ્ન વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાનની વિદ્યાશાખા ધરાવતી કૉલેજોમાં કૉમ્પ્યુટર સાયન્સના વિષય માટેના વ્યાખ્યાતા માટેના શૈક્ષણિક પાત્રતાનાં ધોરણોની પુનઃ વિચારણા કરવા માટે નિયુક્ત કરેલી સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત..

આથી ઠરાવવામાં આવે છે કે કૉમ્પ્યુટર સાયન્સ વિષયના વ્યાખ્યાતા માટેની શૈક્ષણિક પાત્રતા નક્કી કરવા અંગે નીમેલ સમિતિના ભલામણ સ્વીકારવી અને તેની સંબંધિત કૉલેજોને જાણ કરવી. વધુમાં ઠરાવવામાં આવે છે કે કૉમ્પ્યુટર પ્રોગ્રામર માટે જરૂરી લાયકાતનાં ધોરણો નક્કી કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

(નોંધ.—સમિતિની ભલામણ આ સાથે પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૧૩. ફાઇનાન્સ સમિતિની તા ૫-૭-૧૯૯૩ના રોજ મળેલ સભાની ભલામ ણ ઉપર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૫-૭-૧૯૯૩ના રોજ મળેલ ફાઇનાન્સ સમિતિની ભલામણોનો સ્વીકાર કરવો.

(ફાઇનાન્સ સમિતિની ભલામણો પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૧૪. ફાઇનાન્સ સમિતની તા ૧૪-૭-૧૯૯૩ના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા ૧૪-૭-૧૯૯૩ના રોજ મળેલ ફાઇનાન્સ સમિતિની ભલામણોનો સ્વીકાર કરવો.

(ફાઇનાન્સ સમિતની ભલામણો **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૧૫. ફાઇનાન્સ સમિતની તા. ૩૦-૮-૧૯૯૩ના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૩૦-૮-૧૯૯૩ના રોજ મળેલ ફાઇનાન્સ સમિતની ભલામણોનો સ્વીકાર કરવો.

(ફાઇનાન્સ સમિતની ભલામણો **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૧૬. ફાઇનાન્સ સમિતની તા. ૬-૯-૧૯૯૩ના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૬-૯-૧૯૯૩ના રોજ મળેલ ફાઇનાન્સ સમિતની ભલામણો ૧ થી ૧૦ મંજૂર રાખવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે બાબત ક્રમાંક ૧૦માં આગામી પદવીદાન સમારંભ માટે ચંદ્રકો બનાવવાની કામગીરી મે. વિઠ્ઠલદાસ સીંગલ શરાફને સોંપવાની ભલામણ કરવામાં આવી હતી તેને બદલે તે કામગીરી મે. કોહિનૂર જ્વેલર્સ કે જે ગુજરાત યુનિવર્સિટીના ચંદ્રકો બનાવવાની કામગીરી છેલ્લાં ૧૦ વર્ષથી કરે છે તેમને એક ચંદ્રકના રૂ. ૩૦૭ના ભાવે સોંપવી.

(ફાઇનાન્સ સમિતની ભલામણો **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૧૭. ફાઇનાન્સ સમિતની તા. ૨૧-૮-૧૯૯૩ના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૨૧-૮-૧૯૯૩ના રોજ મળેલ ફાઇનાન્સ સમિતિની ભલામણોનો સ્વીકાર કરવો.

(ફાઇનાન્સ સમિતિની ભલામણો **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૧૮. વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગમાં સેવા આપતા લેક્ચરર ધન ઝૂલોજી શ્રી. એન. કે. જૈનનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૨૪-૧૦-૧૯૯૩ના રોજ પૂરો થતો હોઈ તેઓને લેક્ચરરના પગારધોરણ રૂ. ૨,૨૦૦-૪,૦૦૦માં તા. ૨૫-૧૦-૧૯૯૩ થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગમાં લેક્ચરર ધન ઝૂલોજી તરીકે ફરજ બજાવતા શ્રી. એન. કે. જૈનનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, જે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે તેઓને લેક્ચરરની જગ્યા ઉપર તા. ૨૫-૧૦-૧૯૯૩થી લેક્ચરરના પગારધોરણ રૂ. ૨,૨૦૦-૪,૦૦૦માં કાયમ કરવા.

૧૯. ભાષા-સાહિત્ય ભવનના ગુજરાતી વિભાગમાં સેવા આપતા રીડર ધ્વન ગુજરાતી શ્રી બી. એમ. બ્રહ્મભટ્ટનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૯–૧૦–૧૯૯૩ના રોજ પૂરો થતો હોઈ તેઓને રીડરના પગારધોરણ ૩,૭૦૦–૫,૭૦૦માં તા. ૧૦–૧૦–૧૯૯૩ થી કાયમ કરવા અંગેની વિચારણા કરવા બાબત.

ભાષા-સાહિત્ય ભવનના ગુજરાતી વિભાગમાં રીડર ધ્વન ગુજરાતી તરીકે ફરજ બજાવતા શ્રી બી. એમ. બ્રહ્મભટ્ટનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, જે સંતોષકારક હોવાથી ઠરાવવામાં આવ્યું કે શ્રી બી. એમ. બ્રહ્મભટ્ટને રીડરની જગ્યા ઉપર તા. ૧૦–૧૦–૧૯૯૩થી કાયમ કરવા.

૨૦. વિજ્ઞાન વિદ્યાભવનમાં ફિઝિક્સ વિભાગમાં સેવા આપતા લેક્ચરર ધ્વન ફિઝિક્સનાં ડૉ. દીપ્તિ ત્રિપાઠીનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૨૨–૧૦–૧૯૯૩ના રોજ પૂરો થતો હોઈ તેઓને લેક્ચરરના પગારધોરણ રૂ. ૨,૨૦૦–૪,૦૦૦માં તા. ૨૩–૧૦–૧૯૯૩થી કાયમ કરવા અંગેની વિચારણા કરવા બાબત.

વિજ્ઞાન વિદ્યાભવનમાં ફિઝિક્સ વિભાગમાં લેક્ચરર ધ્વન ફિઝિક્સ તરીકે ફરજ બજાવતાં ડૉ. દીપ્તિ ત્રિપાઠીનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, જે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે ડૉ. દીપ્તિ ત્રિપાઠીને લેક્ચરરની જગ્યા ઉપર તા. ૨૩–૧૦–૧૯૯૩થી કાયમ કરવાં.

૨૧. સમાજવિદ્યા ભવનમાં લેક્ચરરની સેવા આપતાં ડૉ. શ્રદ્ધા ઝા (લેક્ચરર ધ્વન હિસ્ટરી) એ તેમના તા. ૧–૬–૧૯૯૩થી યુનિવર્સિટીની સેવામાંથી રાજીનામું આપ્યાના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ડૉ. શ્રદ્ધા ઝા રાજીનામું મંજૂર કરાવ્યા વગર બારોબાર યુનિવર્સિટી સેવા છોડી ગયેલ છે. —જાણ સારુ.)

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનમાં લેક્ચરરની સેવા આપતાં ડૉ. શ્રદ્ધા ઝાનું રાજીનામું યુનિવર્સિટીના નિયમો અનુસાર મંજૂર કરવું.

૨૨. યુનિવર્સિટી સ્કૂલ ઑફ કૉમર્સના અધ્યક્ષશ્રી એચ. કે. ત્રિવેદી તા. ૩૧–૧૦–૧૯૯૩ના દિવસથી કાર્યાલયના સમય બાદ નિવૃત્ત થતા હોઈ તેઓની જગ્યાએ અન્ય કોઈની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(ભવનમાં સિનિયર-મોસ્ટ પ્રોફેસર શ્રી બી. એચ. દેસાઈ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સ્કૂલ ઑફ કૉમર્સમાં અધ્યક્ષ તરીકે ભવનના સિનિયર-મોસ્ટ પ્રો. બી. એચ. દેસાઈને નીમવા.

૨૩. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યની નોંધ લેવા બાબત (જાણ સારુ) :

૨૩(૧). જૂન, ૧૯૯૩થી ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કૉમર્સ કૉલેજ, ગાંધીનગરને બી.એ. (મુખ્ય)માં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર; બી એ. (ગૌણ)માં ભૂગોળ તથા બી.કૉમ. (મુખ્ય) એડવાન્સ એકા.–ઑડિટિંગ અને બી.કૉમ. (ગૌણ)માં સ્ટેટેસ્ટિકસ અને એસ.પી. વિષયોના અભ્યાસક્રમો શીખવવા માટેની વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી પરત્વે તા. ૧૫–૬–૧૯૯૩થી તા. ૧૪–૬–૧૯૯૪ સુધીનું એડહોક જોડાણ અંગેનું જાહેરનામું બહાર પાડવાનું.

૨૩(૨). પંચમહાલ જિલ્લા હાયર એજ્યુકેશન ટ્રસ્ટ, સિમાલિયા તરફથી સિમાલિયા ખાતે વિનયન વિદ્યાશાખાની નવી કૉલેજ શરૂ કરવા માટેની જરૂરિયાત યુનિવર્સિટીની નીડ સમિતિએ સ્વીકારેલ ન હતી, જે અન્વયે સંસ્થાએ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર ગુજરાત સરકારશ્રીમાં કરેલી અપીલના ચુકાદા અનુસાર સદરહુ કૉલેજની જરૂરિયાત રાજ્ય સરકારે સ્વીકાર્યાથી તે પરત્વેની એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ મંજૂર કર્યાનું :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે પંચમહાલ જિલ્લા હાયર એજ્યુકેશન ટ્રસ્ટ, સિમાલિયા, જિ. પંચમહાલ શિક્ષકગણની નિમણુકો અંગેની શરત સહિતની નીચે જણાવેલી શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫—૧૦—૧૯૯૩ સુધીમાં કરે તો તેને સિમાલિયા ખાતે પ્રથમ વર્ષ વિનયનના અભ્યાસક્રમો શીખવવા માટે નવું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. સંસ્થાએ દર્શાવેલ અપેક્ષિત વિદ્યાર્થી-સંખ્યા અને નીચેના વિષયમાં માગેલ જોડાણને અનુલક્ષીને નીચે સૂચવ્યા મુજબના જરૂરી શૈક્ષણિક સ્ટાફની નિમણુક કરવામાં આવે :

જોડાણ માગેલ વિષયો :

૧. સંસ્કૃત : મુખ્ય, પ્રથમ ગૌણ અને દ્વિતીય ગૌણ વિષય તરીકે
૨. ગુજરાતી : મુખ્ય વિષય તરીકે
૩. હિંદી : મુખ્ય અને દ્વિતીય ગૌણ વિષય તરીકે
૪. ઈતિહાસ : પ્રથમ ગૌણ અને દ્વિતીય ગૌણ વિષય તરીકે.

જરૂરી શૈક્ષણિક સ્ટાફ :

૧. ખંડ સમયના અંગ્રેજીના વ્યાખ્યાતા
૨. પૂર્ણ સમયના સંસ્કૃતના વ્યાખ્યાતા
૩. ખંડ સમયના ગુજરાતીના વ્યાખ્યાતા
૪. પૂર્ણ સમયના હિંદીના વ્યાખ્યાતા
૫. પૂર્ણ સમયના ઈતિહાસના વ્યાખ્યાતા
૬. શારીરિક શિક્ષણ નિયામક (ફિઝિકલ ઈન્સ્ટ્રક્ટર) ઉપરની જગાઓ અંગે આચાર્યશ્રીની નિમણુક કરતાં તેઓ જે વિષયના હશે તે વિષયમાં બાકીના કાર્યભાર અંગે જ જે તે વિષયના વ્યાખ્યાતા નીમવાના રહેશે.
૭. આ ઉપરાંત ગ્રંથાલયમાં પૂર્ણ સમયના ગ્રંથપાલની નિમણુક કરવાની રહેશે.

મહેકમ અનુસાર નીચે મુજબના બિનશિક્ષક વિભાગના કર્મચારીઓની નિમણુક પણ કરવાની રહેશે :

૧. એક સીનિયર ક્લાર્ક
૨. બે જુનિયર ક્લાર્ક
૩. પાંચ પટાવાળા —એક આચાર્યશ્રીની કચેરી માટે
—બે કાર્યાલય માટે
—એક ગ્રંથાલય માટે
—એક અન્ય કામ માટે

૪. સફાઈ કામદાર —એક
૫. ચોકીદાર —બે

ઉપર મુજબની બધી જ નિમણૂકો યુનિવર્સિટીએ નિયત કરેલ લાયકાત ધરાવનારની અને યુનિવર્સિટીએ નિયત કરેલ કાર્યવાહી અનુસાર તાત્કાલિક કરવાની રહેશે.

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીના પ્રચલિત ધારાધોરણ પ્રમાણે કરવામાં આવે :

૧. વિદ્યાર્થીદીઠ ૮ ચોરસફૂટ લેખે જરૂરી સંખ્યામાં શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય એવા અભ્યાસખંડો
૨. વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
૩. શિક્ષકો માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધાઓ સાથે)
૪. વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દશ ટકા જેટલા વિદ્યાર્થીઓ બેસી શકે તેવો)
૫. વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દશ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ બેસી શકે તેવો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધાઓ સહિતનો)
૬. પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય.
૭. આચાર્ય માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધાઓ સહિતનો)
૮. કૉલેજના કાર્યાલય માટે એક ખંડ
૯. પીવાના પાણી માટેનો ખંડ
૧૦. શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા.

૩. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂ. ૧૨,૫૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

૧. પુસ્તકો માટે ...રૂ. ૧૦,૦૦૦
૨. સામયિકો માટે ...રૂ. ૧,૨૫૦
૩. સંદર્ભગ્રંથો ...રૂ. ૧,૨૫૦

૪. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસવાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસવાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે.

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે અથવા યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ ઘરભાડા ભથ્થું આપવામાં આવે.

૬. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે.

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે તથા શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨.૫ (અઢી) ટકાના દરે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે.

૮. કૉલેજના સંચાલનમાં જે ખામી થાય તે પૂરી કરવાની સંચાલન મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

૯. પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે, જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટેનું જાહેરનામું બહાર પડ્યેથી પરત કરવામાં આવશે.

૧૦. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવશે, તે મુજબનું સંસ્થાનું બાંયધરીપત્ર આપવામાં આવે.

૧૧. આચાર્યશ્રી, શૈક્ષણિક તથા બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની નિમણૂક માટેનાં ઓપન ઇન્ટરવ્યુ યુનિવર્સિટી કાર્યાલયમાં રાખવામાં આવે.

૧૨. યુનિવર્સિટીના નિયમાનુસારની વરણી સમિતિ ઉપરાંતના સભ્યો વરણી સમિતિ ઉપર કુલપતિશ્રી નિયુક્ત કરશે. કુલપતિશ્રી દ્વારા નિયુક્ત આવા સભ્યોનાં નામ સંસ્થાએ યુનિવર્સિટી પાસેથી મેળવી લેવાનાં રહેશે.

૧૩. સંસ્થાએ રૂ. છ લાખની ફિક્સ ડિપોઝિટ તરીકે યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે. આ ડિપોઝિટ સંસ્થા ગ્રાન્ટપાત્ર થાય ત્યાં સુધી યુનિવર્સિટીમાં જમા રહેશે.

૨૩(૩) જૂન, ૧૯૯૩થી શ્રી કાપાડિયા એન. એમ. એમ. આર્ટ્સ અને સંખેડા નાગરિક સહકારી કો-ઓપ. બૅંક લિ. કૉમર્સ કૉલેજ, સંખેડાના બી.એ. (ગૌણ)માં અંગ્રેજીનો વિષય શીખવવા માટેની વધારાના જોડાણ માટેની અરજી પરત્વેની એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ સ્વીકાર્યાનું :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, સંખેડા નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૫-૧૯૯૩ સુધીમાં કરે તો તેને બી.એ. (ગૌણ)માં અંગ્રેજી અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૩થી તા. ૧૪-૬-૧૯૯૫ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) અંગ્રેજી વિષયના વ્યાખ્યાતાની ઑર્ડિ. ૧૨૦ અનુસાર નિમણૂક કરવામાં આવે;

(૨) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં બાકી રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૩) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

જૂન, ૧૯૯૩ સુધીમાં અંગ્રેજી વિષયને લગતા રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે.

(૪) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે. અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

(૫) ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની નિમણૂક, ભરતી, બઢતી ઈ. અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે—આવશે".

૨૩(૪) નીચે જણાવેલ કૉલેજો તરફથી આવેલ જોડાણ-અરજીના સંદર્ભમાં જોડાણ અંગેનું જાહેરનામું બહાર પાડવાનું :

ક્રમાંક	કૉલેજનું નામ	વિષય	મુદત
૧.	શ્રી બી. કે. પટેલ આર્ટ્સ એન્ડ શ્રીમતી એલ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, સાવલી	બી.કૉમ. (ગૌણ) આંકડાશાસ્ત્ર વધારાનું એડહોક જોડાણ	તા. ૧૫-૬-૧૯૯૨ થી તા. ૧૪-૬-૧૯૯૪ સુધી
૨.	શ્રી જય અંબે લલિતાબહેન કાળિદાસ કોટેચા આર્ટ્સ કૉલેજ, કાંકણપુર	ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ. ચાલુ એડહોક જોડાણ તથા બી.એ. (પ્રિન્સ.)માં ગુજરાતી, સંસ્કૃત, સમાજશાસ્ત્ર વધારાનું એડહોક અને બી.એ. (ગૌણ)માં માનસશાસ્ત્ર, હિન્દી, અંગ્રેજી, ઇતિહાસનું ચાલુ એડહોક જોડાણ	તા. ૧૫-૬-૧૯૯૩ થી તા. ૧૪-૬-૧૯૯૪ સુધી
૩.	શેઠ આર. એ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	બી.કૉમ. (ગૌણ) કૉમ્પ્યુટર સાયન્સનું ચાલુ એડહોક જોડાણ	તા. ૧૫-૬-૧૯૯૩ થી તા. ૧૪-૬-૧૯૯૪ સુધી

ક્રમાંક	કૉલેજનું નામ	વિષય	મુદત
૪.	એસ. વી. કૉમર્સ કૉલેજ, અમદાવાદ	બી.કૉમ. (ગૌણ) કૉમ્પ્યુટર સાયન્સનું ચાલુ એડહૉક જોડાણ	તા. ૧૫–૬–૧૯૯૩ થી તા. ૧૪–૬–૧૯૯૪ સુધી
૫.	આર. કે. પરીખ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ	બી.એ. (ગૌણ) કૉમ્પ્યુટર મેથડ્સ વધારાનું એડહૉક જોડાણ અને બી.એસ.સી. (ગૌણ) કૉમ્પ્યુટર ચાલુ એડહૉક જોડાણ.	તા. ૧૫–૬–૧૯૯૩ થી તા. ૧૪–૬–૧૯૯૪ સુધી
૬.	શ્રી આર. એચ. પટેલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	બી.એ. (પ્રિન્સ.)માં ગુજરાતી, હિંદી, સંસ્કૃત, ઇતિહાસ, અર્થશાસ્ત્ર બી.એ. (ગૌણ), આંકડાશાસ્ત્ર; બી.કૉમ.માં એડ. એકા. ઍન્ડ ઑડિટિંગ, આંકડા-શાસ્ત્રનું એડહૉક જોડાણ.	તા. ૧૫–૬–૧૯૯૩ થી તા. ૧૪–૬–૧૯૯૪ સુધી

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત ક્રમાંક ૨૩(૧)થી ૨૩(૪) સુધીનાં કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્યોની નોંધ લેવામાં આવી.

૨૪. માર્ચ ૧૯૯૧માં લેવાયેલી યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓના ગુણ કૉમ્પ્યુટર વિભાગમાં બિન-અધિકૃત સુધારી પરિણામ સુધાર્યાના આક્ષેપસર (૧) શ્રી. સુનિલ ગજજર, (૨) શ્રી. યોગેન્દ્ર ગઢવી અને (૩) શ્રી. જગદીશ પરમારને ફરજ-મોકૂફી પર ઉતારી તપાસપંચ કુલપતિશ્રીએ નિયુક્ત કર્યું હતું તેના સંદર્ભમાં એકેડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ નીચે મુજબ છે :

"માર્ચ/એપ્રિલ, ૧૯૯૧માં લેવાયેલ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં કૉમ્પ્યુટર સેન્ટરમાં બિન-અધિકૃત રીતે ગુણ સુધારી પરિણામ સુધારવાના આક્ષેપસર શ્રી સુનિલ ગજજર, શ્રી યોગેન્દ્ર ગઢવી તથા શ્રી જગદીશ પરમારને ફરજ-મોકૂફી ઉપર ઉતારવામાં આવ્યા હતા. આ અંગે કુલપતિશ્રીએ નિવૃત્ત ન્યાયમૂર્તિ (ગુજરાત હાઈકોર્ટ) શ્રી. જે. પી. દેસાઈનું તપાસપંચ નિયુક્ત કર્યું હતું. શ્રી જે. પી. દેસાઈનો હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. હેવાલ અન્વયે શ્રી સુનિલ ગજજર તથા શ્રી યોગેન્દ્ર ગઢવીને આપવામાં આવેલ દ્વિતીય કારણદર્શક નોટિસ તેમજ તે પર આવેલ તેમના જવાબ પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. ઉપરના સઘળા પત્રો ઉપર લંબાણપૂર્વક ચર્ચા કરવામાં આવી અને દરેક કર્મચારીના કિસ્સામાં નીચે પ્રમાણે અલગ અલગ ઠરાવ કરવામાં આવ્યા :

(૧) "શ્રી સુનિલ બી. ગજજર, જેઓ ગુજરાત યુનિવર્સિટી સંચાલિત રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટરમાં કર્મચારી તરીકે ફરજ બજાવતા હતા તેમને તેમની સામેના ગેરવર્તણૂકના આક્ષેપો દર્શાવતું તા. ૧૩–૧–૧૯૯૨વાળું આક્ષેપપત્ર તથા કારણદર્શક નોટિસ પાઠવવામાં આવેલ. શ્રી ગજજરનો જવાબ/

ખુલાસો સંતોષકારક નહીં જણાતાં તેમની વિરુદ્ધ ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિ શ્રી જે. પી. દેસાઈના બનેલા તપાસપંચ દ્વારા તે આક્ષેપો સંબંધ તપાસ કાર્યવાહી ચલાવવામાં આવી. તપાસ કાર્યવાહીને અંતે તપાસપંચ શ્રી જે. પી. દેસાઈ એવા નિર્ણય પર આવ્યા કે શ્રી ગજ્જરે નાણાકીય લાભ મેળવી વિદ્યાર્થીઓના ગુણોમાં સુધારો કરી વિદ્યાર્થીઓને ગેરલાભ આપ્યો છે તે ચોક્કસપણે અને નિઃશંકપણે સાબિત થાય છે. શ્રી જે. પી. દેસાઈએ ઠરાવ્યું કે શ્રી સુનિલ બી. ગજ્જરે આપેલ નિવેદનો આંક ૮ તથા આંક ૯ અને આનેલ કિશોરદાસનું નિવેદન આંક ૨૩ તેમજ નિકુંજ જાનીના નિવેદન આંક ૨૮ પરથી સ્પષ્ટપણે સાબિત થાય છે કે તે નિવેદનોમાં લખ્યા મુજબ જે તે વિદ્યાર્થીઓના ગુણોમાં વધારો કરી વિદ્યાર્થીઓની તરફેણમાં તેમને લાભ થાય તે રીતનાં પરિણામો જાહેર કરવાની શ્રી ગજ્જરે કામગીરી કરી છે એટલે શ્રી ગજ્જર સામે મૂકવામાં આવેલ તહોમત નિઃશંકપણે સાબિત થાય છે.

ત્યાર બાદ શ્રી ગજ્જરને તા. ૨-૭-૧૯૯૩વાળી દ્વિતીય કારણદર્શક નોટિસ આપવામાં આવી. નોટિસ સાથે તપાસપંચશ્રીના અહેવાલની નકલ પણ તેમને મોકલવામાં આવી.
શ્રી ગજ્જરે દ્વિતીય કારણદર્શક નોટિસનો જવાબ પોતાના તા. ૯-૭-૧૯૯૩ વાળા પત્રથી આપ્યો છે.

શ્રી ગજ્જરનો તે તા. ૯-૭-૧૯૯૩વાળો જવાબ એકેડેમિક કાઉન્સિલની સભા તા. ૧૧-૧૦-૧૯૯૩ ના રોજ મળેલી બેઠકમાં વિચારણા માટે મૂકવામાં આવ્યો.

એકેડેમિક કાઉન્સિલના સભ્યોએ એ બાબતની નોંધ લીધી છે કે માનનીય તપાસપંચ શ્રી જે. પી. દેસાઈએ શ્રી ગજ્જર સામેનો આક્ષેપ સાબિત થયાના નિર્ણય પર આવતી વખતે તમામ પુરાવાઓ તથા હકીકતો યોગ્ય રીતે મૂલવ્યાં છે તેમ જ શ્રી ગજ્જરની પ્રત્યેક તકરાર ગણનામાં લીધી છે. શ્રી ગજ્જરને સમગ્ર તપાસમાં બચાવની પૂરતી તક પ્રાપ્ય બનાવવામાં આવી છે. તપાસ કાર્યવાહીમાં કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું પાલન થયેલું છે.

આક્ષેપની સાબિતી અંગેના નિર્ણય-તારણ સાથે એકેડેમિક કાઉન્સિલ સંમત થાય છે. શ્રી ગજ્જરે દ્વિતીય કારણદર્શક નોટિસનો જે જવાબ આપ્યો છે તેમાં લીધેલી તકરારો અને રજૂઆતો એકેડેમિક કાઉન્સિલે ગણનામાં લીધી છે, પરંતુ તેમાં કોઈ વજૂદ જણાયું નથી. તપાસપંચશ્રીએ કેસનાં સમગ્ર પાસાંઓની વિસ્તૃત મુલવણી તેમજ પડેલ પુરાવાઓની છણાવટ કરી છે તે દૃષ્ટિએ પણ શ્રી ગજ્જરના જવાબમાંની તકરારો-રજૂઆતોમાં હકીકત કે કાનૂની દૃષ્ટિએ કોઈ તથ્ય જણાતું નથી.

દ્વિતીય કારણદર્શક નોટિસના તે જવાબમાં શ્રી ગજ્જરે સજા બાબતે કરેલી રજૂઆત પણ એકેડેમિક કાઉન્સિલના સભ્યશ્રીઓએ ધ્યાન પર લીધી છે. પરંતુ તે રજૂઆત કેસની હકીકતો અને સંજોગોમાં માન્ય રાખી શકાય તેમ નથી. શ્રી ગજ્જરે વિદ્યાર્થીઓના ગુણોમાં સુધારો કરી આપવા જે તે વિદ્યાર્થીઓ પાસે રકમો મેળવવાની ગેરશિસ્ત આચરેલ છે તેની ગંભીરતા અને પ્રકાર લક્ષમાં લેતાં કર્મચારી વિરુદ્ધ સજાકીય પગલું લેવામાં ઉદારતા દાખવવી યોગ્ય તેમજ હિતાવહ નથી."

એકેડેમિક કાઉન્સિલની આ સભા સર્વાનુમતે ઠરાવે છે કે યુનિવર્સિટી કર્મચારી શ્રી સુનિલ ગજ્જરને નોકરીમાંથી બરતરફ કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૨) " શ્રી. યોગેન્દ્ર એન. ગઢવી, જેઓ ગુજરાત યુનિવર્સિટી સંચાલિત રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરમાં જુનિયર સ્ટેનોગ્રાફર તરીકે કામ કરતા હતા તેમને તેમની સામેના ગેરવર્તણૂકના આક્ષેપો દર્શાવતું તા. ૧૩-૧-૧૯૯૨વાળું આક્ષેપપત્ર તથા કારણદર્શક નોટિસ પાઠવવામાં આવેલ. શ્રી ગઢવીનો જવાબ/ખુલાસો સંતોષકારક નહીં જણાતાં તેમની વિરુદ્ધ ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિ શ્રી. જે. પી. દેસાઈના બનેલા તપાસપંચ દ્વારા તે આક્ષેપો સબબ તપાસ કાર્યવાહી ચલાવવામાં આવી. તપાસ કાર્યવાહીને અંતે તપાસપંચ શ્રી. જે. પી. દેસાઈ એવા નિર્ણય પર આવ્યા કે જૂન ૧૯૯૧ની એમ.કોમ. ભાગ-૨ની પરીક્ષા આપનાર વિદ્યાર્થી શ્રી. જયેશકુમાર દલસુખભાઈ ભાવસારના પરિણામમાં સુધારો કરવા માટે તેની પાસેથી શ્રી. યોગેન્દ્ર એન. ગઢવીએ રૂ. ૧૮,૦૦૦ (અંકે રૂપિયા અઢાર હજાર પૂરા)ની લાંચ લીધી હતી તે હકીકત સાબિત થાય છે.

શ્રી. ગઢવીને ત્યાર બાદ તા. ૨-૭-૧૯૯૩વાળી દ્વિતીય કારણદર્શક નોટિસ આપવામાં આવી. તે નોટિસ સાથે તેમને તપાસપંચશ્રીના અહેવાલની નકલ પણ મોકલવામાં આવી. દ્વિતીય કારણદર્શક નોટિસનો જવાબ શ્રી. ગઢવીએ પોતાના તા. ૧૫-૭-૧૯૯૩વાળા પત્રથી આપ્યો છે.

શ્રી. ગઢવીનો તા. ૧૫-૭-૧૯૯૩નો જવાબ તા. ૧૧-૧૦-૧૯૯૩ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સભામાં વિચારણા માટે મૂકવામાં આવ્યો. એકેડેમિક કાઉન્સિલના સભ્યોએ એ બાબતની નોંધ લીધી છે કે માનનીય તપાસપંચ શ્રી જે પી. દેસાઈએ શ્રી. ગઢવી સામેનો આક્ષેપ માનતી વખતે તમામ પુરાવાઓ અને હકીકતો યોગ્ય રીતે મૂલવ્યાં છે તેમજ શ્રી. ગઢવીની પ્રત્યેક તકરાર ગણનામાં લીધી છે. શ્રી. ગઢવીને સમગ્ર તપાસ દરમિયાન બચાવની પૂરતી તક પ્રાપ્ય બનાવવામાં આવી છે. તપાસ કાર્યવાહીમાં કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું પાલન થયેલું છે.

માનનીય તપાસપંચશ્રીનો તપાસ અહેવાલ તેમજ આક્ષેપની સાબિતી અંગેના નિર્ણય-તારણ સાથે એકેડેમિક કાઉન્સિલ સંમત થાય છે. શ્રી. ગઢવીએ દ્વિતીય કારણદર્શક નોટિસનો જે જવાબ આપ્યો છે તેમાં લેવાયેલી તકરારો અને રજૂઆતો એકેડેમિક કાઉન્સિલે ગણનામાં લીધી છે; પરંતુ તેમાં કોઈ વજૂદ જણાયું નથી. વળી તપાસપંચશ્રી કેસનાં સમગ્ર પાસાંઓની વિસ્તૃત મુલવણી તેમ જ પરેલ પુરાવાઓની છણાવટ કરી છે તે દૃષ્ટિએ પણ શ્રી. ગઢવીના જવાબમાંની તકરારો-રજૂઆતોમાં હકીકત કે કાનૂની દૃષ્ટિએ કોઈ તથ્ય જણાતું નથી.

દ્વિતીય કારણદર્શક નોટિસના તે જવાબમાં શ્રી. ગઢવીએ સજા બાબતે કરેલી રજૂઆત પણ એકેડેમિક કાઉન્સિલના સભ્યશ્રીઓએ ધ્યાને પણ લીધી છે, પરંતુ તે રજૂઆત કેસની હકીકતો અને સંજોગોમાં માન્ય રાખી શકાય તેમ નથી. શ્રી. ગઢવીએ વિદ્યાર્થીઓનાં પરિણામ સુધારી તેમને લાભ કરી આપવા સંબંધિત પાસેથી માતબર રકમની લાંચ લેવાની જે પ્રકારની ગેરશિસ્ત આચરેલી છે. તેની ગંભીરતા લક્ષમાં લેતાં કર્મચારી વિરુદ્ધ સજાકીય પગલું લેવામાં ઉદારતા દાખવવી યોગ્ય તેમજ હિતાવહ નથી."

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સભા આથી સર્વાનુમતે ઠરાવે છે કે યુનિવર્સિટી કર્મચારી શ્રી. યોગેન્દ્ર એન. ગઢવીને નોકરીમાંથી બરતરફ (dismiss) કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૩) શ્રી. જગદીશ પરમાર, જેઓ સામે રેલવાલા કૉમ્પ્યુટર સેન્ટરમાં યુનિવર્સિટીના કર્મચારી તરીકે ફરજ દરમિયાન વિદ્યાર્થીના ગુણ અનધિકૃત રીતે સુધાર્યાની ગેરવર્તણૂક સંબંધે તપાસ કાર્યવાહી કરવામાં આવેલી. તપાસ અહેવાલમાં તેમની સામેનો આક્ષેપ, પુરાવાના અભાવે સાબિત થયેલો માન્યો નથી. આથી તેમને શંકાનો લાભ આપીને તપાસપંચશ્રીનું આ તારણ સ્વીકારી શ્રી પરમારને નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા, એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે તપાસ દરમિયાન શ્રી પરમારને તા. ૧૦-૧-૧૯૯૨ વાળા ઑર્ડરથી ફરજ-મોકૂફી પર રાખવામાં આવેલા છે. તપાસ અહેવાલની સમગ્ર વિગતો અને હકીકતો તપાસી છે. તપાસપંચશ્રીએ આક્ષેપ નાસાબિત માનતાં પહેલા છેલ્લા પરિચ્છેદમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે "વિદ્યાર્થી શ્રી કિરીટ રામભાઈ ગઢવીના ગુણાંકમાં જે સુધારો થયો તે પરમારના ખાતામાં ફાઈલ ટ્રાન્સફર થયા પછી થયો, પરંતુ સુધારો તેમણે જ કર્યો અથવા કરાવ્યો તેવું ચોક્કસપણે તારણ કરી શકાય નહીં, ફક્ત શંકા ઊભી થાય છે કે તેમણે આવું કૃત્ય કર્યું." વિશેષમાં તપાસ અહેવાલમાં જ નોંધાયેલા કેટલાક સંજોગો, જેવા કે (૧) શ્રી પરમારને ટી.વાય. બી.એ. ની માર્ચ-એપ્રિલની ૧૯૯૧ની પરીક્ષાની કામગીરી સોંપાયેલી જે પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થીના ગુણાંકમાં સુધારો કરાયો; (૨) શ્રી પરમારે બૅક-અપ ફાઈલ રાખેલી નહીં; તેમજ (૩) શ્રી પરમાર કૉમ્પ્યુટર પર કામગીરી કરતાં અને તેમને ગુણાંકના ફેરફાર કરવાની પૂરતી તક હતી. આ તમામ સંયોગો અને સમગ્ર તપાસ અહેવાલની વિગતો લક્ષમાં લેતાં શ્રી પરમારનો ફરજ-મોકૂફીનો સમયગાળો ફરજ-મોકૂફી તરીકે જ ગણવામાં આવે તે ઉચિત ગણાશે તેમ એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી અને તેથી શ્રી પરમારને તેમનો ફરજ-મોકૂફીનો સમયગાળો ફરજ-મોકૂફી તરીકે જ ગણવામાં શા માટે ન આવે તેનો ખુલાસો માગતી કારણદર્શક નોટિસ મોકલવા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

એકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણો પર લંબાણપૂર્વકની ચર્ચા-વિચારણાના અંતે દરેક કર્મચારીના કિસ્સામાં નીચે પ્રમાણે અલગ અલગ ઠરાવ કરવામાં આવ્યા :

(૧) તપાસપંચનો હેવાલ, દ્વિતીય કારણદર્શક નોટિસના સંદર્ભમાં આવેલ શ્રી સુનિલ બી. ગજ્જરનો જવાબ તથા એકેડેમિક કાઉન્સિલનો ઉપરની ભલામણ અને સઘળા પત્રો તથા વિગતો જોઈ ચકાસ્યા પછી આ સભા એકેડેમિક કાઉન્સિલની તા. ૬૧-૧૦-૧૯૯૩ની સભાની ઉપરની ભલામણ સર્વાનુમતે સ્વીકારે છે અને શ્રી સુનિલ બી. ગજ્જરને નોકરીમાંથી તાત્કાલિક બરતરફ (dismiss) કરવા ઠરાવે છે.

(૨) તપાસ પંચનો હેવાલ, દ્વિતીય કારણદર્શક નોટિસના સંદર્ભમાં આવેલ શ્રી યોગેન્દ્ર એન. ગઢવીનો જવાબ તથા એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ અને સઘળા પત્રો તથા વિગતો જોઈ ચકાસ્યા પછી આ સભા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૧-૧૦-૧૯૯૩ની સભાની ઉપરની ભલામણ સર્વાનુમતે સ્વીકારે છે અને શ્રી યોગેન્દ્ર એન. ગઢવીને તાત્કાલિક નોકરીમાંથી બરતરફ (dismiss) કરવા ઠરાવે છે.

(૩) એકેડેમિક કાઉન્સિલની તા. ૧૧-૧૦-૧૯૯૩ની સભાની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તે અનુસાર શ્રી જગદીશ પરમારને તેમનો ફરજ-મોકૂફીનો સમયગાળો ફરજ-મોકૂફી તરીકે જ ગણવામાં શા માટે ના આવે તેનો ખુલાસો માંગતી કારણદર્શક નોટિસ મોકલવી.

શ્રી જગદીશ પરમારનો જવાબ આવ્યેથી ઘટતો નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૨૫. બોર્ડ ઓફ સ્પોર્ટ્સની તા. ૧૯-૮-૧૯૯૩ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(૧) આંતર-યુનિવર્સિટી હરીફાઈઓમાં ભાગ લેવા જતા હરીફો માટે યુનિફોર્મ, કૅસ્ટ, રમતનાં જરૂરી સાધનો, યુનિવર્સિટી ટીમના ફોટોગ્રાફ્સ પ્રશિક્ષણ વગેરે માટે જરૂરી ખર્ચ કરવાનું તેમ જ રાજ્ય કક્ષાની આંતર-યુનિવર્સિટી હરીફાઈઓ અને રાજ્ય કક્ષાના ખુલ્લા વિભાગની સ્પર્ધાઓમાં ભાગ લેવા તથા કમ્બાઇન્ડ યુનિવર્સિટી ટીમની પસંદગી માટે યોજનાર પસંદગી મુકાબલામાં ભાગ લેતા ખેલાડીઓને મોકલવા વગેરે માટે આંતર-યુનિવર્સિટી હરીફાઈઓ માટે મંજૂર થયેલ રકમમાંથી જરૂરી ખર્ચ કરવાની સત્તા બોર્ડ ઑફ સ્પોર્ટ્સના અધ્યક્ષશ્રી અને મંત્રીને આપવા આ બોર્ડ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે આંતર કૉલેજ હરીફાઈઓ માટે મંજૂર થયેલ રૂ. ૪૫,૫૦૦/- (૯ ટકા બાદ કરતાં)ની ગ્રાન્ટની વિભાગવાર વહેંચણી નીચે પ્રમાણે કરતાં આ બોર્ડ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે :

'બી' વિભાગ...રૂ. ૨૫,૫૦૦/-

'એ' વિભાગ...રૂ. ૨૦,૦૦૦/-

(૩) યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોને રમતોના કામકાજ માટે ઑર્ડિ. ૧૫માં જણાવ્યા પ્રમાણે "એ" અને "બી" વિભાગ નામાભિધાન આપેલ છે. તેના બદલે "અમદાવાદ વિભાગ" અને "દક્ષિણ વિભાગ" એમ નામાભિધાન રાખવાનું અને તે માટે ઑર્ડિ. ૧૫ નીચે પ્રમાણે સુધારવાનું મંજૂર કરતાં આ બોર્ડ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરેલ છે.

Ordinance 15 :

(*a*) The entire Gujarat University area shall be divided in to two zones as under and each zonal form its zone sports committee :

(1) 'Ahmedabad Zone' with its jurisdiction over Ahmedabad City and the area within 10 kilo-meters thereof.

(2) 'South Zone' will comprise of all the colleges other than those covered under clause (*a*)(1) above.

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૧૯-૮-૧૯૯૩ની સભાની ભલામણો પૈકીની ભલામણ નં. (૧) યુનિવર્સિટીના નિયમો અનુસાર મંજૂર કરની. (૨) દરખાસ્તમાં જણાવ્યા પ્રમાણે "એ" વિભાગને રૂ. ૨૦,૦૦૦ તથા "બી" વિભાગને રૂ. ૨૫,૦૦૦/- ફાળવવા. (૩) યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોને રમતોના કામકાજ માટે ઑર્ડિનન્સ ૧૫માં જણાવ્યા પ્રમાણે "એ" અને

"બી" વિભાગ નામાભિધાન આપેલ છે તેમાં નીચે પ્રમાણેના સુધારા કરવાનું રાખવું :

Ordinance 15 :

(*a*) The entire Gujarat University area shall be divided in to two zone as under and each zonal form its zone sports committee :

(1) 'Ahmedabad zone' with its jurisdiction over Ahmedabad City and the area within 10 kilo-meters thereof.

(2) 'South Zone' will comprise of all the colleges other than those covered under clause (*a*) (1) above.

૨૬. કોઠંબા વિભાગ નાગરિક હાયર એજ્યુકેશન ટ્રસ્ટ, કોઠંબા તરફથી જૂન, ૧૯૯૩થી કોઠાબા ખાતે વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખા શરૂ કરવા માટેની અરજી પરત્વે હાઇકોર્ટમાં કરેલી અપીલના સંદર્ભમાં કુલપતિશ્રીએ નિયુક્ત કરેલ નીડ સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કોઠંબા વિભાગ નાગરિક હાયર એજ્યુકેશન ટ્રસ્ટ, કોઠંબા તરફથી જૂન ૧૯૯૩થી કોઠંબા ખાતે વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખા શરૂ કરવા માટેની અરજી પરત્વે કુલપતિશ્રીએ નિયુક્ત કરેલ નીડ સમિતિની ભલામણો મંજૂર રાખવી.

(સમિતિની ભલામણો પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૨૭. ભાષા-સાહિત્ય ભવનના રીડર ડૉ. કુમારપાળ દેસાઈને તા. ૨૬-૮-૧૯૯૩ થી તા. ૮-૯-૧૯૯૩ સુધી શિકાગોમાં પાર્લામેન્ટ ઑફ વર્લ્ડ રીલિજિયસ શતાબ્દી ઉપક્રમે ભાગ લેવા જવા અંગેની મંજૂરી આપ્યાનો તેમ જ ઉક્ત સમયની અકડામક લીવ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ સદરહુ કાર્યની નોંધ લેવામાં આવી.

૨૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૨૮(૧). જૂન, ૧૯૯૩થી તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર (કચ્છ)ને બી.એ. (મુખ્ય)માં અંગ્રેજી અને બી.એ. (ગૌણ)માં સમાજશાસ્ત્ર વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ-વધારાનું જોડાણ મેળવવા માટેની અરજી પરત્વે તા. ૧૫-૬-૧૯૯૩થી તા. ૧૪-૬-૧૯૯૪ સુધીનું જોડાણ અંગેનું વધારાનું-ઍડહોક જાહેરનામું બહાર પાડ્યાનું;

૨૮(૨). જૂન, ૧૯૯૩થી તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુરને બી.એ. (મુખ્ય) અંગ્રેજી, સમાજશાસ્ત્ર અને બી.એસ.સી. (મુખ્ય)માં માઈક્રોબાયોલોજી વિષયોનો અભ્યાસક્રમ શીખવવા માટેની વધારાની જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩માં નિયત કરેલ સમયમર્યાદા બાદ આવી છે. પરંતુ વિષયના વૈવિધ્ય અને શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૨૮(૩). જૂન, ૧૯૯૩થી શ્રી કે. સી. શેઠ આર્ટ્સ કૉલેજ, બીરપુરને બી.એ. (મુખ્ય)માં ગુજરાતી, હિન્દી અને સંસ્કૃત તથા બી.એ. (ગૌણ)માં સમાજશાસ્ત્રના વિષયોનો અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ-વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી પરત્વે તા. ૧૫-૬-૧૯૯૩થી તા. ૧૪-૬-૧૯૯૪ સુધીનું જોડાણ અંગેનું ચાલુ-એડહોક જાહેર-નામું બહાર પાડવાનું;

૨૮(૪). જૂન, ૧૯૯૩થી શ્રી. એમ. ડી. શાહ કૉમર્સ અને બી. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, મહુવાને બી.એ. (મુખ્ય)માં સમાજશાસ્ત્ર વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ-વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી પરત્વે તા. ૧૫-૬-૧૯૯૩થી તા. ૧૪-૬-૧૯૯૪ સુધીનું જોડાણ અંગેનું જાહેરનામું બહાર પાડવાનું;

૨૮(૫). જૂન, ૧૯૯૩થી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ઝાલોદને બી.એ. (મુખ્ય)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર, બી.એ. (ગૌણ)માં સંસ્કૃતને ઇતિહાસ, બી.કૉમ. (મુખ્ય)માં એડવાન્સ એકા. ઑડિટિંગ, બી.કૉમ. (ગૌણ)માં એસ.પી. વિષયોનો અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ-વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી પરત્વે તા. ૧૫-૬-૧૯૯૩થી તા. ૧૪-૬-૧૯૯૪ સુધીનું જોડાણ અંગેનું પશ્ચાદ્‌વર્તી જાહેરનામું બહાર પાડવાનું;

૨૮(૬). જૂન, ૧૯૯૩થી શ્રી. લુણાવાડા આર્ટ્સ-સાયન્સ અને કૉમર્સ કૉલેજ, લુણાવાડાને બી.એસસી. (સ્પેશિયલ) ભૌતિકશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્ર વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી પરત્વે તા. ૧૫-૬-૧૯૯૩થી તા. ૧૪-૬-૧૯૯૪ સુધીનું ચાલુ એડહોક જોડાણ અંગેનું પશ્ચાદ્‌વર્તી જાહેરનામું બહાર પાડવાનું;

૨૮(૭). જૂન, ૧૯૯૨થી શાહ કે. એસ. આર્ટ્સ અને વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજને બી.એ. (મુખ્ય)માં સંસ્કૃત વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ-વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી પરત્વે મૂકવામાં આવેલી જોડાણ શરતોનું કૉલેજે પરિપાલન કર્યું હોઈ તે અંગેનું તા. ૧૫-૬-૧૯૯૨થી તા. ૧૪-૬-૧૯૯૪ સુધીનું જોડાણ અંગેનું પશ્ચાદ્‌વર્તી જાહેરનામું બહાર પાડવાનું;

૨૮(૮). જૂન, ૧૯૯૩થી સી. આર. ગાડી આર્ટ્સ કૉલેજ, મુનપુર, ફર્સ્ટ બી.એ. (ચાલુ), સેકન્ડ બી.એ. (મુખ્ય) ગુજરાતી, સંસ્કૃત, હિન્દી અને સમાજશાસ્ત્ર, બી.એ. (ગૌણ)માં ભૂગોળ વિષયના અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ-વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી પરત્વે તા. ૧૫-૬-૧૯૯૩થી તા. ૧૪-૬-૧૯૯૪ સુધીનું જોડાણ અંગેનું પશ્ચાદ્‌વર્તી જાહેરનામું બહાર પાડવાનું;

૨૮(૯). જૂન, ૧૯૯૩થી બી. બી. કે. પટેલ આર્ટ્સ એન્ડ શ્રીમતી એલ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, સાવલીને બી.એ. (મુખ્ય)માં અંગ્રેજી અને બી.એ. (ગૌણ)માં હિન્દી વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટેના ચાલુ-વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી પરત્વે તા. ૧૫-૬-૧૯૯૩ થી તા. ૧૪-૬-૧૯૯૪ સુધીનું જોડાણ અંગેનું પશ્ચાદ્‌વર્તી જાહેરનામું બહાર પાડવાનું;

૨૮(૧૦). જૂન, ૧૯૯૩થી એમ. ડી. શાહ કૉમર્સ કૉલેજ અને બી. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, મહુધાને બી.કૉમ. (ગૌણ)માં બિઝનેસ મૅનેજમેન્ટ વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ-વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી પરત્વે તા. ૧૫-૬-૧૯૯૩ થી તા. ૧૪-૬-૧૯૯૪ સુધીનું જોડાણ અંગેનું વધારાનું–એડહોક જાહેરનામું બહાર પાડવાનું;

૨૮(૧૧). જૂન, ૧૯૯૩થી આર્ટ્સ, સાયન્સ અને આર. એ. પટેલ કૉમર્સ કૉલેજ, ભાદરણમાં ફર્સ્ટ બી.કૉમ., સેકન્ડ બી.કૉમ. (ચાલુ) અને થર્ડ બી.કૉમ. (વધારાનું) અને (મુખ્ય)માં ઍડવાન્સ ઍકાઉન્ટિંગ ઍાંડ ઑડિટિંગ, બી.કૉમ. (ગૌણ)માં એસ.પી. વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ–વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી પરત્વે તા. ૧૫-૬-૧૯૯૩થી તા. ૧૫-૬-૧૯૯૪ સુધીનું જોડાણ અંગેનું એડહોક જાહેરનામું બહાર પાડવાનું;

૨૮(૧૨). જૂન, ૧૯૯૨થી સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદને બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટેની વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી પરત્વે મૂકવામાં આવેલી જોડાણ-શરતોનું પરિપાલન કર્યું હોઈ તે અંગેનું તા. ૧૫-૬-૧૯૯૨થી તા. ૧૪-૬-૧૯૯૪ સુધીનું જોડાણ અંગેનું પશ્ચાદ્‌વર્તી જાહેરનામું બહાર પાડવાનું;

૨૮(૧૩). જૂન, ૧૯૯૨થી નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદને બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ-વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી પરત્વે મૂકવામાં આવેલી જોડાણ-શરતોનું કૉલેજ પરિપાલન કર્યું હોઈ તે અંગેનું તા. ૧૫-૬-૧૯૯૨ થી તા. ૧૪-૬-૧૯૯૩ સુધીનું જોડાણ અંગેનું પશ્ચાદ્‌વર્તી ચાલુ-એડહોક જાહેરનામું બહાર પાડવાનું;

૨૮(૧૪). જૂન, ૧૯૯૨થી સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથ્સ વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટેની વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી પરત્વે તા. ૧૫-૬-૧૯૯૨થી તા. ૧૪-૬-૧૯૯૩ સુધીનું જોડાણ અંગેનું પશ્ચાદ્‌વર્તી વધારાનું–એડહોક જાહેરનામું બહાર પાડવાનું;

૨૮(૧૫). જૂન, ૧૯૯૩થી સાબરમતી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, સાબરમતીને બી.એ. (મુખ્ય)માં ગુજરાતી; અર્થશાસ્ત્ર; બી.એ. (ગૌણ)માં હિન્દી, ઇતિહાસ અને માનસશાસ્ત્ર; અને બી.કૉમ. (મુખ્ય)માં ઍડવાન્સ ઍકા. ઍાંડ ઑડિટિંગ; બી.કૉમ. (ગૌણ)માં એસ.પી. અને આંકડાશાસ્ત્ર વિષયોનો અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ-વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજી પરત્વે તા. ૧૫-૬-૧૯૯૩થી તા. ૧૪-૬-૧૯૯૪ સુધીનું જોડાણ અંગેનું પશ્ચાદ્‌વર્તી જાહેરનામું બહાર પાડવાનું;

૨૮(૧૬). જૂન, ૧૯૯૧થી વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદને બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ વિભાગનો અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ-વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી પરત્વે તા. ૧૫-૬-૧૯૯૧થી તા. ૧૪-૬-૧૯૯૨ સુધીનું જોડાણ અંગેનું પશ્ચાદ્‌વર્તી ચાલુ-એડહોક જાહેરનામું બહાર પાડવાનું;

૨૮(૧૭). જૂન, ૧૯૯૨થી વિવેકાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદને બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ-વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી પરત્વે તા. ૧૫-૬-૧૯૯૨થી તા. ૧૪-૬-૧૯૯૩ સુધીનું જોડાણ અંગેનું પશ્ચાદ્વર્તી ચાલુ-એડહોક જાહેરનામું બહાર પાડવાનું;

૨૮(૧૮). જૂન ૧૯૯૩થી સિદ્ધાર્થ લૉ કૉલેજ, ગાંધીનગરને થર્ડ એલએલ.બી. સુધીનો અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ-વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી પરત્વે મૂકવામાં આવેલી જોડાણ-શરતોનું કૉલેજે પરિપાલન કર્યું હોઈ તે અંગેનું તા. ૧૫-૬-૧૯૯૩થી તા. ૧૪-૬-૧૯૯૪ સુધીનું જોડાણ અંગેનું ચાલુ-એડહોક જાહેરનામું બહાર પાડવાનું;

૨૮(૧૯). જૂન ૧૯૯૩થી લૉ કૉલેજ, ગોધરાને ડી.એલ.પી. વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ-વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી પરત્વે મૂકવામાં આવેલી જોડાણ-શરતોનું કૉલેજે પરિપાલન કર્યું હોઈ તે અંગેનું તા. ૧૫-૬-૧૯૯૩થી તા. ૧૪-૬-૧૯૯૪ સુધીનું ચાલુ-એડહોક જોડાણ વગેરેનું જાહેરનામું બહાર પાડવાનું;

૨૮(૨૦). જૂન ૧૯૯૩થી શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરામાં બી.એ. (મુખ્ય)માં મનોવિજ્ઞાનના વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી પરત્વે તા. ૧૫-૬-૧૯૯૩થી તા. ૧૪-૬-૧૯૯૪ સુધીનું એડહોક જોડાણ અંગેનું જાહેરનામું બહાર પાડવાનું;

૨૮(૨૧). જૂન ૧૯૯૩થી ઊમા આર્ટ્સ એન્ડ નાથીબા કૉમર્સ કૉલેજ, ગાંધીનગરમાં બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્સ અને બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટેની વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી પરત્વે તા. ૧૫-૬-૧૯૯૩થી તા. ૧૪-૬-૧૯૯૪ સુધીનું એડહોક જોડાણ અંગેનું જાહેરનામું બહાર પાડવાનું;

૨૮(૨૨). જૂન ૧૯૯૩થી સહજાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદને ફર્સ્ટ બી.કૉમ., સેકન્ડ બી.કૉમ. (ચાલુ); થર્ડ બી.કૉમ. (મુખ્ય)માં એડવાન્સ સ્ટેટિસ્ટિક્સ, એસ.પી. અને કૉમ્પ્યુટર સાયન્સ વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટે ચાલુ-વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી પરત્વે મૂકવામાં આવેલી જોડાણ-શરતોનું કૉલેજે પરિપાલન કર્યું હોઈ તે અંગેનું તા. ૧૫-૬-૧૯૯૩થી તા. ૧૪-૬-૧૯૯૪ સુધીનું વધારાનું—એડહોક જોડાણ અંગેનું જાહેરનામું બહાર પાડવાનું;

૨૮(૨૩). જૂન ૧૯૯૩થી ભવન્સ આઈ. એલ. પંડ્યા આર્ટ્સ, સાયન્સ અને જશોદાબહેન શાહ કૉમર્સ કૉલેજ, ડાકોરમાં બી.એસસી. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ અને બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી પરત્વે તા. ૧૫-૬-૧૯૯૩થી તા. ૧૪-૬-૧૯૯૪ સુધીનું એડહોક જોડાણ અંગેનું જાહેરનામું બહાર પાડવાનું;

૨૮(૨૪). જૂન ૧૯૯૩થી સી. એન. પી. એફ. આર્ટ્સ અને ડી. એન. સાયન્સ કૉલેજ, ડભોઈને બી.એસસી. (રૂપે.) ભૌતિકશાસ્ત્ર, બોટાની અને મૅથેમેટિકસ વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ-વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી પરત્વે તા. ૧૫–૬–૧૯૯૩થી તા. ૧૪–૬–૧૯૯૪ સુધીનું ચાલુ-ઍડહૉક જોડાણ અંગેનું જાહેરનામું બહાર પાડવાનું;

૨૮(૨૫). જૂન ૧૯૯૩થી પેટલાદ કૉમર્સ કૉલેજ, પેટલાદમાં બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના વિષયોનો અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ-વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી પરત્વે તા. ૧૫-૬-૧૯૯૩થી તા. ૧૪–૬–૧૯૯૪ સુધીનું ઍડહૉક જોડાણ અંગેનું જાહેરનામું બહાર પાડવાનું;

૨૮(૨૬). ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદે માન્ય સંસ્થા તરીકેની માન્યતા મેળવવા માટે યુનિવર્સિટીને કરેલ અરજી પરત્વે યુનિવર્સિટી નિયુક્ત સ્થાનિક તપાસસમિતિના હેવાલના આધારે સદરહુ સંસ્થાને "ભૌતિકશાસ્ત્ર તથા ભૂસ્તરશાસ્ત્ર (Earth Science)" વિષયોમાં સંશોધન તથા માર્ગદર્શન અર્થે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ-૩૫ હેઠળ માન્યતા આપ્યાનું અને તે પરત્વે જાહેરનામું બહાર પાડવાનું;

૨૮(૨૭). ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૪-૨-૧૯૯૨ની સભામાં બી.બી.એ.નો અભ્યાસક્રમ શરૂ કરવા અંગે કુલપતિશ્રીને આપવામાં આવેલ સત્તા અન્વયે સદરહુ અભ્યાસક્રમ બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ ખાતે સપ્ટેમ્બર ૧૯૯૩થી શરૂ કર્યા અંગેનું તથા આ માટે પ્રવેશનાં ધોરણો સ્વીકાર્યાનું;

(અભ્યાસક્રમ અને પ્રવેશ અંગેનાં ધારાધોરણો પરિશિષ્ટ "ઝ" તરીકે આપેલ છે.)

૨૮(૨૮). જૂન ૧૯૯૩થી સિદ્ધાર્થ લૉ કૉલેજ, ગાંધીનગરમાં થર્ડ એલએલ.બી. સુધીનો અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ જોડાણ માટેની અરજી પરત્વેની ઍકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ સ્વીકાર્યાનું :

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સિદ્ધાર્થ લૉ કૉલેજ, ગાંધીનગર, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન ઍકેઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૪-૬-૧૯૯૩ સુધીમાં કરે તો તેને થર્ડ એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૨થી તા. ૧૪-૬-૧૯૯૪ સુધીનું ચાલુ-વધારાનું જોડાણ આપવા માટે ઍકેઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. (અ) ઑર્ડિ. ૧૨૦ અનુસાર જરૂરી અધ્યાપકોની નિમણૂકો કરવામાં આવે;

(બ) જે અધ્યાપકોની માન્યતા મેળવવાની બાકી હોય તેમની માન્યતા ત્વરિત મેળવી લેવી અને જે અધ્યાપકો માન્યતા પાત્ર ન હોય તેમની જગ્યાએ નવી નિમણૂકો ત્વરિત કરી તેમની માન્યતા મેળવી લેવી;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૫. પ્રૉવિડંટ ફંડ ટ્રસ્ટ અને પ્રૉવિડંટ ફંડ ટ્રસ્ટ કમિટીની રચના યુનિવર્સિટીના નિયમો પ્રમાણે કરવામાં આવે;

૬. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી. એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષકબિન-શિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે-આવશે."

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત ક્રમાંક ૨૮(૧)થી ૨૮(૨૮) સુધીનાં કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્યોની નોંધ લેવામાં આવી.

૨૯. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીઝમાં ઝૂલોજી વિભાગમાં લેકચરર ઇન ઝૂલોજી તરીકે ફરજ બજાવતાં ડૉ. કુ. એચ. એન. હાઇલેન્ડનો વધારાનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૩૧-૩-૧૯૯૩ના રોજ પૂરો થતો હોઈ તેથી તે જગ્યાએ તા. ૧-૪-૧૯૯૩થી કાયમ કરવા બાબત.

યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સમાં ઝૂલોજી વિભાગમાં લેકચરર ઇન ઝૂલોજી તરીકે ફરજ બજાવતાં કુ. એચ. એન. હાઇલેન્ડનો હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને તે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે કુ. એચ. એન. હાઇલેન્ડને લેકચરરની જગ્યા ઉપર તા. ૧-૪-૧૯૯૩થી લેકચરરના પગારધોરણમાં કાયમ કરવાં.

૩૦. યુનિવર્સિટીની આંતર-વિભાગીય બેડમિન્ટન ભાઈઓ-બહેનોની હરીફાઈઓમાં વિજેતા થનાર ખેલાડીઓને પુરસ્કાર આપવા માટે શ્રીમતી જયાબહેન ઠાકોર તરફથી તેમના સદ્‌ગત પતિશ્રી જગતસિંહ હરિસિંહ ઠાકોરની સ્મૃતિરૂપે રૂ. ૧૧,૦૦૦ની રકમ સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની આંતર-વિભાગીય બેડમિન્ટન ભાઈઓ-બહેનોની હરીફાઈઓમાં વિજેતા થનાર ખેલાડીઓને પુરસ્કાર આપવા માટે શ્રીમતી જયાબહેન ઠાકોર તરફથી તેમના સદ્‌ગત પતિશ્રી જગતસિંહ હરિસિંહ ઠાકોરની સ્મૃતિરૂપે મળેલ પ્રદાન રૂ. ૧૧,૦૦૦નો સાભાર સ્વીકાર કરવો અને વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ રકમના વ્યાજમાંથી પુરસ્કારની ફાળવણી બોર્ડ ઑફ સ્પોર્ટ્સ નક્કી કરે તે પ્રમાણે કરવાનું રાખવું.

૩૧. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકશાસ્ત્ર વિભાગના વડા શ્રી એસ. ડી. વર્મા તા. ૧૦-૬-૧૯૯૩ થી તા. ૧૦-૮-૧૯૯૩ સુધીના સમય દરમિયાન ૩૨ દિવસની યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકામાં UCLA-લૉસ એન્જલ્સ સેમિનારમાં હાજરી આપવા માટે ગયા હોઈ તેમને કયા પ્રકારની રજાઓ આપવી તે અંગે વિચારણા કરવા બાબત.

૬. ભલામણ ક્રમાંક ૮ મંજૂર કરવામાં આવી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની સભા શુક્રવાર, તા. ૧૭--૬--૧૯૯૪ના રોજ સવારના ૯--૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. એન. વી. વસાણીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૭—૬—૧૯૯૪
૧.	પ્રો. એન. વી. વસાણી, કુલપતિશ્રી	હાજર
૨.	ઉચ્ચતર શિક્ષણ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	તાંત્રિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	હાજર
૪.	નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૫.	ડૉ. કેતન દેસાઈ	હાજર
૬.	ડૉ. એમ. બી. દેસાઈ	હાજર
૭.	ડૉ. આર. પી. પટેલ	હાજર
૮.	શ્રી. એ. આર. શાહ	હાજર
૯.	ડૉ. વાય. કે. અગ્રવાલ	હાજર
૧૦.	પ્રો. વાય. ડી. વ્યાસ	હાજર
૧૧.	આચાર્ય હર્ષદભાઈ મોતીભાઈ દેસાઈ	હાજર
૧૨.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૩.	આચાર્ય દર્શનસિંગ મુસ્તાકસિંગ શીખ	હાજર
૧૪.	ડૉ. ભંગુભાઈ આર. પટેલ	હાજર
૧૫.	શ્રી. કુમારચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૬.	ડૉ. આર. કે. પટેલ	હાજર
૧૭.	શ્રી. દેવેન્દ્રસિંહ બી. સોલંકી	હાજર
૧૮.	આચાર્ય આર. એચ. વ્યાસ	હાજર
૧૯.	શ્રીમતી સોનલબહેન પટેલ	ગેરહાજર
૨૦.	શ્રી. ઠાકોરભાઈ ચમીન	હાજર
૨૧.	શ્રી. રાજકુમાર ગુપ્તા	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૭-૬-૧૯૯૪
૨૨.	શ્રી. નરહરિભાઈ એમ. પરીખ	હાજર
૨૩.	શ્રી. બાબુભાઈ પટેલ	હાજર
૨૪.	શ્રી. પંકજ શાહ	હાજર
૨૫.	શ્રી. સુધીરભાઈ ઈન્દ્રવદન નાણાવટી	હાજર.

૧. તા. ૩૦–૪–૧૯૯૪ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૩૦–૪–૧૯૯૪ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. ભારત સરકારશ્રીના સાયન્સ અને ટેકનોલોજી વિભાગ, ન્યૂ દિલ્હીના પત્રકમાંક એસપી/એસઆઈ/ એફઓ-૧/૯૨ તા. ૨૮–૨–૧૯૯૪થી કેમિસ્ટ્રી વિભાગના વડા પ્રો. વાય. કે. અગ્રવાલની સંશોધન યોજના "Macrocylic Compounds : Synthesis, Complexation, Thermodynamic Parameters and Analytical Applications" અંગે ત્રણ વર્ષ માટે રૂ. ૯,૩૯,૫૦૪ (અંકે રૂપિયા નવ લાખ ઓગણચાલીસ હજાર પાંચસો ચાર પૂરા)ની આર્થિક સહાય મંજૂર કરવામાં આવેલી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે "ભારત સરકારના સાયન્સ અને ટેકનોલોજી વિભાગ, ન્યૂ દિલ્હીના પત્ર ક્રમાંક : એસપી/એસઆઈ/૯૨, તા. ૨૮–૨–૧૯૯૪થી કેમિસ્ટ્રી વિભાગના વડા પ્રો. વાય. કે. અગ્રવાલની સંશોધન યોજના "Macrocylic Compounds : Synthesis, Complexation, Thermodynamic Parameters and Analytical Applications" અંગે ત્રણ વર્ષ માટે રૂ. ૯,૩૯,૫૦૪ (અંકે રૂપિયા નવ લાખ ઓગણચાલીસ હજાર પાંચસો ચાર પૂરા)ની આર્થિક સહાય મંજૂર કરવામાં આવી છે તેની સાભાર નોંધ લેવી.

૩. "પ્રો. એચ. કે. ત્રિવેદી સંશોધન તેજસ્વિતા ઍવોર્ડ" માટે રૂ. ૨૧,૦૦૦નું પ્રદાન મળેલ છે જે નીચેની શરતોને આધીન સ્વીકારવા બાબત :

પ્રો. એચ. કે. ત્રિવેદી સંશોધન તેજસ્વિતા ઍવોર્ડ

દાતાનું નામ : પ્રો. એચ. કે. ત્રિવેદી, ૭, સ્વસ્તિજનનગર સોસાયટી, આંબાવાડી, અમદાવાદ—૧૫.

દાનનો પ્રકાર : રૂ. ૨૧,૦૦૦

ઍવોર્ડનો પ્રકાર : રૂ. ૨૧,૦૦૦ના વ્યાજની વાર્ષિક આવક, વ્યાજની રકમ અને પ્રમાણપત્ર.

નિયમો

૧. ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં કામ કરતા, અર્થશાસ્ત્ર, વાણિજ્ય, બૅંકિંગ, ઑડિટિંગ, એકાઉન્ટન્સી અને મૅનેજમેન્ટના અધ્યાપકો આ ઍવોર્ડની સ્પર્ધા માટે પાત્ર થશે.

૨. રૂ. ૨૧,૦૦૦ના વ્યાજની આવકમાંથી ૧૫ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડ ખાતે જઈ બાકી રહેલી રકમ આ ઍવોર્ડના સ્વરૂપમાં આપવામાં આવશે.

૩. આ ઍવોર્ડ એક વર્ષે અર્થશાસ્ત્રના અધ્યાપક અને બીજા વર્ષ અર્થશાસ્ત્ર સિવાયના અન્ય વિષયો (વાણિજ્ય, બૅંકિંગ, એકાઉન્ટન્સી, મૅનેજમેન્ટ) શીખવતા અધ્યાપકને ઓનાયત થશે.

૪. જે વર્ષે આ ઍવોર્ડ ઓનાયત કરવામાં આવે તે અગાઉના બે શૈક્ષણિક વર્ષ (૧૧ જૂનથી ૧૪ જૂન) દરમિયાન જે તે વિષયને લગતાં સંશોધન લેખ, નોંધ, મોનોગ્રાફ પુસ્તિકા કે પુસ્તક ગુજરાત કે ગુજરાત બહારના માન્ય જર્નલમાં કે સ્વતંત્ર રીતે પ્રકાશિત થયેલાં હોવાં જોઈએ. આ ઍવોર્ડ માટે લેખ કે નિયત પ્રો-ફોર્મામાં પોતાના પ્રકાશનની એક નકલ યુનિવર્સિટીને મોકલવાની રહેશે. આ માટે યુનિવર્સિટીએ નિયમોની નકલ અને રૂપાંકી માટેનો પરિપત્ર કૉલેજો-માન્ય સંસ્થાઓ, ભવનો, પ્રતિવર્ષ યોગ્ય સમયે મોકલવાનો રહેશે.

૫. યુનિવર્સિટીના કુલપતિશ્રીએ ઍવોર્ડ માટે યોગ્ય અધ્યાપકની પસંદગી માટે દર વર્ષ જે તે વિષયોના નિષ્ણાતોની સમિતિ નીમવાની રહેશે અને તેમની ભલામણ અનુસાર દર વર્ષે આ ઍવોર્ડ ઓનાયત કરવામાં આવશે.

૬. કોઈ વર્ષે ઍવોર્ડને પાત્ર વ્યક્તિ માટેની ભલામણ નિષ્ણાત સમિતિ ના કરે તો તે વર્ષના વ્યાજની રકમ મૂળ ભંડોળમાં લઈ જવામાં આવશે અને બીજા વર્ષે બંને જૂથોના ઍવોર્ડ એકસાથે આપવાના રહેશે.

૭. ઍવોર્ડ વિજેતાનું નામ પ્રતિવર્ષ શક્ય હોય તો પદવીદાન સમારંભ વખતે જાહેર કરવામાં આવશે અને તે અંગેની જાણ દાતાને કરવામાં આવશે.

૮. આ દાનના વ્યાજની આવકની જે કોઈ બચત રહે તે મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

૯. આ નિયમોમાં યુનિવર્સિટી ફેરફારો કરે તો તેની જાણ દાતાને કરવામાં આવશે. યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલને નિયમોમાં ફેરફાર કરવાનો અબાધિત હક્ક રહે છે.

આથી ઠરાવવામાં આવે છે કે "પ્રો. એચ. કે. ત્રિવેદી સંશોધન તેજસ્વિતા ઍવોર્ડ" આપવા માટે પ્રો. એચ. કે. ત્રિવેદી દ્વારા મળેલ રૂ. ૨૫,૦૦૦ (રૂપિયા પચ્ચીસ હજાર પૂરા)ના પ્રદાનનો ઉપરોક્ત નિયમો પૈકી નિયમ ૩ સિવાયના નિયમોને આધીન સાભાર સ્વીકાર કરવો. નિયમ ૩ અંગે ઘટતો નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૪. "સ્વાતંત્ર્ય સેનાની એફ. એચ. જાની સ્મૃતિચંદ્રક" આપવા માટે શ્રી. એફ. એચ. જાની, દ્વારા પ્રિન્સિપાલ, એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, નવરંગપુરા, અમદાવાદ–૯ તરફથી રૂ. ૨૫,૦૦૦ (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા)નું પ્રદાન મળેલ છે, જેની રસીદ નં. END ૧૧૬૬૯, તા. ૭–૪–૧૯૯૪ની બનાવવામાં આવેલ છે, જે નીચેની શરતોને આધીન સ્વીકારવા બાબત :

સ્વાતંત્ર્ય સેનાની એફ. એચ. જાની સ્મૃતિચંદ્રક

દાતાનું નામ : સ્વાતંત્ર્ય સેનાની એફ. એચ. જાની, દ્વારા આચાર્ય, એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, નવરંગપુરા, અમદાવાદ–૯.

દાનનો પ્રકાર : એક ચંદ્રક.

ઍવોર્ડનો પ્રકાર : "સ્વાતંત્ર્ય સેનાની એફ. એચ. જાની સ્મૃતિચંદ્રક" આ યુનિવર્સિટી તરફથી.

નિયમો

૧. દર વર્ષે માર્ચ/એપ્રિલમાં લેવાતી ફોર્થ બી.ફાર્મ.ની પદવી પરીક્ષામાં ફાર્માસ્યુટિકલ ટેકનોલોજી વિષયમાં સૌથી વધુ ગુણ સાથે પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને આપવામાં આવે. જો કોઈ બે વિદ્યાર્થીઓ આ વિષયમાં સરખા ગુણ ધરાવતા હોય તો તમામ વિષયના કુલ ગુણમાંથી સૌથી વધારે ગુણ ધરાવનાર વિદ્યાર્થીને આ ચંદ્રક એનાયત કરવો.

૨. સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલને વખતોવખત કોઈ શરત ઉમેરવાનો કે તેમાં ફેરફાર કરવાનો અધિકાર રહેશે.

૩. ચંદ્રક વિજેતાનું નામ જે તે પરીક્ષાના પરિણામ વખતે શકય હશે ત્યાં સુધી જાહેર કરવામાં આવશે અને પદવીદાન સમારંભમાં ચંદ્રક એનાયત કરવામાં આવશે અને દાતાને તેની જાણ કરવામાં આવશે.

૪. આ સખાવતની વાર્ષિક વ્યાજની આવકમાંથી ૧૫ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૫. આ સખાવતની વાર્ષિક વ્યાજની બચત રહે તે મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

આથી ઠરાવવામાં આવે છે કે ફોર્થ બી.ફાર્મ.ની પરીક્ષામાં "સ્વાતંત્ર સેનાની ઓફ. ઓસ. જાની સ્મૃતિ-ચંદ્રક" આપવા માટે સ્વાતંત્ર સેનાની ઓફ. ઓસ. જાની દ્વારા આચાર્ય, ઓલ. ઓમ. કૉલેજ ઑફ ફાર્મસી દ્વારા મળેલ રૂ. ૨૫,૦૦૦ (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા)ના પ્રદાનનો ઉપરોકત નિયમોને આધીન સાભાર સ્વીકાર કરવો.

૫. ડૉ. પ્રતીક્ષાબહેન રાવલના હાથ નીચે સાયકોલોજી વિષયમાં પીએચ.ડી. કરતાં શ્રીમતી શારદા ચલિત જોષીના મહાનિબંધ ઉપર આવેલા લેવાલમાં ઑર્ડિ. ૩૨૧(૨) પ્રમાણે ટાઈ પડતાં ચોથા રેફરી નીમવાના થાય છે તે અંગે વિચારણા કરવા સારુ:

૧. પરદેશના રેફરી ડૉ. માર્ગારેટ માર્ટલેવ (યુ.કે.)—થિસિસ પીએચ.ડી. પદવી આપવાને લાયક ગણતા નથી.

૨. ભારતના રેફરી ડૉ. રીટા અગ્રવાલ (અમૃતસર)—થિસિસ સ્વીકારે છે.

૩. માર્ગદર્શક શિક્ષિકા ડૉ. પ્રતીક્ષાબહેન રાવલ—પરદેશના રેફરી સાથે સંમત થતા નથી.

આથી ઠરાવવામાં આવે છે કે ચોથા રેફરીની નિમણૂક અંગે બોર્ડના અધ્યક્ષશ્રી સાથે ચર્ચા કરીને યોગ્ય નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૬. તબીબી વિદ્યાશાખામાં જૂન, ૧૯૯૩થી શરૂ કરવામાં આવેલ ફિઝિયોથેરાપીના વિષય માટે વ્યાખ્યાતાની પાત્રતાનાં ધોરણો નક્કી કરવામાં આવ્યાં છે તેના પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફિઝિયોથેરાપીના વિષય માટે સૂચવેલ વ્યાખ્યાતાની પાત્રતાનાં ધોરણોનો સ્વીકાર કરવો. (પાત્રતાનાં ધોરણો **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૭. તા. ૧૯--૫--૧૯૯૪ના રોજ મળેલ ફાઈનાન્સ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૧૯--૫--૧૯૯૪ના રોજ મળેલ ફાઈનાન્સ સમિતિની ભલામણોનો સ્વીકાર કરવો.

(સદરહુ ફાઈનાન્સ સમિતિનાં ભલામણો **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૮. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઇન્ડિયાને ફાઉન્ડેશન કોર્સ સ્કૂલ ઑફ કૉમર્સમાં જૂન, ૧૯૯૪થી સ્વાયત્ત રીતે એટલે કે યુનિવર્સિટીને આર્થિક બોજો ન પડે તે રીતે ચલાવવા માટે સ્કૂલ ઑફ કૉમર્સના અધ્યક્ષશ્રી બી. એસ. દેસાઈએ કરેલ સૂચનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઇન્ડિયાનો ફાઉન્ડેશન કોર્સ, સ્કૂલ ઑફ કૉમર્સમાં જૂન, ૧૯૯૪થી શરૂ કરવાની માગણી નામંજૂર કરવી.

૯. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૯ (૧). અનુસ્નાતક મેડિકલ (એમ.ડી.,એમ.એસ.) તથા ડિપ્લોમાની પદવી માટેના પ્રવેશ અંગેના ઑર્ડિ. ૧૪ની નીચે જણાવેલ પેટાકલમ ૧ : ૨ ગુજરાત હાઈકોર્ટે સ્પે. સિવિલ એપ્લિકેશન નં. ૮૭૮૮/૯૩ના ચુકાદાના સંદર્ભમાં રદ કર્યાનું કાર્ય :

"1 : 2 Candidates original admitted to M.B..B.S. course on ALL INDIA BASIS (15% seats) are eligible for admission under Rule 2 only; they are not eligible for admission under Rule 3."

૯ (૨). નિરમા એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ ફાઉન્ડેશન, અમદાવાદની જૂન, ૧૯૯૪થી ઇજનેરી વિદ્યાશાખાની (વ્યવસાયિક ધોરણે) અમદાવાદ ખાતે નવી કૉલેજ શરૂ કરવા માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને ઑર્ડિ. ૧૨૦ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે, પરંતુ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર શિક્ષણના વિસ્તરણની દૃષ્ટિએ સદરહુ અરજી સ્વીકાર્યાનું;

૯ (૩). એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદની જૂન, ૧૯૯૪થી બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્સના અભ્યાસક્રમ શીખવવા માટેની જોડાણ-અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને ઑર્ડિ. ૧૨૦ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે, પરંતુ શિક્ષણના વૈવિધ્યની દૃષ્ટિએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૯ (૪). એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદની જૂન, ૧૯૯૨થી નીચે દર્શાવેલ સ્નાતક કક્ષાના ઈજનેરી અભ્યાસક્રમોનું ચાલુ જોડાણ પશ્ચાદ્‌વર્તી અસરથી આપવા અરજી મળેલ છે :

૧. અન્વાયરમેન્ટલ એન્જિનિયરિંગ
૨. રબર ટેકનોલોજી
૩. પ્લાસ્ટિક ટેકનોલોજી
૪. ટેક્ષટાઈલ ટેકનોલોજી.

ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને ઑર્ડિ. ૧૨૦ અનુસાર સદરહુ અરજી સમયમર્યાદા બાદ આવી છે, પરંતુ શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૯ (૫). (૧) ગાયત્રી કેળવણી મંડળ, નડિયાદ અને (૨) જગદીપ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી જૂન, ૧૯૯૪થી શારીરિક શિક્ષણની વિદ્યાશાખાની નવી કૉલેજો શરૂ કરવા માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને ઑર્ડિ. ૧૨૦ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે, પરંતુ અભ્યાસક્રમના વૈવિધ્યની દૃષ્ટિએ સદરહુ વિદ્યાશાખા માટેની કૉલેજના જોડાણ માટેની અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૯ (૬). મહીપતરામ આશ્રમ, અમદાવાદ સંચાલિત અને એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી, મુંબઈ સાથે સંલગ્ન એમ. પી. આર્ટ્સ અને એમ. એચ. કોમર્સ કૉલેજ ફૉર વિમેન, અમદાવાદની જૂન, ૧૯૯૪થી ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણ મેળવવા માટેની અરજી આવી છે. સદરહુ અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૧૦) અન્વયે સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૯ (૭). આર્ટ્સ, સાયન્સ અને કોમર્સ કૉલેજ, ખાદરાણીની બી.એસસી. (ગૌણ)માં કોમ્પ્યુટર સાયન્સ તથા બી.કૉમ. (ગૌણ)માં કોમ્પ્યુટર સાયન્સ વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ જોડાણ મેળવવા માટેની અરજી પરત્વે તા. ૧૧--૬--૧૯૯૪થી તા. ૧૪--૬--૧૯૯૪ સુધીનું ઑડોક જોડાણ અંગેનું પશ્ચાદ્‌વર્તી જાહેરનામું બહાર પાડવાનું;

૯ (૮). નાગદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા અન્વયે અનુસ્નાતક ડેન્ટલ (એમ.ડી.એસ.)ના પ્રવેશ અંગેના ઑર્ડિ. ૭૭ની નીચે જણાવેલ પેટાકલમ ૧:૨ રદ કર્યાનું;

> " 1 : 2 Candidates originally admitted to B.D.S. Course on All India basis (15% seats) are eligible for admission under Rule 2 only; they are not eligible for admission under Rule 3."

૯ (૯). યુ.ગ્રા.ક.ની આર્થિક સહાયથી સ્થાપવામાં આવેલ અનુસૂચિત જાતિ, જનજાતિના સ્પેશિયલ સેલની મુદત તા. ૩૧--૩--૧૯૯૩ સુધીની હતી, તે મુદત તા. ૩૧--૩--૧૯૯૭ સુધી લંબાવી આપ્યાના યુ.ગ્રા.ક.ના તા. ૫--૫--૧૯૯૪ના પત્રાંક એફ-૬-૨૪-૮૨ એસસીટીની નોંધ લેવા અંગે;

(સદરહુ પત્ર પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૯(૧૦). એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં જૂન, ૧૯૯૪થી બી.એ.(ગૌણ)માં કૉમ્પ્યુટર મેથ્સનો અભ્યાસક્રમ શીખવવા માટે આવેલી અરજી પરત્વેનો એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ મંજૂર કર્યાનું :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી કરાવવામાં આવે છે કે એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦--૬--૧૯૯૪ સુધીમાં કરે તો તેને બી.એ.(ગૌણ)માં કૉમ્પ્યુટર મેથ્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૯૪થી તા. ૧૪--૬--૧૯૯૭ સુધીનું વધારાનું કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. (અ) પૂર્ણ સમયના પ્રોગ્રામરની નિમણૂક કરવામાં આવે.
   (બ) ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે.

૨. (અ) પ્રાયોગિક કાર્ય માટે મશીનદીઠ બે વિદ્યાર્થીઓની બૅચ રાખવામાં આવે.
   (બ) ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપવામાં આવે (ત્રીસ વિદ્યાર્થીઓ).
   (ક) સદરહુ વિષય શીખવવા માટે વિદ્યાર્થી પાસેથી સત્ર દીઠ રૂ. ૩૦૦ની ફી લેવામાં આવે.

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે.

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૫. કૉમ્પ્યુટર સાયન્સ વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે.

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, બોનસ કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે.

૭. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇ. અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીઓ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે."

૮. કૉલેજના અન્ય સ્ટાફને વિપરીત અસર થશે નહીં તેની બાંયધરી આપવામાં આવે ".

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત ક્રમાંક ૯(૧)થી ૯(૧૦) સુધીનાં કુલપતિશ્રીઓ મંજૂર કરેલાં કાર્યોની નોંધ લેવામાં આવી.

૧૦. ઑલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન, નવી દિલ્હીએ તા. ૩૧--૩--૧૯૯૪ના પત્રથી બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ ખાતે ચાલતા એમ.બી.એ.ના અભ્યાસક્રમમાં માન્યતા આપ્યાનું તથા વર્ષ ૧૯૯૪થી વર્ષ ૧૯૯૯ સુધી પ્રવેશ સંખ્યા ૬૦ રાખવા આપેલ મંજૂરીની નોંધ લેવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે ઑલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન, ન્યૂ દિલ્હીના તારીખ ૩૧--૩--૧૯૯૪ના પત્રથી આપેલ મંજૂરીની સાભાર નોંધ લેવી.

(સદરહુ પત્ર પરિશિષ્ટ "ધ" તરીકે સામેલ છે.)

૧૧. ૧૯૯૪--૯૫ના શૈક્ષણિક વર્ષથી અનુસ્નાતક કેન્દ્રો આપવા અંગે આવેલ અરજીઓ પૈકી નીચેની બે કૉલેજમાં તેમનાં નામ સામે જણાવેલ પદવી અને વિષયના અનુસ્નાતક શિક્ષણ અંગેની તા. ૧--૨--૧૯૯૪ની

સમિતિએ નીમેલ તપાસસમિતિના લેવાલ અનુસાર જે તે પદવી અને વિષયનાં અનુસ્નાતક કેન્દ્રો આપવા વિચારણા કરવા બાબત :

ક્રમ	કૉલેજનું નામ	પદવી	વિષય
૧.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા	એમ.એ.	અંગ્રેજી (મુખ્ય), સંસ્કૃત-ગુજરાતી-હિંદી (ગૌણ)
૨.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બાલાસિનોર	એમ.એ.	સંસ્કૃત (મુખ્ય), ઇંગ્લિશ-હિંદી-ગુજરાતી (ગૌણ).

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક શિક્ષણ અંગેની તા. ૧--૨--૧૯૯૪ની સમિતિએ નીમેલ તપાસસમિતિના લેવાલ સ્વીકારવો અને તેમાં સૂચવ્યા પ્રમાણે અનુસ્નાતક કેન્દ્રો આપવાં. આ ઉપરાંત આદિપુર ખાતે એમ.એ. પદવીમાં હિંદી વિષય માટે અનુસ્નાતક કેન્દ્ર મંજૂર કરવું.

૧૨. સ્ટે. ૯૯ સુધારવાની એકિઝક્યુટિવ કાઉન્સિલની ભલામણ તા. ૩૦/૩૧--૩--૧૯૯૪ના રોજ મળેલ યુનિવર્સિટી કોર્ટની સભામાં બા. ક. ૧૫થી રજૂ કરી હતી. કોર્ટ સભામાં નીચે મુજબ ઠરાવ થયો હતો :

"મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે પ્રસ્તુત બાબતે વિદ્યાશાખાઓની ભલામણ મેળવવા માટે આ પ્રસ્તાવ એકિઝક્યુટિવ કાઉન્સિલને રીફર કૉક કરવો."

કોર્ટ સભાના ઠરાવ અનુસાર નિર્ણય લેવા અંગે વિચારણા કરવા બાબત.

(સદરહુ સ્ટે. ૯૯ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

અને

૧૩. સ્ટે. ૧૭૯ સુધારવાની એકિઝક્યુટિવ કાઉન્સિલની ભલામણ તા. ૩૦/૩૧--૩--૧૯૯૪ના રોજ મળેલ યુનિવર્સિટી કોર્ટની સભામાં બા. ક. ૧૮થી રજૂ કરી હતી. કોર્ટ સભામાં સદરહુ બાબત અંગે નીચે મુજબ ઠરાવ થયો હતો :

"પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે પ્રસ્તુત બાબતે વિદ્યાશાખાઓની ભલામણ મેળવવા માટે આ પ્રસ્તાવ એકિઝક્યુટિવ કાઉન્સિલને રીફર કૉક કરવો."

કોર્ટ સભાના ઠરાવ અનુસાર નિર્ણય લેવા અંગે વિચારણા કરવા બાબત.

(સદરહુ સ્ટે. ૧૭૯ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

અને

૧૪. સ્ટે. ૨૦૨ આ સાથે જોડવા મુજબ વંચાય તે રીતે સુધારવાની એકિઝક્યુટિવ કાઉન્સિલની ભલામણ તા. ૩૦/૩૧--૩--૧૯૯૪ના રોજ મળેલ યુનિવર્સિટી કોર્ટ સમક્ષ બા. ક. ૧૯થી રજૂ કરવામાં આવી હતી. કોર્ટ સભામાં નીચે મુજબ ઠરાવ થયો હતો :

"સદરહુ બાબત પરત્વે ઠરાવવામાં આવ્યું કે તે વિચારણા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને મોકલવામાં આવે."

ઉપરોક્ત કોર્ટના ઠરાવના સંદર્ભમાં સ્ટે. ૨૦૨ અંગે વિચારણા કરવા બાબત.

(સદરહુ સ્ટે. ૨૦૨ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

અને

૧૫. યુ. જી.સી.એ તેના તા. ૧૫-૮-૧૯૮૧ના પત્રાંક ડી.ઓ. એફ. ૨૧-૧૫-૧૯૮૧એ ઑન્ડ એન.એફ. ઈ.પી. પ્રૌઢ નિરંતર શિક્ષણ અને વિસ્તરણ કેન્દ્રને યુનિવર્સિટીના એક ડિપાર્ટમેન્ટ તરીકે સ્થાન આપવા સૂચવેલ, તે એક્ઝિકયુટિવ કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ મંજૂર કરેલ લોઈ સ્ટે. ૨૦૨માં તે મુજબ ડિપાર્ટમેન્ટ ઉમેરવાની બલામણ તા. ૩૦/૩૧-૩-૧૯૯૪ના રોજ મળેલ યુનિવર્સિટી કોર્ટની સભામાં આ. ક. ૨૦થી રજૂ કરી હતી. કોર્ટ સભામાં નીચે મુજબ ઠરાવ થયો હતો :

"પ્રસ્તુત બાબતે લંબાણપૂર્વક ચર્ચાવિચારણા કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતે વિદ્યાશાખાની બલામણ કરવા સારુ એક્ઝિકયુટિવ કાઉન્સિલને પુનઃ વિચારણા અર્થે રીફર બૅક કરવી."

કોર્ટ સભાના ઠરાવ અનુસાર નિર્ણય લેવા અંગે વિચારણા કરવા બાબત.

અને

૧૬. પ્રો. નિસાર અન્સારીનો સ્ટે. ૧૦૮ સુધારવા અંગેનો પ્રસ્તાવ તથા તેમના પ્રસ્તાવ પર પ્રા. એ. ટી. અજમેરાએ રજૂ કરેલ સુધારા સહિતની બાબત તા. ૩૦/૩૧-૩-૧૯૯૪ના રોજ મળેલ યુનિવર્સિટી કોર્ટ સભામાં બાબત ક્રમાંક ૨૩થી રજૂ કરવામાં આવેલ હતા. તે સભામાં સદરહુ પ્રસ્તાવ પર નીચે મુજબ ઠરાવ થયો હતો :

"પ્રસ્તુત બાબતે લંબાણપૂર્વક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે પ્રસ્તુત સુધારાને યોગ્ય સત્તામંડળ સમક્ષ રીફર બૅક કરવો."

કોર્ટ સભાના ઠરાવ અનુસાર નિર્ણય લેવા અંગે વિચારણા કરવા બાબત.

(સદરહુ સ્ટે. ૧૦૮ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

ક્રમાંક ૧૨થી ૧૬નો વિચારણા સંયુકત પણે કરવામાં આવતાં આથી ઠરાવવામાં આવે છે કે તા. ૩૦/૩૧-૩-૧૯૯૪ના રોજ મળેલ યુનિવર્સિટી કોર્ટની સભાએ રીફર બૅક કરેલ ઠરાવો ઉપર સઘન વિચારણા કરી વિસ્તૃત નોંધ આપવા માટે બે સભ્યોની સમિતિ નીમવી. સમિતિમાં કયા સભ્યો નીમવા તે અંગે નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૧૭. શ્રી. બી. કે. પટેલ આર્ટ્સ અને શ્રીમતી એલ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, સાવલીના બી.એ. (મુખ્ય)માં ગૃહવિજ્ઞાન (હોમ સાયન્સ)ના વિષયનો અભ્યાસક્રમ જૂન, ૧૯૯૩થી શીખવવા માટેની વધારાની જોડાણ-અરજી કે જે એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૮-૨-૧૯૯૩ની સભામાં બાબત ક્રમાંક ૨(૪)થી જૂન ૧૯૯૩થી જોડાણ આપવા બલામણ કરી હતી તે પરત્વે આગળની કાર્યવાહી કરવાની બાબત મોકૂફ રાખવામાં આવી હતી તે પ્રત્યે પુનઃ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. કે. પટેલ આર્ટ્સ અને શ્રીમતી એલ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, સાવલીની બી.એ. (મુખ્ય)માં ગૃહવિજ્ઞાન (હોમ સાયન્સ)ના વિષયના અભ્યાસક્રમમાં કૉલેજ દ્વારા શરતોનું પરિપાલન તા. ૩૧-૭-૧૯૯૪ સુધીમાં કરવામાં આવે તે શરતે જૂન, ૧૯૯૪થી ચાલુ રાખવું.

૧૮. વિદ્યાભવન ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા સંચાલિત નવગુજરાત લૉ કૉલેજનું નામ નીચે મુજબ રાખવા અંગે મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી, વિદ્યાભવન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી આવેલ તા. ૩-૬-૧૯૯૪ની દરખાસ્ત પરત્વે વિચારણા કરવા બાબત. :

"દોલતભાઈ ત્રિવેદી લૉ કૉલેજ, અમદાવાદ"

[**નોંધ.**—૧. વિદ્યાભવન ટ્રસ્ટને સદરહુ નામ બદલવા અંગે દોલતભાઈ ઍન્ડ નાનુભાઈ ત્રિવેદી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી રૂ. ૫,૦૦,૦૦૦ (અંકે રૂપિયા પાંચ લાખ પૂરા)નું દાન મળેલ છે.

૨. આ દાન દાતા તરફથી બિનશરતી આપવામાં આવેલ છે, તે મતલબનું પ્રમાણપત્ર વિદ્યાભવન ટ્રસ્ટે આપેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાભવન ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા સંચાલિત નવગુજરાત લૉ કૉલેજનું નામ 'દોલતભાઈ ત્રિવેદી લૉ કૉલેજ' અમદાવાદ રાખવા મંજૂરી આપવામાં આવે છે.

૧૯. વિદ્યાભવન ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા સંચાલિત "નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદનું" નામ નીચે મુજબ રાખવા અંગે મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી, વિદ્યાભવન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી આવેલ તા. ૯-૬-૧૯૯૪ની દરખાસ્ત પરત્વે વિચારણા કરવા બાબત :

"શ્રીમતી સુશીલાબહેન રમણીકલાલ મહેતા આર્ટ્સ કૉલેજ, અમદાવાદ"

[**નોંધ.**—૧. વિદ્યાભવન ટ્રસ્ટને સદરહુ નામ બદલવા અંગે "શ્રી રાજમલ રીખવચંદ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ" તરફથી રૂ. ૭,૦૦,૦૦૦ (અંકે રૂપિયા સાત લાખ પૂરા)નું દાન મેળવેલ છે.

૨. આ દાન દાતા તરફથી બિનશરતી આપવામાં આવેલ છે, તે મતલબનું વિદ્યાભવન ટ્રસ્ટે પ્રમાણપત્ર આપેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાભવન ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા સંચાલિત "નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદનું નામ "શ્રીમતી સુશીલાબહેન રમણીકલાલ મહેતા આર્ટ્સ કૉલેજ, અમદાવાદ" રાખવાની પરવાનગી આપવામાં આવે છે.

૨૦. યુનિવર્સિટીના ઑડિટ વિભાગમાં સીનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતાં શ્રીમતી કે. બી. આનંદનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૨૪-૫-૧૯૯૪ના રોજ પૂરો થાય છે, તો તેઓને તા. ૨૫-૫-૧૯૯૪થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટીના ઑડિટ વિભાગમાં સીનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતાં શ્રીમતી કે. બી. આનંદનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, જે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે શ્રીમતી કે. બી. આનંદને સીનિયર ક્લાર્કના પગારધોરણમાં તા. ૨૫-૫-૧૯૯૪થી કાયમ કરવાં.

૨૧. યુનિવર્સિટીના રસાયણ વિભાગમાં ફરજ બજાવતા નીચેના કર્મચારીઓને તેમના પીએફ. ખાતામાંથી સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે લોન મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમ	નામ	લોનની રકમ	અગાઉ લોન લીધેલ હતી કે કેમ?	કારણ
૧.	શ્રી. જે. એન. શાહ, સીનિ. આસિ.	૧,૦૦,૦૦૦ એક લાખ	ના	મકાન ખરીદવા તથા રિપેરિંગ માટે
૨.	શ્રી. કે. ડી. ચૌહાણ, પટાવાળા	૭૦,૦૦૦ સિત્તેર હજાર	ના	જૂના મકાન રિપેરિંગ માટે
૩.	શ્રી. એ. એમ. મકવાણા, સફાઈ કામદાર	૬૫,૦૦૦ પાંસઠ હજાર	ના	નવું મકાન ખરીદવા

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત દર્શાવેલ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ બિલ્ડિંગ માટેની લોન સ્ટે. ૧૮૮(૨) અન્વયે યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી મંજૂર કરવી.

૨૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૨૨(૧). યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગના રીડર શ્રી. એન. સી. શાહે તેમના પગાર આરક્ષણ માટે ટ્રિબ્યુનલમાં કરેલ કેસ અંગે વકીલ રોકયાનું,

૨૨(૨). તોલાણી કૉલેજ ઑફ કૉમર્સ, આદિપુરની બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર વિષયના અભ્યાસક્રમો જૂન, ૧૯૯૪થી શીખવવા માટેની જોડાણ અરજી પરત્વેની ઑકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકાર્યાનું,

ઑકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી કૉલેજ ઑફ કૉમર્સ, આદિપુરમાં નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦--૬--૧૯૯૪ સુધીમાં કરે તો તેને બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૯૪થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે,

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે,

૩. યુનિવર્સિટીનાં વારાફરતી મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રો. ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મંજૂરકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષક વર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મંજૂરકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે,

૪. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક, બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને અલ્પસંખ્યક દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે/આવશે."

૨૨ ક). નોલાની કૉલેજ ઑફ કૉમર્સ, આદિપુરની બી.કૉમ. (મુખ્ય)માં ઍડવાન્સ બિઝનેસ મૅનેજમેન્ટ વિષયનો અભ્યાસક્રમ જૂન, ૧૯૯૬થી શીખવવા માટેની જોડાણ અરજી પરત્વેનો એકેડેમિક કાઉન્સિલનો ભલામણ અંગેનો.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે નોલાની કૉલેજ ઑફ કૉમર્સ, આદિપુર, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકેડેમિક કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૬-૧૯૯૪ સુધીમાં કરે તો તેને બી.કૉમ. (મુખ્ય)માં બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૩થી તા. ૧૪-૬-૧૯૯૪ સુધીનું રાહુ જોડાણ આપવા માટે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચના આંકડા મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે,

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાર્થીદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે,

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રો. ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મંજૂરકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષક બિનશિક્ષક વર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મંજૂરકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે,

૪. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને અલ્પસંખ્યક દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની આનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે/આવશે."

૨૨(૪). જૂન, ૧૯૯૪થી નીચે દર્શાવેલ સંસ્થાઓ તરફથી વિનયન, વાણિજ્ય, શિક્ષણની વિદ્યાશાખાઓ માટેની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલ જોડાણ અરજીઓ ઓ. ૧૮૦ અને સેક્શન-૬૩ અનુસાર સ્વીકાર્યાનું અને તે પરત્વે જરૂરિયાત સમિતિ (નીડ કમિટી) નીમ્યાનું,

જૂન, ૧૯૯૪થી નવી કૉલેજ શરૂ કરવા માટે અરજી કરેલ સંસ્થાઓની યાદી :

ક્રમ	સંસ્થા	વિદ્યાશાખા	સ્થળ
૧.	ડૉ. બી. આર. આંબેડકર એજ્યુકેશન સોસાયટી, અમદાવાદ	વિનયન વાણિજ્ય	ગાંધીનગર
૨.	શિવશક્તિ સ્ટડીઝ એન્ડ રિસર્ચ ટ્રસ્ટ	વિનયન વાણિજ્ય (મહિલાઓ માટે)	ભૂજ (કચ્છ)
૩.	ગુજરાત આદિવાસી પ્રગતિ પરિષદ	વિનયન—વાણિજ્ય	ગરબાડા, દાહોદ (જિ. પંચમહાલ)
૪.	ગુર્જર ભારતી	વિનયન (મહિલાઓ માટે)	દાહોદ (જિ. પંચમહાલ)
૫.	માધ્યમિક કેળવણી મંડળ	વિનયન—વાણિજ્ય	ગરબાડા (જિ. પંચમહાલ)
૬.	કેળવણી મંડળ	વિનયન—વાણિજ્ય	સાવલી (જિ. વડોદરા)
૭.	સંસ્કાર કેળવણી ટ્રસ્ટ	વિનયન—વાણિજ્ય વિજ્ઞાન	પીપલિયા, તા. વાઘોડિયા, (જિ. વડોદરા)
૮.	શ્રી મહેમદાવાદ એજ્યુકેશન સોસાયટી	વિનયન—વાણિજ્ય	મહેમદાવાદ (જિ. ખેડા)
૯.	શ્રી. ધીરજ એજ્યુકેશન ટ્રસ્ટ	શિક્ષણ	ગોધરા (જિ. પંચમહાલ)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત ક્રમાંક ૨૨(૧)થી ૨૨(૪) સુધીનાં કુલપતિશ્રીએ મંજૂર કરેલાં કાર્યોની નોંધ લેવામાં આવી.

૨૩. નિરમા એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ ફાઉન્ડેશન, અમદાવાદનાં જૂન, ૧૯૯૪થી ઇજનેરી વિદ્યાશાખાનાં વ્યાવસાયિક ધોરણે નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજી પરત્વે નીમવામાં આવેલી જરૂરિયાત અને સ્થાનિક તપાસસમિતિના હેવાલ પર એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે નિરમા એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ ફાઉન્ડેશન, અમદાવાદ નિમણૂક અંગેની શરત સહિતની આ સાથે નીચે દર્શાવેલ શરતોનું પાલન એકેડેમિક કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧-૭-૧૯૯૪ સુધીમાં કરે તો તેને ઇજનેરી વિદ્યાશાખામાં ફર્સ્ટ ઈયર બી.ઈ.ના

અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૪થી તા. ૧૪-૬-૧૯૯૫ સુધીનું નવું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. એ.આઈ.સી.ટી.ઈ.નાં નોર્મ્સ અને સ્ટાન્ડર્ડઝ અનુસાર જરૂરી સુવિધાઓવાળા મકાનની (વર્ગખંડો માટે, લેબોરેટરીઝ માટે, વર્કશૉપ્સ માટે, આચાર્ય માટે, સ્ટાફ માટે, ગર્લ્સ રૂમ, બૉઈઝ રૂમ, ટૉઇલેટ્સ તથા અન્ય સુવિધાઓવાળા વગેરે) વ્યવસ્થા ૩૧ જુલાઈ, ૧૯૯૪ સુધીમાં કરવામાં આવે.

૨. કૉલેજ માટે અન્ય જરૂરી ભૌતિક સાધનો, લેબોરેટરી/વર્કશૉપ્સ માટેનાં જરૂરી ઈક્વિપમેન્ટ્સ, ફર્નિચર વગેરે એ.આઈ.સી.ટી.ઈ.નાં નોર્મ્સ અને સ્ટાન્ડર્ડઝ મુજબ વસાવવામાં આવે;

૩. એ.આઈ.સી.ટી.ઈ.નાં નોર્મ્સ/સ્ટાન્ડર્ડઝ અનુસાર જરૂરી સુવિધાવાળી હૉસ્ટેલ તથા રમતગમત માટેનું મેદાન અને સાધનોની વ્યવસ્થા કરવામાં આવે;

૪. એ.આઈ.સી.ટી.ઈ.નાં નોર્મ્સ અને સ્ટાન્ડર્ડઝ અનુસાર જરૂરી શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીગણની નિમણૂક કરવાની રહે;

૫. એ.આઈ.સી.ટી.ઈ.નાં નોર્મ્સ/સ્ટાન્ડર્ડઝ અનુસાર કૉમ્પ્યુટિંગ ફેસિલિટીઝ, ગ્રંથાલય અને ગ્રંથાલયમાં પુસ્તકો અને જર્નલોની વ્યવસ્થા કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે (તથા શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના પાંચ ટકાના દરે ગ્રૅચ્યુઈટી/પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો માટે જરૂરી ફંડ ઊભું કરવામાં આવે);

૭. કૉલેજના સંચાલનમાં જે ખાધ થાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૮. "ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી, ઈ. અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવશે" તે મુજબનું સંસ્થાનું બાંયધરીપત્ર;

૯. આ યુનિવર્સિટીની સ્થાનિક તપાસસમિતિ સાથે અરજીકર્તા મંડળના હોદ્દેદારો સાથે થયેલ સ્પષ્ટતા અન્વયે (૧) આચાર્યશ્રી, (૨) શૈક્ષણિક તથા (૩) બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓની નિમણૂક માટેની (ઓપન) ઇન્ટરવ્યૂ યુનિવર્સિટી કાર્યાલયમાં રાખવામાં આવે;

૧૦. યુનિવર્સિટીના નિયમાનુસારની વરણી સમિતિ ઉપરાંતના સભ્યો વરણી સમિતિ ઉપર કુલપતિશ્રી નિયુક્ત કરશે. કુલપતિશ્રી દ્વારા નિયુક્ત આવા સભ્યોનાં નામ સંસ્થાએ યુનિવર્સિટી પાસેથી મેળવી લેવાનાં રહેશે;

૧૧. સંસ્થાએ રૂ. ૧૨,૦૦,૦૦૦ (બાર લાખ)ની રકમ ડિપોઝિટ તરીકે યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે. આ ડીપોઝીટ ઓછામાં ઓછા પાંચ વર્ષ યુનિવર્સિટીમાં જમા રહેશે.

૧૨. આ સંસ્થામાં પેમેન્ટ સીટ્સ પર પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની ફીનાં ધોરણોમાં ચાર વર્ષ સુધી કોઈ સુધારો કરવામાં આવે નહીં.

૧૩. પેમેન્ટ સીટ્સ પર પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ પૈકી પાંચ વિદ્યાર્થીઓને ફ્રીશિપ એનાયત કરવામાં આવે તથા અન્ય જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓ (પેમેન્ટ સીટ્સ પૈકીના) માટે વ્યાજમુક્ત લોન આપવાની વ્યવસ્થા કરવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે નિરમા એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન, અમદાવાદની જૂન, ૧૯૯૪થી ઈજનેરી વિદ્યાશાખાની વ્યાવસાયિક ધોરણે નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજી પરત્વેની એકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણોનો સ્વીકાર કરી તેમાં જણાવેલ શરતોને આધીન નવી કૉલેજ શરૂ કરવાની પરવાનગી આપવી.

[**નોંધ.**—સ્થાનિક તપાસસમિતિના હેવાલની નકલ આ સાથે પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે.]

૨૪. ગાયત્રી કેળવણી મંડળ, મહેમદાવાદની જૂન, ૧૯૯૪થી શારીરિક શિક્ષણની નવી કૉલેજ શરૂ કરવા માટેની અરજી પરત્વે જરૂરિયાત સમિતિ અને સ્થાનિક તપાસ સમિતિના હેવાલ પર એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, ગાયત્રી કેળવણી મંડળ, મહેમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકેડેમિકકાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧–૭–૧૯૯૪ સુધીમાં કરે તો તેને શારીરિક શિક્ષણની વિદ્યાશાખામાં બી.પી.એડ. પ્રથમ વર્ષના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૯૪થી તા. ૧૪–૬–૧૯૯૫ સુધીનું નવું જોડાણ આપવા માટે એકેડિકકાઉન્સિલને ભલામણ કરવી :

નીચે મુજબ મેદાન માટે, વર્ગ ખંડો માટે, આચાર્ય ખંડ, અધ્યાપક ખંડ, કાર્યાલય માટે ખંડ, બહેનો માટે અલગ ટોઇલેટની સુવિધા સાથેનો ખંડ, છાત્રાલય માટેની વ્યવસ્થા, ભોજનાલય, વાંચનાલય અને પુસ્તકાલય માટેનો ખંડ વગેરેની વ્યવસ્થા કરવાની રહેશે. જિમ્નેશિયમ હોલની વ્યવસ્થા પણ કરવાની રહેશે :

૧. મેદાન :

૧. ૪૦૦ મી.નો ટ્રેક—૧૦૦મી. × ૧૯૦ મી.	=	૧૯,૦૦૦ ચો.મી.
૨. બાસ્કેટ બૉલ ૧—૩૨ મી. × ૨૦ મી.	=	૬૪૦ ચો.મી.
૩. ખો-ખો ૧—૩૨ મી. × ૨૦ મી.	=	૬૪૦ ચો.મી.
૪. કબડ્ડી ૧—૧૩ મી. × ૨૦ મી.	=	૨૬૦ ચો.મી.
૫. હેન્ડ બૉલ ૧—૪૦ મી. × ૨૦ મી.	=	૮૦૦ ચો.મી.
		૨૧,૩૪૦ ચો.મી.

૨. જિમ્નેશિયમ હોલ ૧ ૩૦ મી. × ૨૦ મી. × ૮ મી.

૩. મકાનો :

૧. કાર્યાલય રૂમ–૨

૨. સ્ટાફરૂમ–૧

૩. વર્ગખંડ–૨

૪. પુસ્તકાલય–૧

૫. સાયન ખંડ–૧

૬. છાત્રાલય (૧૦૦ વિદ્યાર્થીઓ માટે) રૂમ–૨૧

૭. ભોજનાલય–રસોડું + હોલ

૪. વિદ્યાર્થી સંખ્યા ૧૦૦.

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે સેલેરી નજીક ભાડામુક્ત રહેવાની વ્યવસ્થા કરવામાં આવે.

૬. આચાર્યને જેટલી રૂમ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે અને શિક્ષકોને તથા બિનશિક્ષક કર્મચારીઓને ગ્રેચ્યુઈટીનો લાભ આપવા માટે જરૂરી ફંડ ઊભું કરવામાં આવે,

૮. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.ઓ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની નિમણૂક, બઢતી, બઢતી, ઇત્યાદિ અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને અક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ સમયોસમયે નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે, તે મુજબની સંસ્થાએ બાંયધરી પત્ર આપવો.

૯. આ યુનિવર્સિટીની સ્થાનિક તપાસસમિતિ સાથે અરજીકર્તા મંડળના હોદ્દેદાર સાથે થયેલી રૂપરેખા અન્વયે (૧) આચાર્યશ્રી, (૨) શૈક્ષણિક તથા (૩) બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓની નિમણૂક માટેના ઓપન ઇન્ટરવ્યૂ યુનિવર્સિટી કાર્યાલયમાં રાખવામાં આવે

૧૦. યુનિવર્સિટીના નિયમાનુસારની વરણીસમિતિ ઉપરાંતના સભ્યો વરણીસમિતિ ઉપર કુલપતિશ્રી નિયુક્ત કરશે. કુલપતિશ્રી દ્વારા નિયુક્ત આવા સભ્યોનાં નામ સંસ્થાએ યુનિવર્સિટી પાસેથી મંગાવી લેવાનાં રહેશે,

૧૧. સંસ્થાએ રૂ. ૫ લાખની રકમ ડિપોઝિટ તરીકે યુનિવર્સિટીનાં જમા કરાવવાની રહેશે. આ ડિપોઝિટ સંસ્થા ગ્રાન્ટપાત્ર થાય ત્યાં સુધી યુનિવર્સિટીમાં જમા રહેશે.

૧૨. જોડાણ આપ્યા બાદ કૉલેજ ગ્રાન્ટપાત્ર થાય તેટલા સમયગાળા દરમિયાન જો કૉલેજ તરફથી યુનિવર્સિટીએ નિયત કર્યા પ્રમાણે શિક્ષક/બિનશિક્ષક કર્મચારીની વર્ષના મોટા ભાગ દરમિયાન નિમણૂક કરવામાં આવશે નહીં તો જ્યારે પણ સંસ્થા ગ્રાન્ટને પાત્ર થશે ત્યારે આવી નિમણૂકો નહીં કરીને બચત કરેલ રકમ જેટલી રકમ અનુદાનમાંથી કપાત કરવાની ભલામણ સરકારને યુનિવર્સિટી કરી શકશે.

૧૩. સદરહુ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે સંચાલક/દાતાની કોઈ બેઠક અનામત રાખવામાં આવશે નહીં તેની બાંયધરી આપવામાં આવે.

૧૪. આ અભ્યાસક્રમમાં તમામ પ્રવેશ યુનિવર્સિટી દ્વારા કેન્દ્રીયકૃત પદ્ધતિથી આપવામાં આવશે.

આથી ઠરાવવામાં આવે છે કે ગાયત્રી કેળવણી મંડળ, મહેમદાવાદ જૂન, ૧૯૯૪થી બૅચલર ઑફ ફિઝિકલ એજ્યુકેશનની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજી પરત્વેની એકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણોનો સ્વીકાર કરી તેમાં જણાવેલ શરતોને આધીન નવી કૉલેજ શરૂ કરવાની પરવાનગી આપવી.

(નીડ તથા સ્થાનિક તપાસસમિતિનો હેવાલ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૨૫. જય અંબે લલિતાબહેન કોટેચા આર્ટ્સ કૉલેજ, કાંકણપુરમાં વાણિજ્યની વિદ્યાશાખા ઉમેરવા માટે રાજ્ય સરકારશ્રીએ પુનઃવિચારણા કરવા અંગે કરેલ ભલામણ ઉપરનો જરૂરિયાત સમિતિ તથા સ્થાનિક તપાસ સમિતિનો હેવાલ એકેડેમિક કાઉન્સિલે સ્વીકાર કરેલ હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જયઅંબે લલિતાબહેન કોટેચા આર્ટ્સ કૉલેજ, કાંકણપુરમાં વાણિજ્ય વિદ્યાશાખા ઉમેરવા માટે રાજ્ય સરકારશ્રીએ પુનઃ વિચારણા કરવા અંગે કરેલ ભલામણો ઉપરની એકેડેમિક કાઉન્સિલની ભલામણોનો સ્વીકાર કરવો અને તે પરત્વે વાણિજ્ય વિદ્યાશાખા ઉમેરવા અંગેની માગણી નામંજૂર કરવી.

[નોંધ.—સ્થાનિક તપાસસમિતિના હેવાલની નકલ આ સાથે પરિશિષ્ટ "૮" તરીકે સામેલ છે.]

૨૬. મહીપતરામ રૂપરામ આશ્રમ, અમદાવાદ સંચાલિત એમ.પી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ કે જે. એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી, બૉમ્બે સાથે સંકળાયેલ છે તે ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણ મેળવવા માટેની અરજી પરત્વેના સ્થાનિક તપાસસમિતિનો હેવાલ એકેડેમિક કાઉન્સિલે સ્વીકારેલ હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મહીપતરામ રૂપરામ આશ્રમ, અમદાવાદ સંચાલિત એમ. પી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ કે જે એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી, મુંબઈ સાથે જોડાણ ધરાવે છે તેની જૂન, ૧૯૯૪થી ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણ મેળવવાની અરજી પરત્વે એકેડેમિક કાઉન્સિલની ભલામણોનો સ્વીકાર કરવો અને તેમાં જણાવેલ શરતોનું પરિપાલન થયેથી જોડાણ આપવાનું રાખવું.

[નોંધ.—હેવાલની નકલ આ સાથે પરિશિષ્ટ "૯" તરીકે સામેલ છે.]

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એમ. એસ. શાહ
કાર્ય. કુલસચિવ

નં. એકિઝ. કાઉ./૨૫૯૪૯/૧૯૯૪
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯
તા. ૬–૧૦–૧૯૯૪.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૬

ફિઝિયોથેરાપીના વ્યાખ્યાતાની શૈક્ષણિક પાત્રતાનાં ધોરણો :

Sr. no.	Name of the Post	Qualifications and Experience :
1.	Principal–Head of Physiotherapy Dept.	(a) Postgraduation (M.Sc.) degree in Physiotherapy. (b) Graduation (B.Sc.) in Physiotherapy. (c) Three years' teaching experinece as Senior Lecturer in a Physiotherapy School recognised by University. (d) 5 years' teaching experience as Lecturer in a Physiotherapy School recognised by University.
2.	Senior Lecturer	(a) Postgraduation (M.Sc.) degree in Physiotherapy. (b) Graduation (B.Sc.) in Physiotherapy. (c) 2 years' teaching experience as Lecturer in Physiotherapy in a Physiotherapy School recognised by University. (d) 3 years' teaching experience in a Physiotherapy School recognised by University.
3.	Lecturer	(a) Graduation (B.Sc.) in Physiotherapy. (b) Postgraduation in Physiotherapy. (c) 5 years' working experience of which should include 3 years' clinical teaching experience in a Physiotherapy School recognised by University. (d) 3 years' working experience of which at least one year's experience should be teaching experience in a Physiotherapy School recognised by University.

પરિશિષ્ટ "ખ"

કામકાજ ક્રમાંક ૭

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૧૯--૧૧--૧૯૯૪ને ગુરુવારના રોજ ૪ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. એન. વી. વસાણી, કુલપતિશ્રી	હાજર
૨. પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૩. પ્રિ. ડી. એમ. શીખ	ગેરહાજર
૪. શ્રી. નરહરિભાઈ એચ. પરીખ	હાજર

૧. ફાઇનાન્સ સમિતિની તા. ૧૭--૩--૧૯૯૪ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઇનાન્સ સમિતિની તા. ૧૭--૩--૧૯૯૪ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગ માટે સિગ્મા કેમિકલ્સ ખરીદવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આ અંગે રૂ. ૩,૦૦૦ જેટલો ખર્ચ થશે.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગ માટે સિગ્મા કેમિકલ્સ આયાત કરવાનું મંજૂર કરવું અને તે અંગે રૂ. ૩,૦૦૦ના ખર્ચ મંજૂર કરવો.

૩. ગુજરાત યુનિવર્સિટીના માર્ચ / નવેમ્બર / ડિસેમ્બર, ૧૯૯૪માં યોજાનાર પદવી સમારંભ માટેનાં પદવી પ્રમાણપત્રો ટપાલ દ્વારા મોકલવા માટેનાં કુલ ૨૧,૦૦૦ જેટલાં કાફ્ટ કવરો ખરીદવા માટે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આ અંગે રૂ. ૧૧,૦૦૦ જેટલો ખર્ચ થશે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૪. ગુજરાત યુનિવર્સિટીના વર્ગ-૪ના કર્મચારીઓને એક જોડ ગણવેશ આપવા તથા સેન્ડલ-ચંપલ આપવા અંગેની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૮૧,૦૦૦ જેટલો થશે.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના વર્ગ-૪ના કર્મચારીઓને એક જોડ ગણવેશ આપવાનું તથા સેન્ડલ-ચંપલ આપવાનું મંજૂર રાખવું અને ગણવેશ આપવા માટેનું કાપડ એન.ટી.સી.જી.ટી.સી.માંથી ખરીદવાનું રાખવું અને તે અંગે અંદાજી ખર્ચ રૂ. ૮૧,૦૦૦નો મંજૂર કરવો.

૫. રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરના વોલ્ટાસ બનાવટના એરકૂલ્ડ પૅકેજ પ્લાન્ટનો મેઈન્ટેનન્સ સર્વિસ કોન્ટ્રાકટ રિન્યૂ કરવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આ અંગે રૂ. ૯,૨૦૦ જેટલો ખર્ચ થશે. ગયા વર્ષે આ ખર્ચ રૂ. ૮,૪૦૦નો થયેલ હતો.

આથી ઠરાવવામાં આવે છે કે રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરના વોલ્ટાસ બનાવટના એરકૂલ્ડ પૅકેજ પ્લાન્ટનો મેઈન્ટેનન્સ સર્વિસ કોન્ટ્રાકટ મે. વોલ્ટાસ લિ. સાથે રિન્યુ કરવો અને તે અંગે રૂ. ૯,૨૦૦નો ખર્ચ મંજૂર કરવો.

૬. ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં રહેલ ઈન્ટરકોમ એકસચેંજ ૧૦ લાઈનવાળા બે નંગ તથા ૩૧ લાઈનના એક એકસચેંજ એમ કુલ ૩ ઓટોમેટિક ટેલિફોન એકસચેંજના મેઈન્ટેનન્સનો વાર્ષિક કોન્ટ્રાકટ રિન્યૂ કરવાની બાબત પર વિચારણા કરવા બાબત.

આ અંગે રૂ. ૮,૦૦૦ જેટલો ખર્ચ થશે. ગયા વર્ષે આ ખર્ચ રૂ. ૬,૯૦૦ નો ખર્ચ થયેલ હતો.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં રહેલ ઈન્ટરકોમ ટેલિફોન એકસચેંજ ૧૦ લાઈનવાળા બે નંગ તથા ૩૧ લાઈનના એક એકસચેન્જ એમ કુલ ત્રણ ઓટોમેટિક ટેલિફોન એક્સચેન્જનો તા. ૧--૪--૧૯૮૪થી તા. ૩૧--૩--૧૯૮૫ સુધીનો મેઈન્ટેનન્સનો વાર્ષિક કોન્ટ્રાકટ ઓસ. જે. કોર્પોરેશન સાથે રિન્યૂ કરવો અને તે અંગે રૂ. ૭,૦૦૦નો ખર્ચ મંજૂર કરવો.

૭. ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ પર જુદાં જુદાં મકાનોમાં આવેલ "ફ્રિઝર" બનાવટનાં કુલ ૧૬ નંગ વિન્ડો એરકન્ડિશનર્સના વાર્ષિક સર્વિસ કોન્ટ્રાકટ રિન્યૂ કરવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આ અંગે રૂ. ૪૧,૦૦૦ જેટલો ખર્ચ થશે.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ પર જુદાં જુદાં મકાનોમાં આવેલ "ફ્રિઝર" બનાવટના કુલ ૧૬ નંગ વિન્ડો એરકન્ડિશનર્સનો વાર્ષિક સર્વિસ કોન્ટ્રાકટ ચેઈઝ પ્રોડકટસ સાથે રિન્યૂ કરવો અને તે અંગે રૂ. ૪૧,૦૦૦નો ખર્ચ મંજૂર કરવો.

૮. ગુજરાત યુનિવર્સિટીના બોઈઝ તથા લેડીઝ હૉસ્ટેલના વ્હૉઈટવૉશ તથા કલરકામ માટે આવેલ ટેન્ડરોના નિકાલ કરવા બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આ અંગે રૂ. ૯૦,૧૦૦ જેટલો ખર્ચ થશે.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના બોઈઝ તથા લેડીઝ હૉસ્ટેલના વ્હાઈટવૉશ તથા કલરકામના સૌથી ઓછા ભાવ ભરનાર વેપારી મે. એકતા મજૂર કામદાર સહકારી મંડળી પાસે કરાવવો તથા તે માટે રૂ. ૯૦,૧૦૦નો ખર્ચ મંજૂર કરવો અને ટેન્ડર શરત મુજબ આ કામ વીસ દિવસમાં પૂર્ણ કરી દેવાનું જણાવવું. ત્યાર બાદ દરરોજના રૂ. ૨૧ (રૂપિયા પચ્ચીસ પૂરા)ની પેનલ્ટી લેવાનું રાખવું.

૯. ગુજરાત યુનિવર્સિટીના બી. કે. સ્કૂલ, બી.બી.એ. કોર્સના કોમ્પ્યુટર રૂમમાં પી.વી.સી. ફ્લોરિંગના કામ માટે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આ અંગે રૂ. ૨,૧૬૮ જેટલો ખર્ચ થશે.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના બી. કે. સ્કૂલ, બી.બી.એ. કોર્સના કોમ્પ્યુટર રૂમમાં પી.વી.સી. ફ્લોરિંગનું કામ સૌથી ઓછા ભાવ ભરનાર વેપારી શ્રી. અમીન્સ પાસે કરાવવું અને તે માટે રૂ. ૨,૧૬૮નો ખર્ચ મંજૂર કરવો.

૧૦. ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયના મકાનમાં કરાવવામાં આવેલ રિસ્ટેમ્પરના કામમાં થયેલ વધારા અંગેની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આ અંગે વધારાના કામનો રૂ. ૨૩,૬૬૦ જેટલો વધારાનો ખર્ચ થયેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૧૧. એજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટરને ઓસિલ્લા સ્કોપ રિપેર કરાવવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આ અંગે રૂ. ૩,૫૦૦ જેટલો ખર્ચ થશે.

આથી ઠરાવવામાં આવે છે કે એજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટરને ઓસિલ્લા સ્કોપ રિપેર કરાવવાનું મંજૂર કરવું અને તે માટેનો રૂ. ૩,૫૦૦નો ખર્ચ મંજૂર કરવો.

૧૨. એજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટરને એરકન્ડિશન પ્લાન્ટ માટેનો વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટ રિન્યૂ કરવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આ અંગે રૂ. ૨૩,૯૪૦ જેટલો ખર્ચ થશે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતનો નિર્ણય કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૧૩. એજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટરને સ્પેરપાર્ટ્સ ખરીદવા અંગેની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આ અંગે રૂ. ૧,૪૮,૦૦૦ જેટલો ખર્ચ થશે.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૧૪. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

(૧) ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં રહેલ ડુપ્લિકેટિંગ મશીનને રિપેરિંગ માટેનો રૂ. ૨,૪૬૫નો ખર્ચ મંજૂર કર્યાના;

(૨) ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં રહેલ ડુપ્લિકેટિંગ મશીનને રિપેરિંગ માટેનો રૂ. ૩,૧૯૧નો ખર્ચ મંજૂર કર્યાના;

(૩) ગુજરાત યુનિવર્સિટી લાઇબ્રેરીના કેનન બનાવટના ફોટો કોપિયર મશીનનું ડ્રમ બદલવાનો તથા ડ્રમ ક્લિનિંગ બ્લેડ બદલવાનો રૂ. ૭,૯૨૨નો ખર્ચ મંજૂર કર્યાના;

(૪) ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયના ફોટો કોપિયર મશીન કેનન એન.પી. ૨૭૦નો વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ તા. ૧--૪--૧૯૯૪થી તા. ૩૧--૩--૧૯૯૫ સુધી એક વર્ષ માટે રિન્યૂ કરવા માટે રૂ. ૫,૫૦૦નો ખર્ચ મંજૂર કર્યાના;

(૫) ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયની લિફ્ટનો મેઈન્ટેનન્સ અર્થે કૉન્ટ્રાક્ટ તા. ૧-૪-૧૯૮૪થી તા. ૩૧-૩-૧૯૮૫ સુધી વાર્ષિક રિન્યૂ કરવા માટે રૂ. ૪,૦૦૮નો ખર્ચ મંજૂર કર્યો.

૬. વિજ્ઞાન વિદ્યાભવનમાં રહેલ ફ્રેંન્કિંગ મશીનના સર્વિસ કૉન્ટ્રાક્ટ કૌલાર્ન ટ્રોગ્રાફિક્સ લિ. કું. પાસે તા. ૧-૪-૧૯૮૪થી તા. ૩૧-૩-૧૯૮૫ સુધી રિન્યૂ કરવા રૂ. ૧,૬૦૮નો ખર્ચ મંજૂર કર્યો.

૧૫. કુલપતિશ્રી, ઉપકુલપતિશ્રી, કુલસચિવશ્રી તથા ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા અન્ય અધિકારીઓને ઓડિ. ૬૨-ડી હેઠળ ખર્ચ કરવા માટે આપેલ સત્તાઓમાં વધારો કરવા અંગે પુનઃવિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે હાલ ઓડિ. ૬૨-ડી હેઠળ આપવામાં આવેલી સત્તાઓમાં આ સાથેના **પરિશિષ્ટ "અ"** મુજબ સુધારો કરવો. આ અમલ તા. ૧-૧૦-૧૯૮૪થી કરવાનો રાખવો.

૧૬. જુદાં જુદાં ભવનોમાં આપવામાં આવેલ પેટીકેશની મર્યાદામાં વધારો કરવા અંગેની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે જે ભવનોને પેટીકેશ રૂ. ૨૦૦ આપવામાં આવે છે તે વધારીને રૂ. ૩૦૦ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એમ. એસ. શાહ
કા. કુલસચિવ

પરિશિષ્ટ 'અ'

ફાઇનાન્સ કમીટી ૫૫

પ્રવર્તમાન ઓર્ડિનન્સ	સુધારા બાદ અસ્તિત્વમાં આવતા ઓર્ડિનન્સ
O. 62-D :	O. 62-D :
1. A committee consisting of the Vice-Chancellor only be authorised to sanction all expenditure pertaining to the University including the building work upto Rs. 2,000/- (upto Rs. 1,500/- on the recommendation of one member of the finance committee to be nominated by the Vice-Chancellor) without inviting tenders and upto Rs. 10,000/- after inviting tenders or quotations.	1. A committee consisting of the Vice-Chancellor only be authorised to sanction all expenditure pertaining to the University including the building work upto Rs. 5,000/- (upto Rs. 2,500/- on the recommendation of one member of the finance committee to be nominated by the Vice-Chancellor) without inviting tenders and upto Rs. 15000/- after inviting tenders or quotations.
However, in case of purchases from Government Agencies or institutions such as Atomic Energy Commission, National Laboratories etc. The Vice-Chancellor may sanction expenditure upto Rs. 5,000/- without inviting tenders or quotations but a certificate to this effect shall be recorded in writing. (Ex. C. dtd. 27-5-1978, Item No. 18)	However, in case of purchases from Government Agencies or institutions such as Atomic Energy Commission, National Laboratories etc. The Vice-Chancellor may sanction expenditure upto 10,000/- without inviting tenders or quotations but a certificate to this effect shall be recorded in writing.

પ્રવર્તમાન ઑર્ડિનન્સ	સુધારા બાદ અસ્તિત્વમાં આવતા ઑર્ડિનન્સ
O. 62-D :	**O. 62-D :**
2. A committee consisting of the Registrar only be authorised to section all expenditure upto Rs. 200/- without inviting tenders and upto Rs 1,000/- after inviting tenders or quotations.	2. A committee consisting of the Registrar only be authorised to sanction all expenditure upto Rs. 500/- without inviting tenders and upto Rs. 2000/- after inviting tenders and upto Rs. 15000/- after inviting tenders or quotations.
3. A committee consisting of the Controller of Examinations only to sanction all expenditure pertaining to the conduct of the examination upto Rs. 150/- without inviting tenders upto Rs. 750/- after inviting tenders or quotations.	3. A committee consisting of the Controller of Examinations only to sanction all expenditure pertaining to the conduct of examination upto Rs. 300/- without inviting tenders or quotations.
4. A committee consisting of the Deputy Registrar (Academic) only to sanction all expenditure pertaining to the post-graduate work upto Rs. 100/- without inviting tenders and upto Rs. 500/- after inviting tenders or quotations.	4. A committee consisting of the Deputy Registrar (Academic) only to sanction all expenditure pertaining to the post-graduate work upto Rs. 300/- without inviting tenders and upto Rs. 1,500/- after inviting tenders or quotations.
5. A committee consisting of the Development Officer only to sanction all expenditure other than that shown at (3) and (4) above upto Rs. 100/- without inviting tenders and upto Rs. 500/- after inviting tenders or quotations.	5. A committee consisting of the Development Officer only to sanction all expenditure other than that shown at (3) and (4) above upto Rs. 300/- without inviting tenders and upto Rs. 1,500/- after inviting tenders or quotations.

O. 62-D :

6. A committee consisting of the Chief Accounts Officer only to sanction all expenditure other than (1) conduct of the Examination and (2) Post-graduate works, upto Rs. 100/- without inviting tenders and upto Rs. 500/- after inviting tenders or quotations (Ex. 5/6-7-80, Item No. 52).

7. A committee consisting of the Head of the Science Department to sanction all normal expenditure pertaining to his Department for Laboratory equipments and chemicals required by it upto Rs. 100/- without inviting tenders and upto Rs. 500/- after inviting tenders or quotations.

8. A committee consisting of the Director of the University School concerned to sanction all normal expenditure of his school upto Rs. 200/- without inviting tenders and upto Rs. 1,000/- after inviting tenders or quotations.

O. 62-D :

6. A committee consisting of the Chief Accounts Officer only to sanction all expenditure other than (1) conduct of the Examination and (2) Post-graduate works, upto Rs. 300/- without inviting tenders and upto Rs. 1,500/- after inviting tenders or quoatations.

7. A committee consisting of the Head of the Science Department to sanction all normal expenditure pertaining to his Department for Laboratory equipments and Chemicals required by it upto Rs. 300/- without inviting tenders and upto Rs 1,500/- after inviting tenders or quotations.

8. A committee consisting of the Director of the University School concerned to sanction all normal expenditure of his school upto Rs. 500/- without inviting tenders and upto Rs. 2.000/- after inviting tenders or quotations.

પ્રવર્તમાન ઑર્ડિનન્સ	સુધારા બાદ અસ્તિત્વમાં આવતા ઑર્ડિનન્સ
O. 62–D.	O. 62–D.
However, in case of purchases from Government Agencies or institutions such as Atomic Energy Commission, National Laboratories etc. the Director may sanction expenditure upto Rs. 2,000/– without inviting tenders or quotations but a certificate to this effect shall be recorded in writing.	However, in case of purchases from Government Agencies or institutions such as Atomic Energy Commission, National Laboratories etc. the Director may sanction expenditure upto Rs. 5,000/– without inviting tenders or quotations but a certificate to this effect shall be recorded in writing.
In case of reprints of the research papers the Director may sanction expenditure upto Rs. 500/– without inviting tenders or quotations.	In case of reprints of the research papers the Director may sanction expenditure upto Rs. 500/– without inviting tenders or quotations.
9. A committee consisting of the Librarian only to sanction all normal expenditure pertaining to the library upto Rs. 100/– without inviting tenders and upto Rs. 500/– after inviting tenders or quotations.	9. A committee cosisting of the Librarian only to sanction all normal expenditure pertaining to the library upto Rs. 300/– without inviting tenders and upto Rs. 1,000/– after inviting tenders or quotations.
10. A committee consisting of the Press–Manager only to sanction all normal expenditure pertaining to the Press upto Rs. 50/– without inviting tenders and upto Rs. 200/– after inviting tenders or quotations.	10. A committee consisting of the Press–Manager only to sanction all normal expenditure pertaining to Press upto Rs. 200/– without inviting tenders and upto Rs. 500/– after inviting tenders or quotations.

પ્રવર્તમાન જોગવાઈ	સુધારા બાદ અમલમાં આવવા જોગવાઈ
O. 62-D :	**O. 62-D :**
11. A committee consisting of the Chief Warden of the University Hostels to sanction all normal expenditure pertaining to University Hostels upto Rs. 50/- without inviting tenders and upto Rs. 100/- after inviting tenders or quotations. (Ex.C.dt. 18-7-79, Item No. 20).	11. A committee consisting of the Chief Warden of the University Hostels to sanction all normal expenditure pertaining to University Hostels upto Rs. 200/- without inviting tenders and upto Rs. 500/- after inviting tenders or quotations.
12. A Committee consisting of the Resident Medical Officer only to sanction all normal expenditure pertaining to the Health Centre upto Rs. 100/- without inviting tenders and upto Rs. 500/- after inviting tenders or quotations (Ex.C. dt. 29-4-78, Item No. 81).	12. A committee consisting of the Resident Medical Officer only to sanction all normal expenditure pertaining to the Health Centre upto Rs. 300/- without inviting tenders and upto Rs. 1000/- after inviting tenders or quotations.
13. A committee consisting of the Director of Physical Education only to sanction all normal expenditure pertaining to his department only upto Rs. 100/- without inviting tenders and upto Rs. 500/- after inviting tenders or quotations. (Ex.C. dt. 13-1-1973, Item No. 71).	13. A committee consisting of the Director of Physical Education only to sanction all normal expenditure pertaining to his department only upto Rs. 300/- without inviting tenders and upto Rs. 1,000/- after inviting tenders or quotations.
14. A Committee consisting of the Head of Polyvalent Centre to sanction all normal expenditure pertaining to his centre upto Rs. 100/- without inviting tenders and upto Rs. 500/- after inviting tenders or quotations. (Ex.C. dt. 29-5-1976, Item No. 46).	14. A committee consisting of the Head of Polyvalent Centre to sanction all normal expenditure pertaining to his centre upto Rs. 300/- without inviting tenders and upto Rs. 1000/- after inviting tenders or quotations.

Note

The powers delegated to the committees mentioned at Sr. No. 6 and 9 to 13 to sanction expenditure for normal expenditure of the department excluding expenditure for any repairs to buildings, electrical installations and repairs, Furniture, water supply, roads and gardens and such other expenditure pertaining to the Estate Department.

However, the Director of the University School and the Librarian may, subject to relevant rules in this behalf, sanction the above-mentioned expenditure upto Rs. 500/- on any one occasion.

પરિશિષ્ટ "બ"
સામાન્ય કમાંક ૯(૯)

UNIVERSITY GRANTS COMMISSION

35, Ferose Shah Road, New Delhi–110 001

No. F. 6–249/92 (SCT)

Dated 5th May, 1994.

To

The Registrar,

Gujarat University,

Ahmedabad–380 009.

Sub.—Special cell set up for the welfare of Scheduled Castes/ Scheduled Tribes—Extension in the period of Commission's financial assistance beyond 31st March, 1995....reg.

Sir,

I am directed to inform you that the Commission has recently considered the question regarding extension in the period of its financial assistance to Universities/Institutions for establishing a Special Cell for the welfare of Scheduled Castes/Scheduled Tribes beyond 31st March, 1995.

The Commission has agreed to extend the period of its financial assistance under the above scheme upto 31st March, 1997.

The receipt of the letter may please be acknowledged.

Yours faithfully,

Gurcharan Singh

(Under Secretary)

પરિશિષ્ટ "ધ"
સામાન્યજ્ઞાન ક્રમાંક ૧૦

ALL INDIA COUNCIL FOR TECHNICAL EDUCATION

(A Statutory body of the Government of India)

Indira Gandhi Sports Complex, I. P. Estate, New Delhi-110 002

No. F—2/B-II (BOS (M)/92/23490

Registered

March 31st, 1994.

The Secretary,
University Grants Commission,
Bahadur Shah Zafar Marg,
New Delhi—110 002.

Snbject.—Approval to the B. K. School of Business Management, Gujarat University, Ahmedabad to conduct the M.B.A. course.

Sir,

I am directed to state that on the recommendations of the Task Force for Management Education the All India Council for Technical Education, New Delhi has accorded approval to the conduct of following programmes at the B. K School of Business Management, Gujarat University, Ahmedabad :

Course	Intake	Period of Approval
Master of Business Administration (Full Time)	60 (2yr. F.T.)	1994—99

The approval is subject to the fulfillment of the conditions as per Annexure.

You are requested to kindly take necessary action in the matter and keep the Western Regional Office, AICTE, Bombay and this office informed of the progress made in this regard.

Yours faithfully,
Sd. SHEFALI GAUTAM
Assistant Director.

CONDITIONS FOR APPROVAL (U) :

1. The infrastructural, instructional and other facilities including teaching staff, equipment etc. shall be provided as per AICTE norms prescribed from time to time.
2. A computer centre with adequate number of terminals, Printers etc. shall be established.
3. No new course(s) shall be started and no increase shall be made in intake of these courses without prior approval of the AICTE.
4. The admissions shall be made only after adequate infrastructure and all other facilities are provided as per norms and guidelines of the AICTE/Govt. of India.
5. The tuition and other fees shall be charged as prescribed by the competent Authority within the overall criteria prescribed by the AICTE from time to time.
6. The administrative, academic and financial records including accounts shall be maintained for this programme and all the records and reports shall be open for inspection by the AICTE or anybody authorised by it.
7. The curriculum of the course, the procedure for evaluation assessment of students shall be in accordance with the norms prescribed by the AICTE.
8. The institute by virtue of the approval given by AICTE shall not automatically become claimant to any financial grant or assistance from the central or State Government.
9. The information furnished in respect of the proposal shall be factual and correct. In the event of any information found to be false, misleading or suppressed the approval accorded may be withdrawn by the AICTE.
10. The institution shall furnish requisite returns and reports as desired by AICTE in order to ensure proper maintenance of administrative and academic standards. The progress report on fulfilment of the above conditions as on 31st December, and 31st May of each year shall be submitted by the Institution to the AICTE during 1994–96.
11. This approval is further subject to full-compliance with the "SCHEME" as prescribed by the supreme court in its judgement dated 4–2–1993 with regard to WP (C) No. 607 of 1992 in the case of Unnikrishnan and others etc. vs. State of Andhra Pradesh and others etc and the related guidelines and criteria as may be issued by the AICTE, UBC or the Central Government from time to time.

12. In the event of non-compliance by the society with regard to guidelines, norms and conditions laid down by AICTE from time to time, the AICTE or a body or person authorised by it will be free to take measures for withdrawal of its approval without consideration of any related issues and that all liabilities arising out of such a withdrawal would solely be that of the concerned society.

13. An Expert Committee of the All India Board of Management studies shall visit the institute during 1994–99 to verify the compliance of the conditions as laid down above and to make necessary recommendations for further extension of AICTE approval to the Institute.

SHEFALI GAUTAM
Assistant Director.

Copy to :

The Registrar, Gujarat University,
Ahmedabad –380 009.

પરિશિષ્ટ "ચ"
સામાન્ય કમાંક ૧૨

Statute 99 :

The subjects comprised in each of these Faculties shall be as follows :

(1) FACULTY OF ARTS :

HUMANITIES

(*a*) Modern Indian Languages :

Gujarati
Marathi
Hindi
Urdu
Sindhi
Bengali

(*b*) Other Modern Languages :

English
German
French

(*c*) Classical Languages :

Sanskrit
Pali
Prakrit (Ardhamagadhi) Avesta Pahlavi
Persian and Arabic

(*d*) History
Archaeology
Epigraphy and Numismatics
Logic and Philosophy
Mathematics
Statistics
Fine Arts

Indian Culture (Ancient, Mediaeval and Modern and Eastern Culture)
Islamic Culture
Town Planning and Architecture
Physical Education
Journalism
Library Science
Linguistics

SOCIAL SCIENCES

(*e*) Politics
Economics
Sociology
Civics
Psychology
Anthropology
Geography
Home Science
Labour Welfare
Co operation
Business Management

(*f*) General Education
Developmental Communication
Environmental Science

(?) FACULTY OF EDUCATION :
Education

(3) FACULTY OF SCIENCE :

(*a*) Mathematics
Statistics
Geography
Physics
Chemistry
Botany
Zoology
Microbiology
Geology

Electronics
Life Science
Environmental Science
Bio-Chemistry

(b) General Education
Developmental Communication
Journalism

(4) FACULTY OF TECHNOLOGY INCLUDING ENGINEERING :

Engineering Technology
Civil Engineering
Mechanical Engineering
Electrical Engineering
Sanitary Engineering
Tele-Communication
Chemical Engineering
Automobile Engineering
Aeronautical Engineering
Textile Engineering
Town Planning and Architecture
Mathematics
Geology
Electronics Engineering
Computer Engineering and application

(5) FACULTY OF LAW :

Law and Jurisprudence

(6) FACULTY OF MEDICINE :

Medicine including Indigenous Systems
Surgery including Ophthalmology
Midwifery and Gynecology
Medical Jurisprudence
Pharmacy
Dental Surgery
Nursing

(7) FACULTY OF COMMERCE :

(*a*) Economics
Politics
Statistics
Commerce
Geography
Accounting including Costing and Actuarial Science
Co-operation
Mathematics
Labour Welfare

(*b*) General Education
Developmental Communication
Journalism

(8) FACULTY OF DENTAL SURGERY :

Dental Surgery

(9) FACULTY OF PHARMACY :

Pharmacy comprising Pharmaceutical Technology, Pharm. Microbiology and Bio-chemical Engineering, Pharmaceutical Chemistry, Pharmacognosy, Physiology, Pharmacology, Bioassay, Pharmacy Management and Drug Marketing.

પરિશિષ્ટ "ક"
કામકાજ કમિટી ૧૩

Statute 17[9] :

The University shall grant the following Diplomas to such persons as have undergone the prescribed courses at any college or colleges affiliated to or any institution or institutions recognised by the University or a Department of University and have passed the qualifying examination for the same in accordance with the Ordinances and Regulations :

Faculty of Arts :

1. Diploma in Journalism (Dip. J.)
2. Diploma in Drama / Dip. F A. (Drama)
3. Diploma in Music / Dip. F.A. (Music)
4. Diploma in Painting and Sculpture [Dip. F.A. (P. & S.)]
5. Diploma in Architecture / Dip. F.A. (Arch.)
6. Diploma in Dancing / Dip. F.A. (Dancing)
7. Diploma in Physical Education (Dip. P.Ed.)
8. Diploma in Educational and Vocational Guidance (Dip. E.V.G.)
9. Diploma in Mathematical Economics, Econometrics and Economic Analysis and Policy.
10. Diploma in Linguistics (D. Ling.)

    (*a*) *Post-graduate Diploma in Counselling Psychology* (***D.C.P.***, (*Psy.*)

    (*b*) *Post-graduate Diploma in Organisational Behaviour* (***D.O.B.***)

    (*c*) *Post-graduate Diploma in Clinical & Community Psychology* (***D.C.C.P.***)

Faculty of Education :

11. Diploma in Education (Dip. Ed.)

Faculty of Arts and Medicine :

12. Diploma in Psychotherapy (D.P.)
13. Diploma in Psychiatric Social Work (D.P.S.W.)
14. Diploma in Psychiatric Occupational Therapy (D.P.O.T.)

15. Diploma in Special Education for Mentally Handicapped (D.S.E.) (Mentally Handicapped)
16. Diploma in Medicial and Social Psychology (D.M. & S.P.)
17. Diploma in Psychiatric Nursing (D.P.N.)
18. Diploma in Community Psychology (D.Com. P.)
19. Diploma in Scientific Study of the Developmentally Handicapped (D.S.S.D.H.)

Faculty of Arts, Science, Commerce and Engineering :

20. Diploma in *Computer Science and Application*
21. Diploma in Developmental Communication (D.D.C.)

Faculty of Science :

22. Diploma in Electronics & Radio Physics (D.E.R.P.)
23. Diploma in Cinematography (D. Cine).

Faculty of Law ;

24. Diploma in Labour Laws and Practice (D.L.P.)
25. Diploma in Taxation Laws and Practice (D.T.P.)
26. Diploma in Criminology and Correctional Administration (D.C.C.A.)

Faculty of Medicine :

27. Diploma in Ophthalmology (D.O.)
28. Diploma in Anaesthesia (D.A.)
29. Diploma in Paediatrics (D. Paed.)
30. Diploma in Public Health (D.P.H.)
31. Diploma in Laryngology and Otology (D.L.O.)
32. Diploma in Gynaecology and Obstetrics (D.G.O.)
33. Diploma in Venerilology and Dermatology (D.V. & D.)
34. Diploma in Medical Radiology and Electro-Therapeutics (D.M.R.E.)
35. Diploma in Occupational Health (D.H.O.)
36. Diploma in Tuberculosis (T.D.D.)
37. Diploma in Pharmacy (Dip. Pharm.)
38. Diploma in Clinical Pathology (D.C.P.)
39. Diploma in Psychiatric Medicine (D.P.M.)
40. Diploma in Medical Laboratory Technology (D.M.L.T.)
41. *Diploma in Forensic Medicine (D.F.M.)*

Faculty of Commerce :

42. Diploma in Business Management (D.B.M.)
43. Diploma in Industrial Management (D.I.M.)
44. Diploma in Banking (D. Banking)
45. Diploma in Costing (D. Costing)
46. Diploma in Accounntacy (Dip. in A/C)
47. Diploma in Secretaryship (D. Sec.)
48. Diploma in Business Communication (D.B.C.)
49. Diploma in Foreign Trade including Export Marketing (D.F.T.)
50. Diploma in Economic and Business Journalism (D.E.B.J.)

Faculty of Arts, Science and Commerce :

51. Diploma in Statistics (D. Stat.)

Faculty of Arts & Commerce :

52. Diploma in Co-operation (D. Co-op.)

પરિશિષ્ટ "ક"
સામાન્ય કમક ૧૪

Statute 202 :

There shall be the following *Departments* to provide post-graduate Instruction, training and research work in the University :

1. Department of Gujarati
2. Department of Hindi
3. Department of English
4. Department of Sanskrit
5. Department of Prakrit-Pali, etc.
6. Department of Persian, Arabic & Urdu
7. Department of Linguistics
8. Department of History
9. Department of Economics
10. Department of Sociology
11. Department of Political Science
12. Department of Labour Welfare
13. Department of Philosophy
14. Department of Psychology
15. Department of Education
16. Department of Library and Information Science
17. Department of Physics (Pure & Applied) and all its branches
18. Department of Chemistry (Pure & Applied) and all its branches
19. Department of Botany (Pure & Applied) and all its branches
20. Department of Zoology (Pure & Applied) and all its branches
21. Department of Microbiology (Pure & Applied) and all its branches
22. Department of Mathematics (Pure & Applied) and all its branches
23. Department of Statistics (Pure & Applied) and all its branches
24. Department of Geography
25. Department of Commerce
26. Department of Law
27. Department of Business Management
28. Department of Computer Science
29. *Department of Development Communication*
30. *Department of Cinematography.*

પરિશિષ્ટ "૨"

This is to resolve to amend the Statute No. 108 of the Faculty of Arts as mentioned below :

"The following Boards of Studies may be constituted under the provisions of Section 25."

The Board constituted under St. 108 of Faculty of Arts, serial No. 10 is 'Persian, Arabic and Urdu'. At present there is a single Board for all the three subjects now by this amendment Urdu is to be separated from the above Board and a new Board is constituted for Urdu under St. 108(i) in the faculty of Arts under Serial No. 11, the Serial Nos. of the other Boards also will be changed in ascending order by one number respectively.

The provision of present Statute No. 108 and change proposed reads as :

Change

Original	**Amendment**
10. Persian Arabic & Urdu	10. Persian & Arabic
	11. Urdu

Amended Statute reads as :

Statute 108 :

Faculty of Arts

1. Gujarati
2. Marathi
3. Hindi
4. Sindhi
5. Bengali
6. English
7. Modern European Languages : German and French
8. Sanskrit
9. Prakrit and Pali

10. Persian and Arabic
11. Urdu
12. Avesta and Pahlavi
13. History, Archaeology, Epigraphy and Numismatics
14. Political Science
15. Sociology and Anthropology
16. Logic, Philosophy and Political Philosophy
17. Psychology
18. Indian Culture (Ancient, Mediaeval and Modern) and Eastern Culture
19. Home Science
20. Physical Education
21. Journalism
22. Fine Arts
23. Library Science
24. Linguistics

Faculty of Education

25. Education

Faculty of Science

26. Physics
27. Chemistry
28. Botany
29. Zoology
30. Microbiology
31. Bio-Chemistry
32. Life Science

Faculty of Technology including Engineering

33. Civil Engineering
34. Mechanical Engineering
35. Electrical Engineering
36. Chemical Engineering

Faculty of Law

37. Board of Studies in Jurisprudence, International Law (Private and Public), Constitutional Law
38. Board of Studies in Crimes, Law of Obligation (i.e. Torts, Contracts and Labour Laws)
39. Board of Studies in Law of Property and Personal Laws, Taxation Laws

Faculty of Medicine

40. Pre-clinical subjects comprising Anatomy, Physiology, Pharmacology and Pathology

41. Medicine, comprising Medicine, Preventive Medicine and Forensic Medicine, Surgery, comprising Surgery, Ophthalmology, Midwifery and Gynaecology.

42. Nursing

Faculty of Commerce

43. Commerce

44. Accounting including Costing

45. Actuarial Science and Statistics

Faculties of Arts and Commerce

46. Labour Welfare

47. Economics

48. Co-operation

Faculties of Arts, Education, Science and Commerce

49. Geography

50. Statistics

51. General Education

52. Computer Science Application

Faculties of Arts, Education, and Technology including Engineering

53. Town Planning and Architecture

Faculties of Arts, Education, Science, Commerce and Technology including Engineering

54. Mathematics

Faculties of Arts, Education, Commerce and Technology including Engineering

55. Business Management

Faculties of Science & Technology including Engineering

56. Geology

Faculty of Dentistry

57. Dental Surgery

સદરહુ બાબત પરત્વે **મા. એ. ટી. અજમેરાનો સુધારો :**

પ્રસ્તાવમાં " Amended Statute " reads as " **શબ્દો** " પહેલાં નીચેના પેરા **ઉમેરવા** :

" This is to resolve to amend the Statute No. 108 of the Faculty of Education as mentioned below :

The Board constituted under St. 108 of Faculty of Education is ' Education '. At present there is a single Board for Education. Now by this amendment, in place of ' Education ', there will be the boards of :

25. Foundations of Education
26. Techniques of Teaching and Problems of Education
27. Management of Edudation
28. Special Fields in Education
29. Contents of Teaching
30. Methods of Teaching
31. Practice Teaching.

The change in the serial No. will be as shown above and there will be a change in the preceding boards in the ascending order following 31. Practice Teaching. "

પરિશિષ્ટ "ઠ"
ક્રમાંક કર્માંક ૨૩

નિરમા એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા જૂન, ૧૯૯૪થી ઈજનેરી કૉલેજ શરૂ કરવા માટેની અરજી અંગેની સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

નિરમા એજ્યુકેશન ટ્રસ્ટ તરફથી તા. ૨--૨--૧૯૯૪ના રોજની અમદાવાદ ખાતે એક ઈજનેરી કૉલેજ જૂન, ૧૯૯૪થી શરૂ કરવા માટે અરજી યુનિવર્સિટીને મળી હતી. ત્યાર બાદ તા. ૨૨--૩--૧૯૯૪ના રોજ આ અરજી નિરમા એજ્યુકેશન ટ્રસ્ટને બદલે નિરમા એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ ફાઉન્ડેશનની ગણવાની વિનંતી મળી હતી. તેના અનુસંધાનમાં નિરમા એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ ફાઉન્ડેશન તરફથી જૂન, ૧૯૯૪થી નવી ઈજનેરી કૉલેજ શરૂ કરવા દેવાની પરવાનગી માગતી અરજી યુનિવર્સિટીને તા. ૨૦--૧૧--૧૯૯૪ની મળી છે.

તા. ૧૭--૧--૧૯૯૪ના રોજ ગુજરાત યુનિવર્સિટીની સમિતિએ ટ્રસ્ટીઓ / ફાઉન્ડેશનના સભ્યો સાથે આ કૉલેજ તેઓ જે સ્થળે સ્થાપવા માગે છે તે માટેનાં સૂચિત સ્થળોની મુલાકાત લીધી હતી. આ સ્થળો પૈકી એક સ્થળ હાલ તુરત સંસ્થા જ્યાં કૉલેજ શરૂ કરવા માગે છે તે સરખેજ—ગાંધીનગર હાઈવે રોડ ઉપર સોલા પાસે ઉમિયા માતા ટ્રસ્ટની માલિકીનું મકાન છે. બીજું સ્થળ જ્યાં ભવિષ્યમાં કાયમી ધોરણે સંસ્થા કૉલેજનું મકાન બાંધવા માગે છે તે શિલજ ગામની નજીક આવેલ એક ફાર્મની જગ્યા છે, જેની માલિકી નિરમા ઈન્ડસ્ટ્રીઝવાળા શ્રી. કરસનદાસ તથા તેમનાં કુટુંબીજનોની છે. શિલજ ગામવાળી જગ્યાના વિકલ્પે અન્ય એક જગ્યા અમદાવાદ —ગાંધીનગર (વાયા સાબરમતી)ના રસ્તે મોટેરા ફાર્મની નજીક ચાંદખેડા વિસ્તારમાં આવતી જગ્યા બતાવવામાં આવી હતી. આ જગ્યા જુદા જુદા ખેડૂતોની છે, જે સંસ્થાએ પોતે આ હેતુ માટે ખરીદી લેવાની તૈયારી બતાવી છે.

સંસ્થાએ મોકલેલ (૧) આ કૉલેજ માટેનો પ્રોજેક્ટ રિપોર્ટ, (૨) બિડાણ તરીકે મોકલેલ ગુજરાત રાજ્ય સરકારનો જી.આર.(જે બિનસરકારી સંસ્થાઓ એટલે કે ટ્રસ્ટો દ્વારા કાયમી ધોરણે ગ્રાન્ટ નહીં લેવાની શરતે, અને ૫૦ ટકા બેઠકો સામાન્ય ફી સાથે તેમ જ ૫૦ ટકા બેઠકો તમામ આવર્તક ખર્ચને આવરી લે તેટલી ઊંચી ફી સાથેની જોગવાઈવાળી વ્યાવસાયિક કૉલેજો (ઈજનેરી, તબીબી વ.) શરૂ કરી શકાય તે અંગેનો છે), (૩) અન્ય માહિતી અને કુબરૂમાં થયેલ ચર્ચાઓ ઉપરથી સમિતિનો અભિપ્રાય છે કે ઈજનેરી કૉલેજોમાં પ્રવેશ માટેની જરૂરિયાત તેમ જ હાલની ઉપલબ્ધ કૉલેજો અને તેની સંખ્યા જોતાં નવી ઈજનેરી કૉલેજની જરૂરિયાત (નીડ) છે, પરંતુ ઉચ્ચ શિક્ષણ અને વ્યાવસાયિક શિક્ષણને લગતા કેટલાક સર્વસામાન્ય મુદ્દાઓ તેમ જ આ સંસ્થાને લગતા મુદ્દાઓ નીચે પ્રમાણે છે :

૧. હાલ ગુજરાત યુનિવર્સિટીમાં સંલગ્ન કૉલેજો બે પ્રકારની છે, સરકારી અને અનુદાનપાત્ર બિનસરકારી કૉલેજો. આ સૂચિત નવી વ્યવસ્થામાં કાયમી ધોરણે અનુદાન સિવાયની વ્યાવસાયિક સંસ્થાઓ શરૂ થશે.

૨. ફીનું ધોરણ હાલની વ્યવસ્થામાં યુનિવર્સિટી નક્કી કરે છે. આ સૂચિત નવી વ્યવસ્થામાં ગુજરાત રાજ્ય સરકારના સચિવ, યુનિવર્સિટીના કુલપતિશ્રી, તેમ જ ડાયરેક્ટર ઑફ ટેકનિકલ એજ્યુકેશનની બનેલી સમિતિ વખતોવખત નક્કી કરશે.

૩. ફીનું ધોરણ બે પ્રકારનું રહેશે : ૫૦ ટકા વિદ્યાર્થીઓ માટે બીજી સરકારી કે અનુદાનપાત્ર કૉલેજોમાં પ્રવર્તમાન ધોરણો પ્રમાણે રહેશે, જ્યારે બાકીના ૫૦ ટકા વિદ્યાર્થીઓ માટે ફીનું ધોરણ ઊંચું રહેશે. જેમાં સંસ્થાનો તમામ આવર્તક ખર્ચ ઉપરાંત અનાવર્તક ખર્ચનો પણ કેટલોક ભાગ સમાવાય તેવી જોગવાઈ છે. ૫૦ ટકા બેઠકોને "Free Seats" કહેવામાં આવશે અને બાકીની ૫૦ ટકા બેઠકો "Payment Seats" રહેશે. બંનેની ફીનાં ધોરણોમાં ઘણો મોટો તફાવત રહેશે.

૪. કુલ સો બેઠકોની જોગવાઈ હોય તો તે પૈકી ૫૦ બેઠકો "Free Seats" તરીકે રહેશે, જેમાંથી ૩૧ બેઠકો એસ.સી., એસ.ટી. અને એસ.ઈ.બી.સી. માટે અનામત રહેશે. ૧૯ બેઠકો બિનઅનામત રહેશે. બાકીની ૫૦ બેઠકો "Payment Seats" એટલે કે ઊંચી ફીવાળી રહેશે.

૫. ફીનાં બે ધોરણોને કારણે સંભવિત આનુષંગિક પ્રશ્નો અને તે માટેની જરૂરી વ્યવસ્થા કે જોગવાઈઓ અંગે વિચારણા.

ઉપરની સર્વસામાન્ય બાબતો સહિત સમગ્ર યોજનાને ધ્યાનમાં રાખી ઍકેડેમિક કાઉન્સિલ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલ આ સંસ્થાના જોડાણ અંગે વિચારણા કરી તેમાં નીચેની બાબતોને લક્ષમાં લે તેમ જ નીચે દર્શાવેલ શરતોએ જોડાણની વિચારણા કરવા આ સમિતિ ભલામણ કરે છે :

૧. એ.આઈ.સી.ટી.ઈ.નાં નોર્મ્સ અને સ્ટાન્ડર્ડઝ અનુસાર જરૂરી સુવિધાઓવાળા મકાનની (વર્ગખંડો માટે, લેબોરેટરીઝ માટે, વર્કશૉપ્સ માટે, આચાર્ય માટે, સ્ટાફ માટે, ગર્લ્સ રૂમ, બૉઇઝ રૂમ, ટૉઇલેટ્સ તથા અન્ય સુવિધાઓવાળા વગેરે) વ્યવસ્થા ૩૧ જુલાઈ, ૧૯૯૪ સુધીમાં કરવામાં આવે.

૨. કૉલેજ માટે અન્ય જરૂરી ભૌતિક સાધનો, લેબોરેટરી/વર્કશૉપ્સ માટેનાં જરૂરી ઈક્વિપમેન્ટ્સ, ફર્નિચર વગેરે એ.આઈ.સી.ટી.ઈ.નાં નોર્મ્સ અને સ્ટાન્ડર્ડઝ મુજબ વસાવવામાં આવે;

૩. એ.આઈ.સી.ટી.ઈ.નાં નોર્મ્સ/સ્ટાન્ડર્ડઝ અનુસાર જરૂરી સુવિધાવાળી હૉસ્ટેલ તથા રમતગમત માટેનું મેદાન અને સાધનોની વ્યવસ્થા કરવામાં આવે;

૪. એ.આઈ.સી.ટી.ઈ.નાં નોર્મ્સ અને સ્ટાન્ડર્ડઝ અનુસાર જરૂરી શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીગણની નિમણૂક કરવાની રહે;

૫. એ.આઈ.સી.ટી.ઈ.નાં નોર્મ્સ/સ્ટાન્ડર્ડઝ અનુસાર કૉમ્પ્યુટિંગ ફેસિલિટીઝ, ગ્રંથાલય અને ગ્રંથાલયમાં પુસ્તકો અને જર્નલોની વ્યવસ્થા કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે (તથા શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના પાંચ ટકાના દરે ગ્રૅચ્યુઈટી/પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો માટે જરૂરી ફંડ ઊભું કરવામાં આવે);

૭. કૉલેજના સંચાલનમાં જે ખોટ થાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૮. "ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.ઓ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી, ઈ. અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીઓ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવશે" તે મુજબનું સંસ્થાનું બાંયધરીપત્ર;

૯. આ યુનિવર્સિટીની સ્થાનિક તપાસસમિતિ સાથે અરજીકર્તા મંડળના હોદ્દેદારો સાથે થયેલ સ્પષ્ટતા અન્વયે (૧) આચાર્યશ્રી, (૨) શૈક્ષણિક તથા (૩) બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓની નિમણૂક માટેનાં (ઓપન) ઈન્ટરવ્યૂ યુનિવર્સિટી કાર્યાલયમાં રાખવામાં આવે;

૧૦. યુનિવર્સિટીના નિયમાનુસારની વરણી સમિતિ ઉપરાંતના સભ્યો વરણી સમિતિ ઉપર કુલપતિશ્રી નિયુક્ત કરશે. કુલપતિશ્રી દ્વારા નિયુક્ત આવા સભ્યોનાં નામ સંસ્થાએ યુનિવર્સિટી પાસેથી મેળવી લેવાનાં રહેશે;

૧૧. સંસ્થાએ રૂ. ૧૨,૦૦,૦૦૦ (રૂપિયા બાર લાખ)ની રકમ ડિપોઝિટ તરીકે યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે. આ ડિપોઝીટ ઓછામાં ઓછા પાંચ વર્ષ યુનિવર્સિટીમાં જમા રહેશે.

ઉપરની સૂચિત સઘળી શરતો અનુસારની વ્યવસ્થા તા. ૩૧—૭—૧૯૯૪ સુધીમાં સંસ્થાએ કરવાની રહેશે.

તપાસ સમિતિ સભ્યો,

કે. એસ. શાસ્ત્રી
આર. એચ. વ્યાસ
ડી. એમ. શીખ
એ. આર. શાહ
એન. આર. દવે
એચ. એમ. દેસાઈ
એમ. સી. છાભરિયા
આર. કે. પટેલ

પરિશિષ્ટ "ડ"
કામકાજ ક્રમાંક ૨૪

મહેમદાવાદ ખાતે નાયત્રી કેળવણી મંડળ દ્વારા સૂચિત શારીરિક શિક્ષણની કૉલેજ શરૂ કરવાની મંજૂરી અંગે નીડ તથા સ્થાનિક નિરીક્ષણ સમિતિનો હેવાલ

ઉપરોક્ત સંસ્થા દ્વારા મંજૂરી માગવામાં આવેલ સૂચિત શારીરિક શિક્ષણની કૉલેજ માટે સંસ્થાએ સૂચવેલ સ્થળની આમે આજે કુલ મુલાકાત લીધી હતી. સંસ્થાના ટ્રસ્ટીઓ / ગવર્નિંગ બોડીના સભ્યો પૈકી પ્રિ. બી. કે. ગઢવી અને પ્રા. બી. વી. પટેલે કુલ ઉપસ્થિત રહી જરૂરી માહિતી પૂરી પાડી હતી. સૂચિત સ્થળ / જગ્યા ઉપર હાલના મકાનમાં ફેરફાર / વધારાનું બાંધકામ કરીને જરૂરી બધી સુવિધાઓ સાથેનું મકાન તેઓ તૈયાર કરશે તેની તેઓએ ખાતરી આપી હતી, અને આવર્તક તથા અનાવર્તક ખર્ચ અંગેની જવાબદારી વહન કરવાની ખાતરી પણ લેખિતમાં આપી છે. ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં શારીરિક શિક્ષણના સ્નાતક અભ્યાસક્રમની એક પણ કૉલેજ નથી તેથી આવી કૉલેજની જરૂરિયાત જણાઈ છે. એક વર્ષના બી.પી.એડ. (બૅચલર ઑફ ફિઝિકલ એજ્યુકેશન)ના ગુજરાત યુનિવર્સિટીનો સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ શરૂ કરવા માટેની મંજૂરી આ સંસ્થાને નીચેની શરતોએ આપવા આમારી ભલામણ છે. આ શરતોનું પરિપાલન તા. ૩૧--૭--૧૯૯૪ સુધીમાં સંસ્થાએ કરવાનું રહેશે અને તે શરતોનું તે તારીખ સુધીમાં પરિપાલન થાય તેને આધારે આવી મંજૂરી આપવા ભલામણ છે :

૧. આ સાથે જોડેલ બિડાણ-૧ મુજબની, મેદાન માટે, વર્ગખંડો માટે, આચાર્ય ખંડ, અધ્યાપક ખંડ, કાર્યાલય માટે ખંડ, મહેનો માટે અલગ ટોયલેટની સુવિધા સાથેનો ખંડ, છાત્રાલય માટેની વ્યવસ્થા, ભોજનાલય, વાચનાલય અને પુસ્તકાલય માટેનો ખંડ વગેરેની વ્યવસ્થા કરવાની રહેશે. જિમ્નેશિયમ હૉલની વ્યવસ્થા પણ તેમાં સૂચવ્યા પ્રમાણે કરવાની રહેશે.

૨. બિડાણ-૧ મુજબના સ્ટાફની નિમણૂકો સંસ્થાએ કરવાની રહેશે.

૩. બિડાણ—૧ના પાના નંબર ૨ મુજબનું ફીનું ધોરણ સંસ્થાએ રાખવાનું રહેશે.

૪. ગ્રંથાલય માટે રૂ. ૧૨,૫૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(અ) પુસ્તકો માટે...રૂ. ૧૦,૦૦૦

(બ) સામયિકો માટે...રૂ. ૧,૨૫૦

(ક) સંદર્ભગ્રંથો માટે...રૂ. ૧,૨૫૦.

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે.

૬. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે.

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે અને શિક્ષકોને તથા બિનશિક્ષક કર્મચારીઓને ગ્રેચ્યુઇટીનો લાભ આપવા માટે જરૂરી ફંડ ઊભું કરવામાં આવે,

૮. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.ઓ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી, ઠેકાદિ અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને અક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીઓ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે, તે મુજબનો સંસ્થાઓ બાંયધરી પત્ર આપવો.

૯. આ યુનિવર્સિટીની સ્થાનિક તપાસસમિતિ સાથે અરજીકર્તા મંડળના હોદ્દેદાર સાથે થયેલી સ્પષ્ટતા અન્વયે (૧) આચાર્યશ્રી, (૨) શૈક્ષણિક તથા (૩) બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓની નિમણૂક માટેના ઓપન ઈન્ટરવ્યૂ યુનિવર્સિટી કાર્યાલયમાં રાખવામાં આવે.

૧૦. યુનિવર્સિટીના નિયમાનુસારની વરણીસમિતિ ઉપરાંતના સભ્યો વરણીસમિતિ ઉપર કુલપતિશ્રી નિયુકત કરશે. કુલપતિશ્રી દ્વારા નિયુકત આવા સભ્યોનાં નામ સંસ્થાએ યુનિવર્સિટી પાસેથી મેળવી લેવાનાં રહેશે,

૧૧. સંસ્થાએ રૂ. ૬ લાખની રકમ ડિપોઝિટ તરીકે યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે. આ ડિપોઝિટ સંસ્થા ગ્રાન્ટપાત્ર થાય ત્યાં સુધી યુનિવર્સિટીમાં જમા રહેશે.

૧૨. જોડાણ આપ્યા બાદ કૉલેજ ગ્રાન્ટપાત્ર થાય તેટલા સમયગાળા દરમિયાન જો કૉલેજ તરફથી યુનિવર્સિટીએ નિયત કર્યા પ્રમાણે શિક્ષક/બિનશિક્ષક કર્મચારીની વર્ગના મોટા ભાગ દરમિયાન નિમણૂક કરવામાં આવશે નહીં તો જ્યારે પણ સંસ્થા ગ્રાન્ટને પાત્ર થશે ત્યારે આવી નિમણૂકો નહીં કરીને બચત કરેલ રકમ જેટલી રકમ અનુદાનમાંથી કપાત કરવાની ભલામણ સરકારને યુનિવર્સિટી કરી શકશે.

પ્રિ. ડી. એમ. શીખ
પ્રો. એ. આર. શાહ
પ્રો. આત્મારામ પટેલ
પ્રો. કે. એસ. શાસ્ત્રી
પ્રિ. આર. એચ. વ્યાસ
પ્રો. એસ. કે. પટેલ (આમંત્રિત).

જોડાણ ૧

એક વર્ષના બી.પી.એડ. અભ્યાસક્રમ માટેની વિગતો

૧. મેદાન :

૧.	૪૦૦ મી.નો ટ્રેક—૧૦૦મી. × ૧૯૦ મી.	= ૧૯,૦૦૦ ચો.મી.
૨.	બાસ્કેટ બૉલ ૧—૩૨ મી. × ૨૦ મી.	= ૬૪૦ ચો.મી.
૩.	ખો-ખો ૧—૩૨ મી. × ૨૦ મી.	= ૬૪૦ ચો.મી.
૪.	કબડ્ડી ૧—૧૩ મી. × ૨૦ મી.	= ૨૬૦ ચો.મી.
૫.	હેન્ડ બૉલ ૧—૪૦ મી. × ૨૦ મી.	= ૮૦૦ ચો.મી.
		૨૧,૩૪૦ ચો.મી.

૨. જિમ્નેશિયમ હૉલ ૧—૩૦ મી. × ૨૦ મી. × ૮ મી.

૩. મકાનો :

૧. કાર્યાલય રૂમ—૨
૨. સ્ટાફરૂમ—૧
૩. વર્ગખંડ—૬
૪. પુસ્તકાલય—૧
૫. સાધન ખંડ—૧
૬. છાત્રાલય (૧૦૦ વિદ્યાર્થીઓ માટે) રૂમ—૨૫
૭. ભોજનાલય—રસોડું + હૉલ

૪. વિદ્યાર્થી સંખ્યા—૧૦૦.

૫. સ્ટાફ :

૧. પ્રિન્સિપાલ—૧
૨. અધ્યાપક—૭
૩. સીનિયર ક્લાર્ક—૧
૪. જુનિયર ક્લાર્ક / ગ્રંથપાલ—૧
૫. ગ્રાઉન્ડમેન—૨
૬. પટાવાળા—૧
૭. ચોકીદાર—માળી—૧

નોંધ.—મહેકમ બી.એડ. મુજબ રાખવું.

બિડાણ ૨

ફીનું ધોરણ

નીચે મુજબનું ફીનું ધોરણ સંસ્થાએ રાખવાનું રહેશે ।		રૂપિયા
૧. પ્રવેશ ફી	...	૨૫
૨. કૉશન મનામત	...	૨૦૦
૩. શિક્ષણ ફી	...	૧૦૦૦
૪. એનરોલમેન્ટ ફી	...	૫૦
૫. સાધનસામગ્રી અને પ્રાયોગિક ફી	...	૭૦૦
૬. પુસ્તકાલય ફી	...	૧૦
૭. પરીક્ષા ફી	...	૧૫૦
૮. વિદ્યાર્થી કલ્યાણ ફી	...	૧૦
૯. છાત્રાલય ફી	...	૧૦૦૦
૧૦. ગણવેશ ઑડવાન્સ	...	૧૦૦
૧૧. પ્રવાસ ઑડવાન્સ	...	૫૦૦
૧૨. કૅમ્પ ઑડવાન્સ	...	૫૦૦
૧૩. જિમખાના અને સાંસ્કૃતિક ફી સહિત	...	૨૧

પરિશિષ્ટ "૬"
કામકાજ ક્રમાંક ૨૫

કાંકણપુરની આર્ટ્સ કૉલેજ સાથે વાણિજ્ય વિદ્યાશાખાના જૂન, ૧૯૯૪થી વધારાના જોડાણ અંગે સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ

ઉપરોક્ત કાંકણપુરની આર્ટ્સ કૉલેજ સાથે વધારામાં વાણિજ્ય વિદ્યાશાખાના જોડાણની સંસ્થાની માગણી અંગે અગાઉ નીડ કમિટીએ જરૂરિયાત સ્વીકારી નહોતી અને તે અનુસાર ગુજરાત યુનિવર્સિટીએ તેવું જોડાણ મંજૂર કર્યું નહોતું. ત્યાર બાદ સંસ્થાએ સરકાર પાસે આ અંગે રજૂઆત કરી હતી અને તે સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટીને આ બાબત ફરી તપાસી જવા સરકાર તરફથી પત્ર મળેલ, જેના અનુસંધાનમાં અને સંસ્થાએ યુનિવર્સિટી સમક્ષ ફરીથી કરેલ રજૂઆત અને અરજીના સંદર્ભમાં સમિતિએ બધાં પાસાંની તપાસ કરેલ છે. ગોધરાની કૉમર્સ કૉલેજ જે કાંકણપુરથી ૨૫ કિ.મી.ની ત્રિજ્યામાં આવેલ છે તેમાં વાણિજ્ય વિદ્યાશાખામાં ૧૯૯૩—૯૪ના વર્ષમાં સંખ્યા ઘટી છે. અને તેમાં પ્રથમ વર્ષ બી.કૉમ.ના માત્ર બે વર્ગ છે જે જોતાં વધુ વિદ્યાર્થીઓ સમાવવાની તે કૉલેજની ક્ષમતા છે. આ વિગતો જોતાં સમિતિ કાંકણપુરની કૉલેજને વાણિજ્ય વિદ્યાશાખાનું જોડાણ આપવાની ભલામણ કરતી નથી.

કે. એસ. શાસ્ત્રી
ડી. એમ. શીખ
આર. એચ. વ્યાસ
સમિતિના સભ્યો

પરિશિષ્ટ "ધ"
કામકાજ ક્રમાંક ૨૬

સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ

એમ. પી. આર્ટ્સ એન્ડ એમ.એચ. કૉમર્સ કૉલેજ ફૉર વિમેન, અમદાવાદનું જૂન, ૧૯૯૪થી પ્રથમ વર્ષથી જોડાણ એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીમાંથી ગુજરાત યુનિવર્સિટીમાં આપવા અંગે.

અમે ઉપરોક્ત સંસ્થાની રૂબરૂ મુલાકાત તા. ૧૫--૬--૧૯૯૪ના રોજ લીધી હતી. સંચાલક મંડળના સભ્યો અને આચાર્યશ્રીએ ઉપસ્થિત રહી જરૂરી માહિતી પૂરી પાડી હતી. કૉલેજના અધ્યાપક વર્ગ અને બિન-શિક્ષક વર્ગના કર્મચારીઓને પણ અમે મળ્યા હતા. આ બધાએ કૉલેજનું જોડાણ ગુજરાત યુનિવર્સિટી સાથે આપવા માટે આગ્રહપૂર્વક જણાવ્યું હતું. કૉલેજના આ પ્રકારે ગુજરાત યુનિવર્સિટીના જોડાણની માગણી સ્વીકારવા અમે ભલામણ કરીએ છીએ. આ અંગે વિષયોના માળખામાં રહેલા ફેરફાર તથા અન્ય વિગતો અંગે વિગતવાર લેખિત ટૂંક સમયમાં સમિતિ આપશે. જરૂરી પૂર્વમંજૂરી સરકાર તરફથી મેળવવાની રહેશે તે શરતે આ પ્રકારે ગુજરાત યુનિવર્સિટી સાથે સદર કૉલેજને જોડાણ આપવા અમારી ભલામણ છે.

સમિતિના સભ્યો

પ્રો. કે. એસ. શાસ્ત્રી

પ્રો. એ. આર. શાહ

પ્રિ. ડી. એમ. શીખ

પ્રિ. આર. એચ. વ્યાસ.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૩૮૦ ૦૦૯

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની સભા શનિવાર, તા. ૮–૧૦–૧૯૯૪ના રોજ સવારના ૧૦–૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. એન. વી. વસાણીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૮–૧૦–૧૯૯૪
૧	પ્રો. એન. વી. વસાણી, કુલપતિશ્રી	હાજર
૨.	ડૉ. ચંદ્રકાંત એચ. મહેતા, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	ઉચ્ચતર શિક્ષણ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૪.	તાંત્રિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	હાજર
૫.	નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૬.	ડૉ. કેતન દેસાઈ	હાજર
૭.	ડૉ. એમ. બી. દેસાઈ	હાજર
૮.	ડૉ. આર. પી. પટેલ	ગેરહાજર
૯.	શ્રી. એ. આર. શાહ	હાજર
૧૦.	ડૉ. વાય. કે. અગ્રવાલ	ગેરહાજર
૧૧.	પ્રો. વાય. ડી. વ્યાસ	હાજર
૧૨.	આચાર્ય હર્ષદભાઈ મોતીભાઈ દેસાઈ	હાજર
૧૩.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	ગેરહાજર
૧૪.	આચાર્ય દર્શનસિંગ મુસ્તાકસિંગ શીખ	હાજર
૧૫.	ડૉ. મંગુભાઈ આર. પટેલ	હાજર
૧૬.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૭.	પ્રો. આર. કે. પટેલ	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૮–૧૦–૧૯૯૪
૧૮.	શ્રી. દેવેન્દ્રસિંહ બી. સોલંકી	હાજર
૧૯.	આચાર્ય આર. એચ. વ્યાસ	હાજર
૨૦.	શ્રીમતી સોનલબહેન પટેલ	હાજર
૨૧.	શ્રી. ઠાકોરભાઈ અમીન	ગેરહાજર
૨૨.	શ્રી. રાજકુમાર ગુપ્તા	હાજર
૨૩.	શ્રી. નરહરિભાઈ એમ. પરીખ	ગેરહાજર
૨૪.	શ્રી. બાલુભાઈ પટેલ	હાજર
૨૫.	શ્રી. પંકજ શાહ	હાજર
૨૬.	શ્રી. સુધીરભાઈ ઈન્દ્રવદન નાણાવટી	ગેરહાજર.

૧. તા. ૧૭–૬–૧૯૯૪ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૧૭–૬–૧૯૯૪ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૨(૧). યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, નવી દિલ્હી તરફથી આપવામાં આવતા રિસર્ચ એસોસિયેટ્સના વેતનના દર તા. ૧–૪–૧૯૯૪થી સુધાર્યા અંગેના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, નવી દિલ્હીના તારીખ ૧૭–૬–૧૯૯૪ના પત્રાંક એફ-૧-૨ / ૯૩ (એસએ) સ્વીકાર્યાનું તથા તેને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં પરિપત્રિત કર્યાનું;

૨(૨). નેશનલ એલ્જિબિલિટી ટેસ્ટ પાસ કર્યા પછી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, નવી દિલ્હી તરફથી આપવામાં આવતી જુનિયર, સીનિયર રિસર્ચ ફેલોશિપના દર તા. ૧–૪–૧૯૯૪થી સુધાર્યા અંગેના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, નવી દિલ્હીના તા. ૧૭–૬–૧૯૯૪ના પત્રાંક ઓફ. ૧-૨/૯૩ (એસએ) સ્વીકાર્યાનું તથા તેને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં પરિપત્રિત કર્યાનું;

૨(૩). યુનિવર્સિટી તથા વિદ્યાભવન, વિજ્ઞાન, વાણિજ્ય, બી.એડ. તથા બી..આર.એસ. / કૉલેજના યુ.જી.સી. પગારધોરણ મેળવતા શિક્ષકો, ગ્રંથપાલો તેમ જ વ્યાયામ શિક્ષકોને વચગાળાની રાહત આપવાનું મંજૂર કર્યાના રાજ્ય સરકારના ઠરાવ ક.પરચ/૧૧૯૪/ઓમ/૭૭૧(૫૧/૯૪)/ખ, તા. ૨૫–૮–૧૯૯૪નો સ્વીકાર કરી તેનો લાભ યુનિવર્સિટી, શિક્ષકો તેમ જ યુનિવર્સિટી સંલગ્ન કૉલેજો, તથા માન્ય સંસ્થાઓના શિક્ષકોને આપવાનું મંજૂર કર્યાનું;

૨(૪). રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૨૫–૭–૧૯૯૪ના ઠરાવ ક્રમાંક એન.જી.સી. / ઓફ / ૨૪૪ / ૩ / ૯૪થી બિનસરકારી અધ્યાપનની કૉલેજોમાં (બી.એડ.)ની શિક્ષણ ફી તેમ જ પરચૂરણ ખર્ચની વિદ્યાર્થીદીઠ આપવાની સહાયક ગ્રાન્ટના માળખામાં સુધારણા કર્યા અંગેનો ઠરાવ સ્વીકાર્યાનું અને તેને સંલગ્ન શિક્ષણની વિદ્યાશાખામાં પરિપત્રિત કર્યાનું;

૨(૫). શ્રી. લુણાવાડા વિભાગ ઉચ્ચ વિદ્યોત્તેજક મંડળ, લુણાવાડા સંચાલિત શ્રી. લુણાવાડા આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજ, લુણાવાડાની કૉમર્સ વિદ્યાશાખાને તા. ૧૫--૬--૧૯૯૪થી તેના નવા મકાનમાં સ્થળાંતર કરવાની મંજૂરી આપ્યાનું;

૨(૬). બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના પાંચ વિદ્યાર્થીઓએ ટર્મ ગ્રાન્ટ ન થયા અંગે સિટી સિવિલ કોર્ટમાં પિટિશન નં. ૪૧૩૯/૧૯૯૪થી દાદ માગેલ છે, તેના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા એડવોકેટ રોકવાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨(૭). અનુસ્નાતક મેડિકલના વિદ્યાર્થી ડૉ. સતીષકુમાર કે. દ્વારા એમ.ડી. જનરલ મેડિસિનની બ્રાન્ચમાં ટ્રાન્સફર મેળવવા માટે ગુજરાતની વડી અદાલતમાં રિટ પિટિશન નં. ૨૭૧૮-૯૩થી દાદ માગેલ છે, તેના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા એડવોકેટ રોકવાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨(૮). ડૉ. દીપક ઠક્કરે એમ. ડી. બ્રાન્ચ ૩માં એલ. જી. હૉસ્પિટલમાં પ્રવેશ મેળવેલ હતો, વી. એસ. હૉસ્પિટલમાં એમ.ડી. બ્રાન્ચ-૧માં જગ્યા ખાલી પડતાં તેમાં પ્રવેશ મેળવવા અંગે તેઓએ ગુજરાતની વડી અદાલતમાં રિટ પિટિશન નં. ૧૬૧૯/૯૨થી દાદ માગેલ છે, તેના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી વતી એડવોકેટ રોકવાનું તથા તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨(૯). અનુસ્નાતક મેડિકલમાં ઑલ ઇન્ડિયા કવોટાની જગ્યા ઉપર એમ.ડી. જનરલ મેડિસિનમાં પ્રવેશ માટે ડૉ. સતીષકુમાર કે. દ્વારા ગુજરાતની વડી અદાલતમાં રિટ પિટિશન નં. ૭૯૪૩/૯૨થી દાદ માગેલ છે, તેના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા એડવોકેટ રોકવાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨(૧૦). ડૉ. જયેશ ટી. વાણિયાએ એમ.ડી.એસ.ના પ્રવેશ માટે આણાઉ રૂપે. સિ.એ. નં. ૬૫૨૪થી રિટ કરેલ, તેના ચુકાદા બાબતે ગુજરાતની વડી અદાલતમાં મિસે. સિવિલ એપ્લિકેશન નં. ૧૪૧૧/૯૦થી દાદ માગેલ, તેના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી વતી એડવોકેટ રોકવાનું અને તેનો આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨(૧૧). અનુસ્નાતક મેડિકલના વિદ્યાર્થી ડૉ. તુષાર ગાંધી તથા અન્યએ એમ.ડી.એચ.ના અભ્યાસમાં પ્રવેશ મેળવવા માટે ગુજરાતની વડી અદાલતમાં રિટ પિટિશન નંબર ૧૩૭૭-૯૩થી દાદ માગેલ છે, તેના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા એડવોકેટ રોકવાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨(૧૨). ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ કર્મચારી શ્રી. પી. ટી. માંડનાએ તેમના પેન્શન પેપર્સ માટે No event Certificate તથા Clearance Certificate ન મળવા અંગે હાઈકોર્ટમાં રિટ પિટિશન નં. ૮૮૮૧-૯૪ દાખલ કરેલ છે તેના અનુસંધાનમાં એડવોકેટ રોકવા અંગેનું તથા તેનો આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨(૧૩). પ્રો. કે. આઈ. પટેલે (શિક્ષક વિભાગની) વર્ષ ૧૯૯૩માં થયેલ સામાન્ય ચૂંટણી માટેની મત-ગણતરીના સંદર્ભમાં ગુજરાત હાઈકોર્ટમાં રૂપે. સિવિલ એપ્લિકેશન નં. ૧૨૯૧૭-૧૯૯૩થી કરેલ, તે અંગે યુનિવર્સિટી વતી એડવોકેટ રોકવાનું અને તે અંગે થનાર ખર્ચ મંજૂર કર્યાનું;

૨(૧૪). યુનિવર્સિટી પેન્શનર્સ શ્રી. એ. બી. દવે તથા અન્યએ કરેલ હાઈકોર્ટની રિટ પિટિશન નં. ૯૬૮૪-૯૪, તે અંગે એડવોકેટ રોકવાનું અને તેના આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨(૧૫). યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનનાં લેબ. આસિસ્ટન્ટ શ્રીમતી પારુલ સંજય ગજ્જરે તેમના પગાર સ્થગિત કરવા માટે કરેલ ટ્રિબ્યુનલ કેસ નં. ૬૪૯-૯૪ અંગે એડવોકેટ રોકવાનું તથા તેનો આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨(૧૬). બી.એડ. સેલમાં હંગામી ધોરણે ફરજ બજાવતાં કુ. શોભા બોસ. મહેતાએ ગુજરાત સર્વિસ ટ્રિબ્યુનલમાં તેમને નોકરી પર લેવા માટે કરેલ અરજી ક્રમાંક ૨૭-૯૪થી ફરિયાદ કરેલ છે તે અન્વયે વકીલને રોકવાના તથા તે અંગેનું આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨(૧૭). આ સાથે સામેલ કરેલ કૉલેજો તરફથી જૂન, ૧૯૯૨; જૂન, ૧૯૯૩ અને જૂન, ૧૯૯૪થી ચાલુ વધારાના જોડાણ માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને ઑર્ડિ. ૧૨૦ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે, પરંતુ શિક્ષણના સાતત્ય અથવા વૈવિધ્યની દૃષ્ટિએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૨(૧૮). જૂન, ૧૯૯૪થી શાહ કે. એસ. આર્ટ્સ અને વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ તરફથી બી.એ.(મુખ્ય)માં સંસ્કૃત અને ગૃહવિજ્ઞાન વિષયના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ-અરજી પરત્વે તા. ૧૧--૬--૧૯૯૪થી તા. ૧૪--૬--૧૯૯૫ સુધીનું તેમ જ બી.એ. (મુખ્ય)માં માનસશાસ્ત્ર વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૯૩થી તા. ૧૪--૬--૧૯૯૫ સુધીનું ચાલુ જોડાણ તદર્થ ધોરણે મંજૂર કર્યાનું;

૨(૧૯). જૂન, ૧૯૯૪થી ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગર તરફથી બી.કૉમ. (ગૌણ)માં એડવાન્સ બિઝનેસ મૅનેજમેન્ટ વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટેની જોડાણ-અરજી પરત્વે યુનિવર્સિટી નિયમાનુસાર જરૂરી શૈક્ષણિક સ્ટાફની નિમણૂક કરવાની શરતે તા. ૧૧--૬--૧૯૯૪થી તા. ૧૪--૬--૧૯૯૫ સુધીનું વધારાનું જોડાણ તદર્થ ધોરણે મંજૂર કર્યાનું;

૨(૨૦). નિયામકશ્રી, તાંત્રિક શિક્ષણ, ગુજરાત સરકાર દ્વારા નવી ઇજનેરી વિદ્યાશાખાની કૉલેજો ગાંધીનગર અને ભૂજ (કચ્છ) ખાતે ૧૯૯૪ના શૈક્ષણિક વર્ષથી શરૂ કરવા માટેની જોડાણ-અરજીઓ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને ઑર્ડિ. ૧૨૦ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે, પરંતુ શિક્ષણના વિકાસની દૃષ્ટિએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે જરૂરિયાત (નીડ) નક્કી કરવા માટેની સમિતિ તથા સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત ક્રમાંક ૨(૧)થી ૨(૨૦) સુધીના કુલપતિશ્રીઓ મંજૂર કરેલાં કાર્યોની નોંધ લેવામાં આવી.

(આ.ક્ર. ૨(૧૭) પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૩. યુનિવર્સિટીના ઈ.એમ.આર.સી. ભવનમાં આસિસ્ટન્ટ એન્જિનિયર તરીકે ફરજ બજાવતા શ્રી. કે. એન. પ્રજાપતિને રૂ. ૨૨૦૦ -૩૧-૨૮૦૦--ઈબી-૧૦૦--૪૦૦૦ના પગારધોરણમાં ૨,૮૦૦ રૂ. પછીનો કાર્યક્ષમતા-અંતરાય (ઈ.બી.) તા. ૧૧-૧૧--૧૯૯૪થી ઓળંગવાની પરવાનગી આપવા બાબત વિચારણા અર્થે.

શ્રી. કે. એન. પ્રજાપતિનો આનગી લેવાના રજાચાર્જ રામક્ષ રજૂ કરવામાં આવ્યો, તે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે શ્રી. કે. એન. પ્રજાપતિને આસિસ્ટન્ટ એન્જિનિયરના પગારધોરણ રૂ. ૨૨૦૦--૭૫--૨૮૦૦--ઈબી ૧૦૦ ૪૦૦૦માં રૂ. ૨,૮૦૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય તા. ૧૧--૧૧--૧૯૯૪થી ઓળંગવાની પરવાનગી આપવી.

૪. યુનિવર્સિટીના ઈ.એમ.આર.સી. ભવનમાં કેમેરામેન તરીકે ફરજ બજાવતા શ્રી. મકબુલહુસેન એ. ચાવડાને રૂ. ૨૦૦૦–૬૦–૨૩૦૦ ઈબી ૭૫–૩૨૦૦–૧૦૦–૩૫૦૦ના પગારધોરણમાં રૂ. ૨,૩૦૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય (ઈ.બી.) તા. ૨–૧–૧૯૯૪થી ઓળંગવાની પરવાનગી આપવા બાબત વિચારણા અર્થે.

શ્રી. એમ. એ. ચાવડાનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, જે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે શ્રી. એમ. એ. ચાવડાને કેમેરામેનના પગારધોરણ રૂ. ૨૦૦૦–૬૦–૨૩૦૦–ઈબી ૭૫–૩૨૦૦–૧૦૦–૩૫૦૦માં રૂ. ૨,૩૦૦ પછીના કાર્યક્ષમતા-અંતરાય તા. ૨–૧–૧૯૯૪થી ઓળંગવાની પરવાનગી આપવી.

૫. યુનિવર્સિટીના હેલ્થ સેન્ટરમાં સ્ટાફ નર્સ તરીકે ફરજ બજાવતાં શ્રીમતી ચારુલતાબહેન બી. મહેતાને રૂ. ૧૩૨૦–૩૦–૧૫૬૦ ઈબી ૪૦–૨૦૪૦ના પગારધોરણમાં ૧,૫૬૦ રૂ. પછીનો કાર્યક્ષમતા-અંતરાય (ઈ.બી.) તા. ૫–૮–૧૯૯૪થી ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રીમતી ચારુલત્તાબહેન મહેતાનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, જે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે શ્રીમતી મહેતાને સ્ટાફ નર્સના પગારધોરણ રૂ. ૧૩૨૦–૩૦–૧૫૬૦–ઈબી–૪૦–૨૦૪૦માં રૂ. ૧,૫૬૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય તા. ૫–૮–૧૯૯૪થી ઓળંગવાની પરવાનગી આપવી.

૬. યુનિવર્સિટીના રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરમાં જુનિયર પ્રોગ્રામર તરીકે ફરજ બજાવતા શ્રી. કેદાર પી. ભટ્ટને રૂ. ૨૨૦૦–૭૫–૨૮૦૦ ઈબી–૧૦૦–૪૦૦૦ના પગારધોરણમાં ૨,૮૦૦ રૂ. પછીનો કાર્યક્ષમતા-અંતરાય (ઈ.બી.) તા. ૧–૮–૧૯૯૪થી ઓળંગવાની પરવાનગી આપવા બાબત વિચારણા અર્થે.

શ્રી. કેદાર પી. ભટ્ટનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, જે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે શ્રી. કેદાર ભટ્ટને પ્રોગ્રામરના પગારધોરણ રૂ. ૨૨૦૦–૭૫–૨૮૦૦–ઈબી–૧૦૦–૪,૦૦૦માં રૂ. ૨,૮૦૦ પછીના કાર્યક્ષમતા-અંતરાય તા. ૧–૮–૧૯૯૪થી ઓળંગવાની પરવાનગી આપવી.

૭. યુનિવર્સિટીના બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ ભવનમાં સ્ટેનોગ્રાફર તરીકે ફરજ બજાવતા શ્રી. એન. સી. ચૌહાણને રૂ. ૨૦૦૦–૬૦–૨૩૦૦–ઈબી–૭૫–૩૨૦૦ના પગારધોરણમાં રૂ. ૨,૩૦૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય (ઈ.બી.) તા. ૧૧–૮–૧૯૯૪થી ઓળંગવાની પરવાનગી અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. એન. સી. ચૌહાણનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, તે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે શ્રી. ચૌહાણને સ્ટેનોગ્રાફરના પગારધોરણ રૂ. ૨,૦૦૦–૬૦–૨,૩૦૦–ઈબી–૭૫–૩૨૦૦માં રૂ. ૨,૩૦૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય તા. ૧૧–૮–૧૯૯૪થી ઓળંગવાની પરવાનગી આપવી.

૮. યુનિવર્સિટી એસ્ટેટ વિભાગમાં હેલ્પર તરીકે ફરજ બજાવતા શ્રી. શ્યામલાલ જી. યાદવને રૂ. ૭૫૦–૧૨–૮૭૦–ઈ.બી.–૧૪–૯૪૦ના પગારધોરણમાં રૂ. ૮૭૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય (ઈ.બી.) તારીખ ૨૨–૮–૧૯૯૪થી ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. શ્યામલાલ જી. યાદવનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, તે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે શ્રી. યાદવને હેલ્પરના પગારધોરણ રૂ. ૭૫૦–૧૨–૮૭૦–ઈબી–૧૪–૯૪૦માં રૂ. ૮૭૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય તા. ૨૨–૮–૧૯૯૪થી ઓળંગવાની પરવાનગી આપવી.

૯. યુનિવર્સિટીના કાર્યાલયમાં વૉટર બૅરર તરીકે ફરજ બજાવતા શ્રી. એસ. આઈ. વાળંદને રૂ. ૭૫૦—૯૪૦ના પગારધોરણમાં રૂ. ૮૭૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય (ઈ.બી.) તા. ૩-૭-૧૯૯૪થી ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. એસ. આઈ. વાળંદનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, ને સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે શ્રી. વાળંદને વૉટર બૅરરના પગારધોરણ રૂ. ૭૫૦-૯૪૦માં રૂ. ૮૭૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય તા. ૩-૭-૧૯૯૪થી ઓળંગવાની પરવાનગી આપવી.

૧૦. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણશાસ્ત્ર વિભાગના પટાવાળા શ્રી. જુહાજી જી. ઠાકોરને રૂ. ૭૫૦-૧૨-૮૭૦ ઈબી-૧૪-૯૪૦ના પગારધોરણમાં રૂ. ૮૭૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય તા. ૧૦—૮—૧૯૯૩થી ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. જુહાજી જી. ઠાકોરનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, ને સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે શ્રી. ઠાકોરને પટાવાળાના પગારધોરણ રૂ. ૭૫૦ -૧૨ -૮૭૦ -ઈબી—૧૪—૯૪૦માં રૂ. ૮૭૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય તા. ૧૦-૮-૧૯૯૩થી ઓળંગવાની પરવાનગી આપવી.

૧૧. સમાજવિદ્યા ભવનના પટાવાળા શ્રી. કે. સી. સોલંકીને રૂ. ૭૭૫-૧૨-૮૭૫-ઈબી-૧૪-૧૦૨૫ના પગારધોરણમાં રૂ. ૮૭૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય ઓળંગવા અંગે તા. ૧૦—૮—૧૯૯૩થી પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. કે. સી. સોલંકીનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, તે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે શ્રી. સોલંકીને પટાવાળાના પગારધોરણ રૂ. ૭૭૫-૧૨-૯૫૫ -ઈબી-૧૪-૧૦૨૫માં રૂ. ૯૫૫ પછીનો કાર્યક્ષમતા-અંતરાય તા. ૧૦-૮-૧૯૯૩થી ઓળંગવાની પરવાનગી આપવી.

૧૨. યુનિવર્સિટીના કૉમ્પ્યુટર સેન્ટરમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા શ્રી. તલુસિંહ એ. ચાવડાને રૂ. ૭૫૦-૧૨-૮૭૦-ઈબી-૧૪-૯૪૦ના પગારધોરણમાં રૂ. ૮૭૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય (ઈ.બી.) તા. ૨૯-૧૦-૧૯૯૩થી ઓળંગવાની પરવાનગી આપવા બાબત વિચારણા અર્થે.

શ્રી. તલુસિંહ એ. ચાવડાનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, તે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે શ્રી. ચાવડાને પટાવાળાના પગારધોરણ રૂ. ૭૫૦ -૧૨ -૮૭૦—ઈબી—૧૪ -૯૪૦માં રૂ. ૮૭૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય તા. ૨૯-૧૦-૧૯૯૩થી ઓળંગવાની પરવાનગી આપવી.

૧૩. યુનિવર્સિટીના ઈ.એમ.આર.સી. ભવનમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા શ્રી. ડી. પી. ઝાલાને રૂ. ૭૫૦-૧૨-૮૭૦-ઈબી-૧૪-૯૪૦ના પગારધોરણમાં રૂ. ૮૭૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય (ઈ.બી.) તા. ૧-૭-૧૯૯૪થી ઓળંગવાની પરવાનગી આપવા બાબત.

શ્રી. ડી. પી. ઝાલાનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, તે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે શ્રી. ઝાલાને પટાવાળાના પગારધોરણ રૂ. ૭૫૦ -૧૨ -૮૭૦—ઈબી—૧૪—૯૪૦માં રૂપિયા ૮૭૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય તા. ૧-૭-૧૯૯૪થી ઓળંગવાની પરવાનગી આપવી.

૧૪. યુનિવર્સિટીના ઈ.એમ.આર.સી. વિભાગમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા શ્રી. જગદીશ પી. જાડેજાને રૂ. ૭૫૦–૧૨–૮૭૦–ઈબી–૧૪–૯૪૦ના પગારધોરણમાં રૂ. ૮૭૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય (ઈ.બી.) તા. ૯–૮–૧૯૯૪થી ઓળંગવાની પરવાનગી આપવા બાબત.

શ્રી. જગદીશ પી. જાડેજાનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, તે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે શ્રી. જાડેજાને પટાવાળાના પગારધોરણ રૂ. ૭૫૦–૧૨–૮૭૦–ઈબી–૧૪–૯૪૦માં રૂપિયા ૮૭૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય તા. ૯–૮–૧૯૯૪થી ઓળંગવાની પરવાનગી આપવી.

૧૫. યુનિવર્સિટીના ઈ.એમ.આર.સી.માં કામ કરતા શ્રી. આઈ. એમ. મરાઠાને રૂ. ૭૫૦–૧૨–૮૭૦–ઈબી–૧૪–૯૪૦ના પગારધોરણમાં રૂ. ૮૭૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય (ઈ.બી.) તા. ૯–૯–૧૯૯૪થી ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા અર્થે.

શ્રી. આઈ. એમ. મરાઠાનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, તે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે શ્રી. મરાઠાને પટાવાળાના પગારધોરણ રૂ. ૭૫૦–૧૨–૮૭૦–ઈબી–૧૪–૯૪૦માં રૂપિયા ૮૭૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય તા. ૯–૯–૧૯૯૪થી ઓળંગવાની પરવાનગી આપવી.

૧૬. એસોસિયેશન ઑફ કૉમનવેલ્થ યુનિવર્સિટીઝ તરફથી તા. ૧–૮–૧૯૯૪થી તા. ૩૧–૭–૧૯૯૫ સુધીનું વાર્ષિક લવાજમ ભરવા અંગે આવેલા તેઓશ્રીના તા. ૧–૭–૧૯૯૪ના પત્ર પર વિચારણા કરવા સારુ.

[નોંધ.—એક વર્ષનું વાર્ષિક લવાજમ પાઉન્ડ ૮૫૦ સ્ટર્લીંગ જેની અંદાજી રકમ રૂ. ૪૧,૪૫૦/–
(અંકે રૂપિયા એકતાલીસ હજાર ચારસો પચાસ પૂરા લગભગ) થાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે એસોસિયેશન ઑફ કૉમનવેલ્થ યુનિવર્સિટીનું તા. ૧–૮–૧૯૯૪થી તા. ૩૧–૭–૧૯૯૫ સુધીનું વાર્ષિક લવાજમ ૮૫૦ પાઉન્ડ સ્ટર્લિંગ એટલે કે અંદાજી રૂ. ૪૧,૪૫૦ સુધીનું ભરવાનું રાખવું.

૧૭. ડૉ. કાંતિલાલ એન. લીંગાલિયા (ડૉ. પટણી), દાંતના ડૉક્ટરે "શ્રી. નરોત્તમદાસ લવજી દાંતના ડૉક્ટર" માટે ૧૯૭૮ની સાલમાં રૂ. ૧૫,૦૦૦નું પ્રદાન આપેલ છે. તેમાં બી.ડી.એસ.ના વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ આપવાની છે. તેમાં તેઓ રૂ. ૧૧,૦૦૦નું વધુ પ્રદાન આપીને બી.ડી.એસ.ના ચારે વર્ષના જરૂરિયાતવાળા વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ આપવા જણાવે છે. ચારે વર્ષના વિદ્યાર્થીને મેરિટ-કમ-માર્કસના ધોરણે શિષ્યવૃત્તિ આપવાની ઇચ્છા ધરાવે છે. તો રૂ. ૧૧,૦૦૦નું વધુ પ્રદાન સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. કાંતિલાલ એમ. લીંગાલિયા તરફથી મળેલ રૂ. ૧૧,૦૦૦નું પ્રદાન સાભાર સ્વીકારવું અને તે પ્રદાન તેઓ તરફથી ૧૯૭૮માં મળેલ રૂ. ૧૫,૦૦૦ના પ્રદાનમાં ઉમેરવાનું રાખવું અને તેના વ્યાજમાંથી બી.ડી.એસ.ના ચારેય વર્ષના જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને Merit-cum-marksના ધોરણે શિષ્યવૃત્તિ આપવાનું રાખવું.

૧૮. કર્મચારીઓના વહીવટી પ્રશ્નો પર વિચારણા કરવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની તા. ૨–૯–૧૯૯૪ના રોજ મળેલ સમિતિએ કરેલ ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્થાયી સમિતિની તા. ૨–૯–૧૯૯૪ની ભલામણોનો સ્વીકાર કરવો.

(સદરહુ ભલામણ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૧૯. પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા સંચાલિત લૉ કૉલેજ, ગોધરાનું નામ "શ્રી. સાંકળચંદ મોહનલાલ મહેતા લૉ કૉલેજ, ગોધરા" રાખવા અંગે આચાર્યશ્રીના તા. ૧૮-૫-૧૯૯૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા સંચાલિત લૉ કૉલેજ, ગોધરાનું નામ "શ્રી. સાંકળચંદ મોહનલાલ મહેતા લૉ કૉલેજ, ગોધરા" રાખવાની મંજૂરી આપવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે કૉલેજનું નામ બદલવા અંગે હવે પછીથી સંલગ્ન સંસ્થા તરફથી દરખાસ્ત મોકલવા માટે નિયત ફૉર્મ તથા તે અંગે ફી નિયત કરવા સારુ કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૦. રાજ્ય સરકારશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક ગજય/૧૦૯૪/૧૧૬૨/ખ, તા. ૬-૯-૯૪થી ગુજરાત યુનિવર્સિટી કૅમ્પસ ઉપર એક નવો પાણીનો બોર (પંપ સહિત) કરવા અંગે રૂ. ૬,૨૭,૫૦૦ (અંકે રૂપિયા છ લાખ સત્તાવીસ હજાર પાંચસો પૂરા)નું અનુદાન મંજૂર કરવામાં આવેલું છે, તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણ વિભાગ, ગાંધીનગર દ્વારા તા. ૬-૯-૧૯૯૪ના ઠરાવથી ગુજરાત યુનિવર્સિટી કૅમ્પસ ઉપર એક નવો પાણીનો બોર (પંપ સહિત) કરવા અંગે રૂ. ૬,૨૭,૫૦૦નું અનુદાન મંજૂર કરવામાં આવ્યું છે તેની આભાર નોંધ લેવી.

૨૧. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૨૧(૧). આનુસ્નાતક મેડિકલના નીચે દર્શાવેલ વિદ્યાર્થીઓએ તેના સામે દર્શાવેલ રિટપિટિશનથી વર્ષ ૧૯૯૨માં ગુજરાતની વડી અદાલતમાં દાદ માંગેલ તેના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી વતી એડવોકેટ રોકવાનું અને તે અંગેના આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું :

વિદ્યાર્થીનું નામ	પિટિશન નંબર
૧. વસુંધરા ગોયેલ	૧૭૭/૯૨
૨. નીલેશ એમ. પટેલ	૮૯૩૪/૯૨

૨૧(૨). આનુસ્નાતક મેડિકલમાં નીચે દર્શાવેલ વિદ્યાર્થીઓએ તેની સામે દર્શાવેલ રિટપિટિશનથી વર્ષ ૧૯૯૧માં ગુજરાત ની વડી અદાલતમાં દાદ માંગેલ તેના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી વતી એડવોકેટ રોકવાનું અને તે અંગેના આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું :

વિદ્યાર્થીનું નામ	પિટિશન નંબર
૧. એસ. આર. શાહ	૬૯૨૫/૯૧
૨. કે. એસ. દેસાઈ	૩૦૧૯/૯૧
૩. જ્યોતેશ ટી. ધીવાલા	૩૨૦૧/૯૧
૪. માથુર વંદના	૩૧૯૦/૯૧

૨૧(૩). આનુસ્નાતક મેડિકલના વર્ષ ૧૯૮૯માં નીચે દર્શાવેલ વિદ્યાર્થીઓએ દર્શાવેલ રિટપિટિશનથી ગુજરાતની વડી અદાલતમાં દાદ માંગેલ તેના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી વતી એડવોકેટ રોકવાનું અને તે અંગેના આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું :

વિદ્યાર્થીનું નામ	પિટિશન નંબર
૧. ડૉ. હેમાંગ એચ. વસાવડા	૧૯૫૯/૮૯
૨. ડૉ. સુરકા નમજી	૭૦૭૯/૮૯

૨૧(૪). આનુસ્નાતક મેડિકલના નીચે દર્શાવેલ વિદ્યાર્થીઓએ સામે દર્શાવેલ રિટપિટિશનથી વર્ષ ૧૯૯૦માં ગુજરાતની વડી અદાલતમાં દાદ માંગેલ તેના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી વતી એડવોકેટ રોકયાનું અને તે અંગેના આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું :

વિદ્યાર્થીનું નામ	પિટિશન નંબર
૧. તૃપ્તિ એચ. શાહ	૭૫૬૭/૯૦
૨. તૃપ્તિ એન. શાહ	૭૬૬૭/૯૦
૩. નવીન ડી. પટેલ	૮૫૬૦/૯૦

૨૧(૫). આનુસ્નાતક મેડિકલના નીચે દર્શાવેલ વિદ્યાર્થીઓએ નીચે દર્શાવેલ રિટપિટિશનથી વર્ષ ૧૯૯૩માં ગુજરાતની વડી અદાલતમાં દાદ માંગેલ તેના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી વતી એડવોકેટ રોકયાનું અને તે અંગેના આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું :

વિદ્યાર્થીનું નામ	પિટિશન નંબર
૧. વિજય ઓ. પટેલ	૯૪૬૪/૯૩
૨. મુકુલ આર. કોઠારી	૯૩૮૯/૯૩

૨૧(૬). ડૉ. જયેશ ટી. વાણિયાએ એમ.ડી.એસ.માં પ્રવેશ મેળવવા માટે ગુજરાતની વડી અદાલતમાં રિટ-પિટિશન નં. ૬૩૭૪/૯૨થી દાદ માંગેલ છે તેના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી વતી એડવોકેટ રોકયાનું અને તે અંગે થનાર ખર્ચ મંજૂર કર્યાનું;

૨૧(૭). ડૉ. હરીશકુમાર જી. પટેલે આનુસ્નાતક મેડિકલના જુલાઈ, ૧૯૯૨થી શરૂ થતા સત્રમાં પ્રવેશ મેળવવા માટે ગુજરાતની વડી અદાલતમાં રિટપિટિશન નં. ૬૭૧૧/૯૨થી દાદ માંગેલ છે. તેના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી વતી એડવોકેટ નીમ્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨૧(૮). બી. જે. મેડિકલ કૉલેજના એમ.ડી.-૩(ગાયનેક)નાં વિદ્યાર્થિની ડૉ. યોગીતા અગ્રવાલ ચાલુ અભ્યાસે સર્વિસ કરતાં હોવાથી તેમનું જાન્યુઆરી, ૧૯૯૩નું રજિસ્ટ્રેશન રદ કરેલ તેથી તેઓએ ગુજરાત હાઈકોર્ટમાં રિટપિટિશન નં. ૧૪૫૧/૧૯૯૪થી દાદ માંગેલ, તે પિટિશન રદ થતાં તેઓએ ફરી ઓલ.પી.એ. નં. ૨૨૪/૧૯૯૪થી ગુજરાત હાઈકોર્ટમાં દાદ માંગેલ તે અંગે ગુજરાત યુનિવર્સિટી વતી એડવોકેટ રોકયાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(બાબત ક્રમાંક ૨ (૨) અને ૨ (૪) પરિશિષ્ટ "ક અને ખ" તરીકે સામેલ છે.)

૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના પત્ર ક્રમાંક એફ-૩૦-૩-૯૧ (એમ.સી./આઈયુસી) તા. ૧૭–૧૧–૧૯૯૪થી યુનિવર્સિટી ગ્રંથાલયોના "Computerization and Network"ની યોજના હેઠળ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયને પાંચ વર્ષ માટે "Computerization and automation" માટે નીચે મુજબ અનાવર્તક ગ્રાન્ટ અને આવર્તક ગ્રાન્ટ મંજૂર કરવામાં આવેલી છે તેની નોંધ લેવા બાબત :

	Amount
1. Computer System Comprising PC—AT 486, Monitor, Keyboard, Dot Matrix Printer Terminals and Software etc.	Rs. 5,50,000/–
2. Site preparation for computer includes furniture, i.e. window A/C of 1.5T, Electric fitting etc.	Rs. 50,000/–
3. Modern telephone connection interface to connect nearest communication node	Rs. 50,000/–

4. Salary of 1 person in the scale of Actuals Rs. 2200-4000/—		
5. Support for Data Entry Work	0-72 p. a.	for 5 years
6. Telephone charges	0-15 p. a.	
7. Consumables (Rs. 2500/— P. M.)	0-30 p. a.	
8. Maintenance Charages @ 10% of Equipment cost will be provided for a period of 4 years starting from 2nd year.	0-55 p. a. for 4 yrs.	

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના તા. ૧૭-૧૧-૧૯૯૪ના ઉપર્યુક્ત પત્રની નોંધ લેવામાં આવી.

૪. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના પત્ર ક્રમાંક એફ-૧૧-૧/૯૨ (એમસી/આઈપુસી) તા. ૨૨-૧૧-૧૯૯૪થી એજ્યુકેશન મીડિયા રિસર્સ સેન્ટરના વિડિયો પ્રોગ્રામોની હરીફાઈ અને ઈનામ વિતરણ અંગે રૂ. ૧,૭૯,૦૦૦ (અંકે રૂપિયા એક લાખ ઓગણ્યાસી હજાર પૂરા)નું અનુદાન મંજૂર કરવામાં આવેલું છે, તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના તા. ૨૨-૧૧-૧૯૯૪ના ઉપર્યુક્ત પત્રથી નોંધ લેવામાં આવી.

૫. યુનિવર્સિટી કોમ્પ્યુટર સેન્ટરમાં જુનિયર પ્રોગ્રામર તરીકે ફરજ બજાવતા કુ. ડી. જે. દેવરાણિયાને રૂ. ૨૨૦૦-૭૫-૨૮૦૦ ઈબી-૧૦૦-૪૦૦૦ના પગારધોરણમાં રૂ. ૨,૮૦૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય (ઈબી.) તા. ૧-૧૦-૧૯૯૪થી ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. દેવરાણિયા તા. ૧૧-૧૧-૧૯૯૪થી રાજીનામું આપી છૂટા થયા છે.)

યુનિવર્સિટી કોમ્પ્યુટર સેન્ટરમાં જુનિયર પ્રોગ્રામર તરીકે ફરજ બજાવતા શ્રી. ડી. જે. દેવરાણિયાનો આનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો તે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે શ્રી. ડી. જે. દેવરાણિયાને જુનિયર પ્રોગ્રામરના પગારધોરણ રૂ. ૨૨૦૦-૭૫-૨૮૦૦-ઈબી-૧૦૦-૪૦૦૦ માં રૂ. ૨૮૦૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય (ઈ.બી.) તા. ૧-૧૦-૧૯૯૪થી ઓળંગવાની પરવાનગી આપવી.

૬. યુનિવર્સિટી કાર્યાલયના ટાઈપ વિભાગમાં ટાઈપિસ્ટ તરીકે ફરજ બજાવતાં શ્રીમતી એચ. વાય. જાનીને રૂ. ૯૫૦-૨૦-૧,૧૫૦-ઈબી-૨૫-૧૫૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૧૫૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય (ઈ.બી.) તા. ૧૦-૧૦-૧૯૯૪થી ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી કાર્યાલયના ટાઇપ વિભાગમાં ટાઈપિસ્ટ તરીકે ફરજ બજાવતાં શ્રીમતી એચ. વાય. જાનીનો આનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે શ્રીમતી એચ. વાય. જાનીને ટાઇપિસ્ટના પગારધોરણ રૂ. ૯૫૦-૨૦-૧૧૫૦-ઈબી-૨૫-૧૫૦૦ના પગારધોરણમાં રૂ. ૧૧૫૦/— પછીનો કાર્યક્ષમતા-અંતરાય (ઈ. બી.) તા. ૧૦-૧૦-૧૯૯૪ થી ઓળંગવાની પરવાનગી આપવી.

૭. યુનિવર્સિટી કાર્યાલયના પરીક્ષા વિભાગમાં જુનિયર કલાર્ક તરીકે ફરજ બજાવતાં શ્રીમતી જે. આર. જોષીને (પ્રથમ હાયર સ્કેલ) રૂ. ૧૨૦૦—૩૦—૧૫૬૦—ઈબી—૪૦—૨૦૪૦ના પગારધોરણમાં રૂ. ૧૫૬૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય (ઈ.બી.) તા. ૩૧-૧૦-૧૯૯૪થી ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી કાર્યાલયના પરીક્ષા વિભાગમાં જુનિયર કલાર્ક તરીકે ફરજ બજાવતાં શ્રીમતી જે. આર. જોષીનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે શ્રીમતી જે. આર. જોષીને જુનિયર કલાર્કના પગારધોરણ (પ્રથમ હાયર સ્કેલ) રૂ. ૧૨૦૦—૩૦—૧૫૬૦—ઈબી—૪૦—૨૦૪૦ માં રૂ. ૧૫૬૦/— પછીનો કાર્યક્ષમતા-અંતરાય (ઈ.બી.) તા. ૩૧-૧૦-૧૯૯૪ થી ઓળંગવાની પરવાનગી આપવી.

૮. યુનિવર્સિટી સી.ડી.સી. વિભાગમાં ટાઈપિસ્ટ તરીકે ફરજ બજાવતા શ્રી. બી. એસ. કડિયાને રૂપિયા ૯૫૦—૨૦—૧૧૫૦—ઈબી—૨૫—૧૫૦૦ના પગારધોરણમાં રૂ. ૧૧૫૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય (ઈ.બી.) તા. ૧૮-૧૦-૧૯૯૪થી ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી સી. ડી. સી. વિભાગમાં ટાઇપિસ્ટ તરીકે ફરજ બજાવતા શ્રી. બી. એસ. કડિયાનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે સંતોષકારક જણાતાં શ્રી. બી. એસ. કડિયાને ટાઇપિસ્ટના પગારધોરણ રૂ. ૯૫૦-૨૦-૧૧૫૦-ઈબી-૨૫—૧૫૦૦માં રૂ ૧૧૫૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય (ઈ. બી.) તા. ૧૮-૧૦-૧૯૯૪ થી ઓળંગવાની પરવાનગી આપવી.

૯. યુનિવર્સિટી કાર્યાલયના ટાઇપ વિભાગમાં ટાઈપિસ્ટ તરીકે ફરજ બજાવતા શ્રી. એચ. આર. રાવલને રૂ. ૯૫૦—૨૦—૧૧૫૦—ઈબી—૨૫—૧૫૦૦ના પગારધોરણમાં રૂ. ૧૧૫૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય (ઈ.બી.) તા. ૧૦-૧૦-૧૯૯૪થી ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી કાર્યાલયના ટાઇપ વિભાગમાં ટાઈપિસ્ટ તરીકે ફરજ બજાવતા શ્રી. એચ. આર. રાવલનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે સંતોષકારક જણાતાં શ્રી. એચ. આર. રાવલને ટાઇપિસ્ટના પગારધોરણ રૂ. ૯૫૦-૨૦-૧૧૫૦-ઈબી-૨૫-૧૫૦૦માં રૂ. ૧૧૫૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય (ઈ.બી.) ઓળંગવાની પરવાનગી આપવી.

૧૦. વસો કેળવણી મંડળ, વસો સંચાલિત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વસોનું નામ નીચે મુજબ રાખવા અંગે કૉલેજના આચાર્યશ્રી તરફથી તા. ૭—૧૦—૧૯૯૪ની દરખાસ્ત પરત્વે વિચારણા કરવા બાબત : "શ્રીમતી સરલાબેન બાબુભાઈ પટેલ આર્ટ્સ અને શ્રી. રામભાઈ નાથાભાઈ અમીન કૉમર્સ કૉલેજ."

[નોંધ.—(૧) વસો કેળવણી મંડળને દાતા તરફથી ઓફર પેટે હાલમાં રૂ. ૨,૫૦,૦૦૦ દાન મળેલ છે. (આર્ટ્સ કૉલેજ માટે) અને કૉમર્સ કૉલેજ માટે ઓફર પેટે હાલમાં રૂ. ૫,૦૦,૦૦૦ દાન મળેલ છે.

(૨) આ દાન દાતા તરફથી બિનશરતી આપવામાં આવેલ છે તે મતલબનું કૉલેજના આચાર્યશ્રીએ પ્રમાણપત્ર આપેલ છે.

(૩) કૉલેજનો મૂળ પ્રસ્તાવ તા. ૮—૧૦—૧૯૯૪ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠક પહેલાં મળેલ હોઈ તે બેઠકમાં ઠરાવ્યા મુજબની નિયત ફીમાંથી મુકિત આપી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે વસો કેળવણી મંડળ, વસો સંચાલિત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વસોનું નામ 'શ્રીમતી સરલાબહેન બાબુભાઈ પટેલ આર્ટ્સ અને શ્રી. રામભાઈ નાથાભાઈ અમીન કૉમર્સ કૉલેજ' રાખવાની મંજૂરી જરૂરી ફી ભર્યાથી આપવી.

૧૧. ૧૯૮૭-૮૮ના વર્ષના ઑડિટ કરેલા વાર્ષિક હિસાબો અને તૈયાર આવેલ ઑડિટ નોંધ તથા તેના ઉપર તૈયાર કરવામાં આવેલ ઑડિટ પેરાની પૂર્તતા પર વિચારણા કરવા બાબત.

સને ૧૯૮૭-૮૮ના વર્ષના ઑડિટ કરેલા હિસાબો અને તે પર આવેલ ઑડિટ નોંધ તથા તેના ઉપર તૈયાર કરવામાં આવેલ ઑડિટ પેરાની પૂર્તતા સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી અને મંજૂર રાખવાનું ઠરાવવામાં આવ્યું.

૧૨. ચોથા વર્ગના સરકારી કર્મચારીઓને ગણવેશના ભાગરૂપે બૂટ આપવા અંગે રાજ્ય સરકારના ઠરાવ ક્રમાંક ગણવ—૨૨૮૯-૩૦૧૮-ખ-૩, તા. ૩૦-૯-૧૯૯૪ના યુનિવર્સિટીના અને બિનસરકારી સંલગ્ન કૉલેજો (કાયદા વિદ્યાશાખાઓ)ના ચોથા વર્ગના કર્મચારીઓને લાભ આપવા પરત્વે વિચારણા કરવા અંગે.

ચોથા વર્ગના સરકારી કર્મચારીઓને ગણવેશના ભાગરૂપે બૂટ આપવા અંગેના રાજ્ય સરકારના ઠરાવ ક્રમાંક ગણવ—૨૨૮૯—૩૦૧૮—ખ—૩, તા. ૩૦—૯—૧૯૯૪નો લાભ યુનિવર્સિટીના અને બિનસરકારી સંલગ્ન કૉલેજો (કાયદા વિદ્યાશાખા સહિત)ના કર્મચારીઓને આપવો.

(રાજ્ય સરકારના ઠરાવની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે).

૧૩. "સ્વ. રેણુ ગોવિંદજી અગ્રાવત એમ.સી.એચ. ઓન્કોલોજી ચંદ્રક" કુ. મીના અગ્રાવત (યુ.કે.) તરફથી તેમનાં બહેન સ્વ. રેણુ ગોવિંદજી અગ્રાવતની યાદમાં ચંદ્રક આપવા માટે અંકે રૂપિયા પચ્ચીસહજાર પૂરા મિસે. ઈન્કમ/રસીદ નં. ૨૨૫૪, તા. ૫-૧૨-૧૯૯૪ના રોજ મળ્યા છે તે નીચેની શરતોને આધીન સ્વીકારવા બાબત :

ચંદ્રકનું નામ : "સ્વ રેણુ ગોવિંદજી અગ્રાવત એમ.સી.એચ. ઓન્કોલોજી ચંદ્રક"

દાતાનું નામ : કુ. મીરા અગ્રાવત (લેસ્ટર--યુ.કે.) દ્વારા ડૉ. એમ. આર. પટેલ, ૬, અરુણોદય પાર્ક, સેન્ટ ઝેવિયર્સ કૉલેજ કોર્નર, નવરંગપુરા, અમદાવાદ—૯

દાનનો પ્રકાર : એક ચંદ્રક

દાનની રકમ : રૂ. ૨૫,૦૦૦ મિસે ઈન્કમ તા. ૫--૧૨--૯૪.

નિયમો

૧. સ્વ રેણુ ગોવિંદજી અગ્રાવત એમ.સી.એચ. ઓન્કોલોજી ચંદ્રક કે જે તા. ૧લી જાન્યુઆરીથી ૩૧મી ડિસેમ્બર વચ્ચે લેવાતી એમ.સી.એચ. ઓન્કોલોજીની પરીક્ષા (વર્ષમાં બે વખત લેવામાં આવે છે) પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણ મેળવે (થિયરી + ઓરલ + પ્રેક્ટિકલ) તે પરીક્ષામાં ગ્રેસ માર્ક કે ઑર્ડિનન્સ લાગેલો હોય નહીં. જો એક કરતાં વધારે વિદ્યાર્થીઓ સરખા ગુણવાળા હોય તો વિદ્યાર્થીની ફાઈનલ એમ.બી.,બી.એસ.ની પરીક્ષાના ગુણ ધ્યાનમાં લેવાશે. જો વિજેતા જાહેર કરવામાં કોઈ ગૂંચ ઊભી થાય તો કુલપતિશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

૨. સદરહુ ચંદ્રક બનાયત કરવાની શરતોમાં ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલને વખતોવખત કોઈ શરત ઉમેરવાનો કે તેમાં ફેરફાર કરવાનો અધિકાર રહેશે.

૩. ચંદ્રક વિજેતાનું નામ જે તે પરીક્ષાના પરિણામ વખતે શકય હશે ત્યાં સુધી જાહેર કરવામાં આવશે અને પદવીદાન સમારંભ વખતે ચંદ્રક બનાયત કરવામાં આવશે, તેમ જ પ્રતિવર્ષ દાતાને તેની જાણ કરવામાં આવશે,

૪. આ સખાવતની વાર્ષિક વ્યાજની આવકમાંથી ૫ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૫. આ સખાવતની વાર્ષિક વ્યાજની બચત રહે તે મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.સી.એચ. ઍન્ક્રોલોજીમાં 'સ્વ. રેણુ ગોવિંદજી અમાવત એમ.સી.એચ. ઍન્ક્રોલોજી ચંદ્રક' આપવા માટે કુ. મીરા અમાવત (લેસ્ટર-યુ.કે.) તરફથી મળેલ રૂ. ૨૫,૦૦૦ (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા)ના પ્રદાનનો ઉપરોક્ત નિયમોને આધીન સાભાર સ્વીકાર કરવો.

૧૪. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનું કાર્ય (જાણ સારુ) :

નીચે જણાવેલા વિદ્યાર્થીઓએ ગેરબંધારણીય રીતે ગુણપત્રકોમાં સુધારા કરી ગેરરીતિ આચરી હોવાનો પ્રથમદર્શી કેસ હોઈ તેમના ઑક્ટોબર, ૧૯૯૪ની પરીક્ષાના પરિણામ અનામત (withheld) રાખવાના લીધેલા નિર્ણયનું :

ક્રમ	નામ	સુધારા કરેલ પરીક્ષા અને બેઠક નંબર	વર્ષ	ઑક્ટોબર ૧૯૯૪ની પરીક્ષા અને નંબર
૧.	જાદવ ચેતનકુમાર લાલજીભાઈ	થર્ડ બી.કૉમ. ૯૨૭૨	માર્ચ, ૧૯૯૪	થર્ડ બી.કૉમ. ૧૨૨૮
૨.	જેઠવા નિકુંજ મોહનલાલ	થર્ડ બી.એસસી. ૫૮૪	માર્ચ, ૧૯૯૪	થર્ડ બી.એસસી. ૧૩૦

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોક્ત કાર્યની નોંધ લેવામાં આવી.

૧૫. ગુજરાત યુનિવર્સિટીના અનુદાન (ગ્રાન્ટ)ને લગતા સરકારી ઑડિટ હેવાલો વર્ષ ૧૯૮૨-૮૩થી ૧૯૮૬-૮૭ સુધીના કાર્યાલયે તૈયાર કરેલા જવાબો જોઈ જવા માટે કુલપતિશ્રીએ નીમેલી સમિતિની સભાની તા. ૨૬-૧૦-૧૯૯૪ની ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સમિતિની તા. ૨૬-૧૦-૧૯૯૪ની સભાએ કરેલ ભલામણોનો સ્વીકાર કરવો.

૧૬. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્ય (જાણ સારુ) :

૧૬ (૧). માર્ચ/એપ્રિલ, ૧૯૯૪માં લેવાયેલ પરીક્ષાઓનાં પરિણામો જે પાછળથી (Practical Modification) સુધર્યાં છે, તેવા કિસ્સામાં ખાસ કેસ તરીકે વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી માફ કરી પ્રવેશ આપ્યા બાબતનું;

૧૬ (૨). નીચેના વિદ્યાર્થીઓનું માર્ચ-એપ્રિલ ૧૯૯૪માં લેવાયેલ થર્ડ બી.એ.નું પરિણામ રીએસેસમેન્ટ કરાવતાં સુધરતાં એમ.એ. ભાગ-૧ (રેગ્યુલર)ના વર્ગમાં ખાસ કેસ તરીકે પ્રવેશ આપી પ્રથમ સત્રની ખૂટતી હાજરી માફ કર્યાનું :

(૧) શાહ કુણાલ જયંતીલાલ

(૨) પટેલ રાજેશકુમાર કનુભાઈ.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબત ક્રમાંક ૧૬ (૧) અને ૧૬(૨)નાં કુલપતિશ્રીએ મંજૂર કરેલાં કાર્યોની નોંધ લેવામાં આવી.

[૧૬(૧) ખૂટતી હાજરી માફ કરેલ વિદ્યાર્થીઓનાં યાદી **પરિશિષ્ટ "ધ"** તરીકે સામેલ છે.]

૧૭. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના પત્ર ક્રમાંક એફ-૩-૧૨/૯૪ (એસ.આર-૨) તારીખ ૨૭-૮-૧૯૯૪થી ડૉ. (મિસ) એસ. એન. હાઈલેન્ડ, લેક્ચરર, પ્રાણીશાસ્ત્ર વિભાગને તેઓના મેજર રિસર્ચ પ્રોજેક્ટ "Studies on the Genetic and Functional Alteration of Human Spermatoze" માટે ત્રણ વર્ષ સુધી અનાવર્તક ગ્રાન્ટ પેટે રૂ. ૨,૨૦,૦૦૦ અને આવર્તક ગ્રાન્ટ પેટે વાર્ષિક રૂ. ૫૦,૦૦૦ની આર્થિક સહાય મંજૂર કરવામાં આવેલી છે, તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના ઉપરોક્ત તા. ૨૭-૮-૧૯૯૪ના પત્રથી મંજૂર થયેલ આર્થિક સહાયની નોંધ લેવામાં આવી.

૧૮. યુનિવર્સિટીના ગ્રંથાલય વિભાગમાં આસિ. ગ્રંથપાલ તરીકે ફરજ બજાવતા શ્રી. એમ. ડી. વાઘેલાની તા. ૧૧-૧-૧૯૯૪ના રોજ એક વર્ષના અજમાયશી સમય માટે આસિ. ગ્રંથપાલ તરીકે નિમણૂક કરેલ છે. તેઓનો અજમાયશી સમય તા. ૧૦-૧-૧૯૯૫ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૧૧-૧-૧૯૯૫થી રૂપિયા ૨૦૦૦-૬૦-૨૩૦૦-ઈબી-૭૫-૩૨૦૦ના પગારધોરણમાં કાયમ કરવા બાબત.

યુનિવર્સિટી ગ્રંથાલયમાં આસિસ્ટન્ટ ગ્રંથપાલ તરીકે ફરજ બજાવતા શ્રી. એમ. ડી. વાઘેલાનો ખાનગી હોવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે શ્રી. એમ. ડી. વાઘેલાને આસિ. ગ્રંથપાલના પગારધોરણ રૂ. ૨૦૦૦-૬૦-૨૩૦૦-ઈબી-૭૫-૩૨૦૦માં તા. ૧૧-૧-૧૯૯૫થી કાયમ કરવા.

૧૯. યુનિવર્સિટીના કુલપતિશ્રીના પી.એ. તરીકે ફરજ બજાવતા શ્રી. એમ. ડી. માંકડને તા. ૨૦-૧-૧૯૯૪થી એક વર્ષના અજમાયશી સમય માટે નિમણૂક આપેલ, તેઓનો અજમાયશી સમય તા. ૧૯-૧-૧૯૯૫ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૨૦-૧-૧૯૯૫થી રૂ. ૨૦૦૦-૬૦-૨૩૦૦-ઈબી.-૭૫-૩૨૦૦ના પગારધોરણમાં કાયમ કરવા બાબત.

યુનિવર્સિટીમાં કુલપતિશ્રીના પી.એ. તરીકે ફરજ બજાવતા શ્રી. એમ. ડી. માંકડનો ખાનગી હોવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે સંતોષકારક જણાતાં શ્રી. એમ. ડી. માંકડને પી.એ.ના પગારધોરણ રૂ. ૨,૦૦૦-૬૦-૨૩૦૦-ઈબી-૭૫-૩૨૦૦માં તા. ૨૦-૧-૧૯૯૫થી કાયમ કરવા.

૨૦. યુનિવર્સિટીના વર્કશોપ વિભાગમાં પ્લમ્બર તરીકે ફરજ બજાવતા શ્રી. મકવાણા ભોજાભાઈ ભીમાભાઈને (પ્રથમ હાયર સ્કેલ) રૂ. ૧૨૦૦-૩૦-૧૫૬૦-ઈબી-૪૦-૨૦૪૦ના પગારધોરણમાં રૂ. ૧૫૬૦નો કાર્યક્ષમતા-અંતરાય (ઈબી) તા ૨૦-૧૧-૧૯૯૪થી ઓળંગવાની પરવાનગી આપવા બાબત.

યુનિવર્સિટી વર્કશોપમાં પ્લમ્બર તરીકે ફરજ બજાવતા શ્રી. ભોજાભાઈ ભીખાભાઈ મકવાણાનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે સંતોષકારક જણાતાં શ્રી. મકવાણાને હેલ્પરના પગારધોરણ (પ્રથમ હાયર સ્કેલ) રૂ. ૧૨૮૦-૩૦-૧૫૬૦-ઈબી-૫૮-૨૦૪૦ના પગારધોરણમાં રૂ. ૧૫૬૦/- પછીનો કાર્યક્ષમતા-અંતરાય (ઈબી). તા. ૨૦-૧૧-૧૯૯૪થી ઓળંગવાની પરવાનગી આપવી.

૨૧. તા. ૧૬-૧૨-૧૯૯૪ના રોજ મળેલ ફાઈનાન્સ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ સમિતિની તા. ૧૬-૧૨-૧૯૯૪ના રોજ મળેલ સભાની ભલામણોનો સ્વીકાર કરવો.

(તા. ૧૬-૧૨-૧૯૯૪ની ફાઈનાન્સ સમિતિની સભાની નોંધ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૨૨. યુનિવર્સિટીના નીચે જણાવેલ કર્મચારીઓને જે તે વિભાગમાં બાર વર્ષ કરતાં વધુ સેવા આપી હોવાથી પ્રોવિડન્ટ ફંડના સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે દર્શાવેલ લોન આપવા બાબત :

ક્રમ	નામ	માગેલ લોન	પ્રો. ફંડ જમા રકમ	બાકી લોનની રકમ
		રૂ.	રૂ.	રૂ.
૧.	શ્રી. આર. જે. ઝાલા	૫૦,૦૦૦	૧,૩૧,૧૬૯	૭૧૦૦
૨.	શ્રી. વાય. કે. શાહ	૨,૦૦,૦૦૦	૩,૧૯,૪૨૪	અગાઉ લીધેલ નથી.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ બિલ્ડિંગ માટેની લોન સ્ટે. ૧૮૮(૨) અન્વયે યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર તેમના પ્રોવિડંટ ફંડ ખાતામાંથી મંજૂર કરવી.

૨૩. યુનિવર્સિટીના ડી.પી.ઈ. વિભાગમાં અધ્યક્ષશ્રી તરીકે ફરજ બજાવતા શ્રી. બી. ડી. વનારનો તારીખ ૨૮-૧-૧૯૯૫ના રોજ એક વર્ષનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમને રૂ. ૩૦૦૦-૧૦૦-૩૫૦૦-૧૨૫-૪૫૦૦ના પગારધોરણમાં કાયમ કરવા વિચારણા અર્થે.

યુનિવર્સિટીના ડી.પી.ઈ. વિભાગમાં અધ્યક્ષશ્રી તરીકે ફરજ બજાવતા શ્રી. બી. ડી. વનારનો બાનગી હેરાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે સંતોષકારક જણાતાં શ્રી. બી. ડી. વનારને રૂ. ૩૦૦૦-૧૦૦-૩૫૦૦-૧૨૫-૪૫૦૦ના પગારધોરણમાં તા. ૨૮-૧-૧૯૯૫થી કાયમ કરવા.

૨૪. યુનિવર્સિટીના ડી.પી.ઈ. વિભાગમાં મદદનીશ અધ્યક્ષશ્રી તરીકે ફરજ બજાવતા શ્રી. એચ. એમ. દેસાઈનો તા. ૨૪-૧-૧૯૯૫ના રોજ એક વર્ષનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમને રૂ. ૨૦૦૦-૬૦ ૨૩૦૦-ઈ.બી.-૭૫-૩૨૦૦-૧૦૦-૩૫૦૦ના પગારધોરણમાં કાયમ કરવા વિચારણા અર્થે.

યુનિવર્સિટીના ડી.પી.ઈ. વિભાગમાં આસિસ્ટન્ટ અધ્યક્ષશ્રી તરીકે ફરજ બજાવતા શ્રી. એચ. એમ. દેસાઈનો બાનગી હેરાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે સંતોષકારક જણાતાં શ્રી એચ એમ. દેસાઈને રૂ. ૨૦૦૦-૬૦-૨૩૦૦ ઈબી-૭૫-૩૨૦૦-૧૦૦-૩૫૦૦ના પગારધોરણમાં તા. ૨૪-૧-૧૯૯૫થી કાયમ કરવા.

૨૫. રાજ્ય સરકારના નાણા વિભાગના તા. ૨૯-૭-૧૯૯૨ના પત્રથી સ્ટેટિસ્ટિકલ આસિસ્ટન્ટનું પગારધોરણ, જે રૂ. ૧૩૫૦-૨૨૦૦ હતું તે સુધારીને રૂ. ૧૪૦૦-૨૩૦૦ કરવામાં આવેલ છે, તે સ્વીકારીને તેનો લાભ શ્રી. એ. ડી. પટેલ (સ્ટેટિસ્ટિકલ આસિસ્ટન્ટ)ને આપવા અંગે વિચારણા કરવા બાબત.

રાજ્ય સરકારના નાણા વિભાગના તા. ૨૯-૭-૧૯૯૨ના પત્રથી સ્ટેટિસ્ટિકલ આસિસ્ટન્ટનું પગારધોરણ જે રૂ. ૧૩૫૦-૨૨૦૦ હતું તે સુધારીને રૂ. ૧૪૦૦-૨૩૦૦ કર્યું છે તેનો સ્વીકાર કરી સુધારેલ પગારધોરણનો લાભ શ્રી એ. ડી. પટેલ (સ્ટે. આસિ.)ને આપવો.

૨૬. કર્મચારીગણના વહીવટી પ્રશ્નો પર વિચારણા કરવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની તા. ૧૬-૧૨-૧૯૯૪ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્થાયી સમિતિની તા. ૧૬-૧૨-૧૯૯૪ની ભલામણોનો સ્વીકાર કરવો.

(સદરહુ સભાની ભલામણો પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૨૭. ડૉ. એ. એસ. સિંઘવીના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી માટે કૉમર્શિયલ લૉ વિષયમાં નોંધાયેલ વિદ્યાર્થી જદવ એન. એન.ના મહાનિબંધ ઉપર આવેલા હેવાલમાં ટાઈ (Tie) પડતાં ઑર્ડિ. ૩૨૧(૨)ની જોગવાઈ મુજબ ચોથા રેફ્રી નીમવાના થાય છે, તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—પરદેશના રેફ્રી પ્રો. ડેવીડ હારલેન્ડ —થિસિસ સ્વીકારતા નથી.
ભારતના રેફ્રી પ્રો. જી. સી. કાસલીવાલ —થિસિસ સ્વીકારેલ છે.
માર્ગદર્શક શિક્ષક ડૉ. સિંઘવી —પરદેશના રિપોર્ટ સાથે સંમત થતા નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે ચોથા રેફ્રીની નિમણૂક અંગે બોર્ડના અધ્યક્ષશ્રી સાથે ચર્ચા કરીને યોગ્ય નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપની.

૨૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલું નીચેનું કાર્ય (જાણ સારુ) :

ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજ/સંસ્થાનું નામાભિધાન રાખવા/બદલવા માટેનો ઑર્ડિ. 120-N દાખલ કર્યાનું :

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોક્ત કાર્યની નોંધ લેવામાં આવી.
(ઑર્ડિ. ૧૨૦-N **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૨૯. ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજના સ્થળાંતર માટેના ઑર્ડિ. ૧૨૦-J મુજબ સ્થળાંતર અરજી સાથે ફી રૂ. ૫૦૦ અગાઉ નિયત કરવામાં આવી હતી તેના બદલે હવેથી સદરહુ ફી રૂ. ૧૦૦૦ રાખવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજના સ્થળાંતર અંગેની ફી નિયત કરતો સુધારેલો ઑર્ડિ. ૧૨૦-J મંજૂર રાખવામાં આવે છે.

(ઑર્ડિ. ૧૨૦-ને **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૩૦. તા. ૧૦-૧૧-૧૯૯૪ના રોજ મળેલ મેડિકલ ફેકલ્ટીની બેઠકની કાર્યવાહીની નોંધ પરત્વે વિચારણા કરવા સારુ.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૧૦-૧૧-૧૯૯૪ના રોજ મળેલ મેડિકલ ફેકલ્ટીની બેઠકની કાર્યવાહીની નોંધ ક્રમાંક ૨ થી ૫ મંજૂર રાખવી અને નોંધ ક્રમાંક ૧ અંગે રાજ્ય સરકાર પાસેથી સ્પષ્ટતા મંગાવી તે મુજબ તેનો અમલ કરવાનું રાખવું.
(મેડિકલ ફેકલ્ટીની તા. ૧૦-૧૧-૧૯૯૪ની નોંધ **પરિશિષ્ટ "ટ"** તરીકે સામેલ છે.)

૩૧. લોકજાગૃતિ કેન્દ્ર, અમદાવાદ સંચાલિત લોકજાગૃતિ કૉમર્સ કૉલેજ, અમદાવાદનું નામ નીચે મુજબનું રાખવા અંગે મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી, લોકજાગૃતિ કેન્દ્ર, અમદાવાદ દ્વારા તા. ૧૬-૧૨-૧૯૯૪ની દરખાસ્ત પરત્વે વિચારણા કરવા બાબત :

"રવિકુમાર જગદીશભાઈ ત્રિવેદી કૉમર્સ કૉલેજ, અમદાવાદ."

[નોંધ.—(૧) લોકજાગૃતિ કેન્દ્રને "ભારતદેવી મફતલાલ ચેરિટેબલ ટ્રસ્ટ" દ્વારા રૂ. ૮ લાખનું તેમ જ તેમના સંબંધીઓ દ્વારા બીજા ૩ લાખનું એમ કુલ ૧૧ લાખનું દાન કૉલેજના મકાન માટે મળેલ છે.]

(૨) આ દાન દાતા તરફથી બિનશરતી આપવામાં આવેલ છે, તે મતલબનું પ્રમાણપત્ર લોકજાગૃતિ કેન્દ્ર દ્વારા આપવામાં આવેલ છે.

(૩) સંસ્થાએ રૂ. ૧૦૦૦ની નિયત ફી યુનિવર્સિટીને ભરેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે લોકજાગૃતિ કેન્દ્ર સંચાલિત લોકજાગૃતિ કૉમર્સ કૉલેજ, અમદાવાદનું નામ 'રાવકુમાર જગદીશભાઈ તિબ્રેવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ' રાખવાની મંજૂરી આપવી.

૩૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્ય (જાણ સારુ) :

નીચે દર્શાવેલ કૉલેજને તેના નામ સામે દર્શાવેલ અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ અંગેનું જાહેરનામું બહાર પાડવાનું :

ક્રમ	કૉલેજનું નામ	અભ્યાસક્રમ	મુદત
૧.	સી.એન.પી.એફ. આર્ટ્સ ઍન્ડ ડી. એન. સાયન્સ કૉલેજ, ડભોઈ	બી.એ. (ગૌણ)માં તત્ત્વજ્ઞાન	તા. ૧૫--૬--૧૯૯૪થી કાયમી
૨.	ડી. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ કૉમર્સ, નડિયાદ	બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ	તા. ૧૫--૬--૧૯૯૩થી કાયમી
૩.	એમ. ઍન્ડ વી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલ	બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ	તા. ૧૫--૬--૧૯૯૪થી તા. ૧૪--૬--૧૯૯૫ સુધી ચાલુ-ઓડ્હોક
૪.	સી.એન.પી.એફ. આર્ટ્સ ઍન્ડ ડી.એન. સાયન્સ કૉલેજ, ડભોઈ	બી.એસસી. (મુખ્ય)માં ભૌતિકશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર	તા. ૧૫--૬--૧૯૯૪થી તા. ૧૪--૬--૧૯૯૫ સુધી ચાલુ—ઓડ્હોક
૫.	શેઠ ટી. સી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોડેલી	બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ	તા. ૧૫--૬--૧૯૯૨થી તા. ૧૪--૬--૧૯૯૫ સુધી ચાલુ-ઓડ્હોક.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોક્ત કાર્યની નોંધ લેવામાં આવી.

૩૩. પ્રાણીશાસ્ત્ર વિભાગની કોશિસ્ટ પ્રોગ્રામ હેઠળની સ્કીમમાં લેબોરેટરી ટેકનિશિયન શ્રીમતી લીનાબહેન પી. પરમારને રૂ. ૧૩૫૦--૨૨૦૦ના પગારધોરણમાં કાયમ કરવા વિચારણા કરવા બાબત.

[નોંધ.—શ્રીમતી પરમાર આ સ્કીમમાં તા. ૨--૪--૧૯૮૮થી કામ કરે છે અને રાજ્ય સરકારે સંપૂર્ણ જવાબદારી લીધેલ હોવાથી તેમને કાયમ કરવાની જરૂરત ઊભી થયેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે પ્રાણીશાસ્ત્ર વિભાગમાં ચાલતા કોશિસ્ટ પ્રોગ્રામની સંપૂર્ણ જવાબદારી રાજ્ય સરકારે લીધેલ હોવાથી આ યોજના હેઠળ લેબોરેટરી ટેકનિશિયન તરીકે ફરજ બજાવતાં શ્રીમતી લીનાબહેન જે. પરમારને લેબોરેટરી ટેકનીશિયનના પગારધોરણ રૂ. ૧૩૫૦–૨૨૦૦માં કાયમ કરવા.

૩૪. વિજ્ઞાન વિભાગના અધ્યક્ષ ડૉ. એન. જે. ચિનોયે તેમના સંશોધનનું પેટન્ટ કરાવવા માગેલી મંજૂરી ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—શિક્ષકવર્ગ દ્વારા કરવામાં આવતા એગ્રિમેન્ટની કલમ ૨૦ મુજબની પરવાનગી આવશ્યક છે.]

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ ડૉ. એન. જે. ચિનોયને તેમના પત્રમાં જણાવેલ સંશોધનનું પેટન્ટ રજિસ્ટર્ડ કરાવવા મંજૂરી આપવી.

૩૫. ઑર્ડિ. ૬૨(ઈ) (૧) (૩) પ્રમાણે પ્રકાશન-વહીવટી સમિતિના સભ્યોની મુદત તા. ૨૫-૧૨-૧૯૯૧ના રોજ પૂરી થવાથી અન્ય ચાર સભ્યોની નિમણૂક અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૨ (ઈ) (૧) (૩) પ્રમાણે પ્રકાશન વહીવટી સમિતિના **ત્રણ** તરીકે નીચેના ચાર સભ્યોની નિમણૂક કરવી :

(૧) પ્રિ. ડી. એમ. શીખ

(૨) ડૉ. વાય. કે. અગ્રવાલ

(૩) શ્રી મંગુભાઈ પટેલ

(૪) શ્રી યોગેન્દ્રભાઈ વ્યાસ.

૩૬. વિદ્યાભવન ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા સંચાલિત નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદનું નામ નીચે મુજબ રાખવા અંગે મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી, વિદ્યાભવન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી આવેલ તારીખ ૯-૧૧-૧૯૯૪ની દરખાસ્ત પરત્વે વિચારણા કરવા બાબત :

"સી. સી. શેઠ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ".

આથી ઠરાવવામાં આવે છે કે મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી, વિદ્યાભવન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી સંચાલિત નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદનું નામ "સી. સી. શેઠ કૉલેજ ઑફ કૉમર્સ" રાખવા મંજૂરી આપવી.

૩૭. સર્વોદય ચેરિટેબલ ટ્રસ્ટ, કાંકણપુર સંચાલિત જય અંબે લલિતાબહેન કોટેચા આર્ટ્સ કૉલેજ, કાંકણપુર સાથે જૂન, ૧૯૯૪થી વાણિજ્યની વિદ્યાશાખા ઉમેરવામાં આવી તેના સંદર્ભમાં વાણિજ્યની કૉલેજનું નામાભિધાન નીચે મુજબ રાખવા સદરહુ ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટીશ્રીના તા. ૨૦-૭-૧૯૯૪ના પત્ર પર વિચારણા કરવા બાબત :

"સૌ. સુરેખાબહેન હસમુખરાય ગાડી કૉમર્સ કૉલેજ, કાંકણપુર."

[નોંધ.—(૧) સદરહુ નામ બદલવા માટે બિનશરતી દાન મળેલ છે.

(૨) મૅનેજિંગ ટ્રસ્ટીશ્રીનો મૂળ પ્રસ્તાવ તા. ૮-૧૦-૯૪ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠક પહેલાં મળેલ હોઈ તે બેઠકમાં ઠરાવ્યા મુજબની નિયત ફીમાંથી મુક્તિ આપી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સર્વોદય ચેરિટેબલ ટ્રસ્ટ, કાંકણપુર સંચાલિત જય અંબે લલિતાબહેન કોટેચા આર્ટ્સ કૉલેજ, કાંકણપુરની વાણિજ્ય કૉલેજનું નામ "સૌ. સુરેખાબહેન હસમુખરાય ગાડી કૉમર્સ કૉલેજ, કાંકણપુર" રાખવાની મંજૂરી જરૂરી ફી ભર્યાથી આપવી.

૩૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૩૮ (૧). યુનિવર્સિટીની પરીક્ષાઓને લગતાં રેકર્ડ સાથે ચેડાં થયાના કારણસર કુલપતિશ્રીએ નીમેલ તપાસ સમિતિના પ્રાથમિક હેવાલના આધારે (૧) શ્રી. રાજુભાઈ એમ. ચૌધરી, પટાવાળા, પરીક્ષા વિભાગ (૨) શ્રી. મહેન્દ્ર આર. નાયક, પટાવાળા, યુનિવર્સિટી ગ્રંથાલયને તા. ૯--૧૧--૧૯૯૪થી ફરજ-મોકૂફી હેઠળ મૂકવાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

૩૮ (૨). અનુસ્નાતક મેડિકલના (એમ.ડી.એમ.એસ.)માં પ્રવેશ મેળવવા ડૉ. સી. એસ. રાઉલે ગુજરાત હાઈકોર્ટમાં દાદ માગતી રિટ પિટિશન ક્રમાંક : ૧૦૯૯૮/૯૪ દાખલ કરેલી છે, તે અંગે યુનિવર્સિટી વતી વકીલ રોકવાનું તથા આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું.

કુલપતિશ્રીએ મંજૂર કરેલાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૩૯. બી.બી.એ/એમ.બી.એ. અભ્યાસક્રમ માટે નીમેલી સમિતની તા. ૨૨-૮-૧૯૯૪ના રોજ મળેલ સમિતની નીચેની ભલામણો કુલપતિશ્રીએ સ્વીકાર્યાનું કાર્ય (જાણ સારુ)

(૧) ઉપરોક્ત અભ્યાસક્રમોમાં પચાસ ટકા સીટો પેમેન્ટ સીટ તરીકે રાખવી.

(૨) પેમેન્ટ સીટો માટે ફીનો દર વાર્ષિક રૂ. ૩૦,૦૦૦ (રૂપિયા ત્રીસ હજાર પૂરા) રાખવો અને પાંચ વર્ષ સુધી દર વર્ષે રૂ. ૩૦,૦૦૦/— ફી લેવી.

(૩) ચાલુ વર્ષે આવેલાં અરજીપત્રકોમાંથી જે વિદ્યાર્થીઓ આ ફી સાથે પ્રવેશ લેવા ઇચ્છતા હોય તેમાંથી હાલ ૫૦ વિદ્યાર્થીઓનું મેરિટ લિસ્ટ બનાવી તે પ્રમાણે પ્રવેશ આપવો.

૪૦. સંલગ્ન કૉલેજના આચાર્યશ્રીની જગ્યા માટે નિયત કરેલ લઘુતમ લાયકાતનાં ધોરણોમાં સુધારો કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન લાયકાતનાં ધોરણોમાં આ સાથે જોડયા મુજબ સુધારો કરી, સુધારેલ ધોરણો અસ્તિત્વમાં આવેલ ગણવાં.

(પ્રવર્તમાન લાયકાતનાં ધોરણો અને સુધારા બાદ અસ્તિત્વમાં આવતાં લાયકાતનાં ધોરણો **પરિશિષ્ટ "ઠ"** તરીકે સામેલ છે.)

૪૧. યુનિવર્સિટી ભવનોના શિક્ષકોની નિમણૂક માટેનાં લાયકાતનાં ધોરણોમાં ફેરફાર કરવા વિચારણા કરવા બાબત.

ઉપરોક્ત બાબતે લંબાણપૂર્વકની ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ભવનોના શિક્ષકોની નિમણૂક માટેનાં લાયકાતનાં ધોરણોમાં જરૂરી સુધારો કરવા કુલપતિશ્રી તથા પ્રો. કે. એસ. શાસ્ત્રીની સમિતિ નીમવી. સમિતની ભલામણો આવેથી વિચારણા કરવાનું રાખવું.

૪૨. રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા તા. ૨૫-૭-૧૯૯૪ના ઠરાવ ક્રમાંક એનજીએસ-૧૫૮૩-એમ-૨૬૪-૩-૯૪-ખ દ્વારા શિક્ષણ વિદ્યાશાખાની કૉલેજોમાં શૈક્ષણિક ફી માં વધારો કરવામાં આવેલ છે તે પરત્વે વિચારણા કરવા બાબત.

ઉપરોક્ત બાબતે લંબાણપૂર્વકની ચર્ચાવિચારણાના અંતે ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીની પૂર્વમંજૂરી વગર કોઈપણ સંલગ્ન કૉલેજની ફી માં ફેરફાર કરવો તે યુનિવર્સિટીના નિયમોની વિરુદ્ધ છે. આ મુજબ જે કોઈ બી.એડ. કૉલેજ દ્વારા યુનિવર્સિટીએ નિયત કરેલ ફી થી વધુ ફી લેવામાં આવેલ હોય તો તે સત્વરે પરત કરી તેની જાણ યુનિવર્સિટીને કરવા સંલગ્ન બી.એડ. કૉલેજોને જણાવવું.

૪૩. યુનિવર્સિટીના પરીક્ષાઓને લગતા રેકર્ડ સાથે ચેડાં થયાના કારણસર કુલપતિશ્રીએ નીમેલી તપાસ સમિતના અહેવાલ ઉપર ચર્ચાવિચારણા કરવા બાબત.

કુલપતિશ્રીએ નીમેલી તપાસ સમિતિનો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને તે ઉપર લંબાણપૂર્વકની ચર્ચાવિચારણાને અંતે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

(૧) જે વિદ્યાર્થીઓના ગુણમાં ફેરફાર કરીને પરિણામ ખોટી રીતે સુધારવામાં આવ્યાં છે તેવા કેસો પરીક્ષાશુદ્ધિ સમિતિ સમક્ષ રજૂ કરવા.

(૨) તપાસસમિતના પ્રાથમિક રિપોર્ટના આધારે જે બે કર્મચારીઓને ફરજ-મોકૂફી (સસ્પેન્ડ) પર ઉતારવામાં આવ્યા છે તેમ જ અન્ય કર્મચારીઓની કામગીરી અંગેના હેવાલ બાબત સઘન તપાસ કરવા જવાબદારી ઑફિસર નીમવા.

(૩) સને ૧૯૯૪ના વર્ષની પરીક્ષા અને તે અગાઉનાં બે વર્ષના તમામ પરીક્ષાના ઑફિસ રજિસ્ટરો જરૂરી રેકર્ડ સાથે પુનઃ ચેક કરાવવાં.

ઉપરોક્ત બાબત ક્રમાંક ૧ થી ૩ અંગે યોગ્ય નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવામાં આવે છે.

૪૪. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર દ્વારા જૂન-૧૯૯૫ થી ફાર્મસી વિદ્યાશાખાની સ્નાતકકક્ષાનો નવો કૉલેજ શરૂ કરવા અંગે આવેલ અરજી પરત્વે યુનિવર્સિટી દ્વારા નિયુક્ત નીડ અને તપાસ સમિતના અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર નિમણૂક અંગેની શરતો સહિતની નીચે દર્શાવેલ શરતોનું પરિપાલન આ સત્તા મંડળને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૯૫

સુધીમાં કરે તો તેને ફાર્મસી વિદ્યાશાખાનો પ્રથમ વર્ષ બી.ફાર્મનો અભ્યાસક્રમ શીખવવા માટે શૈક્ષણિક વર્ષ ૧૯૯૫–૯૬ માટેનું નવું જોડાણ આપવું :

(૧) ફાર્મસી કાઉન્સિલ ઑફ ઈન્ડિયા તથા ઑલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશનની નવી ફાર્મસી કૉલેજ શરૂ કરવા માટેની મંજૂરી મેળવવામાં આવે,

(૨) રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૮–૭–૧૯૯૩ના ઠરાવ અનુસાર વિદ્યાર્થીઓ માટે ફીનું ધોરણ બે પ્રકારનું રહેશે. ૫૦ ટકા વિદ્યાર્થીઓ માટે બીજી સરકારી કે અનુદાનપાત્ર કૉલેજોમાં પ્રવર્તમાન ધોરણો પ્રમાણે રહેશે, જ્યારે બાકીના ૫૦ ટકા વિદ્યાર્થીઓ માટે ફીનું ધોરણ ઊંચું રહેશે જેમાં સંસ્થાનો તમામ આવર્તક ખર્ચ ઉપરાંત અનાવર્તક ખર્ચ ઉપરાંત અનાવર્તક ખર્ચનો પણ કેટલોક ભાગ સમાવાય તેવી જોગવાઈ છે. ૫૦ટકા બેઠકોને "Free Seats" કહેવામાં આવશે અને બાકીની ૫૦ ટકા બેઠકો 'Payment Seats" રહેશે. બંનેની ફીનાં ધોરણોમાં ઘણો મોટો તફાવત રહેશે;

(૩) ફીનું ધોરણ હાલની વ્યવસ્થામાં યુનિવર્સિટી નક્કી કરે છે. આ સૂચિત નવી વ્યવસ્થામાં ગુજરાત રાજ્ય સરકારના સૂચિત, યુનિવર્સિટીના કુલપતિશ્રી, તેમજ ડાયરેક્ટર ઑફ ટેકનિકલ એજ્યુકેશનની બનેલી સમિતિ પખતોપખત નક્કી કરશે;

(૪) કુલ સો બેઠકોની જોગવાઈ હોય તો તે પૈકી ૫૦ બેઠકો "Free Seats" તરીકે રહેશે. રાજ્ય સરકાર અને યુનિવર્સિટીના નિયમાનુસાર અનાગત બેઠકો ફાળવવાની થશે;

(૫) એ.આઈ.સી.ટી.ઈ. તથા પી.સી.આઈ.નાં નોર્મ્સ અને સ્ટાન્ડર્ડઝ અનુસાર જરૂરી સુવિધાઓવાળા મકાનની (વર્ગખંડો માટે, લેબોરેટરીઝ માટે, વર્કશોપ્સ માટે, આચાર્ય માટે, સ્ટાફ માટે, ગર્લ્સ રૂમ, બોઈઝ રૂમ, ટોઈલેટસ તથા અન્ય સુવિધાઓવાળા વગેરે) વ્યવસ્થા તા. ૧૫–૫–૧૯૯૫ સુધીમાં કરવામાં આવે;

(૬) કૉલેજ માટે અન્ય જરૂરી ભૌતિક સાધનો, લેબોરેટરી/વર્કશોપ્સ માટેનાં જરૂરી ઇક્વિપમેન્ટસ, ફર્નિચર વગેરે એ.આઈ.સી.ટી.ઈ. તથા પી.સી.આઈ.નાં નોર્મ્સ સ્ટાન્ડર્ડઝ મુજબ વસાવવામાં આવે;

(૭) એ.આઈ.સી.ટી.ઈ. તથા પી.સી.આઈ.ના નોર્મ્સ/સ્ટાન્ડર્ડઝ અનુસાર જરૂરી સુવિધાવાળી હોસ્ટેલ તથા રમતગમત માટેનું મેદાન અને સાધનોની વ્યવસ્થા કરવામાં આવે;

(૮) એ.આઈ.સી.ટી.ઈ. તથા પી.સી.આઈ.નાં નોર્મ્સ અને સ્ટાન્ડર્ડઝ અનુસાર જરૂરી શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીગણની નિમણૂક કરવાની રહે;

(૯) એ.આઈ.સી.ટી.ઈ. તથા પી.સી.આઈ.નાં નોર્મ્સ/સ્ટાન્ડર્ડઝ અનુસાર કૉમ્પ્યુટિંગ ફેસિલિટીઝ, ગ્રંથાલય અને ગ્રંથાલયમાં પુસ્તકો અને જર્નલોની વ્યવસ્થા કરવામાં આવે :

(૧૦) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડન્ટ ફંડની લાભ આપવામાં આવે (તથા શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના પાંચ ટકાના દરે ગ્રેજ્યુઈટી/પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો માટે જરૂરી ફંડ ઊભું કરવામાં આવે);

(૧૧) કૉલેજના સંચાલનમાં જે ખામી થાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

(૧૨) "ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઈ. અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને પક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવશે" તે મુજબનું સંસ્થાનું બાંયધરીપત્ર;

(૧૩) આ યુનિવર્સિટીની સ્થાનિક તપાસસમિતિ સાથે અરજીકર્તા મંડળના હોદ્દેદારો સાથે થયેલ સ્પષ્ટતા અન્વયે (૧) આચાર્યશ્રી, (૨) શૈક્ષણિક તથા (૩) બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓની નિમણૂક માટેનાં (ઓપન) ઈન્ટર્વ્યૂ યુનિવર્સિટી કાર્યાલયમાં રાખવામાં આવે;

(૧૪) યુનિવર્સિટીના નિયમાનુસારની વરણી સમિતિ ઉપરાતના સભ્યો વરણી સમિતિ ઉપર કુલપતિશ્રી નિયુક્ત કરશે. કુલપતિશ્રી દ્વારા નિયુક્ત આવા સભ્યોનાં નામ સંસ્થાએ યુનિવર્સિટી પાસેથી મેળવી લેવાનાં રહેશે.

(૧૫) સંસ્થાએ રૂ. ૧૨,૦૦,૦૦૦ (બાર લાખ)ની રકમ ડેપોઝિટ તરીકે યુનિવર્સિટીમાં જમા કરવાની રહેશે.

ઉપરની સૂચિત સઘળી શરતો અનુસારની વ્યવસ્થા તા. ૧૫—૫—૧૯૯૫ સુધીમાં સંસ્થાએ કરવાની રહેશે.

(નીડ તથા સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ પરિશિષ્ટ "ડ" તરીકે સામેલ છે).

ન. એકઝ. કાઉ./૩૦૨૧૨/૧૯૯૪.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
તા. ૩૦-૧-૧૯૯૫.

એમ. એસ. શાહ
કાર્યકારી કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
ક્રમાંક ૨ (૨)

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક : એસએસપી/૧૦૯૨/૧૧૧/ચ
સચિવાલય, ગાંધીનગર, તા. ૧લી એપ્રિલ, ૧૯૯૨.

વંચાણે લીધો : નાણા વિભાગનો તા. ૯-૬-૧૯૮૭નો ઠરાવ ક્રમાંક : ઈસીઆર ૧૦૮૭-૧૫/મ.

ઠરાવ

પ્રસ્તાવનામાં નિર્દેશિત ઠરાવના ફકરા (૬)ની જોગવાઈ મુજબ રોનિયો/ઝેરોક્ષ ઑપરેટરને હાલ માસિક રૂ. ૩૦ ખાસ પગાર ચૂકવવામાં આવે છે. આ ખાસ પગારની રકમમાં વધારો કરવા અંગે ગુજરાત રાજ્ય સરકારી ચોથા વર્ગ કર્મચારી મહામંડળે રજૂઆતો કરી હતી. મહામંડળની રજૂઆતો પર સહાનુભૂતિપૂર્વક વિચારણા કરીને સરકારે આ રકમમાં વધારો કરી માસિક રૂ. ૪૦/ ખાસ પગાર ચૂકવવાનો નિર્ણય કરેલ છે. સુધારેલ દરો તા. ૧—૪—૧૯૯૨થી અમલમાં આવશે.

૨. નાણા વિભાગના વખતોવખતના ઠરાવોથી નક્કી કરવામાં આવેલ ખાસ પગાર ચૂકવવા અંગેની શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

શ્રીમતી આર. એમ. મહેતા
ઉપસચિવ, નાણા વિભાગ.

પરિશિષ્ટ "ખ"

કામકાજ ક્રમાંક ૨(૪)

ક્રમ	કૉલેજનું નામ	જોડાણનો પ્રકાર	જોડાણના વિષયો
૧	૨	૩	૪
૧.	શ્રી. ડી. એમ. પટેલ આર્ટ્સ ઍન્ડ શ્રી. એસ. આસ. પટેલ કૉમર્સ કૉલેજ, આડ	ચાલુ	ફર્સ્ટ બી.એ. / બી.કૉમ., સેકન્ડ બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સમાજશાસ્ત્ર
		વધારાનું	સેકન્ડ બી.એ. (ગૌણ)માં સંસ્કૃત, હિંદી, આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ, કૉમ્પ્યુટર મેથડ્સ, સેકન્ડ બી.કૉમ. (મુખ્ય)માં ઑડ. ઑકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, સેકન્ડ બી.કૉમ. (ગૌણ)માં ઓસ.પી. ઑડવાન્સ સ્ટેટિસ્ટિકસ, કૉમ્પ્યુટર સાયન્સ
૨.	આમ. એમ. ગાંધી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, કલોલ	ચાલુ	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, સમાજશાસ્ત્ર, બી.એ. (ગૌણ)માં મનોવિજ્ઞાન, બી.કૉમ.માં ઑડ. ઑકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ.
૩.	પી. ડી. પંડ્યા મહિલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ	ચાલુ	ફર્સ્ટ / સેકન્ડ બી.કૉમ. ચાલુ
		વધારાનું	થર્ડ બી.કૉમ. (મુખ્ય)માં ઑડ. ઑકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ
		ચાલુ	બી.કૉમ. (ગૌણ)માં ઓસ.પી. આંકડાશાસ્ત્ર.
૪.	એમ. સી. શાઠવા આર્ટ્સ કૉલેજ, પાવી-જેતપુર	ચાલુ	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, અંગ્રેજી,
		ચાલુ	બી.એ. (ગૌણ)માં સંસ્કૃત, સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર, હિંદી
૫.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વસો	ચાલુ	ફર્સ્ટ બી.એ. / બી.કૉમ. (ચાલુ)
		વધારાનું	સેકન્ડ બી.એ. (મુખ્ય)માં ગુજરાતી, સંસ્કૃત અર્થશાસ્ત્ર, હિંદી, સેકન્ડ બી.એ. (ગૌણ)માં સમાજશાસ્ત્ર, સેકન્ડ બી.કૉમ. (મુખ્ય)માં ઑડ. ઑકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્ર, બિઝનેસ મૅનેજમેન્ટ.
૬.	વિનયન વાણિજ્ય મહાવિદ્યાલય. [illegible]	ચાલ	પ્રથમ વર્ષ બી.એ / બી.કૉમ
		વધારાનું	સેકન્ડ બી.એ. (મુખ્ય)માં હિંદી, ગુજરાતી, માનસશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, સેકન્ડ બી.કૉમ. (મુખ્ય)માં ઑડ. ઑકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ., સેકન્ડ બી.કૉમ. (ગૌણ)માં ઓસ.પી., સ્ટેટિસ્ટિકસ (હિંદી અને ગુજરાતી માધ્યમ)

૧	૨	૩	૪
૭.	આર્ટ્સ કૉલેજ ફૉર વિમેન, ગાંધીનગર	નવું	ફર્સ્ટ બી.એ. (મુખ્ય)માં ગૃહવિજ્ઞાન, અંગ્રેજી ફર્સ્ટ બી.એ. (ગૌણ)માં સંસ્કૃત, સમાજશાસ્ત્ર.
૮.	સી. આર. ગાર્ડી આર્ટ્સ કૉલેજ, મુનપુર	ચાલુ	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી હિંદી, સંસ્કૃત, સમાજશાસ્ત્ર, બી.એ. (ગૌણ)માં ભૂગોળ
૯.	આર્ટ્સ કૉલેજ, આંકલાવ	નવું	ફર્સ્ટ બી.એ.—નવું
૧૦.	સાકજાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ	ચાલુ	બી.કૉમ. (મુખ્ય)માં ઑડ./ઑકા. ઑડિટિંગ બી.કૉમ. (ગૌણ)માં એસ.પી. ઑડવાન્સ સ્ટેટિસ્ટિકસ, કૉમ્પ્યુટર સાયન્સ
૧૧.	એમ. પી. આર્ટ્સ ઍન્ડ એમ. એમ. કૉમર્સ કૉલેજ ફૉર વિમેન, રાયપુર દરવાજા બહાર, અમદાવાદ-૨૨	નવું	ફર્સ્ટ બી.એ.માં ગુજરાતી, હિંદી, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર ફર્સ્ટ બી.એ. (ગૌણ)માં માનસશાસ્ત્ર, પ્રાકૃત, સંસ્કૃત, ભૂગોળ, ફર્સ્ટ બી.કૉમ. (મુખ્ય)માં ઑડ. ઑકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, ઑડ. સ્ટેટિસ્ટિકસ બૅંકિંગ ઍન્ડ ફાઇનાન્સ, બી.કૉમ. (ગૌણ)માં એસ.પી.
૧૨.	ફિઝિકલ એજ્યુકેશન કૉલેજ, મહેમદાવાદ, જિ. ખેડા.	નવું	બી.પી.ઑડ. પ્રથમ વર્ષ
૧૩.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, આણંદ	ચાલુ	બી.એ.(મુખ્ય)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, બી.એ. (ગૌણ)માં સંસ્કૃત, ઇતિહાસ, બી.કૉમ. (મુખ્ય)માં ઑડવાન્સ ઑકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, બી.કૉમ. (ગૌણ)માં એસ.પી.
૧૪.	આર્ટ્સ કૉલેજ, લીમખેડા	ચાલુ	બી.એ. (મુખ્ય)માં ગુજરાતી, હિંદી, બી.એ. (ગૌણ)માં સંસ્કૃત અને ઇતિહાસ
૧૫.	શ્રી. આર. એચ. પટેલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	ચાલુ	બી.એ. (મુખ્ય)માં ગુજરાતી, હિંદી, અંગ્રેજી, સંસ્કૃત, ઇતિહાસ અને અર્થશાસ્ત્ર, બી.એ. (ગૌણ)માં આંકડાશાસ્ત્ર બી.કૉમ. (મુખ્ય)માં ઑડવાન્સ ઑકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, આંકડાશાસ્ત્ર
૧૬.	એચ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	ચાલુ	બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્સ.
૧૭.	સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	ચાલુ	બી.એ. (મુખ્ય)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર, બી.એ. (ગૌણ)માં હિંદી, ઇતિહાસ અને માનસશાસ્ત્ર, બી.કૉમ. (મુખ્ય)માં ઑડવાન્સ ઑકાઉન્ટિંગ અને ઑડિટિંગ બી.કૉમ. (ગૌણ)માં એસ.પી. અને આંકડાશાસ્ત્ર.
૧૮.	શ્રી. એમ. ડી. શાહ કૉમર્સ અને શ્રી.ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, મહુધા		બી.એ. (મુખ્ય)માં સમાજશાસ્ત્ર

૧	૨	૩	૪
૧૯.	ભવન્સ આઈ. એલ. પટેલ આર્ટ્સ સાયન્સ અને જશોદાબહેન શાહ કૉમર્સ કૉલેજ, ડાકોર	ચાલુ	બી.એસસી. અને બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ
૨૦.	સિદ્ધાર્થ લૉ કૉલેજ, ગાંધીનગર	ચાલુ યથાવત	થર્ડ એલએલ.બી. અભ્યાસક્રમો
૨૧.	શ્રીમતી એ. પી. પટેલ આર્ટ્સ કૉલેજ અને સ્વ. શ્રી. એન. પી. પટેલ કૉમર્સ કૉલેજ, નરોડા, અમદાવાદ	ચાલુ વધારાનું ચાલુ વધારાનું	ફર્સ્ટ બી.એ./ચાલુ સેકન્ડ બી.એ. (મુખ્ય)માં અંગ્રેજી, ગુજરાતી, હિંદી, સંસ્કૃત, ઈતિહાસ અને સમાજશાસ્ત્ર, બી.એ. (ગૌણ)માં માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ડિફેન્સ સ્ટડીઝ, કૉમ્પ્યુટર મેથડ્સ ફર્સ્ટ બી.કૉમ સેકન્ડ બી.કૉમ. (મુખ્ય) ઍડવાન્સ ઍકાઉન્ટિંગ અને ઑડિટિંગ અને બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્ર અને સેક્રેટરિયલ પ્રેક્ટિસ

પરિશિષ્ટ "ગ"
ક્રમકાજ ક્રમાંક ૧૨

ચોથા વર્ગના સરકારી કર્મચારીઓને ગણવેશના ભાગરૂપે બૂટ આપવા અંગે
ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ

ઠરાવ ક્રમાંક : ગણવ-૨૨૮૯-૩૦૧૮-ખ.૩
સચિવાલય, ગાંધીનગર
તા. ૩૦--૯--૧૯૯૪

વંચાણે લીધા : (૧) સા. વ. વિભાગનો તા. ૯--૩--'૯૨નો ઠરાવ ક્રમાંક : ગણવ-૨૨૮૯-૩૦૧૯-ખ.૩.
(૨) સા. વ. વિભાગનો તા. ૧૨--૧--'૯૩નો ઠરાવ ક્રમાંક : ગણવ-૨૨૮૯-૩૦૧૮-ખ.૩.

આમુખ :

સામાન્ય વહીવટ વિભાગના ઉપર નિર્દિષ્ટ તા. ૯--૩--'૯૨ તથા તા. ૧૨--૧--'૯૩ના ઠરાવોની જોગવાઈ હેઠળ રાજ્ય સરકારની કચેરીઓના વર્ગ-૪ના કર્મચારીઓને પ્રતિવર્ષ રૂ. ૮૫ની ખર્ચ-મર્યાદામાં ગણવેશના ભાગ-રૂપે "ગ્રીમકો" દ્વારા ઉત્પાદિત પી.વી.સી. સોલના ચામડાની પટ્ટીવાળા કાળા રંગના એક જોડ સેન્ડલ/ચંપલ આપવામાં આવતા હતા. આ સાથે સરકારશ્રીને મળેલ રજૂઆતોને અનુલક્ષીને પુખ્ત વિચારણાને અંતે આ હુકમો રદ કરીને ગણવેશના ભાગ તરીકે બૂટ આપવાનું નીચે મુજબ ઠરાવવામાં આવે છે :

ઠરાવ :

ગુજરાત સરકારની કચેરીઓના વર્ગ-૪ના તમામ કર્મચારીઓને દર બે વર્ષે એક જોડ બૂટ નીચેની શરતોએ પૂરા પાડવા :

૧. (ક) વર્ગ-૪ના કર્મચારીઓએ સૌપ્રથમ કોઈ પણ સંસ્થાના તેમની પસંદગીના માત્ર ચામડાના અથવા પી.વી.સી. સોલના કાળા રંગના બૂટ તેમના પોતાના ખર્ચે ખરીદીને તેનું પાકું બિલ રજૂ કરવાનું રહેશે.

(ખ) આ બિલ ચોક્કસ તારીખ આને જે તે કર્મચારીના પોતાના નામે (હોદ્દા સાથે) આપેલ હોવું જોઈએ.

(ગ) બિલની સાથે ખરીદેલ બૂટ પણ રજૂ કરવાના રહેશે, જેનું જાતનિરીક્ષણ (ફિઝિકલ વેરિફિકેશન) બાદ તેની ચુકવણી સક્ષમ અધિકારીએ બૂટ તથા તેનું બિલ રજૂ કર્યાનું પ્રમાણિત કર્યેથી કરવાની રહેશે.

(ચ) કર્મચારીએ ગમે તે રકમના બૂટ ખરીદેલ હોય, પરંતુ ખરીદેલ બૂટની કિમત જેટલી રકમ (ટેક્ષ સહિત) અથવા રૂ. ૧૭૦ બેમાંથી જે ઓછી હોય તે રકમ મળવાપાત્ર થશે અને આ મુજબ કર્મચારીને દર બે વર્ષે માત્ર એક જ જોડ બૂટ પૂરા પાડી શકાશે.

૨. ચોથા વર્ગના કર્મચારીઓને ગણવેશ સાથે બૂટ પહેરવા ફરજિયાત રહેશે.

૩. આ હુકમો ઠરાવ પ્રસિદ્ધ થયાની તારીખથી અમલમાં આવશે.

૪. આકસ્મિક ખર્ચના નિયમ સંગ્રહ (નાણા વિભાગના પ્રકાશન નં. ૮)ની જોગવાઈમાં જરૂરી ઉમેરો (સુધારો) કરવા આથી નાણા વિભાગને જણાવવામાં આવે છે.

૫. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા. ૧૩--૮--૧૯૯૪ની મળેલ સંમતિ બાદ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રણજિત ચાવડા,
ઉપસચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર.

પરિશિષ્ટ " ધ "

કામકાજ ક્રમાંક ૧૬(૧)

ગુજરાત યુનિવર્સિટી એપ્રિલ, ૧૯૯૪માં લેવાયેલ પરીક્ષાનાં પરિણામ પાછળથી સુધર્યા છે અને એવા વિદ્યાર્થીઓને ખૂટતી હાજરી માફ કરી પ્રવેશ આપ્યો છે તેવા વિદ્યાર્થીઓની યાદી :

ક્રમ	વિદ્યાર્થીનું નામ	પરીક્ષાનું નામ	પરિણામ જાહેર થયા તારીખ	કયા વર્ગમાં પ્રવેશ મેળવ્યો
૧.	દેસાઈ જુલી આર.	સેકન્ડ એલએલ.બી.	૭--૧૦--'૯૪	થર્ડ એલએલ.બી.
૨.	દેસાઈ તેજસ આર.	,,	૨૭--૧૦--'૯૪	,,
૩.	સરસ્વતીબહેન બી. પાઠક	ફર્સ્ટ બી.કૉમ.	૨૭--૯--'૯૪	સેકન્ડ બી.કૉમ.
૪.	વિશાલ એસ. ખેતાન	સેકન્ડ બી.કૉમ.	૨૭--૯--'૯૪	થર્ડ બી.કૉમ.
૫.	નંદાસણા બેચર એચ.	ફર્સ્ટ બી.એ.	૩--૯--'૯૪	સેકન્ડ બી.એ.
૬.	ભોઈ હેમંતકુમાર એસ.	સેકન્ડ બી.એસસી.	૨૮--૯--'૯૪	થર્ડ બી.એસસી.
૭.	ભેરનાર સંજયકુમાર ઓ.	ફર્સ્ટ બી.એસસી.	૧૨--૯--'૯૪	સેકન્ડ બી.એસસી.
૮.	ભાવસાર મહેશકુમાર એન.	સેકન્ડ એલએલ.બી.	૭--૧૦--'૯૪	થર્ડ એલએલ.બી.
૯.	ડોડિયા નવદીપ વી.	ફર્સ્ટ બી.એ.	૧૧--૧૦--'૯૪	સેકન્ડ બી.એ.
૧૦.	તારક ઓ. ચોકસી	સેકન્ડ બી.કૉમ.	૨૧--૧૦--'૯૪	થર્ડ બી.કૉમ.
૧૧.	પટેલ દર્શનાબહેન એસ.	ફર્સ્ટ બી.એસસી.	૧--૧૧--'૯૪ના (તારના સંદર્ભમાં)	સેકન્ડ બી.એસસી.
૧૨.	પંચોલી જાગૃતિ વિપુલ	સેકન્ડ એલએલ.બી.	૭--૧૦--'૯૪	થર્ડ એલએલ.બી.
૧૩.	આર્ય સ્નેહલ બી.	થર્ડ બી.કૉમ.	૧૯--૧૦--'૯૪	ફર્સ્ટ એલએલ.બી.
૧૪.	પરમાર જીવણલાલ જી.	સેકન્ડ એલએલ.બી.	૭--૧૦--'૯૪	થર્ડ એલએલ.બી.
૧૫.	પટેલ ભાર્ગવી એ.	ફર્સ્ટ બી.કૉમ.	૧૯--૧૦--'૯૪	સેકન્ડ બી.કૉમ.
૧૬.	પટેલ નાસીરહુસેન એમ.	થર્ડ બી.કૉમ.	૨૯--૯--'૯૪	ફર્સ્ટ એલએલ.બી.
૧૭.	પટેલ રાકેશકુમાર પી.	ફર્સ્ટ બી.કૉમ. (ATKT)	૩--૧૦--'૯૪	થર્ડ બી.કૉમ.
૧૮.	મકવાણા પ્રદીપકુમાર કે.	સેકન્ડ બી.કૉમ.	૨૧--૧૦--'૯૪	થર્ડ બી.કૉમ.
૧૯.	જોષી દીપકકુમાર જે.	સેકન્ડ બી.કૉમ.	૨૫--૧૦--'૯૪	થર્ડ બી.કૉમ.
૨૦.	આક્રિયા વૈશાલીબહેન જે.	સેકન્ડ બી.કૉમ.	૨૫--૧૦--'૯૪	થર્ડ બી.કૉમ.
૨૧.	ઠાકોર ઉપેન્દ્રકુમાર બાબુલાલ	ફર્સ્ટ બી.એ.	૨૯- ૧૦--'૯૪	સેકન્ડ બી.એ.
૨૨.	પટેલ ગીતાબહેન એમ.	સેકન્ડ બી.કૉમ.	૨૫--૧૦--'૯૪	થર્ડ બી.કૉમ.
૨૩.	વાઘરી રમેશભાઈ બી.	સેકન્ડ બી.કૉમ.	૨૫- ૧૦--'૯૪	થર્ડ બી.કૉમ.
૨૪.	વાઘેલા પ્રવીણકુમાર બી.	ફર્સ્ટ એલએલ.બી.	૨૦--૧૦--'૯૪	સેકન્ડ એલએલ.બી.
૨૫.	રમીનેપ બાલ. ટ્રીક્વિન	ફર્સ્ટ બી.એ.	૧૯--૯--'૯૪	સેકન્ડ બી.એ.
૨૬.	પટેલ અલ્પાબહેન બી. પટેલ	થર્ડ બી.એ.		એમ.એ. ભાગ ૧ (તારના સંદર્ભમાં)

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૨૧

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૧૬--૧૨--૧૯૯૪ને શુક્રવારના રોજ ૩-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમ	સભ્યનું નામ	તા. ૧૬--૧૨--૧૯૯૪
૧.	શ્રી. એન. વી. વસાણી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. ચંદ્રકાંતભાઈ મહેતા, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૪.	પ્રિ. ડી. એમ. શીખ	હાજર
૫.	શ્રી. નરહરિભાઈ એમ. પરીખ	ગેરહાજર.

૧. ફાઇનાન્સ સમિતિની તા. ૫--૧૦--૧૯૯૪ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઇનાન્સ સમિતિની તા. ૫--૧૦--૧૯૯૪ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીઓ સહી કરી.

૨. ફર્સ્ટ બી.એ. આંગ્રેજી વિષય "એ" સ્ટ્રીમની વર્કબુકો છપાવવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—આ વર્કબુકોની દસહજાર નકલો છાપવાની છે. આ અંગે કુલ રૂ. ૫૦,૦૦૦ જેટલો ખર્ચ થશે.]

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે નકલ ૧૦,૦૦૦ (દસ હજાર પૂરી) ઓફ્. વાય. બી.એ. આંગ્રેજી વિષય "એ સ્ટ્રીમ"ની વર્કબુકો છપાવવાની કામગીરી ગુજરાત કો.-ઓ. પ્રિન્ટિંગ પ્રેસને સોંપવી અને આ અંગે રૂ. ૫૦,૦૦૦ (રૂપિયા પચાસ હજાર પૂરા) સુધીનો ખર્ચ મંજૂર કરવો.

(તા. ક.—જો કોર્સ ન બદલાયો હોય તો આવતા વર્ષની જરૂરિયાત ધ્યાનમાં લઈને પ્રતોની સંખ્યા વધારવી.)

૩. ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય તથા ભવનોના વપરાશ માટે ૧૯૯૪-૯૫ના વર્ષની સ્ટેશનરી ખરીદવા માટે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આવેલ ટેન્ડરોમાંથી યુનિવર્સિટીને માટે જરૂરી સ્ટેશનરી ખરીદવાની સત્તા કુલપતિશ્રીને આપવામાં આવે છે.

૪. ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય તથા ભવનોમાં રહેલ ડુપ્લિકેટિંગ મશીનોનો સર્વિસ કોન્ટ્રાક્ટ ગેસ્ટેટનર (ઇન્ડિયા) લિ. સાથે કરવાની બાબત ફરી વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ અંગે કુલ રૂ. ૧૭,૦૦૦ જેટલો ખર્ચ થશે. ગયા વર્ષે આ અંગે રૂ. ૯,૮૫૫નો ખર્ચ થયો હતો.)

આથી ઠરાવવામાં આવે છે કે ડુપ્લિકેટિંગ મશીનોનો સર્વિસ કોન્ટ્રાક્ટ ગેસ્ટેટનર (ઇન્ડિયા) લિ. સાથે ગયા વર્ષના ભાવ મુજબ [illegible] નેપાર [illegible] તે ને ધોરણે આ [illegible] રાખવું.

૫. ગુજરાત યુનિવર્સિટી કર્મચારીઓના એસ.સી.ટી. સેલના નાયબ કુલસચિવશ્રીને તા. ૧૯-૫-૧૯૯૪ની ફાઇનાન્સ સમિતિની બાબત ક્રમાંક-૧૫થી ઓર્ડિનન્સ ૬૨-ડીમાં કરેલ સુધારા અન્વયે સત્તા આપવા અંગેની બાબત પર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે હાલ ઓર્ડિનન્સ ૬૨-ડી હેઠળ આપવામાં આવેલ સત્તાઓમાં એસ.સી.ટી. સેલના નાયબ કુલસચિવશ્રીનો સમાવેશ કરવો.

ઓર્ડિ. ૬૨-ડી (૪) હવેથી નીચે મુજબ વંચાશે :

"A Committee consisting of the Deputy Registrar (Academic) and Deputy Registrar (S. C. T. Cell) to sanction all expenditure pertaining to the Post-Graduate and SCT cell work up to Rs. 300/— without inviting tenders and up to Rs. 1500/— after inviting tenders or quotations."

૬. ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય તથા ભવનોમાં રહેલ કોમ્પ્યુટરોનો તા. ૧--૧૨--૧૯૯૪થી બે વર્ષ માટે પેસ કોમ્પ્યુટર કન્સલ્ટન્ટ સાથે મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટ કરવાની બાબત પર વિચારણા કરવા બાબત.

આ અંગે કુલ રૂ. ૧,૩૩,૨૬૨--૪૦ પૈસાનો ખર્ચ થશે. આગાઉના વર્ષે આ અંગે રૂ. ૧,૨૩,૦૨૨--૦૦ પૈસાનો ખર્ચ થયો હતો.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય તથા ભવનોમાં રહેલ કોમ્પ્યુટરોનો સર્વિસ અને મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટ તા. ૧--૧૨--૧૯૯૪થી બે વર્ષ માટે પેસ કોમ્પ્યુટર કન્સલ્ટન્સને આપવો અને આ અંગે રૂ. ૧,૩૩,૨૬૨-૪૦ પૈસાનો ખર્ચ મંજૂર કરવો.

૭. માઇક્રોબાયોલોજી વિભાગને વૉટર એનાલિસિસ લેબોરેટરી ઊભી કરવા તથા પ્રાઈવેટ સંસ્થા કે વ્યકિતઓ પાસેથી વૉટર એનાલિસિસ કરી આપવા બદલ ચાર્જ લેવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૮. આરોગ્ય કેન્દ્ર માટે વર્ષ ૧૯૯૪-૯૫માં દવાઓ ખરીદવા માટે રેઈટ કોન્ટ્રાકટ કરવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આરોગ્ય કેન્દ્ર માટે વર્ષ ૧૯૯૪—૯૫ માટે દવાઓ ખરીદવા માટે આ સાથેના પરિશિષ્ટ (છાપેલ નથી)માં જણાવેલ દવાની કું. સામે તેમનાં નામ સામે જણાવેલ દવાઓ માટે રેઈટ કોન્ટ્રાકટ કરવો.

૯. એસ્ટેટ વિભાગને રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર માટે ૧.૫ ટનની કાર્યક્ષમતાવાળા વિન્ડો એરકન્ડિશન મશીન રેટ કોન્ટ્રાક્ટ મારે ખરીદવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આ અંગે રૂ. ૪,૭૨,૦૦૦ની ગ્રાન્ટ રાજ્ય સરકાર તરફથી મેળવેલ તે સામે કુલ ખર્ચ રૂ. ૩,૯૭,૨૮૧--૫૪ પૈસાનો ખર્ચ થયેલ છે, જેથી રૂ. ૭૪,૭૧૮--૪૬ પૈસાની બચત થયેલ છે.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર માટે ૧.૫ ટનની કાર્યક્ષમતાવાળા વૉલ્ટાસ બનાવટના વિન્ડો એરકન્ડિશન મશીન રેટ કોન્ટ્રાકટથી ખરીદવાનું રાખવું.

૧૦. યુનિવર્સિટીના જુદાં જુદાં મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો પરથી ઉત્તરવહીઓ યુનિવર્સિટી ભોંયરામાં લાવવા માટે શ્રી. પી. એમ. પુરોહિતના આવેલ કવોટેશનની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ અંગે રૂ. ૬,૯૫૦ જેટલો ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે આગામી પરીક્ષાઓ માટે યુનિવર્સિટીનાં જુદાં જુદાં મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો પરથી ઉત્તરવહીઓ યુનિવર્સિટી ભોંયરામાં લાવવા માટે રૂ. ૬,૯૫૦નો ખર્ચ મંજૂર કરવો.

૧૧. બી. કે. સ્કૂલના બી.બી.એ. કોર્સ માટેના કોમ્પ્યુટર રૂમમાં પી.વી.સી. ફ્લોરિંગનું કામ કરાવવા અંગે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

(**નોંધ.** આ અંગે કુલ રૂ. ૭,૧૬૮નો ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે બી.બી.એ. કોર્સના કોમ્પ્યુટર રૂમમાં પી.વી.સી. ફ્લોરિંગ કરાવવા માટે રૂ. ૭,૧૬૮ સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૧૨. ગુજરાત યુનિવર્સિટી પ્રેસ માટે ૧૯૯૪-૯૫ના વર્ષ માટે જુદી જુદી જાતના કાગળો ખરીદવા માટે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

(**નોંધ.**—આ અંગે રૂ. ૯,૮૦,૦૦૦ જેટલો ખર્ચ થશે.)

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી પ્રેસ માટે ૧૯૯૪—૯૫ના વર્ષ માટે જુદી જુદી જાતના કાગળો ખરીદવા માટે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા અંગે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૩. બી.બી.એ. પ્રોગ્રામ માટે કોમ્પ્યુટર ખરીદવા માટે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે બી.બી.એ. પ્રોગ્રામ માટે કોમ્પ્યુટર ખરીદવા માટે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા અંગે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૪. ગુજરાત યુનિવર્સિટીની જૂની ઉત્તરવહીનો નિકાલ કરવા માટે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીની જૂની ઉત્તરવહીનો નિકાલ કરવા માટે આવેલ ટેન્ડરો પૈકી મે. સુપર ઈન્ડિયા પેપર પ્રોડકટ, દિલ્હીનો ભાવ સૌથી વધુ હોવાથી તેમને એક કિલોના રૂપિયા ૭-૫૩ પૈસાના ભાવે જૂની ઉત્તરવહી વેચાણ આપવાનું રાખવું.

૧૫. ગુજરાત યુનિવર્સિટીના વેસ્ટ પેપર, જૂના રેકોર્ડ તથા પ્રેસના કતરણ, રીમના બાંધા વગેરેનો નિકાલ કરવા માટે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના વેસ્ટ પેપર, જૂના રેકોર્ડ, પ્રેસની કતરણ તથા રીમના બાંધા વગેરેનો નિકાલ કરવા માટે આવેલ ટેન્ડરો પૈકી આ સાથેના **પરિશિષ્ટ 'ક'** મુજબ વેચાણથી આપવાનું રાખવું.

૧૬. કેમિસ્ટ્રી વિભાગ માટે ગોદરેજ રેફ્રિજરેટર ખરીદવા માટે આવેલ કવોટેશનનો નિકાલ કરવા બાબત.

(**નોંધ.** આ અંગે રૂ. ૨૦,૦૦૦ જેટલો ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે કેમિસ્ટ્રી વિભાગ માટે ગોદરેજ રેફ્રિજરેટર (165 L Classic, Del xe) ખરીદવા માટે મે. ગોદરેજ જોઈ હોટલાયન્સનું કવોટેશન ઓફ સીઝનના ડિસ્કાઉન્ટ સાથે ખરીદવાનું મંજૂર રાખવું.

૧૭. ઝૂલોજી વિભાગને Beckman Model 5500 Gamma Counter ને વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટ કરવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.** આ અંગે રૂ. ૭,૬૦૦ જેટલો ખર્ચ થશે. ગયા વર્ષે રૂ. ૬,૬૦૦ જેટલો ખર્ચ થયો હતો.)

આથી ઠરાવવામાં આવે છે કે ઝૂલોજી વિભાગને Beckman Model 5500 Gamma Counter વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટ Wipro Biomed સાથે વાર્ષિક રૂ. ૭,૬૦૦ના ખર્ચે કરવાનું રાખવું.

૧૮. કુલપતિશ્રીઓ મંજૂર કરેલ કાર્યો (જાણ સારુ) :-

(૧) ગુરુ નાનક ભવનની ખુરશીઓને રાકેનિંગ તથા રીફિનિશિંગ અંધશાળા પાસે કરાવવા માટેનો રૂપિયા ૪,૫૦૦નો ખર્ચ મંજૂર કર્યાના;

(૨) એજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટરને કસ્ટમ ક્લિયરિંગ એજન્ટ તરીકે લાલભાઈ ટ્રેડિંગ કંપનીની નિમણૂક કરવા અંગે રૂ. ૬,૭૦૦નો ખર્ચ મંજૂર કર્યાના;

(૩) તા. ૧૧--૮--૧૯૯૪ની ફાઈનાન્સ સમિતિની બાબત ક્રમાંક-૩ના ઠરાવમાં ભૂલથી વેપારીનું નામ પેસ્ટ કંટ્રોલ સર્વિસ લખાયું છે. તેના બદલે પટેલ પેસ્ટ કંટ્રોલ સર્વિસ નામ લખવાની મંજૂરી આપ્યાનું.

કુલપતિશ્રીઓ મંજૂર કરેલાં ઉપરોકત કાર્યોની નોંધ લેવામાં આવી.

૧૯. વિજ્ઞાન વિદ્યાભવનના કેમિસ્ટ્રી વિભાગ માટે માઈક્રોપ્રોસેસ બેઈઝ્ડ આયર્ન ઓનેલાઈઝર ખરીદવા વિચારણા કરવા બાબત.

(**નોંધ**..—૧. આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૭૫,૦૦૦ થશે.

૨. આ સાધન માટે રૂ. ૫૦,૦૦૦નો ખર્ચ સી.એસ.આઈ.આર. તરફથી મળેલ ગ્રાન્ટમાંથી અને બાકીના રૂ. ૨૫,૦૦૦નો ખર્ચ આઠમી યોજના હેઠળ મળેલ ઈક્વિપમેન્ટ ગ્રાન્ટમાંથી કરવાનો છે.)

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે માઈક્રોપ્રોસેસર બેઈઝ્ડ આયર્ન ઓનેલાઈઝર મે. રોશનીલાલ બ્રધર્સ પાસેથી અંદાજી ખર્ચ રૂ. ૭૫,૦૦૦ (રૂપિયા પંચોતેર હજાર પૂરા)ના ખર્ચે ખરીદવાનું રાખવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એમ. એમ. શાહ
કા. કુલસચિવ

પરિશિષ્ટ "અ"

ક્રમ	વેચાણ આપવામાં આવેલ આઈટમનું નામ	સૌથી વધુ આવેલ ભાવ રૂ. પૈસા	વેપારીનું નામ
૧.	જૂનો રેકોર્ડ	૫--૨૦	રાયચંદભાઈ મોતીભાઈ સોપલાવાળા
૨.	અન્ય વેસ્ટ બિંડિંગ	૨--૮૦	રાયચંદભાઈ મોતીભાઈ સોપલાવાળા
૩.	પ્રેસની કતરણ (મિક્ષ)	૫--૮૦	રાયચંદભાઈ મોતીભાઈ સોપલાવાળા
૪.	છાપેલા ફર્મા	૪--૬૮	મહાલક્ષ્મી વેસ્ટ પેપર સપ્લાયર્સ
૫.	વપરાયેલ મોનોસ્પુલ પેપર	૭--૦૦	મંગળદાસ ઍન્ડ સન્સ
૬.	રિમોના બાંધા	૨--૨૫	મંગળદાસ ઍન્ડ સન્સ
૭.	છાપકામ દરમિયાન મશીનમાં બગાડેલા કાગળ, ઓઈલ કોટન, વેસ્ટ વગેરે	૧--૬૫	મહાલક્ષ્મી વેસ્ટ પેપર સપ્લાયર્સ

પરિશિષ્ટ " છ "
કામકાજ ક્રમાંક ૨૬

કર્મચારીગણના વહીવટી પ્રશ્નો પર વિચારણા કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલ સ્થાયી સમિતિની એક સભા તા. ૧૬--૧૨--૧૯૯૪ ને શુક્રવારના રોજ બપોરના ૪--૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. એન. વી. વસાણીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. પ્રો. એન. વી. વસાણી, કુલપતિશ્રી	હાજર
૨. પ્રો. સી. એચ. મહેતા, ઉપકુલપતિશ્રી	હાજર
૩. પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૪. પ્રિ. ડી. એમ. શીખ	હાજર
૫. પ્રો. એ. આર. શાહ	હાજર
૬. પ્રો. નરહરિભાઈ એમ. પરીખ	ગેરહાજર
૭. શ્રી. નરહરિભાઈ એચ. અમીન	ગેરહાજર
૮. શ્રી. રાજકુમાર ગુપ્તા	ગેરહાજર
૯. ડૉ. એમ. બી. દેસાઈ	હાજર
૧૦. શ્રી. અરવિંદભાઈ એસ. શાહ	હાજર.

૧. તા. ૨--૯--૧૯૯૪ના રોજ મળેલ સ્થાયી સમિતિની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૨--૯--૧૯૯૪ના રોજ મળેલ સ્થાયી સમિતિની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી અને તે ઉપર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીના બિનશિક્ષક કર્મચારીઓની સીનિયોરિટી નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે બિનશિક્ષક કર્મચારીઓનું સીનિયોરિટી લિસ્ટ તૈયાર કરવું અને તે અંગેની એક સમિતિ નીમવા માટેની સત્તા કુલપતિશ્રીને આપવી.

૩. યુનિવર્સિટીના પ્રૌઢ નિરંતર શિક્ષણ અને વિતરણ કેન્દ્રના પટાવાળા શ્રી. વી. આર. સોલંકીએ ડુપ્લિકેટિંગ મશીન ચલાવવા માટે વધારાનું મહેનતાણું ચૂકવવા અંગે કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ બાબતની માગણી સ્વીકારી શકાય તેમ નથી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એમ. એસ. શાહ
કા. ફલસચિવ

પરિશિષ્ટ "બ"
ક્રમાંક ૨૮

O. 120—N :

1. An affiliated college shall not change its name without prior permission of the University.

2. The Executive Council may accord permission to an affiliated college to change its name, subject to the following rules and procedure :

   (*a*) An application for permission in prescribed form together with a fee of Rs. 1,000/— shall be submitted to the University.

   (*b*) The college shall submit the certificate that the donor has given the donation without any—condition (regarding admission–such as donor's seats etc.) except for the name of the college.

પરિશિષ્ટ "ઝ"
ક્રમાંક ૨૯

Ordinance 120–J :

1. An affiliated college shall not change its location or give the college building or a part of its on rental basis without prior permission of the University.
2. The Executive Council may accord permission to an affiliated college to change its location subject to the following rules and procedure :
   (*i*) An application for permission to change its location together with a fee of Rs. 1000/– shall be submitted not later than 31st December of the year proceeding the year from which the change of the location of the college is intended to take effect.
   (*ii*) The application shall set forth elaborately the reasons for the purpose of change in the location of the college.
   (*iii*) The college shall submit the plan of the building together with an elaborate note detailing the physical facilities available in the building as per University norms in respect of the dimensions of the class–rooms including rooms for tutorials, teachers' rooms, library including the reading rooms, laboratories if any, are needed, boys' common rooms, girls' common rooms, principal's room, water room, toilet, etc.
   (*iv*) On receipt of the application the Executive Council may appoint a Local Inquiry Committee to examine the proposal of the College and report on the need for the change asked for and also premises where it is proposed to shift as per the University norms.
   (*v*) The report of the Local Inquiry Committee will be placed before the Executive Council and the Executive Council after considering the report may either grant the permission asked for on such conditions as it may deem necessary to lay down or refuse the permission asked for.

પરિશિષ્ટ "૨"
કામકાજ ક્રમાંક ૩૦

તબીબી વિદ્યાશાખાની એક બેઠક તા. ૧૦-૧૧-૧૯૯૪ના રોજ ૪-૦૦ કલાકે મળેલ હતી, જેમાં હાજરી નીચે મુજબ હતી :

૧. ડૉ. કેતન દેસાઈ, ડીન, મેડિકલ ફેકલ્ટી
૨. ડૉ. એચ. એસ. શાહ, ડીન, એન.એચ.એલ. મ્યુનિ. મેડિકલ કૉલેજ
૩. ડૉ. યુ. એચ. શાહ, ફેકલ્ટી મેમ્બર.

ચર્ચાવિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧. ગુજરાત રાજ્યના સમાજકલ્યાણ વિભાગના તા. ૨૩--૨--૧૯૯૪ના ઠરાવ અનુસાર સા.શૈ.પ. વર્ગ માટેની અનામત બેઠકોમાં દશ ટકા અનામત બેઠકો અંગે જ્યાં જ્યાં જોગવાઈ હોય ત્યાં ૨૭ ટકા બેઠકો અનામત રાખવાનું ઠરાવવામાં આવેલ છે. જ્યારે યુનિવર્સિટીના અનુસ્નાતક મેડિકલ અભ્યાસક્રમોમાં પાંચ ટકાની અનામત બેઠકોની જોગવાઈ હોઈ રા. સ.ના તા. ૨૩--૨--૧૯૯૪ના ઠરાવ પરત્વે સામાજિક શૈક્ષણિક પછાત વર્ગની અનામત બેઠકો વધારવા અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

૨. જાન્યુઆરી, ૧૯૯૫માં અનુસ્નાતક પ્રવેશ માટે કોઈ નિયમિત બૅચ આવતી ના હોવાથી તમામ બેઠકોના પ્રવેશ જુલાઈ, ૧૯૯૫ની બૅચમાં કરવો.

૩. અનુસ્નાતક મેડિકલ પ્રવેશ નિયમ નં. ૪—૫માં માઈક્રોબાયોલોજી વિષયનો ઉમેરો કરવો.

૪. પ્રવેશ નિયમ નં. ૭—૯માં જ્યાં જ્યાં "2 months"નો ઉલ્લેખ છે ત્યાં ત્યાં "1 month" સુધારવું.

૫. પ્રવર્તમાન નિયમ નં. ૭—૧૧ જે છે તે રદ કરી તેના સ્થાને નીચે મુજબ સુધારો કરવો :

The Term will be granted of the candidates who have joined either before 15th February in the First Term or 15th August in the Second term.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

સિદ્ધ સ્વામિનારાયણ
કુલસચિવ વતી

પરિશિષ્ટ "ઠ"
કામકાજ ક્રમાંક ૪૦

પ્રવર્તમાન લાયકાતનાં ધોરણો

Minimum Qualification for the Post of Principal in an affiliated college

The Principal of an affiliated college shall hold atleast :

(1) (a) The minimum qualification prescribed by this University from time to time for the appointment of Lecturer in the college.

or

(b) He must have been recognised either as full time Lecturer or part time Lecturer prior to 15-10-1988 by any university of the State.

and

(2) The minimum qualification necessary for the recognition as a full fledged post-graduate teacher in a subject (1) included in the faculty concerned as per provisions under St. 99 and (2) included in the syllabus for the final year of the degree course either as compulsory or as an optional subject in the faculty.

Provided that in the faculties of an Medicine and Technology including Engineering, a Principal of an affiliated college shall have atleast 10 years' teaching experience of which not less than 5 years' teaching experience must be as a Professor in an affiliated college in the Faculty of Medicine or in the Faculty of Technology including Engineering as the case may be.

સુધાર્યા બાદ અમલમાં આવતાં લાયકાતનાં ધોરણો

Minimum Qualification for the Post of Principal in an affiliated College

The principal of an affiliated College shall hold atleast :

1. (*a*) The minimum qualification prescribed by this University from time to time for the appointment of Lecturer in the College.

or

(*b*) He must have been recognised either as full time Lecturer or part time Lecturer prior to 15–8–88 by any University of the State.

and

2. The minimum qualification necessary for the recognition as a full fledged post-graduate teachers in a subject (1) included in the faculty concerned as per provisions under St. 99 and (2) included in the syllabus for the final year of the degree course either as a compulsory or as on optional subject in the faculty.

Provided that in the faculty of Commerce, a full fledged post-graduate teacher in English, with 10 years' teaching experience in the subject Commercial Communication in an affiliated Commerce College shall also be considered eligible for appointment as a Principal in a Commerce College.

Provided that in the faculties of Medicine and Technology including Engineering, a Principal of an affiliated college shall have atleast 10 years' teaching experience of which not less than 5 years' teaching experience must be as Professor in an affiliated college in the Faculty of Medicine or in the Faculty of Technology including Engineering as the case may be.

પરિશિષ્ટ "૬"
ક્રમકાળ ક્રમાંક ૪૪

ગાંધીનગરની નવી ફાર્મસી કૉલેજ માટેની નીડ તથા સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ

With reference to University letter No. Academic/41732/1994, dated 5–12–1994 regarding the approval to start a new Pharmacy College, (B.Pharm.) at Gandhinagar from June, 1995, the following committee members have visited the Sarva Vidyalaya Kelavani Mandal (Kadi), Gandhinagar Shakha, Sector-23, GH-6 Road, Gandhinagar on 9th December, 1994.

1. Prof. K. S. Shastri, 2. Principal Darshansing Sikh, 3. Prof. R. H. Vyas, 4. Prof. A. R. Shah, 5. Prof. Y. K. Agrawal and 6. Prof. M. C. Chhabaria visited on 13–12–1994.

The committee including the Director, Technical Education visited the site and have seen the available building facilities where the college is proposed to be started. At present, the available building consists of 15 to 16 rooms and the Mandal has agreed to construct the required laboratories on the 1st floor alongwith preparation room and balance room. The animal house and Machine-room will be constructed in the ground floor.

The committee has asked them to fulfil the conditions laid down by AICTE for purchasing the equipment (listed in **Appendixes I–II**), for the various laboratory facilities and also for the appointment of both teaching and non-teaching staff.

The pharmaceutical industries of the Gujarat State is manufacturing the 45% drugs and pharmaceuticals out of the total production in the country and hence, there is a great demand for Pharmacy Graduate. There is only one college of pharmacy for B.Pharm under the Gujarat University with intake capacity of 60 students only. Hence there is a need for another B.Pharm College to fullfil the present requirement of the State.

The committee recommend that the permission may be granted subject to the approval by AICTE and fulfilling the requirements of physical facilities, equipments, teaching, non-teaching and laboratory staff etc. latest by 15–5–1995.

The committee recommends the following :

1. The Mandal should get first the approval from AICTE to start the new Pharmacy College (B.Pharm).
2. As per the norms of AICTE the building, laboratories, staff (teaching and non-teaching) should be made available by May, 1995.
3. The equipment, laboratory furniture, machine-rooms and animal house should be made available by 15th May, 1995. (Appendix-I)
4. As per the norms of AICTE relevant facilities for library and hostel should be ready by latest May, 1995.
5. For purchasing the equipments for various laboratories, the list of equipments necessary for the various laboratories are given in Appendix-II.

19—12—1994

Shri K. S. Shastri
Prin. D. M. Sikh
Prof. Y. K. Agrawal
Prof. R. H. Vyas

* * *

List of Teaching, Administrative, Library and Technical Supporting Staff Year-wise

Position	*1st year*	*2nd year*	*3rd year*	*4th year*
Category 1 : Principal and Teaching staff				
(a) Principal	1	—	—	—
(b) Professor	1	2	1	—
(c) Reader	2	3	2	—
(d) Lecturer	5	4	4	2
(e) Lecturer (Part time)	1	—	—	—
(f) System Analyst	1	—	—	—
Category 2 :				
(a) Laboratory Technicians	1	1	1	—
(b) Laboratory Assistants	2	2	2	2
(c) Laboratory Attendants	4	4	4	3

Category 3 : Library and Computer staff

(a) Librarian	1	–	–	–
(b) Library Assistant	1	–	–	–
(c) Library Peon	1	1	–	–
(d) Computer Programmer	1	–	–	–
(e) Audiovisual Teahnician	1	–	–	–

Category 4 : Administrative Staff

(*a*) Registrar .. 1
(*b*) Head Clerk .. 1
(*c*) Accountant .. 1
(*d*) Senior Stenographer .. 1
(*e*) Principal's Peon .. 1
(*f*) Steno–typist .. 1
(g) Typist-cum-clerk .. 1 + 1
(*h*) Store-keeper .. 1
(*i*) Assistant Store-keeper .. 1
(*j*) Store Peon .. 1
(*k*) Office Peon .. 1
(*l*) Gardener .. 1
(*m*) Sweepers .. 4
(*n*) Museum keeper/ Attendant .. 1
(*o*) Animal House Attendant .. 1
(*p*) Watchman .. 1
(*q*) Glass Blower .. 1
(*r*) Gas man .. 1
(*s*) Electrician-cum-Mechanic .. 1
(*t*) Carpenter .. 1
(*u*) Plumber .. 1

List of Equipments for 1st year and 2nd year course

(From the main list Appendix-II and rest should be purchased after two years)

(*a*) Pharm Chemistry : I & II–As per Appendix-II (All)

(*b*) Pharmaceutics : (For II year)
Oven, standard sieves, dissolution rate app. pH meter, vernier calipers.

(*c*) Physical Pharmacy & Biopharmaceutics :
Oven, Conductometer, Sta-lagnometer, pH meter, Physical Balance, Ostwald Viscometer, Refrigerator.

(*d*) Industrial Pharmacy : Sieve shaker, Tablet machine

(*e*) Pharm Analysis :
Oven, TLC kit, UV Lamp cabinet, Colori meter, Polarimeter.

(*f*) Pharmacognosy : Eye-Piece Microscopy-30, Heating Manties, Herbarium.

(*g*) Pharmacology Laboratory : Microscope, Organ bath, Smoking burner, Exhaust fan, Anatomical charts, Models, Balance.

(*h*) Computer Laboratory : Computer with PC and printer

(*i*) General : All items.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ–૩૮૦ ૦૦૯

પરિશિષ્ટ

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા શનિવાર, તા. ૪--૨--૧૯૯૫ના રોજ સવારના ૧૦--૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. એન. વી. વસાણીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૪—૨—૧૯૯૫
૧.	પ્રો. એન. વી. વસાણી, કુલપતિશ્રી	હાજર
૨.	ડૉ. ચંદ્રકાંત એચ. મહેતા, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	ઉચ્ચતર શિક્ષણ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૪.	તાંત્રિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૫.	નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૬.	ડૉ. કેતન દેસાઈ	હાજર
૭.	ડૉ. એમ. બી. દેસાઈ	હાજર
૮.	ડૉ. આર. પી. પટેલ	હાજર
૯.	શ્રી. એ. આર. શાહ	હાજર
૧૦.	ડૉ. વાય. કે. અગ્રવાલ	હાજર
૧૧.	પ્રો. વાય. ડી. વ્યાસ	હાજર
૧૨.	આચાર્ય વર્ષાબહેન મોતીભાઈ દેસાઈ	ગેરહાજર
૧૩.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	ગેરહાજર
૧૪.	આચાર્ય દર્શનસિંગ મુક્તારસિંગ શીખ	હાજર
૧૫.	ડૉ. મંગુબહેન આર. પટેલ	હાજર
૧૬.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૭.	ડૉ. આર. કે. પટેલ	હાજર
૧૮.	શ્રી. દેવેન્દ્રસિંહ બી. સોલંકી	હાજર
૧૯.	આચાર્ય આર. એચ. વ્યાસ	હાજર
૨૦.	શ્રીમતી સોનલબહેન પટેલ	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૪-૨-૧૯૯૫
૨૧.	શ્રી. ઠાકોરભાઈ અમીન	હાજર
૨૨.	શ્રી. રાજકુમાર ગુપ્તા	ગેરહાજર
૨૩.	શ્રી. નરહરિભાઈ એમ. પરીખ	ગેરહાજર
૨૪.	શ્રી. બાબુભાઈ પટેલ	હાજર
૨૫.	શ્રી. પંકજ શાહ	ગેરહાજર
૨૬.	શ્રી. સુધીરભાઈ ઇન્દ્રવદન નાણાવટી	હાજર.

૧. તા. ૨૧–૧૨–૧૯૯૪ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૨૧–૧૨–૧૯૯૪ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

સુધારો : (૧) તા. ૮–૧૦–૧૯૯૪ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલ બાબત ક્રમાંક-૩૨ના પેરા પછી બાબત ક્રમાંક ૫૧ની બીજી લીટીમાં "અનુસ્નાતક કેન્દ્રોમાંના" બદલે "અનુસ્નાતક કેન્દ્રો અથવા યુનિવર્સિટી ભવનમાં" વાંચવું. અને

(૨) તા. ૨૧–૧૨–૯૪ ઠરાવ ક્રમાંક ૩૫માં ક્રમાંક (૩) ડૉ. મંગુભાઈ પટેલ (૪) ડૉ. યોગેન્દ્રભાઈ વ્યાસ વાંચવું.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કામો (બાબ સારુ) :

૨(૧). અનુસ્નાતક મેડિકલમાં પ્રવેશ મેળવવા માટે ડૉ. ઉદય એમ. પટેલે ગુજરાતની વડી અદાલતમાં રિટ પિટિશન નં. ૧૨૮૩૦/૯૪થી દાદ માગેલ છે. તેના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા એડવોકેટ રોકવાનું અને તે અંગે થનાર ખર્ચ મંજૂર કર્યાનું;

૨(૨). અનુસ્નાતક મેડિકલના જાન્યુઆરી, ૧૯૯૫ની બૅચના પ્રવેશ જુલાઈ બૅચ સાથે રાખવાના મેડિકલ ફેકલ્ટીની સમિતિએ લીધેલ નિર્ણયની વિરુદ્ધ વનોડિયા પરશિયા જે. અને બીજાઓએ ગુજરાતની વડી અદાલતમાં રિટ પિટિશન નં. ૧૩૫૨૭/૧૯૯૪થી દાદ માગેલ છે. તેના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા એડવોકેટ રોકવાનું અને તે અંગે થનાર ખર્ચ મંજૂર કર્યાનું;

૨(૩). એમ. જી. સાયન્સ કૉલેજ, અમદાવાદની જૂન, ૧૯૯૩થી બી.એસસી. (સ્પે.)માં બાયોકેમિસ્ટ્રીનો વિષય શીખવવા માટેની જોડાણ–અરજી પરત્વે તા. ૧૫–૬–૧૯૯૩થી તા. ૧૪–૬–૧૯૯૫ સુધીનું તદર્થ ધોરણે (એડહોક) ચાલુ જોડાણ માટેનું જાહેરનામું બહાર પાડ્યાનું;

૨(૪). તોલાણી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્મસી, આદિપુરની જૂન, ૧૯૯૩થી ડિપ્લોમા-ઇન-ફાર્મસીના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ-અરજી પરત્વે તા. ૧૫–૬–૧૯૯૩થી તા. ૧૪–૬–૧૯૯૫ સુધીનું પશ્ચાદ્‌વર્તી ધોરણે ચાલુ એડહોક જોડાણ આપ્યા અંગેનું જાહેરનામું બહાર પાડ્યાનું;

૨(૫). એમ. એસ. ભગત ઍન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદની જૂન, ૧૯૯૪થી ડિપ્લોમા ઇન ટેક્સેશન ઍન્ડ લૉની વધારાની જોડાણ માટેની અરજી પરત્વે તા. ૧૫–૬–૧૯૯૪થી તારીખ ૧૪–૬–૧૯૯૫ સુધીનું વધારાનું એડહોક ધોરણે જોડાણ માટેનું જાહેરનામું બહાર પાડ્યાનું;

૨(૬). એમ. બી. કૉમર્સ ઍન્ડ જી. એમ. ઍન્ડ આર્ટ્સ કૉલેજ, દહેગામની જૂન, ૧૯૯૪થી બી.કૉમ. (ગોપ)માં કૉમ્પ્યુટર સાયન્સનો વિષય શીખવવા માટેની જોડાણ-અરજી પરત્વે તા. ૧૫–૬–૧૯૯૪થી તા. ૧૪–૬–૧૯૯૫ સુધીનું વધારાનું તદર્થ (ઓડહોક) ધોરણે જોડાણ આપ્યાનું;

૨(૭). જૂન, ૧૯૯૨થી એમ. જી. સાયન્સ કૉલેજ, અમદાવાદમાં "ઝૂલોજી" વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ-અરજી પરત્વે મૂકવામાં આવેલી શરતોનું કૉલેજે પરિપાલન કર્યું હોઈ તે અંગેનું તા. ૧૫–૬–૧૯૯૨થી તા. ૧૪–૬–૧૯૯૫ સુધીનું ચાલુ જોડાણ અંગેનું પાશ્ચાદ્‌વર્તી જાહેરનામું બહાર પાડ્યાનું;

૨(૮). સંલગ્ન કૉલેજોના શિક્ષકો અંગે નીચે પ્રમાણેની યાદીઓની નોંધ લેવા બાબત :

(૧) સંલગ્ન કૉલેજોમાં માન્ય થયેલા શિક્ષકોની યાદી

(૨) જોડાણના સંદર્ભમાં માન્ય થયેલા શિક્ષકોની યાદી

(૩) અમાન્ય શિક્ષકોની યાદી.

(સદરહુ યાદી પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત ૨(૧)થી ૨(૮) સુધીનાં કુલપતિશ્રીએ મંજૂર કરેલાં કાર્યોની નોંધ લેવામાં આવી.

૩. અખિલ ગુજરાત આદિવાસી ગ્રામ્ય વિકાસ પરિષદ, ગરબાડા (જિ. પંચમહાલ) તરફથી જૂન, ૧૯૯૪થી ગરબાડા ખાતે વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાની નવી કૉલેજ શરૂ કરવા માટેની અરજી પરત્વે યુનિવર્સિટી દ્વારા નિમુકત નીડ સમિતિએ જરૂરિયાત સ્વીકારેલ ન હતી. તેના સંદર્ભમાં સંસ્થાએ રાજ્ય સરકાર-સમક્ષ કરેલ અપીલની સુનાવણી થયા બાદ રાજ્ય સરકારે સંસ્થાની માગણી નકારી યુનિવર્સિટીની તરફેણમાં ચુકાદો આપવામાં આવેલ તેની નોંધ લેવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના ઉપરોક્ત ચુકાદાની નોંધ લેવામાં આવી.

૪. ઑર્ડિ. ૧૦૯ મુજબ યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્રની સ્થાયી સમિતિ નીમવાની થાય છે. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૩૦–૮–૧૯૯૦ની સભામાં (૧) પ્રો. એ. આર. શાહની નિમણૂક કરી હતી. તેઓ નિવૃત્ત થયા હોવાથી તેમની જગ્યાએ અન્ય કોઈ સભ્યની નિમણૂક કરવા અંગે, (૨) ડૉ. એચ. એલ. પટેલની મુદત પણ તા. ૨૯–૯–૧૯૯૩ના રોજ પૂરી થતી હોઈ તેઓની જગ્યાએ અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૦૯–બી હેઠળની યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્રની સ્થાયી સમિતિમાં પ્રો. વાય. કે. અગ્રવાલ તથા ડૉ. મહેન્દ્રભાઈ બી. દેસાઈની નિમણૂક કરવાનું રાખવું.

૫. ગુજરાત યુનિવર્સિટી ઍક્ટના શેડ્યુલ-૨ના સ્ટે. ૬ની કલમ ૯ અને ૧૦ પ્રમાણે બોર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલ્ફેર પર ત્રણ વર્ષ (૧૯૯૪–૯૫, ૧૯૯૫–૯૬, ૧૯૯૬–૯૭) માટે નીચે પ્રમાણે નિમણૂક કરવા બાબત :

(૧) યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્યો પૈકી એક

(૨) હેડ ઑફ યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટમાંથી એક

(૩) યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોમાંથી એક આચાર્યશ્રી

(૪) સ્ટુડન્ટ્સ વેલ્ફેરની પ્રવૃત્તિઓમાં રસ ધરાવતા યુનિવર્સિટી કોર્ટના બે સભ્યો.

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે યોગ્ય નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૬. બોર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલ્ફેરની તા. ૨૭-૬-૧૯૯૪ના રોજ મળેલ સભામાં થયેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"અગાઉની ઉનાળાની અને દિવાળીની અને નાતાલની રજાઓમાં કે સત્ર દરમિયાન સભ્યોની યાદી પ્રમાણેની પ્રવૃત્તિઓ પૈકી નાણાકીય જોગવાઈઓ, વ્યવસ્થાતંત્ર, વેકેશનનો સમય, ઉપલબ્ધ સોપનો વગેરે બાબતોને ધ્યાનમાં લઈને કઈ પ્રવૃત્તિઓ યોજવા. નક્કી કરવા માટે અને તે અંગે જરૂરી તમામ કાર્યવાહી અને તેને આનુષંગિક થનાર ખર્ચ મંજૂર કરવા કુલપતિશ્રીને સત્તા આપવી અને તે મુજબ ખર્ચ કરવાની સત્તા ડાયરેક્ટર ઑફ યુથ વેલ્ફેરને આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલ્ફેરની તા. ૨૭-૬-૧૯૯૪ની સભાની ઉપરોક્ત ભલામણોનો સ્વીકાર કરવો.

૭. બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝની સભામાં નીમવામાં આવેલ સમિતિની તા. ૨૪-૧૧-૧૯૯૪ના રોજ મળેલ સભાની મિનિટ્સની બાબત નં. (૧)ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝે નીમેલ સમિતિની તા. ૨૪-૧૧-૧૯૯૪ની સભાની ભલામણોનો સ્વીકાર કરવો.

(સદરહુ સમિતિની સભાની ભલામણો પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૮. યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં વૉટર બેરર તરીકે ફરજ બજાવતા શ્રી. એન. કે. રાણાને ફિક્સ્ડ ૭૫૦-૧૨-૮૭૦-ઈબી-૧૪-૯૪૦ના પગારધોરણમાં રૂ. ૮૭૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય (ઈબી) તારીખ ૮-૧૨-૧૯૯૪થી ઓળંગવાની પરવાનગી આપવા બાબત.

યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં વૉટર બેરર તરીકે ફરજ બજાવતા શ્રી એન. કે. રાણાનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, તે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે શ્રી. એન. કે. રાણાને વૉટર બેરરના પગારધોરણમાં રૂ. ૮૭૦/- પછીનો કાર્યક્ષમતા-અંતરાય તા. ૮-૧૨-૧૯૯૪ થી ઓળંગવાની પરવાનગી આપવી.

૯. યુનિવર્સિટીના ગ્રંથાલય વિભાગમાં ગ્રંથપાલ તરીકે ફરજ બજાવતા શ્રી. આર. એલ. પટેલનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૧૫-૪-૧૯૯૫ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૧૬-૪-૧૯૯૫થી રૂપિયા ૩૦૦૦-૧૦૦-૩૫૦૦-૧૨૫-૪૫૦૦ના પગારધોરણમાં કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી ગ્રંથાલય વિભાગમાં ગ્રંથપાલ તરીકે ફરજ બજાવતા શ્રી. આર. એલ. પટેલનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને તે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે શ્રી. આર. એલ. પટેલને ગ્રંથપાલના પગારધોરણ રૂ. ૩૦૦૦-૧૦૦-૩૫૦૦-૧૨૫-૪૫૦૦ માં તા. ૧૬-૪-૧૯૯૫થી કાયમ કરવા.

૧૦. કુલપતિશ્રીના નીચેના કાર્યની નોંધ લેવા બાબત :

સને ૧૯૯૫ના વર્ષ દરમિયાન જાહેર તથા મુરજિયાત રજાઓ યુનિવર્સિટી માટે મંજૂર કર્યાનું;

કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોક્ત કાર્યની નોંધ લેવામાં આવી.

(રજાની યાદી પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૧૧. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૧૧(૧). શ્રી. ડી. સી. એસ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વિરમગામની જૂન, ૧૯૯૪થી બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ જોડાણ માટેની અરજી પરત્વે તા. ૧૫--૬--૧૯૯૪થી તા. ૧૪--૬--૧૯૯૭ સુધીનું જોડાણ ઓડલોક ધોરણે મંજૂર કર્યાનું;

૧૧(૨). ધી કોઠંબા નાગરિક લાયર એજ્યુકેશન ટ્રસ્ટ, કોઠંબા સંચાલિત આર્ટ્સ કૉલેજ, કોઠંબાનું નામાભિધાન નીચે મુજબ રાખવાની મંજૂરી આપ્યાનું :

"શ્રી. તેજેન્દ્રપ્રસાદજી સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, કોઠંબા (તા. લુણાવાડા)."

(નોંધ.—કૉલેજ દ્વારા ઓ. ૧૨૦ ઓન મુજબ નિયત ફી તથા પ્રમાણપત્ર રજૂ કરેલ છે.)

૧૧(૩). ધોળકા એજ્યુકેશન સોસાયટી, ધોળકા તરફથી શ્રી. આર. ડી. શાહ આર્ટ્સ એન્ડ વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા ખાતે જૂન, ૧૯૯૫થી વિજ્ઞાન વિદ્યાશાખા ઉમેરવાની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ-૩૩ અને ઑર્ડિ. ૧૨૦ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે, પરંતુ શિક્ષણના વિસ્તરણની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર સદરહુ અરજી સ્વીકાર્યાનું;

૧૧(૪). માધ્યમિક કેળવણી મંડળ, આંકલાવ (જિ. ખેડા) તરફથી આર્ટ્સ કૉલેજ, આંકલાવમાં જૂન, ૧૯૯૫થી વાણિજ્યની વિદ્યાશાખા ઉમેરવાની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ-૩૩ અને ઑર્ડિ. ૧૨૦ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે, પરંતુ શિક્ષણના વિસ્તરણની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર અરજી સ્વીકાર્યાનું;

૧૧(૫). માર્ચ/એપ્રિલ, ૧૯૯૪માં લેવાયેલ વિવિધ પરીક્ષાઓનાં પરિણામો પાછળથી 'Part I modifications' મુજબ થતા કિસ્સામાં આસ કેસ તરીકે નીચે દર્શાવેલ વિદ્યાર્થીઓની ખૂટતી લાયકી માફ કરી પ્રવેશ આપ્યા બાબતનું :

	વિદ્યાર્થીનું નામ	પરીક્ષાનું નામ	પરિણામ જાહેર થયાનો તારીખ	કયા વર્ગમાં પ્રવેશ મેળવ્યો?
૧.	શ્રી. રાઠોડ સંજયકુમાર રમણભાઈ	સેકન્ડ બી.ઓ.	૩૦--૯--૧૯૯૪	થર્ડ બી.ઓ.
૨.	કુ. પટેલ રોકીબહેન [illegible]	ફર્સ્ટ બી.એસસી.	૧૯--૧૦--૧૯૯૪	સેકન્ડ બી.એસસી.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત ૧૧(૧) થી ૧૧(૫) સુધીનાં કુલપતિશ્રીએ મંજૂર કરેલાં કાર્યોની નોંધ લેવામાં આવી.

૧૨. રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક ગુજ/૧૦૯૨/૨૨૧૫ (૬૮/૯૨)-ખ તારીખ ૩-૧-૧૯૯૫થી કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલનો ડાયરેક્ટરનો એક જગ્યા (પગારધોરણ રૂ. ૪૫૦૦—૭૩૦૦) અને સ્ટેનો ગ્રેડ-૧ની એક જગ્યા (પગારધોરણ રૂ. ૨૦૦૦—૩૨૦૦)ના આવર્તક ખર્ચની જવાબદારી રાજ્ય સરકારશ્રીએ તા. ૧-૪-૧૯૯૫થી કે પછી જ્યારે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીની આર્થિક સહાય બંધ થાય ત્યારથી-બંનેમાંથી જે મોડું હોય ત્યારથી સ્વીકારવાનું મંજૂર કરેલ છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામા આવે છે કે રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા. ૩—૧—૧૯૯૫ના પત્રની સહર્ષ નોંધ લેવામાં આવી.

૧૩. પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા સંચાલિત "લૉ કૉલેજ ગોધરા"નું નામ "શ્રી. સાંકળચંદ મોહનલાલ મહેતા લૉ કૉલેજ, ગોધરા" રાખવા અંગે આચાર્યશ્રીના તા. ૧૮-૫-૧૯૯૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા સંચાલિત "લૉ કૉલેજ ગોધરા"નું નામ "શ્રી સાંકળચંદ મોહનલાલ મહેતા લૉ કૉલેજ, ગોધરા" રાખવાની મંજૂરી આપવી.

૧૪. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ-૫૦ તથા સ્ટે. ૯૦ અનુસાર તા. ૩૧મી માર્ચ, ૧૯૯૪ના રોજ પૂરા થતા વર્ષના યુનિવર્સિટીના ૪૪મા વાર્ષિક હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ધારાની કલમ ૫૦ અને સ્ટે. ૯૦ અન્વયે ૩૧મી માર્ચ, ૧૯૯૪ના રોજ પૂરા થતા વર્ષના ૪૪મા વાર્ષિક હેવાલના મુસદ્દાને મંજૂર રાખવો તથા તે આગામી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાની વિચારણા માટે રજૂ કરવો.

૧૫. ફાઈનાન્સ સમિતિની તા. ૨૮-૧૨-૧૯૯૪ના રોજ મળેલ સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ સમિતિની તા. ૨૮-૧૨-૧૯૯૪ની સભાની ભલામણોનો સ્વીકાર કરવો.

(સદરહુ સમિતિની સભાની નોંધ પરિશિષ્ટ "ધ" તરીકે સામેલ છે)

૧૬. ફાઈનાન્સ સમિતિની તા. ૩૧-૧-૧૯૯૫ના રોજ મળેલ સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ સમિતિની તા. ૩૧-૧-૧૯૯૫ની સભાની ભલામણોનો સ્વીકાર કરવો.

(સદરહુ સમિતિની સભાની નોંધ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૧૭. કુલપતિશ્રીના કાર્યની નોંધ (જાણ સારુ) :

પેન્શનરોને મળતા હંગામી વધારાના દરમાં તા. ૧-૭-૧૯૯૪થી સુધારા અંગેનો રાજ્ય સરકારનો ઠરાવ નં. હગવ-૫૪૯૪-૬૫૭-૫-૨ તા. ૨૬-૧૦-૧૯૯૪નો સ્વીકાર કરી તેનો લાભ યુનિવર્સિટી પેન્શનરોને આપ્યાનો.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોક્ત કાર્યની નોંધ લેવામાં આવી.

૧૮. કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારુ) :

૧૮(૧). આનુસ્નાતક મેડિકલમાં સ્વેતલ બી. ગઢવીના ૧૯૯૪ના વર્ષમાં પ્રવેશ મેળવવા માટે શ્રી. શિવદાન જે. ગઢવીએ ગુજરાતની વડી અદાલતમાં રીટ પિટિશન નં. ૧૩૬૪૮/૯૪થી દાદ માંગેલ તે સંદર્ભમાં ગુજરાત યુનિવાર્સટી વતી એડવોકેટ રોકવા અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચને મંજૂરી આપ્યાનું;

૧૮(૨). કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદની જૂન ૧૯૯૪થી બેઝિક બી.એસસી. (નર્સિંગ)નો અભ્યાસક્રમ શીખવવા માટેની-જોડાણ અરજી પરત્વે તા. ૧૫--૬--૧૯૯૪થી તા. ૧૪--૬--૧૯૯૫ સુધીનું તદર્થ ધોરણે ચાલુ જોડાણ મંજૂર કર્યાનું.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલાં કાર્યો ૧૮(૧) તથા ૧૮(૨)ની નોંધ લેવામાં આવી.

૧૯. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસ અને માન્ય સંસ્થા બિનશિક્ષક કર્મચારી મંડળના પ્રમુખશ્રીએ તા. ૨૦--૧૨--૧૯૯૪ના પત્રથી રજૂઆત કરેલ છે. સંલગ્ન કૉલેજીસ અને માન્ય સંસ્થાઓના બિનશિક્ષક કર્મચારીઓને—શૈક્ષણિક કર્મચારીઓની જેમ તા. ૧--૪--૧૯૮૪થી અર્ધપગારી રજાઓ મળવાપાત્ર કરવા તથા રાજ્ય સરકારશ્રીના નિયમોનુસાર હક્ક રજાઓ તથા અન્ય રજાઓ જમા કરવા વિચારણા કરવા બાબત. આ અંગે તેનો અમલ તા. ૧--૭--૧૯૯૪થી કરવાનો રહેશે.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસ અને માન્ય સંસ્થા બિનશિક્ષક કર્મચારીઓને રાજ્ય સરકારશ્રીના નિયમાનુસાર હક રજાઓ તથા અન્ય રજાઓનો લાભ આપવો. આનો અમલ તા. ૧--૧--૧૯૯૫થી કરવાનું રાખવું. આ અંગેનો જરૂરી સુધારો ઑર્ડિનન્સમાં કરવો.

૨૦. આચાર્યશ્રી, એમ.એન. શુકલ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદની સ્થળાંતર માટેની તા. ૨૯-૧૨-૧૯૯૪ની અરજી પરત્વે ઑર્ડિ. ૧૨૦-Jની કંડિકા IV અન્વયે સ્થાનિક તપાસસમિતિ નીમવા વિચારણા કરવા બાબત. (નોંધ.—સદરહુ કૉલેજ શાહપુર વિસ્તારથી ભાઈકાકાનગર, થલતેજ વિસ્તારમાં સ્થળાંતર કરવા માગે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સ્થાનિક તપાસસમિતિ નીમવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૨૧. આચાર્યશ્રી, સિદ્ધાર્થ લૉ કૉલેજ, ગાંધીનગરની સ્થળાંતર માટેની તા. ૫-૧-૧૯૯૫થી આવેલ અરજી પરત્વે ઑર્ડિ. ૧૨૦-Jની કંડિકા IV અન્વયે સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત. (નોંધ.—સદરહુ કૉલેજનું સ્થળાંતર ઉચ્ચતર માધ્યમિક શાળા સામે, સેક્ટર-૧૬, ગાંધીનગર સ્થળે કરવા માંગે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સ્થાનિક તપાસસમિતિ નીમવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૨૨. તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુરની જૂન, ૧૯૯૫થી બી.કૉમ. (ગ્રૂપ)માં કૉમ્પ્યુટર સાયન્સનો અભ્યાસક્રમ શીખવવા માટેની જોડાણ-અરજી પરત્વેની તા. ૪--૨--૧૯૯૫ની એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુર, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન કૉલેજ દ્વારા એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧--૫--૯૫ સુધીમાં કરે તો તેને બી.કૉમ. (ગ્રૂપ)માં કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૯૫થી કામચલાઉ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. કૉમ્પ્યુટર સાયન્સના વિષય માટે ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘર ભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગના યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૫. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.ઓ. વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, ચઢતી ઇત્યાદિ અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીઓ વખતોવખત નિયત કરેલાં ધારા-ધોરણોનો અમલ કરવામાં આવે છે-આવશે.

૬. થર્ડ બી.કૉમ.માં આર્ટિ. ૧૨૦ અનુસાર શિક્ષકગણની નિમણૂક થયા બાદ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુરની જૂન ૧૯૯૫થી બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સનો અભ્યાસક્રમ શીખવવા માટેની જોડાણ-અરજી પરત્વેની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણનો સ્વીકાર કરવો.

૨૩. તોલાણી આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, આદિપુરની જૂન, ૧૯૯૫થી બી.એ. (બ્રિન્સિ.)માં ઇતિહાસ અને સિંધી તથા બી.એસસી. (રૂપે.)માં માઇક્રોબાયોલોજીના વિષયો શીખવવા માટેની જોડાણ-અરજી પરત્વે તા. ૪-૨-૧૯૯૫ની ઍકૅડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, આદિપુર, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન કરવા દ્વારા ઍકૅડેમિક કાઉન્સિલનું સંતોષ થાય તે રીતે તા. ૩૧-૧-૯૫ સુધીમાં કરે તો તેને બી.એ. (બ્રિન્સિ.)માં ઇતિહાસ, સિંધી તથા બી.એસસી. (રૂપે.)માં માઇક્રોબાયોલોજી વિષયના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૫થી તા. ૧૪-૬-૧૯૯૭ સુધીનું ત્રણ વર્ષનું જોડાણ આપવા માટે ઍકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

૧. આર્ટિ. ૧૨૦ અનુસાર શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે. માઇક્રોબાયોલોજીના વિષય માટે લેક્ચ. ટેકનિશિયન અને લેક્ચ. આસિસ્ટન્ટની નિમણૂક કરવામાં આવે.

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે.

૩. પ્રત્યેક વિષયદીઠ પુસ્તકો માટે રૂ. ૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે.

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૫. માઇક્રોબાયોલોજીના વિષય માટે પ્રયોગશાળાનાં સાધનો માટે રૂ. ૧,૨૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે.

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે.

૭. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારી-ગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે-આવશે.

૮. વનસ્પતિશાસ્ત્ર (ઑનર્સ) વિષય તરીકે શીખવવામાં આવે.

૯. સદરહુ વિષયોના જોડાણને લીધે અન્ય કોઈ પણ વિષયનો કાર્યભાર ઘટે તોપણ હાલના કોઈ પણ સ્ટાફને છૂટો નહીં કરવામાં આવે તેવી બાંયધરી આપવામાં આવે.

૧૦. વધુમાં વધુ ૪૦ વિદ્યાર્થીઓને માઇક્રોબાયોલોજીના વિષયમાં પ્રવેશ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, આદિપુરની જૂન ૧૯૯૬થી બી.એ. (જનરલ)માં ઇતિહાસ અને સિંધી તથા બી.એસસી. (સ્પેશ્યલ)માં માઇક્રોબાયોલોજીના વિષયો શીખવવા માટેની જોડાણ-અરજી પરત્વેની એકૅડેમિક કાઉન્સિલની ભલામણનો સ્વીકાર કરવો.

૨૪. યુનિવર્સિટી બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં ટીચિંગ રિસર્ચ ઑસોસિયેટ તરીકે ફરજ બજાવતા શ્રી. મહેશ આઈ. શાહનો અજમાયશી સમય તા. ૨૭-૧૨-૧૯૯૪ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૨૮-૧૨-૧૯૯૪થી કાયમ કરવા બાબત.

યુનિવર્સિટી બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં ટીચિંગ રિસર્ચ ઑસોસિયેટ તરીકે ફરજ બજાવતા શ્રી. મહેશ આઈ. શાહનો બાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને તે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે શ્રી. મહેશ આઈ. શાહને ટીચિંગ રિસર્ચ ઑસોસિયેટના પગારધોરણમાં તા. ૨૮-૧૨-૧૯૯૪થી કાયમ કરવા.

૨૫. કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારુ) :

યુનિવર્સિટી કૅમ્પસ પર એક નવો ટ્યુબવેલ કરવા "ગુજરાત વૉટર રિસોર્સિસ ડેવલપમેન્ટ કૉર્પોરેશન લિમિટેડ (GWRDC) તરફથી આવેલ એસ્ટિમેન્ટ રૂ. ૪,૩૦,૦૦૦ (અંકે રૂપિયા ચાર લાખ ત્રીસ હજાર પૂરા) કુલપતિશ્રીએ મંજૂર કર્યાનું :

(નોંધ. – ૧. GWRDC તરફથી આવેલ એસ્ટિમેન્ટ રૂ. ૪,૩૦,૦૦૦નું ખર્ચ ફાઇનાન્સ સમિતિની તારીખ ૨૮--૧૨--૧૯૯૪ની સભામાં મંજૂર થયેલ છે.

૨. આ અંગે રાજ્ય સરકારે રૂ. ૬,૨૭,૧૦૦નું અનુદાન મંજૂર કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરોક્ત કાર્યની નોંધ લેવામાં આવી.

૨૬. કુલસચિવશ્રીની એક જગ્યા ભરવા માટે સ્ટે. ૧૩૧-એ મુજબ વરણીસમિતિની નિમણૂક કરવા વિચારણા કરવા બાબત.

[સ્ટે. ૧૩૧-એ મુજબ વરણીસમિતિમાં નીચે પ્રમાણેના સભ્યો જરૂરી છે :

૧. કુલપતિશ્રી, એક્ષ-ઑફિસિઓ ચેરમેન

૨. ઉપકુલપતિશ્રી

૩. એકેડેમિક કાઉન્સિલ—કોર્ટ સભામાંથી ચાર સભ્યોની નિમણૂક કરવાની હોય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે કુલસચિવશ્રીની જગ્યા માટે વરણીસમિતિ નીમવા અંગેની સત્તા કુલપતિશ્રીને આપવી.

૨૭. યુનિવર્સિટીના પરીક્ષા નિયામકની એક જગ્યા ભરવા માટે વરણીસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષા નિયામકશ્રીની જગ્યા માટે વરણીસમિતિ નીમવા અંગેની સત્તા કુલપતિશ્રીને આપવી.

૨૮. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ ગેરવાજબી ઈલાજો અજમાવ્યા અંગેના કેસો ઉપર તેમ જ પ્રાધ્યિકો, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોહસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૨૮--૭--૧૯૯૪, તા. ૫/૧૨/૧૯/૨૬--૮--૧૯૯૪, તા. ૨૮--૧૦--૧૯૯૪, તા. ૨૫--૧૧--૧૯૯૪, તા. ૯--૧૨--૧૯૯૪ અને તા. ૨૫--૧--૧૯૯૫ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની સભાની ભલામણો મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરોક્ત કાર્યની નોંધ લેવામાં આવી.

૨૯. યુનિવર્સિટીના વિજ્ઞાન ભવનમાં રીડર ઇન ઝૂલોજીની એક જગ્યા ભરવા માટે તા. ૨૭--૧૨--૧૯૯૪ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો અન્વયે તા. ૪--૨--૧૯૯૫ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણનો સ્વીકાર કરી રીડર ઇન ઝૂલોજીની એક જગ્યા માટે નવેસરથી જાહેરખબર આપવાનું રાખવું.

(સદરહુ વરણીસમિતિની ભલામણ પરિશિષ્ટ "૭૭" તરીકે સામેલ છે.)

૩૦. યુનિવર્સિટીના સ્ટેટિસ્ટિક્સ વિભાગમાં રીડર-ઇન-સ્ટેટિસ્ટિક્સની એક જગ્યા ભરવા માટે તારીખ ૨૬-૧૨-૧૯૯૪ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો અન્વયે તા. ૪-૨-૧૯૯૫ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણનો સ્વીકાર કરી રીડર ઇન સ્ટેટિસ્ટિક્સની એક જગ્યા ઉપર શ્રી એમ. એન. પટેલની નિયમાનુસાર બે વર્ષના અજમાયશી સમય માટે નિમણૂક કરવી.

(સદરહુ વરણીસમિતિની ભલામણ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૩૧. કુલપતિશ્રીનું નીચેનું કાર્ય (જાણ સારુ) :

તા. ૧-૧-૧૯૯૪થી તા. ૩૧-૧૨-૧૯૯૪ સુધીમાં જે તે વિદ્યાર્થીઓને આ સાથે સામેલ યાદી મુજબ પીએચ.ડી. પદવી માટે લાયક ગણ્યાનું.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરોક્ત કાર્યની નોંધ લેવામાં આવી.

(પીએચ.ડી. પદવી માન્ય વિદ્યાર્થીઓની યાદી પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૩૨. તોલાણી કૉલેજ ઑફ કૉમર્સ, આદિપુરની બી.કૉમ. (મુખ્ય)માં એડવાન્સ બિઝનેસ મૅનેજમેન્ટ વિષયમાં કાયમી જોડાણ મેળવવા માટેની અરજી પરત્વે કુલપતિશ્રીએ નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિના હેવાલ ઉપર તા. ૪-૨-૧૯૯૫ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી કૉલેજ ઑફ કૉમર્સ, આદિપુર, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૨-૧૯૯૫ સુધીમાં કરે તો તેને બી.કૉમ. (મુખ્ય)માં એડવાન્સ બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૫થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ઑર્ડિ. ૧૨૦ અનુસાર જરૂરી શૈક્ષણિક સ્ટાફની નિમણૂકો કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ આછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને, તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે,

૫. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, બઢતી, ભરતી ઇત્યાદિ અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે-આવશે.".

આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી કૉલેજ ઑફ કૉમર્સ, આદિપુરની બી.કૉમ. (મુખ્ય)માં એડવાન્સ બિઝનેસ મૅનેજમેન્ટ વિષયના કાયમી જોડાણ માટેની અરજી પરત્વેની એકૅડેમિક કાઉન્સિલની ભલામણનો સ્વીકાર કરવો.

૩૩. સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદની બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ વિષયનું જૂન, ૧૯૯૪થી કાયમી જોડાણ મેળવવા માટેની અરજી પરત્વે સ્થાનિક તપાસસમિતિના તા. ૪-૨-૧૯૯૫ના હેવાલ પરત્વે એકૅડેમિક કાઉન્સિલની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

કૉમ્પ્યુટર મેથડ્સ તથા કૉમ્પ્યુટર સાયન્સ વિષય માટે એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, નિમણૂકો અંગેની શરત સંહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૬-૧૯૯૫ સુધીમાં કરે તો તેને બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૪થી કાયમી જોડાણ આપવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. કૉમ્પ્યુટર મેથડ્સ તથા કૉમ્પ્યુટર સાયન્સ વિષય માટે (૧) પૂર્ણ સમયના પ્રોગ્રામરની નિમણૂક કરવામાં આવે અને (૨) ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલયો માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાની ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. કૉમ્પ્યુટર સાયન્સ વિષયનાં પુસ્તકો માટે રૂ. ૫,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. કૉમ્પ્યુટર સાયન્સના વિષય સંબંધી સામયિકો મંગાવવામાં આવે;

૬. ગુણવત્તાના ધોરણે અન્ય વિષયના કાર્યભારને અસર ન થાય તે રીતે ૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે;

૭. પ્રતિમશીન દીઠ બે વિદ્યાર્થીઓની બૅચ રાખવામાં આવે; તે રીતે પ્રોગ્રામના પ્રૅક્ટિકલ્સ ગોઠવવામાં આવે અને તે પ્રમાણે કાર્યભારના અનુસંધાનમાં કૉમ્પ્યુટર મૉનિટર વસાવવાં

૮. કૉમ્પ્યુટર વિષય શીખવવા માટે કુલ રૂ. ૩૦૦ની ફી સત્રદીઠ રાખવામાં આવે,

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ અને ઘરભાડાભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓનો વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૧૦. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અશક્તજન દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીઓ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે—આવશે."

આથી ઠરાવવામાં આવે છે કે સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ વિષયને જૂન ૧૯૯૪ થી કાયમી જોડાણ આપવા પરત્વેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણનો સ્વીકાર કરવો.

૩૪. સરદાર વલ્લભભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદની જૂન, ૧૯૯૪થી બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ વિષય શીખવવા માટે કાયમી જોડાણ મેળવવા માટેની અરજી પરત્વે સ્થાનિક તપાસસમિતિના હેવાલ પરત્વે તા. ૪–૨–૧૯૯૫ના રોજ મળેલ ઍકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

કૉમ્પ્યુટર મેથડ્સ તથા કૉમ્પ્યુટર સાયન્સ વિષય માટે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સરદાર વલ્લભભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન ઓકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૨–૧૯૯૫ સુધીમાં કરે તો તેને બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૯૪થી કાયમી જોડાણ આપવા માટે ઓકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. કૉમ્પ્યુટર મેથડ્સ/સાયન્સ વિષય માટે (૧) પૂર્ણ સમયના પ્રોગ્રામરની નિમણૂક કરવામાં આવે અને (૨) ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલયો માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે,

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. કૉમ્પ્યુટર સાયન્સ વિષયનાં પુસ્તકો માટે રૂ. ૫,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. કૉમ્પ્યુટર સાયન્સના વિષય સંબંધી સામયિકો મંગાવવામાં આવે;

૬. ગુણવત્તાના ધોરણે અન્ય વિષયના કાર્યભારને આરાર ન થાય તે રીતે ૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે;

૭. પ્રતિમશીન બે વિદ્યાર્થીઓની બૅચ રાખવામાં આવે, તે રીતે પ્રોગ્રામના પ્રેક્ટિકલ્સ ગોઠવવામાં આવે અને તે પ્રમાણે કાર્યભારના અનુસંધાનમાં કૉમ્પ્યુટર મૉનિટર વસાવવાં;

૮. કૉમ્પ્યુટર વિષય શીખવવા માટે કુલ રૂ. ૩૦૦ની ફી સત્રદીઠ રાખવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૧૦. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીઓ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે—આવશે."

. આથી ઠરાવવામાં આવે છે કે સરદાર વલ્લભભાઈ-વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદની જૂન, ૧૯૯૪થી બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ વિષયના કાયમી જોડાણ પરત્વેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણનો સ્વીકાર કરવો.

૩૫. સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદની જૂન, ૧૯૯૪થી બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સનો અભ્યાસક્રમ શીખવવા માટેની જોડાણ-અરજી પરત્વે મૂકવામાં આવેલી તા. ૪–૨–૧૯૯૫ની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત :

કૉમ્પ્યુટર મેથડ્સ તથા કૉમ્પ્યુટર સાયન્સ વિષય માટે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૨૯–૨–૧૯૯૫ સુધીમાં કરે તો તેને બી.એ., બી.એસસી., બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ તથા કૉમ્પ્યુટર મેથડ્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૯૪થી તા. ૧૪–૬–૧૯૯૫ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. કૉમ્પ્યુટર મેથડ્સ/સાયન્સના વિષય માટે (૧) પૂર્ણ સમયના પ્રોગ્રામરની નિમણૂક કરવામાં આવે અને (૨) ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલયો માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. કૉમ્પ્યુટર સાયન્સ વિષયનાં પુસ્તકો માટે રૂ. ૫,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. કૉમ્પ્યુટર સાયન્સ વિષય સંબંધી સામયિકો મંગાવવામાં આવે;

૬. ગુણવત્તાના ધોરણે અન્ય વિષયના કાર્યભારને અસર ન થાય તે રીતે ૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે;

૭. પ્રતિપ્રશ્ન દીઠ બે વિદ્યાર્થીઓની બૅચ રાખવામાં આવે તે રીતે પ્રોગ્રામના પ્રૅક્ટિકલ્સ ગોઠવવામાં આવે અને તે પ્રમાણે કાર્યભારના અનુસંધાનમાં કૉમ્પ્યુટર મૉનિટર વધારવાં;

૮. કૉમ્પ્યુટર વિષય શીખવવા માટે કુલ રૂ. ૩૦૦ની ફી સત્રદીઠ રાખવામાં આવે,

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષક વર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૧૦. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે –આવશે..''

આથી ઠરાવવામાં આવે છે કે સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદની જૂન, ૧૯૯૪થી બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સનો અભ્યાસક્રમ શીખવવા માટેની અરજી પરત્વેની એકેડેમિક કાઉન્સિલની ભલામણનો સ્વીકાર કરવો.

પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી :

૩૬. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં રીડર ઇન હિસ્ટ્રીની બે જગ્યા ભરવા માટે તા. ૧૨–૮–૧૯૯૪ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણો અને તા. ૪–૨–૧૯૯૫ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણનો સ્વીકાર કરી રીડર ઇન હિસ્ટ્રીની જગ્યા ઉપર શ્રી. અંજના બી. શાહ અને સિંગ અભયકુમારની નિયમાનુસાર બે વર્ષના અજમાયશી સમય માટે નિમણૂક કરવી.

(સદરહુ વરણી સમિતિની ભલામણો પરિશિષ્ટ "૨" તરીકે સામેલ છે.)

૩૭. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર ઇન હિસ્ટ્રીની એક જગ્યા ભરવા માટે તા. ૧૨-૮-૧૯૮૪ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણો અન્વયે તા. ૪-૨-૧૯૯૫ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણનો સ્વીકાર કરી લેક્ચરર ઇન હિસ્ટ્રીની જગ્યા ઉપર શ્રી. પંડ્યા વિકાસ સુશીલચંદ્રની નિયમાનુસાર બે વર્ષના અજમાયશી સમય માટે નિમણૂક કરવી.

(સદરહુ સમિતિની ભલામણો પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે.)

૩૮. યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવનમાં લેક્ચરર ઇન ઇંગ્લિશની એક જગ્યા ભરવા માટે તા. ૩-૧૦-૧૯૯૪ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો અન્વયે તા. ૪-૨-૧૯૯૫ ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણનો સ્વીકાર કરી લેક્ચરર ઇન ઇંગ્લિશની એક જગ્યા માટે નવેસરથી જાહેરખબર આપવાનું રાખવું.

(સદરહુ વરણીસમિતિની ભલામણો પરિશિષ્ટ "ડ" તરીકે સામેલ છે.)

૩૯. (૧) જર્નાલિઝમ ડિપાર્ટમેન્ટના રીડર અને ડિપાર્ટમેન્ટના હેડ ડૉ. ચંદ્રકાન્તભાઈ એચ. મહેતાની નિમણૂક તા. ૧-૮-૧૯૯૪થી ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ તરીકે થતાં તેમની મૂળ જગ્યા ઉપરનું લિયન (Lien) મંજૂર કરવા અંગેની વિચારણા કરવા બાબત.

(૨) તેમજ જર્નાલિઝમ ડિપાર્ટમેન્ટમાં વડા તરીકે સેવા આપવાની તેમની માગણી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જર્નાલિઝમ ડિપાર્ટમેન્ટના હેડ અને રીડર ડૉ. ચન્દ્રકાન્ત એચ. મહેતાની નિમણૂક તા. ૧-૮-૧૯૯૪થી ત્રણ વર્ષ માટે ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ તરીકે થતાં, તેમની મૂળ જગ્યા ઉપર લિયન આપવો અને તેમની સેવાઓ જર્નાલિઝમ વિભાગના વડા તરીકે લેવાનું ચાલુ રાખવું.

૪૦. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટ દ્વારા ચલાવાતા એમ.બી.એ. (ઇવનિંગ પ્રોગ્રામ) ત્રણ વર્ષના અભ્યાસક્રમની ટ્યુશન ફીના દરમાં વધારો કરવા વિચારણા અંગે.

[નોંધ.—હાલમાં ઑર્ડિ. ૧૫૧-સી મુજબ ટ્યુશન ફી તરીકે રૂ. ૧૫૦૦/– પ્રતિ સેમેસ્ટરના હિસાબે લેવામાં આવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટ દ્વારા ચલાવાતા એમ.બી.એ.ના ત્રણ વર્ષના અભ્યાસક્રમની ટ્યુશન ફી ઑર્ડિ. ૧૫૧-સી B(૧) મુજબ રૂ. ૧૫૦૦ લેવામાં આવે છે તેમાં વધારો કરી ટ્યુશન ફીનો દર રૂ. ૧૮૦૦ પ્રતિસેમેસ્ટરનો રાખવો અને આ અંગે ઑર્ડિનન્સ ૧૫૧-સી (બી)(૧)માં નીચે મુજબ સુધારવામાં આવે છે.

સુધારેલ ઑર્ડિ. ૧૫૧-સી (બી) (૧).

For Three Years evening programme in Master of Business Administration per Semester Rs. 1,800/–

(સુધારેલ ઑર્ડિનન્સ ૧૫૧-સી પરિશિષ્ટ "ઢ" તરીકે સામેલ છે.)

૪૧. ગુજરાત રાજ્ય બહારની યુનિવર્સિટી, ગુજરાત બહારની સેન્ટ્રલ સ્કૂલના તેમ જ ગુજરાત બહારની કોઈ પણ પરીક્ષા માટે વિદ્યાર્થીઓ તરફથી ઍલિજિબિલિટી સર્ટિફિકેટ માગવામાં આવે ત્યારે તે માટે લેવામાં આવતી ઍલિજિબિલિટી ફીના રૂ. ૬૦ લેવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**–હાલમાં ઑર્ડિ. ૭૦ મુજબ ઍલિજિબિલિટી સર્ટિફિકેટ માટે રૂ. ૩૦ (ત્રીસ પૂરા) ફી લેવામાં આવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૭૦ મુજબ હાલમાં ઍલિજિબિલિટી માટે દરેક વિદ્યાર્થી પાસેથી રૂ. ૩૦ (રૂ. ત્રીસ પૂરા)ની ફી લેવામાં આવે છે તેમાં ફેરફાર કરીને ગુજરાત રાજ્ય બહારની યુનિવર્સિટી, ગુજરાત બહારની સેન્ટ્રલ સ્કૂલ તેમ જ ગુજરાત બહારની કોઈ પણ પરીક્ષા બોર્ડના વિદ્યાર્થીઓ તરફથી ઍલિજિબિલિટી સર્ટિફિકેટ માગવામાં આવે ત્યારે તે માટે ઍલિજિબિલિટી ફી તરીકે રૂ. ૬૦ (રૂ. સાઠ પૂરા) લેવાનું રાખવું તે અંગે ઑર્ડિ. ૭૦ નીચે મુજબ સુધારવામાં આવે છે.

(સુધારેલ ઑર્ડિનન્સ ૭૦ પરિશિષ્ટ "ણ" તરીકે સામેલ છે.)

૪૨. હોમ સાયન્સ વિષયના પ્રેક્ટિકલ્સ માટે યુનિવર્સિટી દ્વારા કૉલેજોને ચાર પ્રેક્ટિકલ માટે વિદ્યાર્થિનીદીઠ રૂ. ૩ આપવામાં આવે છે તેમાં વધારો કરવા આવેલી માગણી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે હોમ સાયન્સ વિષયના પ્રેક્ટિકલ્સ માટે યુનિવર્સિટી દ્વારા નીચે દર્શાવ્યા પ્રમાણે રકમ કૉલેજોને ચૂકવવાનું રાખવું :

(૧) F.Y.B.A. હોમ સાયન્સની સમગ્ર પ્રેક્ટિકલ પરીક્ષા માટે વિદ્યાર્થિની દીઠ રૂ. ૨૫/– ફાળવવામાં આવે અને કોઈપણ એક પેપર માટે રૂ. ૬/– ફાળવવામાં આવે.

(૨) S.Y.B.A. અને T.Y.B.A. હોમ સાયન્સ પ્રેક્ટિકલની સમગ્ર પરીક્ષા માટે વિદ્યાર્થિની દીઠ રૂ. 30/– ફાળવવામાં આવે અને કોઈપણ એક પેપર માટે રૂ. ૭/– ફાળવવામાં આવે.

[**નોંધ.**–દરેક કૉલેજે પ્રેક્ટિકલ દરમ્યાન થયેલ ખર્ચની સંપૂર્ણ વિગતો જરૂરી બીલો સાથે ઍકાઉન્ટ ઑફિસરશ્રી, ગુજરાત યુનિવર્સિટીને આપવાની રહેશે.]

૪૩. ગુજરાત યુનિવર્સિટીના ડેપ્યુટી રજિસ્ટ્રાર શ્રી સિદ્ધાર્થ સ્વામિનારાયણની રાજ્ય સરકારની સેવાઓ દરમિયાન જમા–પ્રાપ્ત રજાઓ તથા અર્ધપગારી રજાઓ રાજ્ય સરકારના તા. ૩-૮-૧૯૯૩ના પત્રથી યુનિવર્સિટીમાં કેરીફોરવર્ડ કરવા મંજૂરી આપી હોવાથી ઍકેડેમિક કાઉન્સિલની તા. ૮-૧-૧૯૯૪ની સભામાં કેરીફોરવર્ડ કરવાની મંજૂરી આપેલ હતી, પરંતુ રાજ્ય સરકારે તેના તા. ૮-૧૨-૧૯૯૪ના પત્રથી તેમનો તા. ૩-૮-૧૯૯૩નો પત્ર રદ કરેલ છે જેથી આ અંગે પુનઃવિચારણા કરવા બાબત.

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગનો તા. ૮-૧૨-૧૯૯૪ના પત્ર ઉપર લંબાણપૂર્વક ચર્ચા કરવામાં આવી. યુનિવર્સિટીના ટીચિંગ / નોન ટીચિંગ સ્ટાફની અગાઉની સંસ્થા/કચેરીમાં જમા થયેલ પ્રાપ્ત/અર્ધપગારી/માંદગીની રજા યુનિવર્સિટીમાં જમા લેવા અંગે યુનિવર્સિટીના હાલના નિયમોમાં

કોઈ જોગવાઈ નથી તે ધ્યાનમાં લઈને ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીમાં જોડાયેલા ટીચિંગ/નોન-ટીચિંગ કર્મચારીએ અગાઉ રાજ્ય સરકારમાં કે સંલગ્ન કૉલેજ/માન્ય સંસ્થામાં સેવાઓ આપી હોય તો તે સેવાઓ દરમ્યાન તેમની જમા થયેલ પ્રાપ્ત / અર્ધપગારી / માંદગીની રજા યુનિવર્સિટીમાં જમા લેવાનું રાખવું.

૪૪. ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી વિવિધ પરીક્ષાઓનાં પેપરસેટિંગ, પ્રશ્નપત્રોની ચકાસણી, વગેરે કામગીરી સાથે સંકળાયેલ શિક્ષકવર્ગને અપાતા મહેનતાણાના દરમા ફેરફાર કરવા પ્રિ. આર. એચ. વ્યાસની દરખાસ્ત ઉપર વિચારણા કરવા અંગે.

[**નોંધ.**—હાલના દર માર્ચ/એપ્રિલ-૧૯૮૭ની પરીક્ષાથી અમલમાં છે.]

ઉપરોક્ત દરખાસ્ત ઉપર લંબાણપૂર્વકની ચર્ચાને અંતે ઠરાવવામાં આવ્યું કે વિવિધ પરીક્ષાઓની પેપરસેટિંગ, પ્રશ્નપત્રોની ચકાસણી, પ્રેક્ટિકલ્સ વગેરે કામગીરી સાથે સંકળાયેલ શિક્ષકવર્ગના કર્મચારીઓને આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવ્યા પ્રમાણે મહેનતાણું આપવાનું રાખવું. આ ઠરાવનો અમલ આગામી માર્ચ/એપ્રિલ ૧૯૯૫ની પરીક્ષાથી કરવાનું રાખવું.

(સુધારેલ દરો પરિશિષ્ટ 'ત' તરીકે સામેલ છે.)

૪૫. એમ.ફિલ. ટીચર તરીકે માન્યતા આપવા અંગેના પ્રવર્તમાન ઑર્ડિ. એમ. ફિલ ૮(૫)માં સુધારો કરવા અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૪-૨-૧૯૯૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. એમ.ફિલ. ૮(૫) નીચે મુજબ સુધારવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

સુધારેલ એમ.ફિલ. ૮ (૫) :

